# શ્રી જિનશાસનના યક્ષપ્રશ્નો

સમીક્ષક

પ.પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.ના
પાદપદ્મરેણુ
કલ્યાણસાગર

પ્રકાશક

શ્રી મોક્ષકલ્યાણક સમ્યક્ શ્રુતનિધિ
મહેસાણા (ઉ. ગૂજરાત)

# શ્રી જિનશાસનના યક્ષપ્રશ્નો

સમીક્ષક

પ.પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.ના

પાદપદ્મરેણુ

કલ્યાણસાગર

પ્રકાશક

શ્રી મોક્ષકલ્યાણક સમ્યક્ શ્રુતનિધિ

મહેસાણા (ઉ. ગૂજરાત)

## શુભકામના

હે મારા નાથ સીમંધરસ્વામિન્ પ્રભો ! પ્રતિસમય મારી એક જ વિનમ્ર હાર્દિક અભ્યર્થના કે પરમ ઉત્કટ આરાધક ભાવપૂર્વક મોક્ષ–કલ્યાણના અસંખ્ય યોગોની આરાધના જીવમાત્રથી નિરન્તર થતી રહો એ જ એક શુભકામના !

— કલ્યાણસાગર

પ્રકાશક :

**શ્રી મોક્ષકલ્યાણક સમ્યક્ શ્રુતનિધિ**

શ્રી સીમન્ધરસ્વામિ જિન મંદિર, હાઈવે,

**મહેસાણા** ( ઉ. ગૂજ. ) – ૩૮૪ ૦૦૨

■

**પ્રથમ સંસ્કરણ :**

શ્રી વીર સં. ૨૫૧૧

આશ્વિન કૃષ્ણ ષષ્ઠી

■

મુદ્રક :

**સુરેખ પ્રિન્ટર્સ**

**અને ભાગ્યમુદ્રા**

જીઆઈડીસી એસ્ટેટ

**મહેસાણા – ૩૮૪ ૦૦૨**



# સમર્પણ

અનાદિ ભવચક્રમાં પરિભ્રમણ કરતાં, મારા જેવા પામર મહાઅજ્ઞ જીવ ઉપર અનંત અનંત ઉપકાર કરીને, પરમ કલ્યાણકારી મોક્ષપદ-પ્રાપ્તિના પરમ પથપ્રદર્શક બન્યા હોય, બનતા હોય અને બનવાના હોય તે સર્વે અનંતાનંત પરમ ઉપકારક, પરમ તારકોના પરમ પુણ્યવંત પાદપુણ્ડરીકે પરમોલ્લસિત પ્રણતભાવે પ્રાંજલિબદ્ધ પ્રણતશીર્ષે અનંતાનંત કોટાનકોટિ વંદન-નમસ્કાર કરવાપૂર્વક તે પરમ તારકોનાં પરમ કમનીય કરકમળોમાં સબહુમાન સમર્પણ.

શ્રીવીરસંવત ૨૫૧૧
આશ્વિન કૃષ્ણ ષષ્ઠી

— કલ્યાણસાગર

# બે બોલ

**ભગવાન** શ્રી મહાવીર સ્વામી અંતિમ દેશનારૂપ 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં ફરમાવે છે : "જેઓ મનુષ્યપણું પામી, સદ્ધર્મનું શ્રવણ કરી, તેમાં શ્રદ્ધાયુક્ત બની, તે પ્રમાણે આચરણ કરે છે; તેવા સરળ અને શુદ્ધ માણસો પાણીથી સિંચાયેલા અગ્નિની પેઠે પરમ નિર્વાણ પ્રાપ્ત કરે છે."

આ ભગવદ્દવાણીમાં પ્રથમ શરત 'મનુષ્યપણું' પામવાની છે. ત્યારે મનુષ્ય કોણ ગણાય ? દેહના બંધારણમાત્રથી જો મનુષ્ય ગણાવાતું હોત, તો તો અમુક માણસો માટે રાક્ષસ, પિશાચ, હેવાન, ઢોર, પશુ જેવા શબ્દો વ્યવહારમાં આવ્યા ન હોત. એટલે 'મનુષ્યપણું' પામવું એ તો મોટી મિરાત છે. 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એમ એક સાધક કવિએ સાચું જ કહ્યું છે. સંતો–મહંતો અને સત્પુરુષોનો ઉદ્યમ પણ નિરંતર આ માટેનો જ હોય છે.

મનુષ્ય બનવા માટેના માર્ગો પણ શાસ્ત્રોએ ચીંધ્યા છે. 'પણિહાણ–સુત્ત'માં યથાર્થ રીતે જ કહેવાયું છે —

**"लोगविरुद्धच्चाओ, गुरुजण–पूआ परत्थकरणं च ।**
**सुहगुरु – जोगो तव्वयण – सेवणा आभवमखण्डा ।।"**

અર્થાત્, હે પ્રભુ ! મારું મન લોકનિંદા થાય એવું કોઈ પણ કાર્ય કરવા પ્રેરાય નહિ. ધર્માચાર્ય તથા માતા-પિતાદિ વડીલો પ્રત્યે પૂરેપૂરો આદરભાવ અનુભવે અને બીજાનું ભલું કરવા માટે ઉજમાળું બને. વળી, મને સદ્ગુરુનો યોગ સાંપડો; તેઓશ્રીનાં વચનાનુસાર ચાલવાની શક્તિ પ્રાપ્ત થાઓ. જ્યાં સુધી મારે સંસારમાં પરિભ્રમણ કરવાનું નિર્માયું હોય, ત્યાં સુધી આ બધું નિરંતર પ્રાપ્ત થાઓ.

આવી ભાવના કેળવાય અને તદનુસાર વ્યવહાર થાય ત્યારે દેવોનેય દુર્લભ એવું 'મનુષ્યત્વ' સિદ્ધ થયું ગણાય. સદ્વ્યવહારના અનુભવનો સાર છે : પ્રવૃત્તિના મૂળમાં છે વૃત્તિ. વૃત્તિ વિચારાનુસાર ઘડાય છે; એટલે પાયારૂપ વિચાર શુદ્ધ હોય તો પરિણામરૂપ વાણી, વ્યવહાર અને આચાર શુદ્ધ જ હશે. વિચાર–ઘડતર અને એની શુચિતા માટે જિન-વાણીનું શ્રવણ, સદ્ગ્રંથોનું વાચન–મનન તથા સત્પુરુષોનો સમાગમ અનિવાર્ય છે. 'મનુષ્યપણું' પામવાની આ ગુરુ-ચાવી છે અને ધર્મનું આ હાર્દ છે.

ધર્મપુરુષો–આચાર્યો વિશ્વબાગનાં સુન્દરતમ પુષ્પો છે; '**अहेतुकदयासिन्धुः**' – કશા જ હેતુ વિના અનાયાસ કરુણા-સ્રોત વહાવનાર દયાના સાગર જેવા છે. જે ક્ષણે જગત તેઓની સદંતર છાયા ગુમાવે છે, તે જ ક્ષણે જગત એક ભયંકર નરકાગાર જેવું બની જશે અને જલદીથી વિનાશને પંથે પળશે. પણ સદ્ભાગ્યે એવું બનતું નથી સત્પુરુષોની છાયા જગત માથે સદા હોય જ છે. ધર્મપુરુષોનો આશ્રય,

તેઓશ્રીની વાણી, તેઓશ્રીનો સમાગમ આદિ જગત માટે કેટલાં ઉપકારક છે તે સ્વયંસ્પષ્ટ છે.

આમ છતાં, જાણ્યે-અજાણ્યે કેટલાક લોકો ધર્મની અને ધર્મપુરુષોની ઉપેક્ષા કરતા, તેમની હાંસી ઉડાવતા દૃષ્ટિગોચર થાય છે, ત્યારે એવા જડવાદીઓને પૂછવાનું મન થાય છે કે "માનવસમાજમાંથી જો ધર્મને બાદ કરીએ, તો પાછળ શું રહેશે ? પશુઓનું વિશાળ ટોળું કે બીજું કાંઇ ?".... માનવીને અનંત જીવન બક્ષનાર, આજે આપણે જે કાંઇ છીએ તેવા સ્વરૂપમાં મૂકી આપનાર કેવળ ધર્મ જ છે; અને ધર્મપુરુષો એ એના જીવતાજાગતા પ્રતીક જ નહિ, એની જીવંત પ્રતિકૃતિ છે – જે સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રનો બોધ કરાવી, માનવપશુને મનુષ્યપણું બક્ષે છે. મનુષ્યત્વ લાધે છે આત્મજ્ઞાનથી. આત્મજ્ઞાન એ જીવમાત્રનું લક્ષ્ય હોવું ઘટે – નહિ કે કેવળ ઇન્દ્રિયસુખ. આહાર, નિદ્રા, ભય અને મૈથુનમાં જ રાચનાર કદી મોક્ષનો – પરમ ગંતવ્યનો – પથિક બની શકતો નથી.

આથી જ સમયેસમયે સત્પુરુષો આપણને આપણા કર્તવ્યની યાદ અપાવતા રહે છે; પ્રેમથી સમજાવતા રહે છે. જે ન સમજે તેને ટપારે છે અને છતાંય ન સમજે તેને માટે પણ અપાર કરુણા વહાવી, તેના કલ્યાણની કામના કરે છે.

આવા કરુણાના સાગર, ત્યાગમૂર્તિ, પ. પૂ ધર્મોદ્ધારક શ્રી સાગરગચ્છાધિપતિ પ્રશાન્તમૂર્તિ આચાર્યભગવંત

શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા સમકાલીન સત્પુરુષોમાં આગવી પ્રતિભા ધરાવે છે. જગતની જંજાળથી પર હોવા છતાં, ક્ષણ–પ્રતિક્ષણ વિનાશની ભયંકર ગર્તા ભણી ઘસડાતા જતા સાધર્મિકો જ નહિ, જીવમાત્ર પ્રત્યે પરમ અનુકમ્પા ધરાવતા હોઈ, તેઓના કલ્યાણ માટે સતત ચિંતિત છે. ધર્મસત્તાના ડગમગતા પાયા તેઓશ્રીના પરમ શાન્ત હૃદયમાં પણ વ્યથાનાં મોજાં જગાડે છે

તેઓશ્રીની આ વ્યથા પરાર્થે હોઈ સહુ કોઈને સ્પર્શે એવી વ્યાપક છે. હૃદયમાં સોંસરું પ્રવેશે એવું સત્ય એ તેઓશ્રીની સમીક્ષાબાનીની વિશેષતા છે. નીરક્ષીર વિવેકપૂર્વક, તટસ્થભાવે સત્યને ન્યાય આપવાની ઉત્કટ ભાવના આ લખાણોમાં વરતાઈ આવે છે. જનસમુદાય વચ્ચે નહિ-વત્ રહેવા છતાં જનસાધારણની સમસ્યાઓ – વિશેષે જિન-શાસનને સ્પર્શતા યક્ષપ્રશ્નો–ને ઓળખી, એનો મૂળગામી અકસીર ઉપચાર કરવાની સમીક્ષકશ્રીની ખેવના સહેજે ઊપસી આવતી જણાય છે.

પ્રસ્તુત ગ્રંથમાં કોઈ સળંગસૂત્ર વિષય નિરૂપાયો નથી; પણ ભિન્નભિન્ન પ્રશ્નો છણાવટ પામ્યા છે. આથી કેટલીકવાર અમુક મુદ્દા બેવડાયા પણ હશે; છતાં એમાં સુજ્ઞ વાચકે પુનરુક્તિ દોષ જોવાને બદલે, એ મુદ્દાઓના દઢી-કરણની ભાવના જ સમીક્ષકશ્રીના મનમાં રમી રહેલી છે એ સમજવાની સજ્જતા કેળવવી જોઇએ. ક્યાંક સુદીર્ઘ, દુરા-

ન્વયી કે દુરૂહ વાકયરચના પણ હશે; છતાં તે સમીક્ષકશ્રીના સહજ ચિંતન–આવેગનું સ્વાભાવિક પરિણામ હોઈ, ધીરજથી એ અંશને સમજવો પડશે.

સમીક્ષકશ્રીએ આ ગ્રંથમાં નારી–મર્યાદા ઉપર વિશેષ ભાર મૂક્યો છે. સદાચારનું મૂળ અને લોક–સ્વાસ્થ્યની એ જ ગુરુચાવી પણ છે. આ મૂળ ઉપર કુઠારાઘાત થાય એટલે આખુંય સમાજવૃક્ષ ધરાશાયી થઈ જાય. આવો કુઠારાઘાત કરવાનું હીણું કૃત્ય પશ્ચિમના શિક્ષણે કર્યું છે એવો તર્કશુદ્ધ અભિપ્રાય સમીક્ષકશ્રીએ આપ્યો છે. પરંતુ તેઓશ્રીનો આ દૃષ્ટિકોણ સમજવા જેવો છે : તેઓશ્રી દ્વારા પશ્ચિમી શિક્ષણનો નહિ, શિક્ષણના બહાના હેઠળ, એની સાથે ગૂંથી લીધેલી, આર્યપ્રજાને નિઃસત્ત્વ બનાવવાની કુટિલ નીતિનો જ વિરોધ કરવામાં આવ્યો છે. અને તે સ્વાભાવિક જ નહિ, અનિવાર્ય ગણાવો જોઈએ અને સ્વકીય ગણાતા શાસકોએ એમાંથી ધડો લઈ આર્યસંસ્કૃતિને અનુરૂપ અને એને પોષક શિક્ષણ–નીતિ અંગીકાર કરવી જોઈએ.

આપણી ગતાનુગતિક વૃત્તિના કારણે આપણે પશ્ચિમનું અંધ અનુકરણ કરવા મચી પડ્યા છીએ. એનું દુષ્પરિણામ પણ આજે નજર સામે છે : ન્યાય, નીતિ, ધર્મ, સંસ્કાર, શિક્ષણ બધું જ રસાતાળ જવા બેઠું છે. આટલું ઓછું હોય તેમ રાજકર્તાઓ અને તેમના શ્વાનવૃત્તિ દલાલોનો શિક્ષણ અને વ્યાપારના ક્ષેત્રે તથા માનવમાત્રના તદ્દન અંગત એવા ધર્માધિકારના ક્ષેત્રે પણ દિન–પ્રતિદિન હસ્તક્ષેપ

વધતો ચાલ્યો છે. 'જેનો રાજા વેપારી એની પ્રજા ભિખારી' એ સર્વવિદિત અનુભવ–વાણી છે. વ્યાપારમાં રાજકીય હસ્તક્ષેપનાં દુષ્પરિણામ આપણી સમક્ષ એના તદ્દન વરવા સ્વરૂપમાં પ્રત્યક્ષ થવા માંડ્યાં છે.

ધર્મસત્તા પરની તરાપ એ સરવાળે વ્યક્તિ–સ્વાતંત્ર્ય ઉપરની તરાપ છે, જે [redacted] બંધારણીય ખાતરીનો ઉઘાડો ભંગ કરે છે. પરંતુ ક્રમશઃ નિઃસત્ત્વ, સ્વકેન્દ્રિત અને ગુલામ મનોદશાવાળી થતી જતી પ્રજા, સ્વત્વસભર ન બને ત્યાં સુધી આ પ્રાણપીડિત પરિસ્થિતિનો ખુમારીભેર વિરોધ કરી શકવા સમર્થ નથી. આ સંજોગોમાં કેવળ પરમ હિતકર ધર્મસત્તા અને ત્યાગી સાધુસમુદાય જ એક પ્રબળ આલમ્બન અને આશાકિરણ છે. સ્વાભાવિક રીતે જ પ્રસ્તુત ગ્રંથના સમીક્ષકશ્રીએ આવો અવાજ નિર્ભીક રીતે ઉઠાવ્યો છે, એને ઉપાડી લેવો એ જ એક શ્રેયમાર્ગ અને તરણોપાય છે.

વર્તમાનયુગમાં રાજસત્તા દ્વારા નહિ, ધર્મસત્તા દ્વારા જ વિશ્વમાં ક્રાન્તિ અર્થાત્ સાચી ઉન્નતિ આવી શકે એમ છે એ નિર્વિવાદ સત્યને સમીક્ષકશ્રીએ અર્થઘન તર્ક દ્વારા સિદ્ધ કરી આપ્યું છે. અહીં, પ્રશ્નોનો કેવળ અછડતો ઉલ્લેખ જ નથી કરાયો, પણ એનો વ્યવહારુ ઉકેલ અને દૂરગામી પરંતુ સ્થિર માર્ગ પણ ચીંધ્યો છે. આમ, સત્ત્વશીલ વાચન પૂરું પાડવા ઉપરાંત સહૃદય પાઠકના દિલમાં જોશ ભરે, સમસ્યાઓના નિરાકરણનો માર્ગ ચીંધે એવું

સક્ષમ વિચારભાથું પણ પ્રસ્તુત ગ્રંથમાં સભર ભર્યું છે. જો કેટલાંકના મન–હૃદયના તાર એ ઝણઝણાવી શકશે તોય સમીક્ષકશ્રીનો શ્રમ સાર્થક લેખાશે.

ઉપરોક્ત પંક્તિઓમાં શ્રી જિનાજ્ઞાથી વિપરીત એવું કંઈ આલેખાયું હોય, તો ક્ષમાયાચના સહ, આવી સાર્થક તક આપવા બદલ પ.પૂ. આચાર્ય ભગવંતનો અંતઃકરણ-પૂર્વક આભાર માની વિરમું છું.

'સેવા', ૭ / અંબિકાનગર
**મહેસાણા** – ૩૮૪ ૦૦૨
દિનાંક : ૨૫/૧૨/૧૯૮૫

શ્રીશ્રી ગુરુપદરેણુ
**પ્રા. રાજન કોડિયા**

# અનુક્રમ

૧ શાસ્ત્રોના કપોલકલ્પિત અર્થો : ૧

જિનશાસનના કેટકેટલા ટુકડા થશે ? ૨, કુબુદ્ધિના કુપ્રભાવે : વાસ્તવિક નક્કર સત્ય : ૩, કર્મની કાળાશ ધોવાય કે કેમ ? ૪, શ્રી સર્વજ્ઞ ભગવંત કરતાં વિશેષ ડાહ્યા : ૫, કુતર્કોની ભુલભુલામણીભરી ભૂતાવળમાં : ૭, કાતિલ મહાપાપ : બળતામાં ઘી હોમવા જેવું : ૮, બારે પર્વતિથિ આદિ અનેક વિષયક સમાલોચના : ૯, સાર્વભૌમ બહુશ્રુત ગીતાર્થ-શિરોમણિશ્રીજીની દીર્ઘદૃષ્ટિ : ૧૦, પરંપરાગત પૂર્વની અપર્વતિથિની જ ક્ષયવૃદ્ધિ : ૧૧, શ્રી સાતયાન રાજાની વિનતિથી આપદ્ધર્મરૂપે : ૧૪, ભાદરવા શુદિ પંચમી દિને સાંવત્સરિક પ્રતિક્રમણ કરવા અંગે શાસ્ત્રપાઠ મળે છે કે કેમ ? ૧૬, પ. પૂ. કાલકસૂરિજી મ. ચાતુર્માસમાં વિહાર કરીને પૃથ્વીપ્રતિષ્ઠાનપુર પધાર્યા : ૧૭, પ્રવર્તાવેલ પ્રણાલિકાને ધર્મગ્રંથોનું સમર્થન ખરું ? ૨૧, શ્રી કલ્પસૂત્રજીનો સાક્ષીપાઠ : ૨૨, એ ભારતનું પરમ સૌભાગ્ય : ૨૬.

૨ આદેય નામકર્મનો પ્રભાવ : ૪૧

શ્રી જિનેન્દ્ર શાસનનો મુદ્રાલેખ : ૪૧, માર્ગાનુસારી ગુણમાં પણ મોટો ધબડકો : ૪૨, વિરાગીના રાગી બનો : ૪૩, અહં અને મમરૂપ હુતાશ : ૪૪. વણથંભી વણઝાર : કવચિત્ ઉપેક્ષા પણ સેવાય : ૫૦, અપેક્ષિત ઉચ્ચતમ ભક્તિભાવનો અભાવ : ૫૨, ત્રણ લાખ જેટલી માતબર રકમ ખર્ચનાર... ૫૪, કેટલું લજ્જાસ્પદ,

મહાકલંકરૂપ ગણાય? ૫૫, એ ક્યાં મારા એકલાનું કામ છે? ૫૮, મહાપ્રભાવકોની તિથિઓ કેમ ઊજવાતી નથી? ૬૦, શ્રી તીર્થંકર પરમાત્મા આદિનો અગ્નિસંસ્કાર તે જ દિવસે થયો કે બીજા દિવસે? ૬૨, કાળું કલંક આ ભવમાં ભૂંસાય કે કેમ? ૬૪, અક્ષમ્ય ઘોર કદર્થના : ૬૫, કોણ નકારી શકે? ૬૬, કેવો વિરોધાભાસ યાને ગુરુદ્રોહ : ૬૭, આપણા માટે એ જ પરમ હિતાવહ છે : ૬૭, અનેક મહાપાપોમાંનું એક : ૬૯.

૩ અગત્યની સૂચના : ૭૦

૪ શ્રી સીમન્ધરસ્વામિજી – પરમાત્માને વિનતિપત્ર ૭૧

દ્વાદશ અભિગ્રહ : ૮૫, નવ નિયમના પાલન અંગે : ૮૭

૫ અવસર્પિણી કાળમાં તો અનંતાનંત પરમ ઉપકારથી જ રાજનીતિ પ્રવર્તે : ૮૯

૬ વીરપ્રસૂ રત્નગર્ભા પરમપવિત્ર પુણ્યધરા : ૧૦૪

મહારાજનીતિજ્ઞને પણ શિથિલ બનાવ્યા : ૧૦૫, યવન શાસન અને ગોરાઓનો પગપેસારો : ૧૦૭, ભીંડામાર છઠ્ઠો પોપ : ૧૦૯, ગુંડાશાહીના ભણકારા : ૧૧૦, હક્કનો હડકવા : ૧૧૧, આત્માનો અબાધિત અધિકાર : ૧૧૨, મેષ રાશિના શનિની લોહના પાયે સાડાસાતી : ૧૧૪, મીણ કે માખણના દાંતે : ૧૧૬, અમોઘ અને અજેય મહાવિદ્યા : ૧૧૭, સ્વપ્નમાં પણ સદાચાર નંદવાય નહીં : ૧૧૯, આ છે આર્યસંસ્કૃતિનો અચિંત્ય મહાપ્રભાવ : અભેદ્ય વજ્રદ્વાર : ૧૨૧, પાશ્ચાત્યોની પાપલીલા : ૧૨૨, પાપી પેટ બનેલો સુસંસ્કારનો પવિત્ર કોઠો : ૧૨૪, આદર્શ સુસંસ્કારોની ગંગોત્રી : ૧૨૫, સુવાવડખાતાં : મહાપાપનું પ્રસવસ્થાન : ૧૨૬.

૭ ધર્મમહાલયના હચમચી ઊઠેલા પાયા : ૧૨૮

અન્નાદિ અભક્ષ્ય ક્યારે બને ? ૧૨૯, તુંબડાના શાકને સોમલનો વધાર : ૧૩૧, તન અને મનની સાથે અભડાતું ધન : ૧૩૨, માત્ર આઠ ટકા પ્રજા ભણેલી ! ૧૩૩, વિદેશીઓની ભ્રામક લીલાજાળ : ૧૩૪, ભલભલા બુદ્ધિનિધાનોની કલ્પના પણ જ્યાં કાચી પડે : ૧૩૭, પવિત્ર શ્રુતજ્ઞાનની અક્ષમ્ય આશાતના : ૧૩૮, ઋતુમતીની છાયા પણ વર્જ્ય : ૧૩૯, વિદેશીઓની વાહિયાત વાત : ૧૪૦, કસાઈનાં પણ કાળજાં કંપે એની ભાંડણલીલા : ૧૪૨, ધર્મના મૂળમાં પલીતો ચાંપવાનું કાવતરું : ૧૪૪, ઊંધા શ્રીગણેશ મંડાયા : અપાત્રને વિદ્યાદાન નહિ : ૧૪૫, વિદ્યા અને અવિદ્યાની ઓળખ : ૧૪૬, જીવતું-જાગતું દોજખ : ૧૪૮, પવિત્ર માનસ ભ્રષ્ટ કરનાર અંગ્રેજી અક્ષરજ્ઞાન : ૧૪૯, આ છે વિદેશીઓની મેલી મુરાદ : ૧૫૦, યુવકો સમક્ષ ધરેલો ભયંકર હાઉ : ૧૫૨, આર્યસન્નારીધન અભણ ક્યારે હતું ? : ૧૫૪, સુસંસ્કારરૂપ રત્નની અખૂટ ખાણ : ૧૫૫.

૮ મહાઅભિશાપરૂપ મનોરંજનગૃહો : ૧૫૪

તન–મન–ધનને અભડાવતાં અશ્લીલ દૃશ્યો ૧૫૮, મા–બહેન, દીકરી કે પૂત્રવધૂનો વિવેક પણ નષ્ટ : ૧૬૦, વાણિજ્યતંત્રને ખોરવી નાખવું એ પાયાની જરૂરિયાત : ૧૬૧, યંત્રવાદરૂપી અજગર : ગૌવંશ ઉપર ઊતરેલી આફત : ૧૬૩, આર્યપ્રજાને સત્ત્વહીન બનાવવાની ચાલ : ૧૬૪, મહાઅનર્થકારી પાણીના નળ : ૧૬૫, હિંસાજન્ય મહાપાપનાં ફળ ભોગવવાનું લમણે લખાયું : યંત્રવાદે સર્જેલી પરાધીનતા : ૧૬૭ છતા અન્નજળે ભૂખે–તરસે મરવું પડશે : ૧૬૮, વાણિજ્યતંત્રમાં ભંગાણ : ૧૬૯, બેઈમાનીને ઉત્તેજન : ૧૭૧, માલિકને જ ભિખારી

બનાવ્યો : ૧૭૨, આડેધડ સર્વનાશ : ૧૭૩, અક્ષમ્ય હીણું કાર્ય : ૧૭૪, અભિશાપરૂપ ટ્રસ્ટ ઍક્ટ : ૧૭૫.

**૯ ધર્મસત્તાનું સ્થાન સર્વોપરિ હોવું ઘટે : ૧૭૬**

ધર્મસત્તાના ગળામાં વજ્રફાંસો : ૧૭૬, નિષ્ફળ વિરોધ : ૧૭૮, ધર્મસંપત્તિનો ઉમદા વહીવટ : ૧૭૮, કરબોજ વધ્યો : સંચાલન જટિલ બન્યું : ૧૮૧, ધર્મભક્ષક ટ્રસ્ટ ઍક્ટનો અક્ષમ્ય હસ્તક્ષેપ : ૧૮૨, ટ્રસ્ટ ઍક્ટ દૂર કરવો જ જોઈએ : ૧૮૩, ધર્મસત્તાને અપંગ બનાવી : ૧૮૪.

**૧૦ શ્રી જિનાજ્ઞાઘાતક આધુનિક પાઠશાળાઓ : ૧૮૫**

મંત્રસૂત્ર વાચના લેવાની વિધિ : ૧૮૬, ગૃહસ્થને સૂત્ર ભણાવવાનો અધિકાર નથી : ૧૮૭, ધર્મસંસ્કાર જનેતાના ઉદરમાં જ મળતા : ૧૮૯, શિક્ષણ કે કુશિક્ષણ? ૧૯૦, મા-બાપનું શ્રુતજ્ઞાન પ્રત્યે ઉપેક્ષિત વલણ : ૧૯૧, અશાસ્ત્રીય પાઠશાળા માટે ફંડફાળા ઉઘરાવવાનું મહાપાપ : ૧૯૨.

**૧૧ સમ્યક્ શ્રુતજ્ઞાનમાં જીવને શિવ બનાવવાનું સામર્થ્ય છે :**

**૧૨ માસિક ઋતુસ્રાવનાં અકલ્પ્ય અનિષ્ટ પરિણામ : ૧૯૫**

કીડીની કાયાએ કુંજરના કટકને નાથવા જેવી જટિલ સમસ્યા : ૧૯૬, શ્રી જિનાગમોક્ત ધર્મગ્રંથાનુસારી નિયમો : ૧૯૮, શ્રી વેદોક્ત માન્યતા અનુસારના નિયમો : ૧૯૯, કુરાને શરીફ, પારસી ધર્મગ્રંથ, યહૂદી ધર્મગ્રંથ અને બાઈબલની માન્યતા અનુસારના નિયમો : ૨૦૦-૨૦૧, પાશ્ચાત્ય ચિંતકોનાં મંતવ્યો : ૨૦૩.

**૧૩ માતા-પિતાની પ્રાથમિક ભૂમિકાની કિંચિત્ સમીક્ષા :**

માતા-પિતા બનવાનાં અધિકારી કોણ ? ૨૦૮, માતાપિતા માટે આવશ્યક નિયમો : ૨૦૯, નિયમ-પાલનનું સાચું રહસ્ય : ૨૧૪,

હાથનાં કર્યાં હૈયે વાગ્યાં : ૨૧૬, મનોભાવમાં રહેલી અગાધ શક્તિ : રસહીન થઈ ધરા – દયાહીન થયો નૃપ : ૨૧૮, આપ જાણે પાપ : મા જાણે બાપ : ૨૨૧, બાપ તેવા બેટા : ૨૨૩.

૧૪ જૈનોની જીવદયા : ૨૪૧

૧૫ સાધર્મિક વાત્સલ્યમાં થાળી-વાટકા ઘરેથી લાવવાનો નિયમ કેમ ? ૨૪૪

૧૬ મહિલા-મંડળાદિના પારિશ્રમિક વેતન અંગે : ૨૪૬

ઢંગધડા વિનાના તર્કથી મનમનામણાં : ૨૪૮, સ્વગ-શક્તિના દાતાને ઓળખો : ૨૫૧, શું કુલીનતા દૂષિત થઈ છે ? ૨૫૨, દુણાયેલી દાળ : નહિ કોઠાની, નહિ કોઠારની : ૨૫૩, પર્યટનોમાં પોષાતાં મહાપાપ : ૨૫૪.

૧૭ ધર્મક્ષેત્રે ધન વાપરનાર પ્રત્યે અણગમો કેમ ? ૨૫૫

ધર્મસત્તા ઉપર રાજ્યસત્તાની તરાપ શા માટે ? ૨૫૬, પારકે ભાણે મોટો લાડુ : ૨૫૮, અન્નનો બગાડ કે બચાવ ? ૨૫૯, રાજ્યસત્તાનું કર્તવ્ય : ૨૬૧.

૧૮ શાળા-કોલેજ, હોસ્પિટલાદિનું નિર્માણ કેમ નહિ ? ૨૬૩

ભારતવર્ષને માથે લોઢાના પાયે બેઠેલી પનોતી : ૨૬૫
૫૦-૬૦ ગામ વચ્ચે એકાદ વૈદ્ય : ૨૬૬.

૧૯ શ્રી જિન-ચૈત્ય-નિર્માણના સુમંગળ કોડ :

જીવવિરાધનાના પાપથી બચાવનાર જયણાધર્મ : ૨૭૪, શ્રી જિનાલયના જીર્ણોદ્ધારથી શીઘ્ર કલ્યાણ : ૨૭૫, ધાર્મિક દ્રવ્યની સારસંભાળ વિશે : ૨૭૬, ધાર્મિક પેઢીના તંત્ર સંચાલકોનાં લક્ષણ : વિધિમાર્ગ ઉત્તમતા : ૨૭૭.

**૨૦ ટીપ દ્વારા એકત્રિત કરાયેલ રકમ ધાર્મિક નિધિ ગણાય ?**

આયંબિલ આદિ નિમિત્તે ટીપ કરવી ઉચિત ગણાય ? પ્રસન્નતાનો પમરાટ : ૨૮૧, આધુનિક આયંબિલ શાળાઓની અવીચીનતા.

**૨૧ આરાધનામાં જોઈએ તેવો આનંદ નથી : ૨૮૨**

ભક્તિના અતિરેકમાં અજ્ઞાનવશ થતી મહાહિંસા : ૨૮૪, ઉપધાન તપ : ૨૮૬, બરફનો ઉપયોગ વર્જ્ય : મોટર બસના યાત્રાપ્રવાસને સંઘ કહેવાય ? ૨૮૭.

**૨૨ કર્માદાન : ૨૮૮**

સર્વ મહાપાપોની અવંધ્ય જનેતા : ૨૮૯.

**૨૩ દેવાધિદેવ સમક્ષ શ્રી દશદિક્પાલ આદિનું પૂજન યુક્તિ-યુક્ત ગણાય ? ૨૯૦**

હોમ-હવન એ તાંત્રિક અનુષ્ઠાનો છે : ૨૯૨, આહ્વાન કરીને માત્ર સ્થાપના જ કરવી : ૨૯૩, જીવનયાત્રાને ઘોર અન્યાય : ૨૯૪.

**૨૪ ધર્મદેશના કે વ્યાખ્યાન કોણ આપી શકે ? ૨૯૪**

તારક વાણીની ઘોર ઉપેક્ષા : ૨૯૬, છે કોઈ અનધિકાર ચેષ્ટાની સીમા ? ૨૯૭, શ્રી જિનશાસનના હિતચિંતક કે ઘોરદ્રોહક : પરમાત્માનાં પૂજનો સમયે અર્થ-વિવેચન થાય ? ૨૯૮.

**૨૫ સ્વપ્નેય ન કલ્પી શકાય તેવો વ્યવહાર : ૨૯૯**

## શાસ્ત્રોના કપોલકલ્પિત મનઘડંત અર્થાત્ ઉટપટાંગ અર્થો :

દુષમકાળના દોષથી દૂષિત દુર્બુદ્ધિવાળા અર્થાત્ અજ્ઞાન અને અહં–અંધકારના ઓછાયાથી અંધ તેમ જ મહામિથ્યાત્વ મદ્યપાનથી મદોન્મત્ત (મૂંઝાયેલ) મતિવાળા કૃષ્ણપાક્ષિક જીવોના પૂર્વોપાર્જિત તીવ્રતમ પાપોદયે પાપને પુષ્ટ કરનાર અને ધર્મનો ધ્વંસ કરનાર અર્થાત્ આત્માનું અધઃપતન કરનાર એવા વિચિત્ર ક્ષયોપશમના કારણે પરમ્પરાથી ચાલ્યા આવતા શાસ્ત્રોના શુદ્ધ અર્થના સ્થાને શાસ્ત્રોના કપોલકલ્પિત મનઘડંત અર્થાત્ ઉટપટાંગ અર્થો કરવાનું અક્ષમ્ય મહાદુઃસાહસ કરવા લાગ્યા. (એ ઉટપટાંગ અર્થઘટનને શાસ્ત્રીય ભાષામાં સર્વપાપશિરોમણિરૂપ "ઉત્સૂત્ર પ્રરૂપણા" કે "ઉત્સૂત્ર ભાષણ" કહેવામાં આવે છે.) ઉત્સૂત્ર પ્રરૂપણા કરીને જાણે કોઈ અજોડ અલભ્ય આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હોય, તેવા અદમ્ય ઉત્સાહથી અર્થાત તીવ્રતમ દુરાગ્રહ(હઠાગ્રહ કે કદાગ્રહ)થી પોતે પ્રરૂપેલ ઉત્સૂત્રને ત્રિકાલાબાધિત અકાટ્ય સત્ય સિદ્ધાંતરૂપે માનવા-

વાળા પોતાના પક્ષનો બહોળો અનુયાયીવર્ગ બને, તે માટે આકાશ–પાતાળ એક કરવા જેટલા અથાગ પ્રયત્નો કરવામાં ભૂતકાળના ઉત્સૂત્રપ્રરૂપકોએ અંશમાત્ર પાછું વાળીને જોયું નથી, અને વર્તમાનકાળના ઉત્સૂત્રપ્રરૂપકો જોતા નથી; તો પછી ભવિષ્યકાળના ઉત્સૂત્રપ્રરૂપકો પાછું વાળીને જોશે એવું કયા વિશ્વાસે કહી શકાય ?

## આડી અવળી તિરાડો પડીને જિનશાસનના કેટકેટલા ટુકડા થશે ?

અક્ષમ્ય મહાપાપરૂપ "ઉત્સૂત્ર–પ્રરૂપણા" કરવાના દુઃસાહસથી અનન્તમહાતારક શ્રી જિનશાસનમાં ગચ્છ, મત, પક્ષ આદિરૂપ કેટકેટલી આડીઅવળી તિરાડો પડીને અખંડ જિનશાસનના કેટકેટલા ટુકડા થશે ? પક્ષપક્ષાન્તરો અને મતમતાન્તરોરૂપ વિષવૃક્ષોના કિમ્પાક ફળ સદૃશ પરસ્પરના કુસંપથી અનન્ત મહાતારક શ્રી જિનશાસનની કેવી ભયંકર દુર્દશા થશે ? અને એ પારાવાર અક્ષમ્ય મહાહાનિથી શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈનસંઘને કેટલું ભયંકર શોષવું પડશે ? એવો વિચાર ઉત્સૂત્રપ્રરૂપકોને ઉત્સૂત્રપ્રરૂપણા કરતાં પહેલાં આવ્યો હોત, તો યે આપણે સૌભાગ્યશાળી ગણાત. શ્રી સંઘને કેટલું પારાવાર મહાકષ્ટ

નિરન્તર વેઠવું પડશે ? તેનો ચોક્કસ માપદંડ તો અનન્ત મહાજ્ઞાની સર્વજ્ઞ ભગવન્ત કે ચૌદ પૂર્વધર શ્રુતકેવળી મહારાજ જેવા બહુશ્રુત જણાવી શકે.

## કુબુદ્ધિના કુપ્રભાવે :

તીવ્રતમ દુરાગ્રહી, અધમાધમ પરમ પામર પાપાત્માઓની તીવ્રતમ કુબુદ્ધિના કુપ્રભાવે મહા-અભિશાપરૂપ ઊભા થયેલ મતમતાન્તરોનો પ્રવાહ ચાલુ રહે, તેવા બદઇરાદા(કૂટ આશય)થી ઉટપટાંગ કુતર્કો કરીને ભદ્રિક જીવોનાં માનસને ભ્રમિત કરીને પોતાના અનુયાયી બનાવવા માટે શ્રી જિનશાસનના મૂળમાર્ગથી અર્થાત્ આત્મકલ્યાણ સાધક મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કર્યા, તેનું સબળ કારણ તો એ છે કે તે અધમાધમ પરમ પામર જીવોને મન અનન્તાનન્ત પરમ ઉપકારક પરમ તારક શ્રી જિનેન્દ્ર પરમાત્મા અને તેમના અનન્ત મહાઉપકારની મહત્તા કરતાં પોતાની જાત વિશેષ મહત્ત્વપૂર્ણ છે.

## વાસ્તવિક નક્કર સત્ય :

ઉત્સૂત્રપ્રરૂપકો કદાચ એમ કહે કે "પરમાત્મા કરતાં પોતાની જાત વિશેષ મહત્ત્વપૂર્ણ છે" એવો આક્ષેપ લેખકે

ક્યા જ્ઞાનના બળે કર્યો ? આક્ષેપ નથી કર્યો. વાસ્તવિક નક્કર સત્ય જણાવ્યું છે. આક્ષેપ તો તેને કહેવાય કે જે વાસ્તવિક નક્કર સત્યથી સર્વથા પર હોય. ઉપરોક્ત વિધાન આક્ષેપ છે કે વાસ્તવિક નક્કર સત્ય છે તે અંગે વિચારીએ.

## મહાપાપરૂપ કર્મની કાળાશ ધોવાય કે કેમ ?

શ્રી જિનેન્દ્ર પરમાત્મા અને તેમના અનન્ત ઉપકારનો અતુલ મહિમા મિથ્યાડમ્બરી ઉત્સૂત્રભાષકોની રગેરગ અને રોમેરોમ ઠાંસી ઠાંસીને ભરાયેલ હોત, તો તેઓ ઉત્સૂત્ર પ્રલાપ, મિથ્યાડમ્બર કે સ્વમુખે આત્મશ્લાઘા અર્થાત્ પોતાની પ્રશંસા કે પ્રસિદ્ધિ ત્રણ કાળમાં કદાપિ ન કરત. એવું વર્તન અને એવી વાણી હોત, તો એમ વિચારત કે ક્યાં અનન્તાનન્ત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્મા અને ક્યાં અધમાધમ પરમ પામર પાપાત્મા એવો હું ? આઠ રુચક પ્રદેશથી અતિરિક્ત અન્ય એકેક આત્મપ્રદેશે અનન્તાનન્ત મહાપાપના પર્વતોના પર્વત જેટલી મહા-અધમતા અને પરમ પામરતા નિરન્તર સાથે રાખીને ફરું છું. એ મહાપાપરૂપ કાળાશથી કાજળ કરતાંય એટલો બધો મહાભયંકર કાળો છું કે પુષ્કરાવર્ત મહામેઘ કે સ્વયમ્ભૂરમણ સાગરના જળ જેટલી સંયમધર્મની

આરાધના અને મેરુ મહિધર જેટલી તપધર્મની આરાધનારૂપ સાબુથી પણ આત્માને લાગેલ મહાપાપરૂપ કર્મની કાળાશ ધોવાય કે કેમ? તે તો અનન્તજ્ઞાની સર્વજ્ઞ ભગવન્ત જ જાણે.

## શ્રી સર્વજ્ઞ ભગવન્ત કરતાં વિશેષ ડાહ્યા :

મહા-અજ્ઞાની અને ગુણહીન હોવા છતાં તે મિથ્યાડમ્બરીઓ સર્વજ્ઞ ભગવન્તનાં શાસ્ત્રોથી વિપરીત ઉત્સૂત્રપ્રલાપ અને સ્વમુખે આત્મશ્લાઘા કરીને અતિપ્રસન્નતાપૂર્વકનો નિરવધિ આત્મસન્તોષ અનુભવે છે. એવું ક્યારે બને કે કાં તો અનન્ત મહાજ્ઞાની સર્વજ્ઞ ભગવન્તનાં શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા નહિ હોય; અથવા તો એ મિથ્યાડમ્બરીઓ એમ માનતા હોય કે અમે શ્રી સર્વજ્ઞ ભગવન્ત કરતાં વિશેષ ડાહ્યા, શાણા અને જ્ઞાની છીએ.

## જાતબડાઈનું ડિંડિમ :

અનન્તાનન્ત પરમ ઉપકારક શ્રી જિનેન્દ્ર પરમાત્મા અને તેમના અનન્ત ઉપકારના અપાર મહિમાથી જેમનું હૈયું સાગરની ભરતીની જેમ હિલોળા લેતું છલોછલ ઊભરાતું હોત, તો તેઓ એમ જ માનત કે શ્રી જિનેન્દ્ર પરમાત્મ-સંસ્થાપિત અનન્ત મહાતારક શ્રી જિનશાસન એ જ સાર,

એ જ પરમાર્થ અને એ વિના અન્ય સર્વસ્વ (અર્થાત્ રાગદ્વેષજનક પૌદ્ગલિક પદાર્થસભર આ સંસાર આત્માની ભયંકર ઘોર ખોદનાર મહા–અભિશાપરૂપ હોવાથી તે સંસાર) સર્વથા અસાર છે. એવી અકાટ્ય શ્રદ્ધા અનન્ત મહાજ્ઞાની સર્વજ્ઞ શ્રી જિનેન્દ્ર પરમાત્મા પ્રત્યે હોત, તો તેમનાં વચનો પ્રત્યે પણ હોત. એ વાત નિર્વિવાદ નિઃશંક સત્ય છે, એવી અકાટ્ય અખંડ શ્રદ્ધા ધરાવતા હોત, તો ઉત્સૂત્રપ્રલાપ દ્વારા અનન્ત મહાતારક શ્રી જિનશાસનનું અક્ષમ્ય ઘોર અહિત અને આત્માનું નિરન્તર ભયંકર નિકન્દન નીકળતું રહે તેવા મતમતાન્તરો કે પક્ષ–પક્ષાન્તરો ઊભા કરીને તેને જીવિત રાખવા મહાબાલિશ પ્રયત્નો કર્યા ન હોત, અને વાતવાતમાં સ્વમુખે મહા-આડમ્બર અને અણછાજતા ફટાટોપથી ભરપૂર સ્વશ્લાઘા–આત્મપ્રશંસા અને જાતબડાઈનું ડિંડિમ વગાડીને માતાપિતાની કુલીનતાનું અને પોતાની અપાત્રતાનું પોત પ્રકાશ્યું ન હોત. આ તો પોતાની અધમાધમ અધમતાનું અને પરમ પામર પામરતાનું ઉઘાડું પ્રદર્શન કર્યું ગણાય. એવું અભદ્ર પ્રદર્શન કરતાં એમનું હૈયું અને હોઠ શી રીતે ચાલતાં હશે એ જ મહદાશ્ચર્યમ્!

## કુતર્કોની ભ્રામક ભુલભુલામણીભરી ભયંકર ભૂતાવળમાં :

ભૂતકાળમાં ભિન્ન ભિન્ન સમયે થયેલ ઉત્સૂત્રપ્રરૂપક નિહ્નવોએ ઊભા કરેલ ઉન્માર્ગગામી અનેક મતમતાન્તરો અને પક્ષપક્ષાન્તરો જીવિત રહે તે માટે પોતપોતાના મત-મતાન્તરો અને પક્ષપક્ષાન્તરોનો અનુયાયીવર્ગ બહુલસંખ્યક હોવો અનિવાર્ય છે, એવા ભયંકર દુરાગ્રહથી ઉત્સૂત્રભાષક કુતર્કવાદીઓને આકાશપાતાળ એક કરવા જેટલાં છળપ્રપંચ, કૂડકપટ. માયા અને દંભભર્યા કુતર્કો અને તર્કટ વિતંડાવાદો કરવાં પડ્યાં. કુતર્કવાદીઓના કુટિલતાભર્યા કુતર્કોની ભ્રામક ભુલભુલામણીભરી ભયંકર ભૂતાવળમાં ભોળાભટાક ભદ્રિક ભવ્યાત્માઓ ભ્રમિત થઈને શ્રી જિનેન્દ્ર પરમાત્મોપદિષ્ટ પરમ તારક મૂળમાર્ગથી ભ્રષ્ટ થવા સાથે ઉન્માર્ગના ઉપાસક થઈને પરમાત્માના, પરમાત્મશાસનના અને આત્માના કટ્ટર શત્રુ બન્યા.

પોતાના પક્ષના પક્ષકાર બનાવવા કરતાં પરમાત્માના મૂળમાર્ગના અનુયાયી રહેવા દીધા હોત, તો આકાશપાતાળ એક કરવા જેટલા ભગીરથ પ્રયત્નો અને મહાદમ્ભ છળ-પ્રપંચભર્યા તર્કટ વિતંડાવાદો કરીને મહાપાપ ઉપાર્જન

કરવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાત, તેમ જ અતિચીકણા મહાપાપકર્મની તીવ્રાતિતીવ્ર શિક્ષા ભોગવવાનો પ્રસંગ પણ ભાવિકાળે ન આવત.

## મહાકલંકિત અતિહીણું કાતિલ મહાપાપ :

કાતિલ અગનગોળા જેવા કપોલકલ્પિત મતમતાન્તરો પ્રત્યેની તીવ્રરાગરૂપ ભડભડતી આગથી મિથ્યાડમ્બરી કુતર્કવાદી ઉત્સૂત્રભાષકો લગભગ પચ્ચીસો (૨૫૦૦) વર્ષથી અનન્ત મહાતારક શ્રી જિનશાસનને બાળવાનું મહાકલંકિત અતિહીણું કાતિલ પાપ કરી રહેલ છે.

## બળતામાં ઘી હોમવા જેવું :

દર્શનમોહનીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમના કારણે અનન્તાનન્ત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્મા અને જિનેન્દ્રશાસન પ્રત્યે પરમ આદર-રૂપ અપાર કૃતજ્ઞતાપૂર્વકનો પ્રબળ ભક્તિભાવરૂપ પુષ્કરાવર્ત મહામેઘ અમૃતજળથી છલોછલ ઊભરાતા હૃત્સરોવરવાળા પરમ પૂજ્યપાદ પરમપ્રભાવક ગીતાર્થતારક મહાપુરુષોએ તો તે બળબળતા હુતાશ(આગ)ને ઠારવાનું અણમોલ પરમ અનુમોદનીય શાણું કાર્ય કર્યું. અને જેમને ભવની ભીતિ

નથી એવા ભવાભિનન્દી આત્માઓના દર્શનમોહનીય કર્મ-રૂપ તીવ્રપાપના ઉદયે બળબળતા હુતાશને ઠારવાને બદલે તે હુતાશ વિશેષ ભડકા લે તેવી અનેકવિધ શ્રી જિન-આજ્ઞાથી વિપરીત પ્રરૂપણા કરીને બળતામાં ઘી હોમવા જેવું મહાપાપમય હીણું કાર્ય કર્યું. મહાપાપમય તે હીણા કાર્યરૂપ અનેક વિષયક કરેલ વિપરીત પ્રરૂપણામાંથી કેટલીક વિપરીત પ્રરૂપણા અંગે વિચારીએ

## બારે પર્વતિથિ આદિ અનેક વિષયક સમાલોચના :

પરંપરાથી અવિચ્છિન્નપણે ચાલી આવતી સામાચારીની આચરણા પ્રમાણે બારે પર્વતિથિ આરાધ્ય હોવાથી તેની ક્ષયવૃદ્ધિન થાય. પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિ-ક્રમણનાઅંતે સેંકડો વર્ષથી "શ્રી સંતિકરં સ્તોત્ર" બોલવાની ચાલી આવતી પ્રણાલિકા, સૂર્ય–ચન્દ્રગ્રહણ સમયે જિનમંદિર માંગલિક (બંધ) રાખવાની ચાલી આવતી પ્રણાલિકા, આષાઢ ચોમાસાથી કાર્તિક ચોમાસા પર્યન્ત શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈનસંઘથી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ ઉપર ન જવાય એવી ચાલી આવતી પ્રણાલિકા, જન્મમરણ સૂતક પાળવા સંબંધી પરંપરાથી ચાલી આવતી પ્રણાલિકા તેમજ પરંપરાથી ચાલી આવતી એવી અનેક માન્યતા(પ્રણાલિકા)ઓની કરાતી

આચરણાઓ અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞા અનુસારી હોવાથી એ પણ પરમ આરાધ્ય અને પરમ ઉપાસ્ય જ છે.

ઉપર્યુક્ત પરમ્પરાગત સામાચારી અને પર્વતિથિ આદિ વિષયક આચરણા એ ધર્મસ્વરૂપ હોવાથી પરમ-આરાધ્ય અને પરમ ઉપાસ્ય હોવા છતાં પૂર્વોપાર્જિત તીવ્ર પાપોદયે તે ધર્મ અધર્મ-સ્વરૂપ લાગ્યો અને તદ્‌વિષય અક્ષમ્ય ઘોર અપલાપ કરવા લાગ્યા. તેના ભયંકર કટુ ફળસ્વરૂપે અનેક પુણ્યવન્ત ધર્માત્માઓના પવિત્ર માનસ ઉપર ધર્મમાં અધર્મની મુદ્રા અંકિત કરી. પરમાત્માના મૂળમાર્ગથી વિમુખ કરી ભ્રષ્ટ કર્યા. અસ્તુ. હવે આપણે મૂળ પ્રકરણ અંગે વિચારીએ.

## સાર્વભૌમ બહુશ્રુત ગીતાર્થશિરોમણિની દીર્ઘદૃષ્ટિ :

અનન્ત મહાતારક શ્રી જિનશાસન એ જ અર્થ(સાર), એ જ પરમાર્થ (પરમ સાર) અને શેષ સર્વસ્વ મહાઅનર્થ રૂપ એવી અકાટ્ય શ્રદ્ધાથી જેમનું ચિત્ત સદા પરમ સુવાસિત છે અને અનન્ત મહાતારક શ્રી જિનશાસનની રક્ષા, આરાધના અને પ્રભાવના એ જ જેમનું જીવન છે, એવા પરમ પૂજ્યપાદ પરમ પ્રભાવક સાર્વભૌમ બહુશ્રુત ગીતાર્થ શિરોમણિ આચાર્યપ્રવર મહારાજ સાહેબોએ અનન્ત મહાતારક

શ્રી જિનશાસનના હિતાહિત અને લાભાલાભને દીર્ઘદૃષ્ટિએ વિચાર કરીને જૈન ટિપ્પણાને ભંડારી દઈને પર્વ–અપર્વતિથિ તેમજ શ્રી અંજનશલાકા – પ્રતિષ્ઠા, દીક્ષા, શ્રી સંઘયાત્રા પ્રસ્થાન–ઉદ્યાપન કે અષ્ટાહ્નિકા મહોત્સવ આદિ પુણ્ય પ્રસંગે શુભમુહૂર્ત આદિના નિર્ણય અંગે તત્કાલીન લૌકિક પંચાંગ સ્વીકારીને તેનો ઉપયોગ કરવા લાગ્યા.

## પરમ્પરાગત પૂર્વની અપર્વતિથિની જ ક્ષયવૃદ્ધિ :

અનન્ત મહાતારક શ્રી જિનશાસનની પરમ્પરાગત અવિચ્છિન્ન સુવિહિત માન્યતા અને આચરણા અનુસાર પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ ન થતી હોવાના કારણે લૌકિક ટિપ્પણા(પંચાગ)માં કોઈ પણ માસના કૃષ્ણ કે શુકલ પક્ષની બીજ, પાંચમ, આઠમ, અગિયારસ કે ચૌદશ પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ આવે ત્યારે બીજથી ચૌદશ પર્યન્તની તે પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ ન કરતાં પર્વતિથિના એક દિવસ પહેલાંની એકમ, ચોથ, સાતમ, દશમ કે તેરશ એ અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કરવી. અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કરવાની માન્યતા અને આચરણા પરમ્પરાગત હોવાથી સામ્પ્રતકાળનો ભારતીય શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ અર્થાત અવિચ્છિન્ન વિશુદ્ધ પરમ્પરાગત શ્રી

વિજયદેવસૂરતપાગચ્છ શ્વેતામ્બર જિનેન્દ્રમૂર્તિપૂજક જૈન સંઘ પણ આજ દિન પર્યન્ત તે પ્રમાણે જ કરતો આવ્યો છે.

## પૂર્વતર 'તેરશ' અપર્વતિથિની જ ક્ષયવૃદ્ધિ :

અમાવાસ્યા અને પૂર્ણિમા એ પણ પર્વતિથિ જ છે. પણ એ પર્વતિથિ ચૌદશ પર્વતિથિ પછી, અનન્તર દિવસે આવતી હોવાથી તે અમાવાસ્યા કે પૂર્ણિમા પર્વ અનન્તર પર્વતિથિ કહેવાય છે. લૌકિક પંચાંગમાં અમાવાસ્યા કે પૂર્ણિમા પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ આવે ત્યારે શ્રી જિનશાસનની ઉપર્યુક્ત પરમ્પરાગત અવિચ્છિન્ન સુવિહિત માન્યતા અને આચરણા પ્રમાણે પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ ન થતી હોવાના કારણે ચૌદશ-અમાવાસ્યા કે ચૌદશપૂર્ણિમા એ ઉભય પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કર્યા વિના ચૌદશઅમાવાસ્યા કે ચૌદશ-પૂર્ણિમા પહેલાંની તિથિ અર્થાત્ પૂર્વતર "તેરશ" અપર્વતિથિની જ ક્ષય વૃદ્ધિ કરવાની હોવાથી તે પૂર્વતર "તેરશ" અપર્વતિથિની જ ક્ષયવૃદ્ધિ કરવામાં આવે છે.

## પૂર્વ કે પૂર્વતર 'ભાદરવા શુદિ ત્રીજ'ની ક્ષયવૃદ્ધિ કરવી :

અનન્ત મહાતારક શ્રી જિનશાસનની ઉક્ત માન્યતા અને આચરણા પ્રમાણે પર્વ-અનન્તર પર્વતિથિની ક્ષયવૃદ્ધિ

ન થતી હોવાના કારણે ભાદરવા શુદિ ચોથ(૪) ને દિને પર્વાધિરાજરાજેશ્વર સર્વપર્વશિરોમણિ શ્રી પર્યુષણા મહાપર્વ હોવાથી તે દિન મહાપર્વતિથિરૂપ અને ભાદરવા શુદિ પાંચમ (૫) તો અનાદિકાલીન પર્વતિથિ છે જ. એમ ભાદરવા શુદિ ચોથ અને ભાદરવા શુદિ પાંચમ ઉભય પર્વતિથિ હોવાથી ચૌદશ–અમાવાસ્યા કે ચૌદશ–પૂર્ણિમાની જેમ તેનો અર્થાત્ ભાદરવા શુદિ ચોથ અને પાંચમ પર્વ અનન્તર પર્વતિથિ હોવાથી તે ઉભય પર્વતિથિમાંથી કોઈ પણ એક પર્વતિથિની ક્ષયવૃદ્ધિ લૌકિક પંચાગમાં આવે ત્યારે ઉભય પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન કરતાં ભાદરવા શુદિ ચોથની અપેક્ષાએ પૂર્વતિથિ અને ભાદરવા શુદિ પાંચમની અપેક્ષાએ પૂર્વતર તિથિ ભાદરવા શુદિ ત્રીજ (૩) અપર્વતિથિની જ ક્ષયવૃદ્ધિ કરવાની હોય છે. સાંપ્રતકાળે ભારતમાં પ્રવર્તમાન શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ અર્થાત્ અવિચ્છિન્ન વિશુદ્ધ પરમ્પરાગત શ્રી વિજયદેવસૂર–તપાગચ્છ શ્વેતાંબર જિનેન્દ્રમૂર્તિપૂજક જૈન સંઘ આજ દિન પર્યન્ત પૂર્વ કે પૂર્વતર ભાદરવા શુદિ ત્રીજ (૩) અપર્વતિથિની જ ક્ષયવૃદ્ધિ કરતો આવ્યો છે.

## શ્રી સાતયાન રાજાની વિનતિથી આપદ્ધર્મરૂપે :

અન્ય ગચ્છ મતની માન્યતા ધરાવનાર પક્ષકારો એવો તર્ક કરે છે કે ધર્મનિષ્ઠ પરમ શ્રદ્ધાશીલ શ્રી સાતયાન (શાલિવાહન) રાજાએ ભાદરવા શુદિ પંચમી દિને રાજ્ય દ્વારા રાષ્ટ્રીય સ્તરે "શ્રી મહેન્દ્રપૂજા મહોત્સવ" ઊજવવાનું આયોજન રાખેલ હોવાથી પરમપૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી કાલિકાચાર્યજી મહારાજને શ્રી સાતયાન મહારાજાએ કરેલ આગ્રહપૂર્ણ વિનંતીથી ભાદરવા શુદિ પંચમી દિને શ્રી પર્યુષણા મહાપર્વની કરાતી આરાધનારૂપે શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ આદિ ધર્મઆરાધના ભાદરવા શુદિ ચોથ દિને આપદ્ધર્મરૂપે કરવી–કરાવવી પડી.

પરમપૂજ્યપાદશ્રીજી તે રીતે આરાધના ન કરાવે તો શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ, શ્રી સાતયાન રાજા અને રાજકુળ આદિ શ્રી પર્યુષણા મહાપર્વની આરાધનાના અપૂર્વ લાભથી વંચિત રહે, અને સાંવત્સરિક પ્રતિક્રમણાદિ ન થાય, તો સકળ જીવરાશિની સાથેની ક્ષમાપના ન થવાના કારણે અનન્તાનુબન્ધિકષાયનો ઉદય થાય, સકળ જૈન સંઘ વિરાધકભાવમાં જાય; અર્થાત્ મિથ્યાત્વના ઉદયવાળો બને. પરમપૂજ્યપાદ શ્રી કાલિકાચાર્યજી મહારાજ સમક્ષ તો મેરુ

મહિધર જેવું મહાધર્મસંકટ કહો કે આપદ્દધર્મ કહો તે ઉપસ્થિત થવાથી અનિવાર્ય સંયોગમાં આપદ્દધર્મરૂપે આપવાદિક માર્ગે ભાદરવા શુદિ પંચમી દિને કરાતી શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના ભાદરવા શુદિ ચોથ દિને કરવી–કરાવવી પડી. પણ આજે તો એવું ધર્મસંકટ કે આપદ્દધર્મનો આશ્રય લેવો પડે તેવો કોઈ પ્રસંગ ઉપસ્થિત નથી. તો પછી આજે ભાદરવા શુદિ પાંચમને દિને શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ આદિ કરવા–કરાવવાનો નિર્ણય શા માટે ન કરવો ? એ રીતનો નિર્ણય કરવામાં આવે તો શ્વેતાંબર જૈનોની તો એક જ દિવસે શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના થાય, એવા તર્કકર્તાઓને પ્રશ્ન પૂછું છું કે તો પછી દિગમ્બરોને શા માટે બાકી રાખવા ? દિગમ્બરોની માન્યતા પ્રમાણે શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવી–કરાવવી એવો નિર્ણય કરવામાં આવે તો કહેવાતા જૈનમાત્રને શ્રી પર્યુષણા મહાપર્વ એક જ દિવસે થાય ને ?

બીજો તર્ક એ કરું છું કે જેટલાક ગચ્છ મત પક્ષ છે તે પ્રત્યેકની ભિન્ન-ભિન્ન માન્યતાના કારણે પ્રત્યેક ગચ્છ મત પક્ષનાં પ્રતિક્રમણાદિ ધાર્મિક અનુષ્ઠાનો પણ ભિન્ન ભિન્ન છે. તો પછી કહેવાતા પ્રત્યેક જૈન એક જ દિવસે એક સમાન ધર્મ–અનુષ્ઠાન કરે તે માટે કયા ગચ્છ મત પક્ષનાં

પ્રતિક્રમણાદિ ધર્મ–અનુષ્ઠાનો કરવાં–કરાવવાં ? તે અંગે પણ (ભાદરવા શુદિ પંચમીએ શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવાથી શ્વેતાંબર જૈનોની તો એક જ દિવસે આરાધના થાય, એવો તર્ક કરનારાઓએ) નિર્ણય કરવો પડશે ને ?

## પુનઃ ભાદરવા શુદિ પંચમી દિને સાંવત્સરિક પ્રતિક્રમણ કરવા અંગે શાસ્ત્રપાઠો મળે છે કે કેમ ?

ભાદરવા શુદિ ચોથને સ્થાને પુનઃ ભાદરવા શુદિ પંચમી (૫) દિને શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ આદિ ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવી–કરાવવી એવો નિર્ણય કરીને તે નિયમાનુસાર આરાધના કરવામાં આવે તો શ્રી શ્વેતાંબર જૈનોની શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના એક જ દિવસે થાય, એવો તર્ક કરનારાઓને હું પૂછું છું કે તમોએ કરેલ એ તર્કને અનન્ત મહાતારક શ્રી જિનાગમ કે શ્રી જિનાગમ અનુસારી શાસ્ત્રોનું સમર્થન મળે તેવા શાક્ષીપાઠો મળતા હોય તો વિના સંકોચે કોઈ પણ તર્ક–વિતર્ક કર્યા વિના તે જ ક્ષણે નિર્વિવાદ સ્વીકારીને પુનઃ ભાદરવા શુદિ પંચમી દિને શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવી–કરાવવી એવો નિર્ણય કરીને તે રીતે આરાધના કરવી એ પરમ હિતાવહ છે. પણ તે અંગે શાસ્ત્રોના સાક્ષીપાઠો મળે છે કે કેમ તે અંગે વિચારીએ.

## પ.પૂ. કાલકસૂરિજી મ. ચાતુર્માસમાં વિહાર કરીને પૃથ્વીપ્રતિષ્ઠાનપુર પધાર્યા :

શ્રી ભૃગુકચ્છ(ભરુચ)ના રાજાશ્રી બળમિત્ર અને નાનાભાઈ શ્રી ભાનુમિત્ર આ બંને ભાઈઓ પરમ પૂજ્યપાદ પરમ ગીતાર્થશિરોમણિ બહુશ્રુત આચાર્યપ્રવર શ્રી કાલકસૂરીશ્વરજી મહારાજ સાહેબના સંસારીપક્ષે ભાણેજ હતા. તેમના અત્યાગ્રહથી ભરુચ ચાતુર્માસ અર્થે પધારે છે. શ્રી ભાનુમિત્ર ભાણેજને ચાતુર્માસમાં દીક્ષા આપીને પરમ પૂજ્યપાદશ્રીજી ત્યાં જ સ્થિરતા કરે છે. અનન્ત મહાતારક શ્રી જિનશાસનની અપૂર્વ પ્રભાવના થઈ. પહેલાં રાજસભામાં રાજપુરોહિત સાથે થયેલ વાદવિવાદમાં પણ પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબનો અપૂર્વ વિજય અને રાજપુરોહિતનો ઘોર પરાજય થયેલ. તે કારણે પરમ પૂજ્યપાદશ્રીજી પ્રત્યે રાજપુરોહિતના મનમાં તીવ્ર રોષ હોવા છતાં કૌટિલ્યભાવે ઔપચારિક પૂરતો રાજા સમક્ષ પરમ પૂજ્યપાદશ્રીજીની પ્રશંસા કરતો. પુરોહિતે રાજાને એકાંતમાં કહ્યું, 'આ તપોધન આચાર્ય મહારાજ, પ્રમુખ મુનિવર મહાશયો જ્યાં સંચરતા હોય ત્યાં આપનો પદન્યાસ થવો ઉચિત નથી. કારણ કે પરમ પૂજ્યપાદશ્રીજી પ્રમુખ મુનિવરોનાં પડેલ

પવિત્ર પગલાં ઉપર આપનાં પગલાં પડે તે અભક્તિ છે. તે અભક્તિરૂપ ઘોર આશાતના આપના શ્રેયને નાશ કરનારી હોવાથી આ નગરમાં આહારપાણી અનેષણીય બનાવીને પરમ પૂજ્યપાદશ્રીજી પ્રમુખ મુનિવરોને અન્યત્ર મોકલાવો.' રાજાએ કહ્યું, એ પ્રમાણે હો. એ રીતે રાજપુરોહિતે તીવ્ર માત્સર્યભાવે એકાન્તમાં રાજાની કાનભંભેરણી કરીને, રાજ–આજ્ઞા મેળવીને સમસ્ત નગરમાં આહારપાણી અનેષણીય (અકલ્પ્ય) બનાવ્યાં છે. એ પ્રમાણે મુનિવરોના મુખથી જાણીને વર્ષાવાસ(ચાતુર્માસ)માં જ પરમ ગીતાર્થશિરોમણિ બહુશ્રુત પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીજી, પ્રમુખ મુનિવરોએ શ્રી ભરુચ નગરથી મહારાષ્ટ્ર દેશાન્તર્ગત શ્રી પૃથ્વીપ્રતિષ્ઠાનપુર પ્રતિ વિહાર કર્યો. પરમ પૂજ્યપાદશ્રીજી પ્રમુખ મુનિપુંગવોના આગમનનો શુભ સંદેશ પ્રૌઢપ્રતાપી પરમાર્હત રાજાધિરાજ શ્રી સાતયાન (શાતવાહન કે શાલિવાહન) રાજાને મળતાં જ રાજાધિરાજે અનન્ત મહાતારક શ્રી જિનશાસનની મહાપ્રભાવનાપૂર્વક અત્યાનન્દ હર્ષોલ્લાસથી પરમ પૂજ્યપાદશ્રીજી પ્રમુખ મુનિવરોનો નગરપ્રવેશ કરાવ્યો.

**શ્રી સાતયાન રાજાએ**
**પરમ પૂજ્યપાદશ્રીજીને કરેલ વિનંતી :**

એક દિવસે શ્રી સાતયાન રાજાએ વિનયપૂર્વક વિનમ્ર-

ભાવે પરમ પૂજ્યપાદશ્રીજીને પૂછ્યું, 'પ્રભો ! શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના ક્યારે કરવી ?' પરમ પૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું, "ભાદરવા શુદિ પંચમી દિને." "ભગવન્ ! ભાદરવા શુદિ પંચમી દિને તો આ દેશમાં 'મહેન્દ્ર મહોત્સવ' ઊજવાય છે, અને તે મહોત્સવ સંપૂર્ણ રાષ્ટ્રીયસ્તરે રાજ્યદ્વારા ઊજવવામાં આવે છે તેમજ પ્રજાજનોના અત્યાગ્રહથી મારે પણ તે મહેન્દ્ર મહોત્સવમાં જવું પડશે. ભગવન્ ! તે દિવસે શ્રી જિનેન્દ્ર પરમાત્માની સ્નાત્રપૂજા આદિ ધાર્મિક અનુષ્ઠાનોની આરાધના શી રીતે થશે ? ભગવન્ ! ભાદરવા શુદિ પંચમીને સ્થાને ભાદરવા શુદિ છઠ્ઠ (૬) દિને શ્રી પર્યુષણા મહાપર્વની ઉજવણી કરાવવાની રાખવા કૃપા કરો, જેથી શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ અને હું શ્રી જિનેન્દ્ર પરમાત્માની પૂજા, સેવા, સ્નાત્રપૂજા, પૌષધ, ઉપવાસ, સાંવત્સરિક પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયા અને શાસનપ્રભાવનાનો અપૂર્વ લાભ લઈ શકીએ."

પરમ પૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું —

**राजन्निदं नैव भवेत् कदाचिद् यत् पञ्चमी रात्रि–विपर्ययेण ।**
**ततश्चतुर्थ्यां क्रियतां नृपेण विज्ञप्तमेवं गुरुणाऽनुमेने ॥**
**॥ ९४ ॥**

स्मृत्वेति चिते जिनवीरवाक्यं यत् सातयानो नृपतिश्च भावी।
श्री कालिकार्यो मुनिपश्च तेन, नृपाग्रहेणापि कृतं सुपर्वं ॥
॥ ५५ ॥

यथा चतुर्थ्यां जिनवीरवाक्यात् संघेन मन्तव्यमहो तदेव ।
प्रवर्तितं पर्युषणाख्यपर्व, यथेयमाज्ञा महती सदैव ॥
॥ ५६ ॥

રાજન્ ! ભાદરવા શુદિ પંચમીની રાત્રીનું ઉલ્લંઘન કરવું એ તો ત્રણ કાળમાં કદાપિ શકય નથી. ત્યારે રાજાએ વિનતિ કરી, 'ભગવન્ ! ભાદરવા શુદિ ચોથ (૪)ને પર્વાધિરાજરાજેશ્વર મહાપર્વની આરાધના કરવા-કરાવવા કૃપા કરો.' એ પ્રમાણે રાજાએ કરેલ વિનતિને પરમ પૂજ્યપાદશ્રીજીએ માન્ય રાખી. ભાવિકાળમાં શ્રી સાતયાન રાજા થશે. તે રાજાની આગ્રહપૂર્ણ વિનતિથી શ્રી કાલિકાચાર્યજી મહારાજ ભાદરવા શુદિ ચોથ(૪)ને શ્રી પર્યુષણા મહાપર્વ પ્રવર્તાવશે. એ પ્રમાણે શ્રી મહાવીરસ્વામીજી જિનેન્દ્ર પરમાત્માએ કહેલ વચનને સ્મરણ કરીને પરમ પૂજ્યપાદશ્રી કાલિકાચાર્યજી મહારાજ સાહેબે શ્રી સાતયાન રાજાની આગ્રહપૂર્ણ વિનતિથી ભાદરવા શુદિ પાંચમ(૫)ના સ્થાને એક દિવસ પહેલાં એટલે ભાદરવા શુદિ ચોથ(૪)ને દિને શ્રી મહાવીરસ્વામી જિનેન્દ્ર પરમાત્માના વચનથી પ્રવર્તાવેલ

શ્રી પર્યુષણા નામના મહાપર્વને શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘે અવશ્ય માનવું જોઈએ; કારણ કે શ્રી જિનાજ્ઞા સદૈવ સર્વોપરી મહાન છે.

## પ્રવર્તાવેલ પ્રણાલિકાને ધર્મગ્રંથોનું સમર્થન ખરું ?

ભાદરવા શુદિ પાંચમને દિને શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ આદિ ધાર્મિક અનુષ્ઠાનોની પરમ પ્રસન્નચિત્તે આરાધના-દ્વારા શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવાની પરંપરાથી ચાલી આવતી પ્રણાલિકાને શ્રી સાતયાન રાજાની આગ્રહ-પૂર્ણ વિનતિથી શ્રી જિનશાસનના મહાસમર્થપ્રભાવક પરમ પૂજ્યપાદ શ્રી કાલકસૂરીશ્વરજી મહારાજસાહેબ જેવા પરમ ગીતાર્થશિરોમણિ બહુશ્રુતે ભાદરવા શુદિ ચોથ (૪) દિને શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરી અને કરાવવી. તે પ્રવર્તાવેલ પ્રણાલિકાને શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘે શિરોમાન્ય કરીને શ્રી જૈન સંઘ આજ દિન પર્યન્ત પરમ આદરભાવે આરાધના કરતો આવ્યો છે. એ આચરણાને શ્રી જિનાગમ કે જિનાગમ અનુસારી ધર્મગ્રંથોનું સમર્થન મળે છે કે કેમ તે અંગે વિચારીએ.

## શ્રી કલ્પસૂત્રજીનો સાક્ષીપાઠ :

સકળ સિદ્ધાંત શિરોમણિ શ્રી કલ્પસૂત્રજીમાં "સામાચારી" નામક નવમા આખ્યાનના આઠમા સૂત્રમાં જણાવે છે કે —

**"जहा णं अम्हं पि आयरिया उवज्झाया वासाणं जाव पज्जोसविंति तहा णं अम्हेऽपि वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेमो, अंतरावि य से कप्पइ, नो से कप्पइ तं रयणिं उवायणावित्तए ॥ श्री कल्पसूत्रजी व्याख्यान ९, सूत्र ८ ॥**

**અર્થ :** જે રીતે અમારા પૂજ્યપાદ આચાર્ય મહારાજાઓ અને ઉપાધ્યાય મહારાજાઓ વર્ષાકાળમાં યાવત્ વીશ દિવસ યુક્ત એક માસ વ્યતિક્રાન્ત થયે, અર્થાત્ એક માસ અને વીશ દિવસ થાય ત્યારે ચાતુર્માસમાં પર્યુષણા કરીએ છીએ. "અંતરાવિ" એટલે એક માસ અને વીશ દિવસની વચ્ચે પણ પર્યુષણા કરવા કલ્પે, પણ તે રાત્રી એટલે ભાદરવા શુદિ પંચમી(૫)ની રાત્રિનું અતિક્રમણ (ઉલ્લંઘન) કરવું ન કલ્પે.

પરમ શ્રાદ્ધરત્ન શ્રી સાતયાન રાજાની વિનતિથી પરમ પૂજ્યપાદ પરમ આરાધ્યપાદ આચાર્યપ્રવર શ્રી

કાલકસૂરીશ્વરજી મહારાજ સાહેબ બહુશ્રુત પરમ ગીતાર્થ-શિરોમણિ હોવાથી અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞા સાપેક્ષ લાભા-લાભને દૃષ્ટિપથ ઉપર રાખીને આપદ્ધર્મરૂપે ભાદરવા શુદિ પંચમી (૫) દિને પરંપરાથી પર્વાધિરાજરાજેશ્વર શ્રી પર્યુષણા મહાપર્વની કરાતી આરાધના પંચમીના પહેલા દિવસે એટલે ભાદરવા શુદિ ચોથ (૪) દિને શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરી અને કરાવી, તે તો તે વર્ષ માટે તો સમુચિત જ ગણાય; પરંતુ પરંપરાથી પૂર્ણિમાના દિવસે કરાતું પાક્ષિક અને કાર્તિક ચાતુર્માસિક પ્રતિક્રમણ ચૌદશના દિવસે, તેમજ બીજા વર્ષે સાંવત્સરિક પ્રતિક્રમણ ભાદરવા શુદિ ચોથ (૪)ના દિને કયા આપદ્ધર્મના કારણે કર્યું અને કરાવ્યું ? એવો તર્ક કેટલાંક મતમતાન્તરોના પક્ષ-કારોનો છે. તે તર્કને શાસ્ત્રોનું સમર્થન મળે છે કે કેમ ? તે અંગે વિચારીએ.

સકળ સિદ્ધાંત-શિરોમણિ શ્રી કલ્પસૂત્રજીના નવમા વ્યાખ્યાનના આઠમા સૂત્રમાં પરમ બહુશ્રુત ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીજી જણાવે છે કે :—

**जहा णं अम्हं पि आयरिया उवज्झाया वासाणं जाव पज्जोसविंति, तहा णं अम्हेऽपि वासाणं सवीसइ राए मासे**

**विइक्कंते वासावासं पज्जोसवेमो अंतरावि य से कप्पइ, नो से कप्पइ तं रयणि उवायणावित्तए ॥ ८ ॥**

**અર્થ :** જે રીતે અમારા પૂજ્યપાદ આચાર્ય મહારાજાઓ અને ઉપાધ્યાય મહારાજાઓ વર્ષાકાળમાં યાવત્ વીશ દિવસયુક્ત એક માસ વ્યતિક્રાંત થયે અર્થાત્ એક માસને વીશ અહોરાત્ર વ્યતીત થતાં વર્ષાવાસમાં પર્યુષણા કરે છે, તે રીતે અમે પણ વર્ષાકાળના એક માસ અને વીશ દિવસ વ્યતીત થતાં પર્યુષણા કરીએ છીએ —

**"अंतरावि य से कप्पइ नो से कप्पइ तं रयणि उवायणावित्तए"**

એ સૂત્રપાઠથી નિર્ણીત થાય છે કે ભાદરવા શુદિ પંચમી (૫)ના પહેલાં પણ પર્વાધિરાજની આરાધના અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરી શકાય. શ્રી કલ્પસૂત્રજીના એ સાક્ષીપાઠના આધારે પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી કાલકસૂરીશ્વરજી મહારાજ સાહેબે ભાદરવા શુદિ પંચમીને કરાતું સાંવત્સરિક પ્રતિક્રમણ ભાદરવા શુદિ ચોથ (૪) દિને કરાવ્યું તે યુક્તિયુક્ત સુસંગત છે.

ભાદરવા શુદિ પાંચમને સ્થાને ભાદરવા શુદિ ચોથને શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના અને સાંવત્સરિક પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરી–કરાવી એટલે પૂર્ણિમાઓ

કરાતી પાક્ષિક ચાતુર્માસિક આરાધના અને પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ ચતુર્દશી દિને કરવી-કરાવવી અનિવાર્ય બને છે. તેમ કરવા-કરાવવામાં ન આવે તો "શ્રી સમવાયાંગજી સૂત્ર નિર્દિષ્ટ શ્રી જિનાજ્ઞાભંગની અક્ષમ્ય મહાદોષાપત્તિ આવીને ઊભી રહેશે. સૂત્રપાઠ નીચે પ્રમાણે –

**"समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे विइक्कन्ते सत्तरिएहिं राइंदिएहिं सेसेहिं वासावासं पज्जोसवेइ ।"**

**અર્થ** : શ્રી શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીજી પરમાત્મા વર્ષાઋતુના વીશ દિવસયુક્ત એક માસ વ્યતીત થયે, અને સીત્તોર (૭૦) દિવસ શેષ એટલે બાકી રહે, ત્યારે વર્ષાવાસ સંબંધી સ્થિર વાસ કરે છે (કર્યો). આ પ્રસંગ પર્યુષણા-સંબંધી છે.

પૂર્ણિમાના સ્થાને ચતુર્દશી દિને પાક્ષિક અને ચાતુર્માસિક પ્રતિક્રમણ આદિ ન કરે-કરાવે તો સીત્તોર(૭૦)મા દિવસે ચાતુર્માસિક પ્રતિક્રમણ કરવાની શ્રી જિનાગમની આજ્ઞા છે, તેનો ઉઘાડો ભંગ થાય; કારણ કે ભાદરવા શુદિ ચોથ (૪)ના દિવસથી પ્રારંભીને કાર્તિક પૂર્ણિમા પર્યન્ત એકોત્તોર દિવસ થાય, ત્યારે શ્રી સમવાયાંગજી સૂત્રમાં તો સીત્તોરમા દિવસે ચાતુર્માસિક પ્રતિક્રમણ થવું જોઈએ એવી

શ્રી જિનાજ્ઞા હોવાથી પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી કાલક-સૂરીશ્વરજી મહારાજ સાહેબ માટે પૂર્ણિમા અને અમાવાસ્યાના સ્થાને ચતુર્દશીએ પાક્ષિક અને ચાતુર્માસિક પ્રતિક્રમણ આદિ ધાર્મિક આરાધના કરવી–કરાવવી અનિવાર્ય બની હોવાથી "શ્રી સમવાયાંગજી સૂત્રોક્ત જિનાજ્ઞા" અનુસાર ચતુર્દશી દિને કરેલ–કરાવેલ પાક્ષિક ચાતુર્માસિક પ્રતિક્રમણ આદિ ધર્મ આરાધના યુક્તિયુક્ત શતપ્રતિશત અક્ષરશઃ સત્ય જ છે. તેથી હવે આ અવસર્પિણીમાં તો તેનો અપ-લાપ કે પરિવર્તન કરવું કોઈ રીતે શક્ય જ નથી. એટલા જ માટે બીજા વર્ષે પણ પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી કાલકસૂરીશ્વરજી મહારાજ સાહેબે સ્વયં આષાઢ ચોમાસી પ્રતિક્રમણથી પચાસ(૫૦)મા દિવસે શ્રી સાંવત્સરિક પ્રતિ-ક્રમણ કરેલ અને શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘને કરાવેલ. તેમજ શ્રી સમવાયાંગજી સૂત્રોકત જિનાજ્ઞા અનુ-સાર સીત્તોર(૭૦)મા દિવસે કાર્તિકી ચોમાસી પ્રતિક્રમણ કરેલ અને શ્રી સકળ જૈન સંઘને કરાવેલ.

## એ ભારતનું પરમ સૌભાગ્ય :

અવિચ્છિન્ન પરમ્પરાએ ચાલી આવતી ઉપર્યુક્ત અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞાને પરમ આરાધક ભાવે

શિરોમાન્ય કરીને તે તારક આજ્ઞાને અક્ષરશઃ અનુસરનાર પ્રવર્તમાન પરમપૂજ્ય શ્રી વિજયદેવસૂર તપાગચ્છ શ્વેતામ્બર જિનેન્દ્રમૂર્તિપૂજક જૈન સંઘ ભાદરવા શુદિ ચોથ (૪) દિને શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના અને શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ, તેમજ ભાદરવા શુદિ ચોથ (૪) અને ભાદરવા શુદિ પાંચમ (૫) વચ્ચે એક પણ દિવસના અન્તર વિના ભાદરવા શુદિ પંચમી દિને પર્વતિથિની આરાધના કરતો અને કરાવતો આવ્યો છે, એ ભારતનું પરમ સદ્ભાગ્ય.

જૈન ટીપ્પણા પ્રમાણે યુગના મધ્યમાં "પોષ" માસ, અને યુગના અન્તે "આષાઢ" માસ અધિક થતો હતો જૈન ટીપ્પણું ચાલુ હતું ત્યાં સુધી તો શ્રાવણ, ભાદરવો, આસો, કારતક કે માગશર માસ અધિક હોવાનો કોઈ પ્રશ્ન જ ન હોવાના કારણે આષાઢ ચોમાસી પ્રતિક્રમણથી પચાસ(૫૦)મા દિવસે થતા શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણમાં, અને શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણથી સીત્તોર(૭૦)મા દિવસે થતા કાર્તિકી ચોમાસી પ્રતિક્રમણમાં કોઈ વિસંવાદ ન હતો. પરંતુ જૈન ટીપ્પણું ભંડારીને લૌકિક ટીપ્પણું અપનાવ્યું, ત્યારથી ચાતુર્માસમાં શ્રાવણ, ભાદરવો, આસો, કાર્તિક કે માગશર માસ અધિક સ્વીકારવો પડ્યો. અધિક માસ ફલ્ગુ અર્થાત્ અસાર હોવાથી જ્યોતિષશાસ્ત્ર પણ

તે અધિક માસની માસરૂપે ગણના કરતું નથી. જ્યોતિષ-શાસ્ત્રની આ માન્યતાને (વાતને) પણ ઘોળીને પી જનારા અમુક મનસ્વી પક્ષકારો અધિક માસના દિવસોને પણ ગણનામાં ગણીને શ્રી સંઘથી એક માસ પહેલાં પચાસમા દિવસે શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યાનો ભલે સન્તોષ માનતા હોય, પણ શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણથી સીત્તોર-(૭૦)મા દિવસે કાર્તિક ચોમાસી પ્રતિક્રમણ થવું જોઈએ, એવી શ્રી સમવાયાંગજી સૂત્રોક્ત અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞા છે, તેને સાવ ભૂલી જાય છે. અધિક માસની ગણના કરીને કરેલ સાંવત્સરિક પ્રતિક્રમણથી કાર્તિક ચોમાસી પ્રતિક્રમણ સીત્તોર(૭૦)મા દિવસે થવાને સ્થાને એકસો (૧૦૦)મા દિવસે થાય છે, તે અનંત મહાતારક શ્રી જિનાજ્ઞાથી સર્વથા વિરુદ્ધ (વિપરીત) છે. એકસો(૧૦૦)મા દિવસે કાર્તિક ચાતુર્માસિક પ્રતિક્રમણ કરવું, તે તો અનંત મહાતારક શ્રી જિનાજ્ઞાનો છડેચોક ઉઘાડો ઘાત છે. આ લેખને છિદ્રાન્વેષી દૃષ્ટિથી ન જોતાં ગુણાનુરાગની દૃષ્ટિએ હિતબુદ્ધિથી વિચારશો તો સત્ય શું છે ? તે સમજાશે. અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞાના ઘાતથી વિરમીને થયેલ જિનાજ્ઞા વિરાધનાનું પ. પૂ. ગીતાર્થ ગુરુમહારાજ સમક્ષ આલોચન કરીને પ્રાયશ્ચિત્ત કરી, આત્મશુદ્ધિ કરવાપૂર્વક આત્મકલ્યાણ સાધી શીઘ્રાતિશીઘ્ર મોક્ષપદને પામો એ જ એક શુભ અભિલાષા !

પ્રત્યેક માસની બાર પર્વતિથિ અને ભાદરવા શુદિ ચોથ(૪)ની ક્ષયવૃદ્ધિ કર્યા વિના, તેમ જ બારે માસની ચૌદશ–અમાવાસ્યા, ચૌદશ–પૂનમ તથા ભાદરવા શુદિ ચોથ–પાંચમ મળીને કુલ પચાસ (૫૦) દિવસો બબ્બે સંલગ્ન દિવસોવાળી પર્વતિથિમાં એક પણ દિવસના અન્તર વિના પર્વતિથિની તેમ જ શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવાની પરમ્પરાથી અવિચ્છિન્નપણે ચાલી આવતી અનંત મહાતારક શ્રી જિનાજ્ઞા વિહિત પ્રણાલિકાને અણિશુદ્ધ અક્ષરશઃ સત્ય માનીને આજ દિન પર્યન્ત પરમપૂજ્ય શ્રી વિજયદેવસૂર તપાગચ્છ શ્વેતામ્બર જિનેન્દ્રમૂર્તિપૂજક જૈન સંઘ તે રીતે પર્વતિથિની અને શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરતો–કરાવતો આવ્યો છે. તેને આ અંગે કંઈ વિચારવાનું છે જ નહિ. તે ત્રિકાલાબાધિત અકાટ્ય સત્ય અંગે પ્રતિવાદીના કહેવાથી ચર્ચા વિચારણા કરવાનું વિચારીએ તો તે ત્રિકાલાબાધિત અકાટ્ય સત્ય પ્રત્યે આપણો દૃઢ અટળ આત્મવિશ્વાસ છે એમ શી રીતે કહેવાય ? પ્રતિવાદીની શ્રી જિનાજ્ઞાથી વિપરીત વાત ઉપર ચર્ચાવિચારણા કરવાની વાત સાંભળવાથી પ્રતિવાદીને અને પ્રતિવાદીની ઘાતક વાતને ખૂબ જ મહત્ત્વ મળે છે. લગભગ ૫૫-૬૦ વર્ષથી ઉત્સૂત્ર-પ્રરૂપણાને અને ઉત્સૂત્ર–પ્રલાપકને શ્રી સંઘની ઇચ્છા ન

હોવા છતાં શ્રી સંઘથી અનાયાસે ખૂબ ખૂબ મહત્ત્વ અપાઈ ગયું છે. હવે એમને ભૂલેચૂકેય મહત્ત્વ ન અપાઈ જાય તે માટે શ્રી સંઘે ખૂબ જ સજાગ રહીને ઉત્સૂત્ર-પ્રલાપક સાથે સર્વપ્રકારનો વ્યવહાર સર્વથા બંધ કરવો એ જ શ્રી સંઘ માટે પરમ હિતાવહ છે.

અનંત મહાતારક શ્રી જિનશાસન પ્રત્યે અખંડ શ્રદ્ધા ધરાવનાર ધર્મનિષ્ઠ, અતિધનાઢ્ય, પરમ સૌભાગ્યશાળી લબ્ધ-પ્રતિષ્ઠિત, પરોપકારક, પરમ ઉદારમના મહાદાનેશ્વરી નગર-શેઠ છે. તેમના ઘરમાં રૂપલાવણ્યની શોભાએ સાક્ષાત્ દેવાંગનાતુલ્ય, સદાચારશીલસંપન્ન, અખંડ શ્રદ્ધાયુક્ત, પરમ ધર્મનિષ્ઠ સાક્ષાત્ મહાસતીકલ્પ મહાઉદારમના સુશ્રાવિકા (સુપત્ની) છે. તે ઉભય શ્રાવક–શ્રાવિકાનો જાણે સાક્ષાત્ પુણ્યપુંજ સ્વરૂપે, બહોતેરે કળામાં પરમ પ્રવીણ, બાલ્યકાળથી જ મહાધર્મિષ્ઠ, વિનય-વિવેક આદિ અનેક સદ્-ગુણસંપન્ન સુપુત્ર છે. એવા સુખી, સંપન્ન મહાધર્મિષ્ઠ નગરશેઠનો આર્થિક, વ્યાવસાયિક, કૌટુમ્બિક, પારિવારિક, ધાર્મિક, વ્યાવહારિક અને સામાજિક ક્ષેત્રે અનાયાસે અણુ-કલ્પ્યો વિકાસ થવા છતાં, એ ઉદિત પુણ્યને પણ ધર્મના અતિ ઊંડા સંસ્કારના કારણે નગરશેઠ તેમ જ તેમનો સમગ્ર પરિવાર પોતાની મૂડી(ધન–સંપત્તિ)રૂપ ન માનતાં,

અનંત મહાતારક શ્રી જિનશાસનના અનંત મહાપ્રભાવે ગતભવમાં શ્રી જિનાજ્ઞા અનુસાર થયેલ ધર્મ-આરાધનાના પરમ સુયોગે (પ્રબળ પ્રભાવે) બંધાયેલ વિશિષ્ટ કોટિના પુણ્યાનુબંધિપુણ્યના પ્રબળ સુયોગે મળેલ હોવાથી તે ઉદિત પુણ્યના ફળ સ્વરૂપે પ્રાપ્ત થયેલ ધન-સંપત્તિ વૈભવ આદિને અનંત મહાતારક શ્રી જિનશાસનની જ થાપણરૂપ ગણે છે. એવી પરમ ઉત્કટ ગુણાનુરાગ દૃષ્ટિરૂપ સુવાસિત પુષ્પની મઘમઘાયમાન સુમધુર સુવાસથી સુવાસિત જીવનવાળા પરમ જાગરુક નગરશેઠના પવિત્ર ચિત્તને જાગૃત અવસ્થામાં તો માન–સન્માન કે અભિમાનરૂપ અસહ્ય દુર્ગન્ધ સ્પર્શી શકે તેમ નથી, પણ નિદ્રાવસ્થામાં પણ તે દુર્ગન્ધ સ્પર્શવા સમર્થ નથી. એવા ઉત્કટ ગુણવૈભવથી પરમ સમૃદ્ધ ધર્મ-નિષ્ઠ નગરશેઠની ખ્યાતિ (કીર્તિ) દિગન્તવ્યાપી બને છે.

તે જ નગરમાં ધનવૈભવથી નગરશેઠ સમકક્ષ બીજા એક પરમ સમૃદ્ધ, ધનાઢ્ય શેઠ છે. ધન–સંપત્તિનો પાર ન હોવા છતાં, ધર્મસંપત્તિથી સર્વથા હીન અર્થાત્ નિર્ધન અને કોઈનોય અભ્યુદય સહન ન કરી શકે તેવા તેજોદ્વેષી અર્થાત્ 'ખાઉં નહિ તો ઢોળી નાખું' એવી ક્ષુલ્લક તુચ્છ મનોવૃત્તિવાળા તે શેઠથી નગરશેઠની દિગન્તવ્યાપી ખ્યાતિ (કીર્તિ) સહન થતી નથી. તે કારણે નગરશેઠ પ્રત્યે ચિત્તમાં

તેજોદ્વેષરૂપ ભારેલો અગ્નિ લઈને ફરે છે. એ અંતસ્તાપથી પોતે શેકાય છે, પુણ્ય શોષાય છે અને પાપાનુબંધિપાપ પોષાય છે. એવી દુષ્ટ મનોવૃત્તિવાળા પિશાચકૃત્ય કરનારા પાપાત્માને શેઠ કહેવા કે શેઠ શબ્દના "શે" અક્ષર ઉપરથી માત્રા ભૂંસાયા પછી શેઠ શબ્દનું જે સ્વરૂપ થાય તે કહેવા ! તેનો નિર્ણય લેખક કરે તે ઉચિત ન ગણાય. તેનો નિર્ણય તો સુજ્ઞ વાચકવર્ગ સ્વયં કરે તે જ વિશેષ સમુચિત ગણાય.

નિરંતર ચઢતી કળાએ અભિવૃદ્ધિ થતા નગરશેઠના પ્રભાવને પાચન કરવાને અસમર્થ માનસહોજરીવાળા ક્ષુલ્લક-મના તેજોદ્વેષી શેઠે પિતા–પુત્ર વચ્ચે સદાને માટે માનસિક તિરાડ પડેલી રહે તે માટે એવી ભયંકર વાત વહેતી મૂકી કે નગરશેઠનો પુત્ર તેમનો અંગજ નથી. તે તો અન્ય પર-પુરુષ અંગજ છે. સોએ સો ટકા હડાહડ આ અસત્ય વાત નગરશેઠના સુપુત્રના જાણવામાં આવતાં જ સુપુત્ર વિચારે છે કે હાડોહાડ એવી અસત્ય વાત વહેતી મૂકનારનો પૂર્વનો કેવો મહાતીવ્ર પાપોદય જાગ્યો ? કે એ અધમાધમ પરમ પામર પાપાત્મા આવતી કાલનો બિચારો ભયંકર દુઃખિયારો અને દયાપાત્ર જીવડો છે. એવા દુઃખિયારા દયાપાત્ર પરમ પામર જીવડા પ્રત્યે તો જેટલી દયા કરીએ તેટલી ઓછી છે. એ પરમ પામર જીવને સદ્બુદ્ધિ અને

તીવ્ર પશ્ચાત્તાપ પ્રગટે, જેના પ્રભાવે પોતાના હાથે ખોદાતી પોતાની ઘોર બંધ થાય, અને ખોદાયેલ ઘોર શીઘ્રાતીશીઘ્ર પુરાઈ જાય એ જ અનંત કરુણાસાગર દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્મા પ્રત્યે પરમ વિનમ્ર હાર્દિક અભ્યર્થના !

ત્રણ જગતના તારણહાર ચરમ શાસનપતિ ચોવીશમા તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામીજી પરમાત્મા સાક્ષાત્ વિચરતા હતા તે સમયે દેવાધિદેવના શિષ્યરૂપે પોતાને ઓળખાવનાર 'ગોશાલક', અને સંસારીપક્ષે દેવાધિદેવના ભાણેજ અને જમાઈ 'જમાલિ'એ પાંચસો (૫૦૦) રાજકુમારોની સાથે દેવાધિદેવના સ્વહસ્તે દીક્ષા અંગીકાર કરી અને તેઓ દેવાધિદેવના શિષ્ય થયા. કાળક્રમે અગિયાર (૧૧) અંગના જ્ઞાતા બન્યા. ૫૦૦ શિષ્યોના ગુરુ અને મહાસમર્થ વ્યાખ્યાતા હોવા છતાં **'कडेमाणे कडे'**ના સ્થાને **'कडे कडे'** એ પ્રમાણે બોલવું એ ઉત્સૂત્ર ભાષણ છે; એ અંગે સમજાવવા છતાં, ન સમજતાં ૫૦૦ શિષ્યના ગુરુ જેવા મહાસમર્થ પોતાના શિષ્યને પણ ક્ષણાર્ધના વિલમ્બ વિના સદાને માટે શ્રી જિનશાસનદ્રોહી ઉત્સૂત્ર-ભાષક નિહ્નવરૂપે ઘોષિત કરીને તેમને શ્રી સંઘ બહાર કર્યા. પોતાના ભાણેજ, જમાઈ

અને શિષ્ય હોવા છતાં તેમની સાથે સદાને માટે છેડો ફાડીને તેમને સંઘ બહાર કર્યા. તે સમયથી શ્રી જિનાજ્ઞાપાલક શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘમાંથી કોઇએ પણ જમાલિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સંબંધ રાખ્યો ન હતો. એ જ રીતે જ્યારે જ્યારે ઉત્સૂત્રભાષક શ્રી જિનશાસનદ્રોહી નિહ્નવો પાક્યા, ત્યારે ત્યારે તત્કાલીન શ્રી જિનશાસનના પરમ હિતચિન્તક બહુશ્રુત ગીતાર્થશિરોમણિ પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવરશ્રીએ તે ઉત્સૂત્રભાષક શ્રી જિનશાસનદ્રોહીઓને નિહ્નવરૂપે ઘોષિત કરીને, તેમની સાથે સદાને માટે છેડો ફાડીને તેમને શ્રી સંઘ બહાર કર્યાના સ્પષ્ટ ઉલ્લેખો શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.

પ. પૂ. કળિકાળસર્વજ્ઞ આચાર્યપ્રવર શ્રી હેમચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાના પટ્ટધર પ. પૂ. આચાર્યપ્રવર શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબને સ્પષ્ટ જણાવ્યું હતું, કે દેવ ગુરુ ધર્મ-આજ્ઞાભંજક, જિનશાસનદ્રોહી, અવિનીત શિષ્ય બાલચન્દ્રજીને કોઈ પણ સંયોગમાં આચાર્યપદથી વિભૂષિત ન કરવા.

શ્રી અજયપાળ રાજાએ પ. પૂ. આ. પ્ર. શ્રી રામચન્દ્ર-સૂરીશ્વરજી મ. સા. ને વિનંતિ કરી કે શ્રી બાલચન્દ્રજીને આચાર્યપદથી વિભૂષિત કરો એવી મારી તીવ્ર ભાવના છે.

'રાજન્ ! દેવગુરુધર્મ-આજ્ઞાભંજક, જિનશાસનદ્રોહી અને ગુરુદ્રોહી બાલચંદ્રજીને આચાર્યપદથી વિભૂષિત કરવાનો પરમપૂજ્યપાદ પરમતારક કલિકાળસર્વજ્ઞ ગુરુવર્યશ્રીજીનો સ્પષ્ટ નિષેધ હોવાથી એ વાત (પ્રસંગ) મારા માટે અશકય અને અસંભવ છે.'

'ભગવન્! રાજ-આજ્ઞા લોપે તેનું શું પરિણામ આવે, તેનું આપશ્રીજીને ભાન છે ને ?'

'રાજન્ ! તેનું મને પૂર્ણ જ્ઞાન અને ભાન છે. અધિકમાં અધિક આપ ક્રૂરતાપૂર્વક, કઠોર રીતે મૃત્યુદંડની શિક્ષા કરી શકો તેમ છો. એથી વિશેષ શિક્ષા કરવા આપ સર્વથા અપંગ અને અસમર્થ છો.'

'ભગવન્ ! હજી વિચારી લ્યો. મૃત્યુને શા માટે વહાલું કરો છો ? જીવનને વહાલું કરો ને !'

'રાજન્! એ મારા માટે સર્વથા અસંભવ છે; કારણ કે દેવગુરુ અને ધર્મની આજ્ઞાનું પાલન એ જ મારા માટે સર્વસ્વ છે. તેનું પ્રાણાન્તે પણ પાલન કરીશ.'

'તો ભગવન્ ! આપને માટે ખેરના અંગારા જેવી ધગધગતી આ લોહની તાવડી ઉપર શયન કરવું અનિવાર્ય ગણાશે. ભગવન ! હજી વિચારી લ્યો.'

'રાજન્ ! એ અંગે કંઈ વિચારવાનું રહેતું જ નથી. દેવ–ગુરુ–ધર્મની આજ્ઞાનું પાલન એ જ મારા માટે સર્વસ્વ છે, એમ તો મેં પહેલાં જ જણાવી દીધું છે'

'તો ભગવન્ ! રાજ–આજ્ઞા પણ અફર હોય છે. તેનું પણ પાલન કરો.' એટલું સાંભળતાં જ —

પરમપૂજ્યપાદ આ. પ્ર. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબે અઢારે પાપ-સ્થાનકને વોસિરાવી(ત્યાગ કરી)ને, ચારે આહારના પચ્ચક્ખાણ અને ચાર શરણાં કરીને, શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં ધગધગતી લોહની તાવડી ઉપર અણુસણ (શયન) કરી કાયા વોસિરાવી દીધી. મીણની જેમ કાયા ઓગળી ગઈ. ભરી રાજસભામાં અને સમસ્ત પાટણ નગરમાં હાહાકાર પ્રવર્ત્યો.

અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞા અને ગુરુ–આજ્ઞાના પાલન માટે પોતાના જીવનનું બલિદાન દઈ દીધું, પણ દેવ-ગુરુ-ધર્મની આજ્ઞાના ભંજક જિનશાસનદ્રોહી બાલચંદ્રજી સાથે હાથ મિલાવીને તેમને આચાર્યપદથી વિભૂષિત ન કર્યા તે ન જ કર્યા.

પરમાત્મા અને પરમાત્માના શાસનના પરમ હિત-ચિન્તક પ. પૂ. આચાર્ય મહારાજાઓએ ગમે તેવા સમર્થ

વિદ્વાન્ વ્યાખ્યાતા કે ૫૦૦ શિષ્યો જેટલા વિરાટ પરિવારવાળા ઉત્સૂત્રભાષક શિષ્યની પણ શેહશરમ રાખ્યા વિના તે જ ક્ષણે તે શિષ્યને શ્રી જિનશાસનદ્રોહી ઉત્સૂત્રભાષક નિહ્નવરૂપે ઘોષિત કરીને સંઘ બહાર કર્યાના ઉલ્લેખો શાસ્ત્રોમાં સ્પષ્ટપણે જોવા મળે છે. એ ઉલ્લેખ અનુસાર તો અનન્ત મહાતારક શ્રી જિનશાસનની રક્ષા, આરાધના અને પ્રભાવનામાં જ જેમનાં તન અને મન સદાકાળ પરોવાયેલાં રહે છે એવા તારક ગુરુવર્યોએ તો વિના વિલમ્બે ગમે તેટલા વિરાટ પરિવાર-વાળા અને સમર્થ ગણાતા ઉત્સૂત્રપ્રરૂપકો, ઉત્સૂત્ર પ્રરૂપણાને વળગી રહે તો તે ઉત્સૂત્રપ્રરૂપકો શ્રી જિનશાસનદ્રોહી નિહ્નવો છે એ પ્રમાણે ઘોષિત કરીને તે ઉત્સૂત્રપ્રરૂપકોને સંઘ બહાર કરવા જોઇએ. સંઘ બહાર કરવાની પ્રબળ ભાવના હોવા છતાં સંઘ બહાર ન કરી શકયા હોઇએ, તો તે ઉત્સૂત્ર-પ્રલાપકો જિનશાસનદ્રોહી નિહ્નવો છે, એ પ્રમાણે શ્રી સંઘને જાણ કરીને તે ઉત્સૂત્ર-પ્રલાપકોની સાથેના સમગ્ર વ્યવહારો સદંતર બંધ કરી દેવા જોઇએ. તેમની સાથે હાથ મિલાવવાની વાત તો દૂર, પણ ઉત્સૂત્ર પ્રરૂપણાનો ત્યાગ કરી, પાયશ્ચિત્ત કરીને આત્મશુદ્ધિ ન કરે ત્યાં સુધી ઉત્સૂત્રપ્રરૂપકો સાથે હાથ મિલાવવાનો વિચાર પણ ન કરી શકાય.

ઉત્સૂત્રપ્રરૂપકો પોતાની ઉત્સૂત્રપ્રરૂપણા માટે ચર્ચા-વિચારણા કરવારૂપ હાથ મિલાવવાની વાતો કરે તોપણ કુલાંગાર કુપુત્રો જેવા ઉત્સૂત્રપ્રલાપકો સાથે હાથ મિલાવાય જ નહિ. ઉત્સૂત્રવાદીઓની વાતમાં આવી જઇને ઉત્સૂત્ર-પ્રરૂપણા અંગે ચર્ચા–વિચારણા કરવાનું વિચારીએ તો કોઈક ધર્મના સંસ્કારહીન માતા–પિતાનો કુલાંગાર કુપુત્ર કોઈક ધર્મિષ્ઠ સુકુલીન સુપુત્રનાં મહાસતી અને મહાસજ્જન ધર્મનિષ્ઠ માતા–પિતાના પવિત્ર સદાચારી જીવન ઉપર અણછાજતું હડહડતું અસત્ય કલંક ચઢાવીને તે કુલાંગાર કુપુત્ર, સુકુલીન સુપુત્રને એમ કહે કે તમારાં માતા–પિતાનું ચારિત્ર્યજીવન કલંકિત છે કે નહિ તે અંગે ચર્ચા–વિચારણા કરીને નિર્ણય કરીએ. તે સમયે સુકુલીન સુપુત્રને પોતાનાં માતા–પિતાનું ચારિત્ર્યજીવન સદાચારથી પરમ પવિત્ર છે, એવો અટળ વિશ્વાસ હોવા છતાં તે કુલાંગાર કુપુત્રની વાતમાં આવી જઈને માતા–પિતા ઉપર ચઢાવેલ અણછાજતા કલંક અંગે ચર્ચા–વિચારણા કરવી એ જેટલું બેહૂદું હીણપદું લાગે, તેના જેવું લેખાશે.

એ ઉપરથી એ ફલિતાર્થ થાય છે, કે પરંપરાથી ચાલી આવતી નક્કર સત્ય માન્યતા અનુસાર ક્ષયવૃદ્ધિ કર્યા વિના બારે પર્વતિથિ આદિની કરાતી ધર્મ–આરાધના અંગે કે

શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના અને સાંવત્સરિક પ્રતિ-ક્રમણ કઈ તિથિએ કરવું તે અંગે તેમજ અન્ય કોઈ ઉત્સૂત્ર-પ્રરૂપણા અંગે સુકુલીન સુપુત્રો જેવા શ્રી જિનશાસનના પરમ હિતચિંતક તારક ગુરુવર્યોએ ચર્ચા–વિચારણા કે નિર્ણય કરવાનો રહેતો જ નથી; એ જ સુકુલીન સુપુત્રોની સુકુલીનતા અને સુસજ્જનતા, એટલો અંગુલિનિર્દેશ શ્રી જિનશાસનના હિતચિંતકો માટે પર્યાપ્ત ગણાશે.

જેમ તીર્થંકર પરમાત્માનો આ જીવ ઉપર અનંત અનંત ઉપકાર છે, તે જ રીતે પરમ પૂજ્યપાદ ગુરુમહા-રાજનો પણ આ જીવ ઉપર કલ્પનાતીત અસીમ ઉપકાર છે. પ.પૂ મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ 'શ્રી સમ્યક્ત્વના સડસઠ (૬૭) બોલની સજ્ઝાયની રચના કરતાં જણાવે છે —

સમકિત દાયક ગુરુ તણો, પચ્ચુવયાર ન થાય;
ભવકોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ॥ ૨ ॥

લૌકિક ગુરુ તો અનંત વાર મળે, પણ અનંત દુઃખમય ભવનો અંત કરનાર "શ્રી સમ્યક્ત્વ દાતા તારક સુગુરુ"નો સુયોગ તો અનંત ભવે ક્વચિત્ જ મળે. એવા તારક ગુરુમહારાજ કોઈ પણ પૌદ્ગલિક અપેક્ષા વિના એકાંતે

પરમ હિતબુદ્ધિએ, પરમ ઉદારભાવે શ્રી સમ્યક્ત્વપૂર્વક પારમેશ્વર પ્રવ્રજ્યા અર્થાત્ સર્વપાપ વિરમવારૂપ મુનિવેષ અર્પણ કરી, અષ્ટપ્રવચનમાતાનું પાલન કરાવવાપૂર્વક પંચાચારમાં સ્થિર કરવા શક્ય તેટલા સર્વ પ્રયત્નો કરે. શિષ્યની આત્મશુદ્ધિ અર્થે તપ, જપ, સ્વાધ્યાય, જ્ઞાન, ધ્યાન, અધ્યયન, અધ્યાપનમાં શિષ્યને સદા પ્રવૃત્ત રાખવા પૂ. ગુરુમહારાજ સદા સચિંત રહેતા. અવસરે અવસરે યોગોદ્વહન કરાવી, ઠેઠ આચાર્યપદથી વિભૂષિત કર્યા પછી પાપાનુબંધિપુણ્યનું જોરદાર અજીર્ણ થવાથી ઉત્સૂત્રપ્રરૂપણા આદિ કરનારને દેવગુરુ ધર્મની આજ્ઞા પાળવાની તત્પરતા ન હોય, તેવા અવિનીત શિષ્યે પૂજ્ય ગુરુમહારાજ દ્વારા મળેલ મુનિવેષ ગુરુમહારાજને પરત અર્પણ કરીને ગુરુ-મહારાજના શિષ્યરૂપે નિવૃત્ત થવું જોઈએ.

## આદેય નામકર્મનો પ્રભાવ :

અનન્તાનન્ત પરમ ઉપકારક પરમ તારક શ્રી જિનેન્દ્ર પરમાત્મા સંસ્થાપિત શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ અર્થાત્ "શ્રી જિનશાસન"માં પરમાત્માએ વ્યક્તિને ક્યાંય સ્થાન કે મહત્ત્વ ન આપતાં ગુણ અને ગુણીનું જ અનુમોદન કરેલ છે. ક્યાંક કોઈક વ્યક્તિનું મહત્ત્વ કે પ્રભાવ દેખાતો હોય, તો તે તેમના પ્રત્યેનો પક્ષપાત ન સમજતાં તે પરમ તારકશ્રીજીના અનંત ગુણો સાથે વિશિષ્ટ કોટીના આદેય નામકર્મનો પ્રભાવ સમજવો.

## શ્રી જિનેન્દ્રશાસનનો મુદ્રાલેખ :

ગુણ અને ગુણીની પૂજા એ અનંત મહાતારક શ્રી જિનેન્દ્રશાસનનો મુદ્રાલેખ છે. તેની સચોટ સાક્ષી પૂરે છે અનાદિકાલીન શાશ્વત શ્રી નમસ્કાર મહામંત્ર. વિશ્વવર્તી સમસ્ત ગુણો જેમનામાં વિકસ્યા છે એવા ગુણી પંચપરમેષ્ઠિ–ભગવંતોને જ શ્રી નમસ્કાર મહામંત્રમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે. એ પંચપરમેષ્ઠિ–ભગવંતોને પ્રકૃષ્ટભાવે નમસ્કાર કરવાથી સર્વ પાપો અવશ્ય નાશ પામે છે, અને તે આત્માઓને સાદિ અનંતકાળ માટે શ્રી નમસ્કાર મહામંત્રમાં સ્થાન પ્રાપ્ત થાય છે.

## માર્ગાનુસારી ગુણમાં પણ મોટો ધબડકો :

એ ઉપરથી એટલું તો નિર્વિવાદ કહી શકાય કે ચોથા, પાંચમા કે છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકની વાત તો ઘણી મોટી ગણાય; પણ મિથ્યાત્વ અવસ્થામાં વિકાસ પામતા માર્ગાનુસારીના પાંત્રીશ (૩૫) ગુણોમાં પણ મોટો ધબડકો અર્થાત્ મોટું દેવાળું ! કારણ કે આઠ (૮) રુચક પ્રદેશ વિના અન્ય સર્વ એક એક આત્મપ્રદેશે સાગરની વેલા–(ભરતી)ની જેમ ઊભરાતા અનંતાનંત મહાદુર્ગુણો પ્રત્યે થવો જોઈતો અણગમો, તિરસ્કાર, પશ્ચાત્તાપ થવો તો દૂર, પરંતુ ઉપરથી જાણે સ્વયં સદ્ગુણોના સાગર જેવો સંત-મહાસંત ન હોય, તે કોટીનો નર્યો ડોળ(દંભ)પૂર્વકનો દેખાવ, તેમજ પ્રાતઃકાળે જાગે ત્યારથી રાત્રે નિદ્રાધીન ન બને ત્યાં સુધી સ્વમુખે આત્મશ્લાઘા–સ્વજાત પ્રશંસા કરતાં કરાવતાં હોઠ અને દાંત ઘસાઈ જાય, તોયે થાકતા નથી, એવી મહાહીણી તુચ્છ મનોવૃત્તિ એ તો નર્યી મહા-આત્મવંચના છે. તેઓ ઉપદેશ દેતાં ગમે તેટલી ડાહી ડાહી અને શાણી શાણી ધર્મની વાતો કરતા હોય, પણ તેઓ ધર્મના મર્મને સમજ્યા છે એવું માનવા હૈયું શી રીતે ઉત્સાહિત બને ? ન જ બને.

## વિરાગીના રાગી બનો :

પૂર્વની અમાપ પુણ્યાઈએ ચિંતામણિ રત્નથી પણ અનંતગણો મહામૂલો મળેલ આર્યદેશનો માનવભવ અને અનંત મહાતારક શ્રી જિનેન્દ્રશાસન. આ ઉભય અમૂલ્ય વસ્તુથી આપણી નાદારી સમજવી.

માનવભવ અને અનંત મહાતારક શ્રી જિનશાસન હારી જવા જેવી અક્ષમ્ય મહાક્ષતિના કારણે નાદારી લેવા જેવી અકલ્પ્ય આકરી શિક્ષા ભોગવવાના કપરા દિવસો જોવા ન પડે, એટલા માટે અનાદિકાળથી અનંત મહાતારક શ્રી જિનશાસન તો પોકારી પોકારીને ઘોષણા કરતું આવ્યું છે, કે રાગીના રાગી ન થતાં વિરાગીના રાગી થજો. અર્થાત્ નિર્ગુણીથી સદન્તર દૂર રહી ગુણ અને ગુણીના જ પરમ ઉપાસક અને પરમ પૂજક બનીને વિશ્વ માટે પરમ આદર્શ દૃષ્ટાંતરૂપ બનજો.

## પાપકર્મના અનંતાનન્ત થરોના થર ભયંકર જાળાની જેમ બાઝેલ છે :

જેના આત્મામાં જઘન્યથી પણ જિનશાસનનો વાસ હોય, તે આત્માઓ પરના પરમાણુ જેટલા પરમ લઘુતમ ગુણને પણ મેરુ મહિધર તુલ્ય મહાવિરાટ માનીને તેનું

ત્રિવિધ ત્રિવિધ ભૂરિશઃ અનુમોદન કરે છે. અને પોતાના નજીવા દુર્ગુણને મેરુ મહિધર તુલ્ય મહાવિરાટ માનીને તેના પ્રત્યે હૈયામાં તીવ્ર વેદના અને બળતરાપૂર્વક ભારોભાર અણગમો હોય છે. પોતાના નજીવા દુર્ગુણ પ્રત્યે પણ તીવ્ર પશ્ચાત્તાપપૂર્વક નિન્દા અને ગર્હા હોય છે. પોતાના આત્મગુણોનો પરમ ઉચ્ચકોટીએ વિકાસ થયો હોય, તો પણ કદાપિ પોતાના મુખે પોતાના વિકસેલ વાસ્તવિક ગુણોની શ્લાઘા–પ્રશંસા કરતા નથી. પ્રશંસા કરવાની વાત તો દૂર રહી, પણ કોઈક ગુણાનુરાગી પુણ્યવંત પ્રશંસા કરે તે પણ ન ગમે (ન રુચે); અન્ય કોઈ અનુમોદનરૂપે પ્રશંસા કરે, ત્યારે પણ તે પુણ્યવંત તો એમ જ વિચારે કે રે આત્મન્ ! તારા એક એક આત્મપ્રદેશે અજ્ઞાન અને મોહ આદિ પાપકર્મોના અનંતાનન્ત થરોના થર ભયંકર જાળાની જેમ બાઝેલ છે, અને તારી પ્રશંસા હોય જ શેની ? પ્રશંસક પુણ્યવંત મહાઉદારમના અને ગુણાનુરાગરૂપ દિવ્ય દષ્ટિવાળા હોવાથી મારા જેવા મહાપામર પાપાત્મામાં પણ એમને ગુણનાં દર્શન થાય છે; પણ વાસ્તવિક રીતે તો હું મહાદુર્ગુણી જ છું, એટલે મારી પ્રશંસા હોય જ નહિ.

**અહં અને મમરૂપ હુતાશ :**

અનંત મહાતારક શ્રી જિનશાસન એ જ એક

વિશ્વમાં સાર છે, એ જ એક પરમાર્થ છે. એ વિના અન્ય સર્વસ્વ મોહ અને અજ્ઞાનજનક પૌદ્‌ગલિક પદાર્થો અસાર છે; એટલું જ નહિ, પણ મહાઅનર્થકારક છે, એવું જેમને હાડોહાડ વસ્યું છે, તે પુણ્યવંતો તો પોતાના વિકસિત ગુણોની પ્રશંસા કરવા-કરાવવા તો રાજી નથી, પરંતુ સાંભળવાયે રાજી નથી. ત્યારે જેમના હૈયામાં માત્ર "અહં અને મમ"રૂપ હુતાશ વડવાનળની જેમ લપકારા લેતો હોય તેવાઓને અનંત જ્ઞાનીઓએ બહિરાત્મા કહ્યા છે. તે બહિરાત્માઓ ભલે ને પૂર્વના પ્રબળ પુણ્યોદયે મુનિવેષ પામીને ઠેઠ આચાર્યપદ સુધી પહોંચ્યા હોય, તોપણ તેમનાં વાણી અને વર્તન સ્પષ્ટ અંગુલિનિર્દેશ કરે છે, કે એમને અનંત મહાતારક શ્રી જિનશાસન સાથે કોઈ સ્નાનસૂતક નથી. તેની પૂર્ણ પ્રતીતિ કરાવતા તેમના કેટલાક જીવન-પ્રસંગો અંગે વિચારીએ.

(૧) પરમાત્માના સ્વહસ્તે, પરમાત્માના નામે દીક્ષિત થયેલ શ્રી ગણધર મહારાજાઓ અને તત્કાલીન શ્રી જિન-શાસનના અજોડ મહાપ્રભાવક પૂર્વાચાર્યોનાં નામ આગળ પણ જે વિશેષણો લખવાનો કદાપિ વિવેક નથી દાખવ્યો, તેના કરતાંય ઘણાં ચઢિયાતાં અણછાજતાં અનેક વિશેષણો પોતાના નામ આગળ લખવા-લખાવવાનો રખાતો કદાગ્રહ

શ્રી જિનેન્દ્રભક્તિ નિમિત્તે લખાતી નિમંત્રણ પત્રિકાઓમાં જોવા મળે છે.

(૨) એ જ રીતે દૈનિક સામાયિકોમાં તેમજ ભિન્ન ભિન્ન સ્થળેથી નીકળતાં સાપ્તાહિક, પાક્ષિક કે માસિકોમાં કાગના વાઘ જેવાં ભરપૂર અતિશયોક્તિભર્યાં નિવેદનો અને વાતવાતમાં જાતપ્રસિદ્ધિવાળાં વિજ્ઞાપનો કરાવીને જાણે કોઈ અલૌકિક મોટી આત્મસિદ્ધિ અને જિનશાસનની અજોડ મહાપ્રભાવના કરાવી હોય તેવો આત્મસંતોષ અનુભવે છે.

(૩) અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ પ્રત્યે પ્રબળ ભક્તિભાવથી તીર્થ મહાતીર્થ જેવાં પરમ તારક જિનાલયોના નિર્માણમાં પરમ ઉદારભાવે પોતાની કરોડો–અબજોની ધનસંપત્તિનો સદ્વ્યય કરીને પણ ક્યાંય પોતાનું નામ કે પરમ પૂજ્યપાદ પ્રતિષ્ઠાચાર્ય મહારાજનું નામ શિલોત્કીર્ણ કરાવ્યું હોય, તેવું જોવા મળતું નથી; ત્યારે એ જ મહાતીર્થોનો જીર્ણોદ્ધાર તો દેવદ્રવ્યથી કરાવીને પુનઃ પ્રતિષ્ઠાના પ્રસંગો ઉપસ્થિત કરીને કાર્યકરનું અને પ્રતિષ્ઠાચાર્યનું નામ સદા 'આલબેલ' (ઑલ વેલ) પોકારતું રહે તે માટે ચાર-છ ફૂટથી આઠ-દશ ફૂટ જેટલા મોટા આરસના પાટિયામાં શિલાલેખો તૈયાર કરાવીને તેમાં પ્રતિષ્ઠાચાર્ય પોતાના નામ આગળ અણછાજતાં લગભગ પચ્ચીસથી

ત્રીસ મોટાં મોટાં વિશેષણોપૂર્વક પોતાનું અને કાર્યકરનું નામ શિલોત્કીર્ણ કરાવેલ પ્રત્યક્ષ જોવા મળે છે. ત્યારે તીર્થનિર્માતા પુણ્યવંતનું અને અંજન પ્રતિષ્ઠા કરાવનાર મૂળ પ્રતિષ્ઠાચાર્ય પૂજ્યપાદ મહારાજશ્રીજીના નામનો ઉલ્લેખ સુધ્ધાં નથી કર્યો. આને તે કઈ કોટીની મહાધિઠ્ઠાઈપૂર્વકની કૃતઘ્નતા કહેવી ? તેના નિર્ણય માટે પોતાનું નામ શિલોત્કીર્ણ કરાવનાર પ્રતિષ્ઠાચાર્યને તેમજ કાર્યકરને પૂછવું ઉચિત ગણાશે. અથવા પરમ સુજ્ઞ વાચક વર્ગ સ્વયં નિર્ણય કરે તે ઉચિત લેખાશે.

(૪) પંચાચારથી પવિત્ર પંચસમિતિ સમેત ત્રણ ગુપ્તિથી ગુપ્ત અર્થાત્ વિશુદ્ધ ચારિત્ર્ય અને ઉગ્ર તપત્યાગ એ જેમનો જીવનમંત્ર હતો, એવા સંયમપૂત બહુશ્રુત ગીતાર્થ–શિરોમણિ પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબના પરમ પવિત્ર વરદ શુભહસ્તે થયેલ અંજનવિધિએ પ્રતિષ્ઠિત થયેલ અનંત મહાતારક જિનબિંબોથી અવસરે અવસરે અનેક મહાપ્રભાવક ચમત્કારો સર્જાતા ગયા તેમ તેમ એ જિનબિંબોની મહાપ્રભાવકરૂપેની ગણનામાં દિન–પ્રતિદિન અભિવૃદ્ધિ થતી ગઈ. એ મહાપ્રભાવક જિનબિંબો ઉપરથી પૂર્વાચાર્યોનું નામ ઘસાવીને મારું નામ ઉત્કીર્ણ કરાવું તો શ્રી સંઘમાં એવી માન્યતા પ્રવર્તશે, કે આ

જિનબિંબોથી મહાપ્રભાવક ચમત્કારોની હારમાળા સર્જાતી રહી છે એ બધો જ મહાપ્રભાવ ફલાણા આચાર્ય મહારાજના શુભ હસ્તે થયેલ અંજનવિધિનો જ છે. એ રીતે મારું નામ મહાપ્રભાવકરૂપે ગણનાપાત્ર થશે. અનાયાસે મારી ઘણી મોટી પ્રસિદ્ધિ અને પ્રશંસા થતી રહેશે. મહાપ્રભાવકરૂપે ખ્યાતનામ થવાના સર્વોત્તમ સદ્દગુણોની વાત તો દૂર રહી, પણ માર્ગાનુસારીના એકે ગુણનું ઠેકાણું ન હોવા છતાં પોતાની ગણના મહાપ્રભાવકરૂપે થાય, એવી અધમાધમ મહાપાપવૃત્તિથી પ્રેરાઈને મહાપ્રભાવક પ્રાચીન પ્રતિમાજી (જિનબિંબો) ઉપરથી મહાપ્રભાવક આચાર્યોનાં નામ ઘસાવીને એ જિનબિંબો ઉપર પોતાનું નામ ઉત્કીર્ણ કરાવવા જેવું અધમાધમ મહાહીણું પાપ નિઃશંકપણે આચરવામાં અમુક વેષવિડંબકોએ અંશમાત્ર પાછી પાની કરી નથી.

(૫) જે જિનમંદિરોને હજી સો–દોઢસો વર્ષ પર્યન્ત જીર્ણોદ્ધારની અપેક્ષા ન હતી એવી સારી સ્થિતિનાં જિનમંદિરોનો જીર્ણોદ્ધાર અને પુનઃપ્રતિષ્ઠા પોતાના સદુપદેશથી પોતાના શુભહસ્તે થયેલ છે, એવો શિલાલેખ મુકાવવાની અધમાધમ લાલસાપૂર્વકની મહાપાપવૃત્તિથી સેંકડો નગરોનાં એકદમ સારી સ્થિતિનાં જિનમંદિરોમાંથી શુભ મુહૂર્તે પ્રતિષ્ઠિત થયેલ જિનબિંબોનું ઉત્થાપન કરાવીને જિનમંદિરો

તોડફોડ કરાવવાપૂર્વક છિન્ન–ભિન્ન કરાવ્યાં. આ મહાપાપના કારણે અનેક નગરોના શ્રી જૈન સંઘો દુઃખી દુઃખી થઈ ગયા શ્રી જૈન સંઘોને એવી કફોડી પરિસ્થિતિમાં મૂકનાર તે અધમાધમ મહાપાપાત્માઓને શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘમાંથી છે કોઇ પૂછનાર, કે તમે આ શું દાટ વાળ્યો? નગરોનગરના શ્રી જૈન સંઘોની ભયંકર ઘોર ખોદી નાખી, એવા અધમાધમ મહાપાપાત્માઓને આજે સંઘ બહાર મૂકવાનું મહાસામર્થ્ય ધરાવનાર છે કોઈ ભીડભંજક ભડવીર ?

(૬) આત્મગુણો વિકસિત ન થયા હોવા છતાં પોતે સર્વગુણસંપન્ન મહાત્મા છે તેવી અદાથી સ્વમુખે અણછાજતી સ્વશ્લાઘા અર્થાત્ પોતાની જાતપ્રશંસા કરતાં, અને પરના અણછાજતા અવર્ણવાદો બોલતાં હોઠ અને દાંત ઘસાઈ જાય, અને આયુષ્ય પૂર્ણ થાય, તોપણ તેમને કદાપિ થાક કે પરિશ્રમ વર્તાતો નથી. તેમજ આત્મસંતોષનો ઓડકાર આવતો નથી.

હે નાથ ! અધમાધમ મહાપાપમય વ્યક્તિપૂજાની અધમતાની છે કોઈ સીમા કે રેખા ?

## વણથંભી વણઝાર :

આજે વ્યક્તિપૂજાને કલ્પનાતીત મહત્ત્વ અપાઈ રહ્યું છે, તે કોઈ રીતે ઉચિત નથી. મહદંશે ગુણહીન એવી અમુક વ્યક્તિઓ તો પોતાના મુખે પોતાની પ્રશંસા–પ્રસિદ્ધિ અને ગુણગાન ગાતાં થાકતી નથી. વ્યક્તિપૂજાના અનેક પ્રકારોમાંનો એક પ્રકાર છે ગુરુમૂર્તિ ભરાવવાનો અતિરેક. શાસ્ત્રોમાં ક્વચિત્ સ્તૂપ આદિનો ઉલ્લેખ આવે છે, પરન્તુ આજે ગુરુમન્દિરો, દાદાવાડીઓ. ગુરુમૂર્તિઓ અને ચરણપાદુકા આદિ ભરાવવાનો, વણથંભી વણઝાર જેવો અકલ્પ્ય અતિરેક ક્યાં જઈને અટકશે, અને શું અનિષ્ટ પરિણામ લાવશે, તે તો ભાવી કાળ જ જણાવશે; પણ તેના અશુભ શ્રીગણેશનું મંડાણ તો પ્રત્યક્ષ જણાઈ રહ્યું છે.

## ક્વચિત્ ઉપેક્ષા સેવાય તેવું પણ બને

શ્રી ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રની અપેક્ષાએ તો દશ કોટાકોટી સાગરોપમ અર્થાત્ અસંખ્ય કોટાકોટી વર્ષ જેટલા ચિરકાળમાં તીર્થંકર પરમાત્મા માત્ર ચોવીશ(૨૪) જ. ત્યારે પરમ પૂજ્યપાદ ગુરુમહારાજ તો અસંખ્ય કોટાકોટી થાય. તેમાં પણ કેટલાક કેવળજ્ઞાની સર્વજ્ઞ, ચૌદસોબાવન (૧૪૫૨) ગણધર મહારાજાઓ, કેટલાક મનઃપર્યવજ્ઞાનીઓ, કેટલાક

અવધિજ્ઞાનીઓ, કેટલાક છઠ્ઠાણવડિયાભાવવાળા ચૌદપૂર્વધરો, કેટલાક દશપૂર્વધરો, કેટલાક એકપૂર્વથી દશપૂર્વ સુધી કંઈક ન્યૂન શ્રુતજ્ઞાનના ધારકો, કેટલાક અગિયાર અંગના જ્ઞાતા, કેટલાક મહાસમર્થવાદીઓ, કેટલાક અનુત્તરદેવલોકમાં ઉત્પન્ન થનારા, કેટલાક ઉત્કૃષ્ટ, કેટલાક મધ્યમ, કેટલાક જઘન્ય એ રીતે છદ્મસ્થ ગુરુમહારાજાઓના ક્ષયોપશમની તરતમતાએ છદ્મસ્થ ગુરુમહારાજાઓમાં અનાદિકાળથી અનેક ભેદો(પ્રકારો) થતા જ આવ્યા છે. પૂજ્યપાદ ગુરુમહારાજની પુણ્યાઈની તરતમતાના યોગે અને પૂ. ગુરુમહારાજ અને ભક્ત શ્રાવકના પરસ્પરના ઋણાનુબન્ધના સંબંધે કોઈક ભક્તને કોઈક ગુરુમહારાજ પ્રત્યે વિશેષ ભક્તિભાવ હોય, અને કોઈક ભક્તને બીજા કોઈક પૂ. ગુરુમહારાજ પ્રત્યે વિશેષ ભક્તિભાવ હોય છે. એવું અનાદિકાળથી થતું આવ્યું છે. એમાં પણ વર્તમાનમાં ભક્ત આર્થિક રીતે ભયંકર ભીંસાતો હોય અને પૂ. ગુરુમહારાજના સુયોગે લાભાન્તરાયકર્મનો ક્ષયોપશમ થાય, અને ધન લક્ષ્મીની રેલમછેલમ ઉછળતી હોય, ત્યારે તો તે પૂ. ગુરુમહારાજ પ્રત્યે ભક્તનો ભક્તિભાવ એટલો બધો ઉછાળા મારતો હોય છે, કે તે ભક્ત એમ જ માને કે આ બધું જ પૂ. ગુરુમહારાજના આશીર્વાદ અને ઉપકારનું ફળ છે. તે પૂ. ગુરુમહારાજ પાછળ ન્યોછાવર થઈ જાય. અને અન્ય

પૂ. ગુરુમહારાજ પ્રત્યે ન્યૂન કે ન્યૂનતમ ભાવ દેખાય, ક્વચિત્ ઉપેક્ષા સેવાય તેવું પણ બને. એ જ રીતે ગુરુમન્દિરો અને ગુરુમૂર્તિ આદિ માટે પણ થવાનું.

**અપેક્ષિત ઉચ્ચતમ ભક્તિભાવનો અભાવ :**

ચરમ શાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજી પરમાત્મા અનન્તાનન્ત પરમ ઉપકારક હોવા છતાં આજે ૨૫૧૧ વર્ષ જેટલા કાળનું અન્તર પડવાથી બાળજીવો બાધાભારે માને કે દેવાધિદેવ પરમ ઉપકારક છે, પણ તે પરમતારકશ્રીના અનન્ત અનન્ત ઉપકારનું સ્વરૂપ શું છે? અને એ અનન્ત ઉપકાર મારા ઉપર કઈ રીતે છે? તેનું જ્ઞાન કે ભાન ન હોવાના કારણે દેવાધિદેવ પ્રત્યે હોવો જોઇએ તેવો પરમ ઉચ્ચતમ ભક્તિભાવનો અભાવ હોય છે.

બાળજીવોના જાત–અનુભવમાં તો વિદ્યમાન પૂ. ગુરુ–મહારાજનો ઉપકાર હોય છે. બાળજીવો મહદંશે જીવનમાં ધર્મપ્રાપ્તિને ઉપકારરૂપ માનવા કરતાં, જે ગુરુમહારાજના પુણ્યસુયોગે અને તેઓશ્રીના આશીર્વાદથી ધનવૈભવ, કુટુમ્બ–પરિવાર, યશઃકીર્તિ–માનપ્રતિષ્ઠા આદિમાં નિરંતર અણધારી અભિવૃદ્ધિ થતી જ રહે, ત્યારે બાળજીવો એમ માને છે કે આ બધું પૂ. ગુરુમહારાજના હાર્દિક આશીર્વાદને

આભારી છે. પૂ. ગુરુમહારાજ કાળધર્મ પામ્યા પછી પૂ. ગુરુમહારાજ જ્યાં હોય ત્યાંથી પણ અમારા કુટુમ્બ ઉપર હાર્દિક આશીર્વાદ વર્ષાવતા રહે; જેથી વ્યવસાય, ધનધાન્ય, કુટુમ્બ–પરિવાર, માનપ્રતિષ્ઠા, વૈભવાદિમાં ઊની આંચ ન આવતાં ખૂબ ખૂબ અભિવૃદ્ધિ થતી જ રહે. આ પ્રકારના કોઈક ને કોઈક આશયથી ગુરુમન્દિરોનું સર્જન થાય છે અને ગુરુમૂર્તિ ભરાવાય છે.

એ જ ભાગ્યશાળીના પુત્રને અન્ય કોઈક ગુરુમહારાજનો સુયોગ થતાં એ ગુરુમહારાજને ઉપકારક માનીને, તેમની ગુરુમૂર્તિ ભરાવીને પ્રતિષ્ઠા કરાવશે. પિતાજીને જે ગુરુમહારાજ પ્રત્યે અનન્ય ભક્તિ–અનુરાગ હતો, તેવો ભક્તિઅનુરાગ પુત્રનો, પિતાજીએ પ્રતિષ્ઠિત કરાવેલ ગુરુમૂર્તિ પ્રત્યે હોય પણ ખરો અને ન પણ હોય. એ જ રીતે પુત્રનો પુત્ર એના ઉપકારક ગુરુની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવશે. એ રીતે ગુરુમૂર્તિ, ગુરુમન્દિરો નિર્માણ થતાં જ રહેશે, તો કાળાન્તરે અનન્ત અનન્ત અનન્ત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ સર્વથા વીસરાઈ જશે. એ રીતે તો ગુરુમૂર્તિ કાળાન્તરે તીર્થંકર પરમાત્માને ભુલાવવામાં અનેક કારણોમાંનું એક મહાસબળ કારણ બને તોપણ નકારી શકાય તેમ નથી.

## ત્રણ લાખ જેટલી માતબર રકમ ખર્ચવાની જોગવાઈ હોઈ શકે છે :

જે જે અનુયાયીવર્ગ ગુરુમૂર્તિને અતિમહત્ત્વ આપીને ગુરુમૂર્તિની જ પ્રતિષ્ઠા કરાવતો ગયો તે તે અનુયાયીઓમાં મહદંશે અનન્ત અનન્ત અનન્ત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ પ્રત્યેની ભક્તિમાં ગૌણતા પ્રત્યક્ષ અનુભવાઈ રહી છે. ગુરુમન્દિર કે દાદાવાડી નિર્માણ કરાવવા માટે એક એક ભક્ત પાસે રૂપિયા બબ્બે લાખ કે ત્રણ-ત્રણ લાખ જેટલી માતબર રકમ ખર્ચવાની જોગવાઈ હોઈ શકે છે. અને શ્રી જિનમન્દિરજીનો જીર્ણોદ્ધાર કરાવવા દ્વારા પુણ્યાનુબન્ધિપુણ્યનો સુયોગ અનાયાસે પ્રાપ્ત થાય એવા મહામંગળકારી પરમપુણ્ય સુઅવસરનો લાભ લેવા શ્રી સંઘ સૂચના કરે, ત્યારે ગુરુના નામે બબ્બે અને ત્રણ-ત્રણ લાખ રૂપિયા ખર્ચવાની જોગવાઈવાળો સહેજે શેહશરમ કે સંકોચ રાખ્યા વિના કહી દે કે "જિનમન્દિરનો જીર્ણોદ્ધાર એ ક્યાં મારા એકલાનું કામ છે? આ કામ તો સકળ સંઘનું છે. સકળ સંઘ જે રીતે લાભ લેશે તે રીતે હું પણ લાભ લેવા ભાવના રાખું છું." શ્રી સંઘે કહ્યું, તમો ધનસમ્પત્તિ અને વૈભવની દૃષ્ટિએ શ્રી સંઘમાં સહુથી ઘણા અધિક સુસમ્પન્ન છો. શ્રી સંઘ ઘણી ઘણી રીતે સમજાવે છે, તો

પણ ગુરુના નામે લાખ્ખો રૂપિયા ખર્ચવાની જોગવાઈવાળો એકનો બે ન થયો તે ન જ થયો. તેણે ચોખ્ખો નનૈયો ભણી દીધો કે સકળ સંઘ જે રીતે લાભ લેશે તે રીતે હું પણ લાભ લેવા ભાવના રાખું છું; તેથી વિશેષ મારી પાસે બીજી કોઈ અપેક્ષા ન રાખવી.

આ વાત જ્યારે મારી જાણમાં આવી ત્યારે મને પારાવાર મનોદુઃખ થયું. પરમાત્માના શાસનમાં રહેવું છે, પરમાત્માના નામે પોતાને જૈનરૂપે ઓળખાવું છે, અને પરમાત્માના જિનમન્દિરજીના જીર્ણોદ્ધારના લાભની વાત આવી, ત્યારે સાવ નફ્ફટાઈભર્યો નનૈયો ભણી દેવો એ કેટલી ભયંકર કૃતઘ્નતા કહેવાય? ત્રણ લાખ રૂપિયા ખર્ચવાની તત્પરતા દાખવવા પાછળ ગુરુભક્તિ કામ કરે છે, કે ત્રણ લાખ ખર્ચીને ત્રણ ક્રોડ મેળવવાની સટ્ટાકીય લોભવૃત્તિ કામ કરે છે? તેનો નિર્ણય તો સુજ્ઞ વાચકવર્ગ સ્વયં કરી લે. અસ્તુ. આ ધનોપાસકના પ્રસંગ ઉપરથી અન્ય એક ધર્મોપાસકનો પ્રસંગ સ્મરણમાં આવવાથી, તે ધર્મનિષ્ઠ ધર્મોપાસકના જીવનો એક પ્રસંગ અત્રે આલેખું છું.

## કેટલું લજ્જાસ્પદ, મહાકલંકરૂપ ગણાય!

શ્રી જિનમન્દિરનો જીર્ણોદ્ધાર કરાવવા માટે સકળસંઘ એકત્રિત થાય છે. ધનસમ્પત્તિ અને વૈભવથી સુસમ્પન્ન

પુણ્યવન્તોને શ્રી સંઘે જિનમન્દિરના જીર્ણોદ્ધારમાં ઉદારતાપૂર્વક લાભ લેવા પ્રેરણા કરી. ધનસમ્પત્તિથી સુસમ્પન્ન હોવા છતાં લોભમોહનીયના કારણે મોટી રકમનો લાભ લેવામાં આઘા–પાછા થાય છે. ખેંચ–તાણ થઈ રહી છે. એ સભામાં એક પરમ પુણ્યશાળી ધર્મનિષ્ઠ સુશ્રાવક ઉપસ્થિત છે. તેમનું નિર્મળ "સમ્યગ્દર્શન" તે પુણ્યવન્તને માનસિક સંકેત કરે છે, કે રે પુણ્યવંત ! કુલીન સુપુત્રો જેવા સુશ્રાવકો અનંતાનંત પરમ ઉપકારક, પરમ તારક તીર્થંકર પરમાત્મા જેવા પરમ પિતા પરમાત્મા માટે ફંડફાળો કરે તે કુલીન સુપુત્રો માટે કેટલું બધું ભયંકર લજ્જાસ્પદ, મહાકલંકરૂપ ગણાય ?

પરમાત્માના પરમ ભક્ત પુણ્યવન્ત સુશ્રાવક પોતાના આત્માને સમજાવે છે: રે આત્મન્ ! શ્રી જિનમન્દિરજીના જીર્ણોદ્ધારનો મહામંગળકારી પરમપુણ્ય સુઅવસર ફરી-ફરીને ક્યાં મળવાનો છે ? પરમાત્માના પરમ પ્રભાવે પૂર્વભવે પરમાત્માની મારાથી ભક્તિ થઈ હશે, તેના પરમ પ્રભાવે પુણ્યાનુબન્ધિપુણ્ય બંધાયું હશે ! તે પુણ્યાનુબન્ધિપુણ્ય આ ભવમાં ઉદિત થતાં અનાયાસે લક્ષ્મીનો સુયોગ થયો. પરમાત્મભક્તિના પરમ પ્રભાવે લક્ષ્મીના થયેલ સુયોગને પુનઃપરમાત્માની ભક્તિમાં સુયોગ (વિનિયોગ) કરવાનો

મહામંગળકારી પરમપુણ્ય સુઅવસર અનાયાસે પ્રાપ્ત થયેલ છે. રે આત્મન્ ! પુષ્કરાવર્ત મહામેઘના ધોધની જેમ નિરંતર વર્ષતો દેવાધિદેવની અનન્ત કરુણાનો મહાધોધ, દેવાધિદેવના અનન્તમહાપ્રભાવે હે આત્મન્ ! તું ઝીલવા–(ધારણ કરવા)ની પાત્રતા(યોગ્યતા)વાળો થવાથી તને અનાયાસે પ્રાપ્ત થયેલ આ મહામંગળકારી પરમપુણ્ય સુઅવસર પરમ ઉદારતાથી વધાવી લે. એવો પરમ ઉમળકો આવવાથી પુણ્યવન્ત સુશ્રાવક પોતાના કુલીન સુપુત્રને પૂછે છે કે "જો આપણા સમસ્ત પરિવારનો ઉલ્લાસ વધતો હોય, તો શ્રી જિનમન્દિરજીના જીર્ણોદ્ધારનો અર્ધો લાભ આપણે લઈએ અને અર્ધો લાભ શ્રી સંઘ લે." "પિતાજી, લક્ષ્મી પરમાત્માની છે, અને આપ એ લક્ષ્મીના સંચાલક છો, એટલે લાભ લેવા અંગે અમને પૂછવાનું હોય જ નહિ. કદાચ હું ખોટો પણ હોઈશ; પરન્તુ આપની એક વાત મને ખટકે છે. આપે જીર્ણોદ્ધારમાં અર્ધો લાભ લેવાનું કેમ વિચાર્યું ? શું અર્ધી લક્ષ્મી આપની પોતાની છે ?"

સુપુત્રની આ વાત સાંભળતાં જ પુણ્યવંત સુશ્રાવકને પોતાની ભૂલ સમજાઈ ગઈ. 'પુત્ર હો તો આવા હો', એ પ્રમાણે મનમાં વિચારીને સુપુત્રની ભાવનાને મનોમન વાંદી લીધું. પુણ્યવન્ત સુશ્રાવક ઊભા થઈને, અંજલિબદ્ધ-

નત મસ્તકે પરમ વિનમ્રભાવે શ્રી સંઘને વિનતિ કરે છે કે "પૂજ્ય શ્રી સંઘ તો પરમપુણ્યવન્ત માતા-પિતા તુલ્ય છે. પૂજ્ય શ્રી સંઘ તો મહાસમર્થ છે. ધારે તો અનેક મહાતીર્થો નિર્માણ કરાવી શકે. હું તેવો સમર્થ નથી. હું તો શ્રી સંઘના ચરણની રજતુલ્ય પણ નથી. પૂજ્ય શ્રી સંઘ મારા પરમ પામર ઉપર પરમ ઉદારભાવે કરુણા કરીને શ્રી જિન-મન્દિરજીના જીર્ણોદ્ધારનો મહામંગળકારી અપૂર્વ લાભ મને આપવા પરમ કૃપા કરે." પરમાત્માના નામની "જય-ઘોષણા" કરવાપૂર્વક પૂજ્ય શ્રી સંઘ પુણ્યવન્ત સુશ્રાવકને શ્રી જિનમન્દિરજીના જીર્ણોદ્ધારનો આદેશ આપીને તે પુણ્યવન્તની શ્રી જિનેન્દ્ર પરમાત્માની પ્રબળ ભક્તિપૂર્વકની ધર્મભાવનાની અનુમોદનાર્થે કુમકુમનું તિલક કરી, મસ્તકે અક્ષતક્ષેપપૂર્વક વધાવીને શ્રીફળ તેમજ એક રૂપિયો સબહુમાન અર્પણ કરે છે. પુણ્યવન્ત સુશ્રાવક સપરિવાર જિનમન્દિરે જઇને શ્રીફળ પ્રભુજી સમક્ષ ચઢાવી દે છે, અને રૂપિયો ભંડારમાં પૂરે છે.

## શ્રી જિનમંદિરનો જીર્ણોદ્ધાર એ ક્યાં મારા એકલાનું કામ છે ?

કોઈ પણ જાતની આકાંક્ષા કે અપેક્ષા વિના નિરીહભાવે પરમાત્મભક્તિ કરનાર પ્રભુભક્તોમાં અને ધનની લાલસાએ

ભક્તિ કરનારા ગુરુભક્તોમાં ખર અને નર જેટલું અંતર છે. પરમાત્માનો ભક્ત લક્ષ્મીને પરમાત્માની માનીને પ્રભુભક્તિમાં અંશમાત્ર કચવાટ વિના સર્વસ્વ અર્પણ કરવા તત્પરતા દાખવે છે, ત્યારે લક્ષ્મીની તીવ્ર આકાંક્ષાવાળા દેખાવ પૂરતા જ માત્ર ગુરુભક્તો, લક્ષ્મીને પોતાની માનવાપૂર્વક ગુરુમંદિર અને ગુરુમૂર્તિની પ્રતિષ્ઠામાં લાખ્ખો રૂપિયા ખર્ચવા ઉત્સાહ દાખવે છે; કારણ કે ગુરુમહારાજના આશીર્વાદથી કરોડો રૂપિયાનો લાભ થશે. આ તો લક્ષ્મીનો ઉઘાડો સટ્ટો છે. એક રાત્રિમાં એક રૂપિયામાં હજારો અને લાખ્ખો મેળવવા માટે જે જાતનો વ્યવસાય કરે છે, તેના જેવું તમને નથી લાગતું ? જેમનું એ કોટીનું વર્તન હશે, તેઓ કદાચ એમ પણ કહે, કે ગુરુમંદિરના નિર્માણમાં અને ગુરુમૂર્તિ ભરાવીને પ્રતિષ્ઠા કરીએ-કરાવીએ તેમાં લક્ષ્મીનો સટ્ટો શેનો ? લાખ્ખો રૂપિયા ખર્ચીએ છીએ તે તો એ ગુરુમહારાજનો અમારા ઉપર ખૂબ જ ઉપકાર હોવાથી તે તારકગુરુ પ્રત્યેની ભક્તિથી ખર્ચીએ છીએ. એવી વાતો કરનાર એ ગુરુભક્તોને હું પૂછું છું, કે તમને એ ગુરુમહારાજ મળ્યા કોના ઉપકાર(આધાર, પ્રભાવ)થી ? તો તમારા બાપદાદાએ કહેવું જ પડશે, કે અનંત મહાતારક શ્રી જિનશાસનના અનંત ઉપકારથી. અનંત મહાતારક શ્રી

જિનશાસનની પ્રાપ્તિ કોના અનંત મહાઉપકારથી થઈ? તો ત્યાં પણ તમારે કહેવું જ પડશે, કે અનંત અનંત અનંત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્માના અનંત પરમ ઉપકારથી. જેમના અનંત અનંત પરમ ઉપકારથી ગુરુમહારાજ મળ્યા હોય, અને એ અનંત અનંત અનંત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવના જિનાલયનો જીર્ણોદ્ધાર કરવા–કરાવવારૂપ પરમાત્મભક્તિનો મહામંગળકારી પરમ પુણ્ય સુઅવસર પ્રાપ્ત થાય, ત્યારે તેને સહર્ષ વધાવી લેવો જોઈએ; તેના બદલે એમ ન કહે કે 'આ ક્યાં મારા એકલાનું કામ છે? જિનમંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય તો સકળ સંઘનું છે.' આ છે નર અને ખર વચ્ચેનું અંતર.

શ્રી જિનમંદિરના જીર્ણોદ્ધારનો આદેશ લેનાર પુણ્યવંત સુશ્રાવકનું નામ શ્રીમાન્ કીસનલાલજી શા લુણાવત (મુનીમજી) પો. ફલોધિ (જિ. જોધપુર, રાજપૂતાના-મારવાડ)

## મહાપ્રભાવકોની તિથિઓ કેમ ઊજવાતી નથી?

વર્તમાનકાળે ઊજવાતી પૂજ્યપાદ ગુરુમહારાજની જન્મતિથિ, આચાર્યપદપ્રદાનતિથિ, કાળધર્મતિથિ કે એવી બીજી કોઇ ઊજવાતી તિથિ અનંત મહાતારક શ્રી

જિનાજ્ઞા–વિહિત ખરી ? આ પ્રથા શ્રી જિનાજ્ઞાવિહિત હોય તો અનંત લબ્ધિનિધાન પ્રથમ ગણધર શ્રી ગૌતમ-સ્વામીજીની, પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજીની, બીજા નવ ગણધરોની, શ્રી જમ્બૂસ્વામીજી ચરમ કેવળ જ્ઞાનીની, શ્રી પ્રભવસ્વામીજીની, શ્રી શય્યંભવસૂરીશ્વરજીની, શ્રી યશોભદ્રસૂરીશ્વરજીની, શ્રી સમ્ભૂતિવિજયસૂરીશ્વરજીની, શ્રી ભદ્રબાહુસ્વામીજીની, શ્રી સ્થૂલભદ્રજીની – આ છ ચૌદપૂર્વધરોની; શ્રી વજ્રસ્વામીજીની, શ્રી ઉમાસ્વાતિ-વાચકજીની – આ બે દશપૂર્વધરોની; શ્રી સિદ્ધસેનદિવાકર-સૂરિજીની, શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીની અને શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણજીની – જેમણે આગમો પુસ્તકારૂઢ કરાવ્યાં તેમની; એવા મહાસમર્થ પ્રભાવકો શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજીની, શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી(કળિકાળસર્વજ્ઞ)ની તેમજ તપાગચ્છીય આદ્ય આચાર્ય શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ. જેવા મહાપ્રભાવકોની તિથિઓ પરંપરાથી કેમ ઊજ-વાતી નથી ? ઉક્ત તારક મહાપુરુષોમાંથી મોટા ભાગના પ્રભાવક મહાપુરુષોનો જન્મ કયા ગામ – નગરમાં ? તેનો ઉલ્લેખ સુધ્ધાં નથી. કયા માસમાં કઈ તિથિએ જન્મ થયો ? કઈ તિથિએ આચાર્યપદપ્રદાન ? કઈ તિથિએ કયા નગરમાં કાળધર્મ પામ્યા ? તેનો ક્યાંય

ઉલ્લેખ નથી. શ્રી ગણધર મહારાજ, ચૌદપૂર્વધરો, શ્રી જિનશાસનના મહાપ્રભાવકો હોવા છતાં તેમનાં સ્મારકો, પાદુકાઓ, ગુરુમૂર્તિઓ, ગુરુમંદિરો કે દાદાવાડીઓ છે ક્યાંય ? તે કાળના તે મહાપ્રભાવક તારક ગુરુઓના શિષ્યોમાં કે શ્રાવકોમાં આજના જેટલી ઊંડી સમજ–સૂઝ કે ગુરુભક્તિ નહિ હોય, એટલે તે કાળના તે મહાપ્રભાવક તારક ગુરુમહારાજાઓની તિથિઓ ક્યાંથી ઊજવાય ? અને ગુરુમૂર્તિઓ, ગુરુમંદિરો કે દાદાવાડીઓ ક્યાંથી હોય ? ન જ હોય. ગુરુઓ ગણધર મહારાજાના શિષ્યો પૂર્વધરો હોવા છતાં તિથિઓ ન ઊજવી, ગુરુમૂર્તિઓ ભરાવવા અને ગુરુમંદિરો કે દાદાવાડીઓ નિર્માણ કરાવવા ઉપદેશ ન આપ્યો. એટલે તે કાળના શિષ્યોને તેમજ શ્રાવકોને પૂજ્યપાદ ગુરુમહારાજ પ્રત્યે ભક્તિ નહિ હોય એમ જ માનવું રહ્યું ને ?

## શ્રી તીર્થંકર પરમાત્મા આદિનો અગ્નિસંસ્કાર તે જ દિવસે કર્યો કે બીજા દિવસે ?

શ્રી તીર્થંકર પરમાત્મા, ગણધર મહારાજા, પૂર્વધરો, મહાપ્રભાવક આચાર્ય મહારાજાઓ ભૂતકાળમાં કાળધર્મ પામ્યા ત્યારે તે જ દિવસે અગ્નિસંસ્કાર કર્યો કે બીજા દિવસે ? ઇન્દ્રો, દેવો, રાજામહારાજાઓ અને મહર્દ્ધિક શેઠ

શાહુકારો જેમના પરમ ભક્તો હોવા છતાં અગ્નિસંસ્કાર વિધિ બીજા દિવસ ઉપર ન રાખતાં પહેલા દિવસે જ શા માટે કરાવ્યો ? શું તેઓ વિશિષ્ટતમથી પણ મહાવિશિષ્ટતમ ન હતા ? હતા જ; તો પછી પહેલે જ દિવસે અગ્નિસંસ્કાર કેમ કરાવ્યો ? તે અનંતાનંત પરમ તારકોના શિષ્યો, દેવો અને શ્રાવકો એવા પરમ જાગરુક હતા, કે કાળધર્મ પામ્યાથી એક અંતર્મુહૂર્તમાં (કાચી બેઘડીમાં) અસંખ્ય સમુર્ચ્છિમ અસંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો અને અગણિત બે–ઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય. બીજા દિવસે તો બે-ઇન્દ્રિય જીવો કીડાની જેમ ખદબદતા થઈ જાય. કાળધર્મ પામેલ પૂજ્યપાદશ્રીજીનું આખું શરીર બે–ઇન્દ્રિય જીવમય બની જાય. બીજા દિવસે અગ્નિસંસ્કાર કરવાથી એ ખદબદતા અગણિત બે–ઇન્દ્રિય જીવો, ભડભડતી આગમાં હોમાય, ત્યારે એ જીવોને કેવી અસહ્ય કારમી વેદના થઈ હોય ? અને અગણિત જીવોની ભયંકર કારમી હિંસાથી કેટલું ભયંકર ચીકણું પાપકર્મ બંધાય ? તે તો અનંતજ્ઞાની જ બતાવી શકે. વિશિષ્ટ આચાર્ય મહારાજાઓને બીજે દિવસે અગ્નિસંસ્કારનો પરિપાક એટલે અગણિત ત્રસ જીવોની હિંસા, અને ભાવિકાળે એ મહાહિંસા કરનાર-કરાવનાર અને અનુમોદકે એ મહાહિંસાના ફળ સ્વરૂપે અશાતા આદિ

આકરી શિક્ષા ભોગવવા તત્પર રહેવું પડે. તેવા કપરા સંયોગોમાં ધુરન્ધરના ધુરન્ધર ગણાતા તાર્કિક શિરોમણિ ધારાશાસ્ત્રીના ભલભલાને મૂઝવતા અજોડ તર્કો અને ધન્વતરી વૈદ્યના વૈદ્યકીય ઉપાયો પણ હેઠા પડે, તોપણ આશ્ચર્ય પામવા જેવું નથી.

## કાળું કલંક આ ભવમાં ભૂંસાય કે કેમ ?

શ્રી જિનશાસનના અજોડ મહાપ્રભાવક, નેત્રાદિ પાંચે ઇન્દ્રિયોના અજોડ સંયમી, પરમ ઉદારમના, પરમ ગુણાનુરાગી, પરમ ગુણગ્રાહી, પરમ પૂજ્યપાદ, પરમ આરાધ્યપાદ, પરમ ઉપકારક, પરમ તારક ગુરુદેવેશ આચાર્યપ્રવર શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે વિક્રમ સંવત ૧૯૯૪ ના પોષ વદિ ૧૦ દિને સંયમ અંગીકાર કર્યું. અને વિક્રમ સંવત ૨૦૪૧ ના જ્યેષ્ઠ શુદિ બીજ દિને પ્રભાતે સૂર્યોદય પહેલાં પાંચ કલાક અને સુડતાલીશ મિનિટે કાઉસ્સગ્ગ ધ્યાનમાં કાળધર્મ પામતાં વિશ્વને તીવ્ર આઘાતજન્ય અસહ્ય મોટો ધ્રુજારો લાગ્યો અને મહાહાહાકાર પ્રવર્ત્યો.

સંયમ અંગીકાર કરેલ તે સમયથી કાળધર્મ પામ્યા ત્યાં સુધી પરમ પૂજ્યપાદશ્રીજીની પરમ પવિત્ર પાર્થિવ ધર્મકાયાથી ત્રસ કે સ્થાવર કોઈ પણ જીવની હિંસા કે

વિરાધના ન થાય, અર્થાત્ અનંતાનંત જીવોને સહજપણે અભયદાન મળતું રહે તેવી આત્મજાગૃતિપૂર્વક પરમ પૂજ્યપાદશ્રીજીએ અષ્ટપ્રવચનમાતાનું રક્ષણ, પંચમહાવ્રત અને પંચાચારનું પાલન કરેલ. અંતિમ શ્વાસોચ્છ્વાસ પર્યન્ત એ રીતે જીવન જીવનાર પરમ પૂજ્યપાદશ્રીજી કાળધર્મ પામ્યા પછી તેઓશ્રીજીની પવિત્ર ધર્મકાયાને તે જ દિવસે વહેલી તકે અગ્નિસંસ્કાર ન કરતાં, બીજા દિવસે મધ્યાહ્ન પર્યન્ત રાખીને તે પુણ્યવતી પવિત્ર ધર્મકાયાની અક્ષમ્ય ઘોર કદર્થના અને પરમ પૂજ્યપાદશ્રીજીનો અક્ષમ્ય ઘોર દ્રોહ કરેલ છે. અને એ મહાપાપ ઉપર સોનું ચઢાવે તેવું મહાપાપ છે અનંત મહાતારક શ્રી જિનાજ્ઞાની ઘોર વિરાધનારૂપ ભયંકર ભૂંડું કાળું કલંક કપાળે ચોંટ્યું તે વધારામાં. એ કાળું કલંક આ ભવમાં ભૂંસાય કે કેમ ? તે તો સર્વજ્ઞ ભગવંત જાણે !

## અક્ષમ્ય ઘોર કદર્થના અને દ્રોહ શી રીતે કર્યો ગણાય ?

કોઈ શંકા કરે કે પરમ પૂજ્યપાદશ્રીજીના પવિત્ર પાર્થિવ ધર્મદેહને બીજા દિવસે મધ્યાહ્ન પર્યન્ત રાખવાથી તે પવિત્ર ધર્મદેહની અક્ષમ્ય ઘોર કદર્થના, અને પરમ

પૂજ્યપાદશ્રીજીનો અક્ષમ્ય ઘોર દ્રોહ શી રીતે કર્યો ગણાય ? તે અંગે સ્પષ્ટતાપૂર્વક વિચારીએ.

## કોઈ પણ સુજ્ઞ આત્મા નકારી શકે તેમ છે ?

મૃત કલેવરમાં અંતર્મુહૂર્ત એટલે કાચી બેઘડી પછી ઉત્પન્ન થતા અગણિત બે-ઇન્દ્રિય ત્રસ જીવો તાત્કાલિક ચર્મચક્ષુગોચર થતા નથી; પરંતુ તીર્થંકર પરમાત્માનાં વચનોમાં જેમને અખંડ શ્રદ્ધા છે, તેવા સુજ્ઞ આત્માઓ નકારી શકે ખરા ? ના, ત્રણ કાળમાં કદાપિ નકારી શકે તેમ નથી. જેમ જેમ કાળક્ષેપ થાય, તેમ તેમ તે ઉત્પન્ન થયેલ અગણિત બે-ઇન્દ્રિય ત્રસજીવોની કાયા સ્થૂલ સ્વરૂપ ધારણ કરતી જાય. એમ કરતાં અમુક ઘડીઓ વ્યતીત થતાં તે સ્થૂલ કાયા ચર્મચક્ષુગોચર થાય છે. એવું શાસ્ત્રોક્ત કથન અનુભવસિદ્ધ સર્વાંશ સત્ય છે. પરમ પૂજ્યપાદશ્રીજી કાળધર્મ પામ્યા પછી પંચોતેર (૭૫) ઘડીથી અધિક કાળ વ્યતીત થયા પછી તેઓશ્રીજીની પવિત્ર ધર્મકાયાનો અગ્નિ-સંસ્કાર કરવાથી શાસ્ત્રોક્ત પ્રમાણે આટલા દીર્ઘકાળમાં તે પવિત્ર ધર્મકાયારૂપ મૃતકલેવરમાં પ્રગટપણે દેખાતા થયેલ અગણિત બે-ઇન્દ્રિય ત્રસ જીવોની ઉત્પત્તિને કોઈ પણ સુજ્ઞ આત્મા નકારી શકે તેમ છે ? ના. બાપ દાદે કહેવું જ પડશે કે કોઈ પણ સુજ્ઞ આત્મા નકારી શકે તેમ નથી.

## કેવો વિરોધાભાસ યાને ગુરુદ્રોહ :

પરમ પૂજ્યપાદશ્રીજીની પરમ પવિત્ર પુણ્યવતી ધર્મકાયા જીવિત હતી, ત્યાં સુધી તે ધર્મકાયાએ અનન્તાનન્ત જીવોને અભયદાન આપ્યું, અને પરમ–પૂજ્યપાદશ્રીજી કાળ ધર્મ પામ્યા પછી તેઓશ્રીજીની પવિત્ર ધર્મકાયાનો તે દિવસે જ અગ્નિસંસ્કાર ન કરતાં બીજા દિવસ સુધી રાખનાર હઠાગ્રહી-ઓએ પંચોતેર (૭૫) ઘડી પછી તે પરમ પવિત્ર પુણ્યવતી ધર્મકાયાનો અગ્નિસંસ્કાર વિધિ કરાવ્યો. તે સમયે તે ધર્મ-કાયામાં ઉત્પન્ન થયેલ હાલતા ચાલતા અગણિત બે–ઈન્દ્રિય જીવો પણ તે ભડભડતી આગમાં ફૂટ્ ફૂટ્ સ્વાહા થયા પરમ પૂજ્યપાદશ્રીજીની પરમ પુણ્યવતી ધર્મકાયા માટે હઠાગ્રહીઓએ કેવો વિરોધાભાસ સર્જ્યો ? એ જ પરમ પૂજ્યપાદશ્રીજીનો ભયંકર ગુરુદ્રોહ. ભડભડતી આગમાં બળતા તે અગણિત ત્રસ જીવોને કેવી કારમી અસહ્ય વેદના થઈ હશે ? તે માટે આપણે તો કલ્પના જ કરવી રહી. હઠાગ્રહીઓને કેવાં ચીકણાં પાપકર્મ બંધાયાં હશે તે તો સમય જ બતાવશે.

## આપણા માટે એ જ પરમ હિતાવહ છે :

મહેસાણા રાજપથ ઉપર શ્રી સીમન્ધરસ્વામિ જિન-મન્દિરમાં પરમ પૂજ્યપાદશ્રીજીના કાળધર્મ નિમિત્તે વિક્રમ સંવત્ ૨૦૪૧ના જ્યેષ્ઠ શુદિ ૫ ને શનિવારથી જ્યેષ્ઠ શુદિ

૧૪ રવિવાર પર્યન્ત "અષ્ટોત્તરીસ્નાત્ર" સહિત શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઊજવાતો હતો. જ્યેષ્ઠ શુદિ ૧૩ શનિવારે સવારે નવ કલાક ને ત્રીશ મિનિટે (ક. ૯/મિ. ૩૦) પરમ પૂજ્યપાદશ્રીજીના સંયમ-ધર્મની આદર્શ સુવાસની, અને તેઓશ્રીજીએ કરાવેલ શ્રી જિનશાસનની પ્રભાવનાની અનુમોદના કરતાં હજારેક શ્રોતાગણની ઉપસ્થિતિમાં આ. શ્રી પદ્મસાગરસૂરિજીએ જણાવેલ, કે પરમ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે આજ્ઞા કરીને અમને પ્રતિજ્ઞારૂપે અભિગ્રહ પચ્ચક્ખાણ કરાવેલ કે મારી મૂર્તિ, મારાં પગલાં, મારું ગુરુમન્દિર કે સ્મારક આદિ કંઈ પણ ન કરાવવું; તેમ જ મારા કાળધર્મ નિમિત્તે વાર્ષિક તિથિ (ગુરુજયંતી) ન ઊજવવી. એટલે પરમ પૂજ્યપાદશ્રીજીએ કરાવેલ અભિગ્રહરૂપ આજ્ઞા અનુસાર ગુરુમૂર્તિ, ગુરુમન્દિર કે સ્મારક આદિ કંઈ જ કરવા-કરાવવાનું રહેતું નથી.

વિક્રમ સંવત્ ૨૦૩૦ના મહા શુદિ ૫ ને દિને શ્રી પોપટલાલ હેમચંદ શાહ, જૈન નગરના ઉપાશ્રયે મુ. શ્રી પદ્મસાગરજીને ગણિપદ પ્રદાન થયા પછી ગોચરીની માંડલીમાં પરમ પૂજ્યપાદશ્રીજીએ મને (કલ્યાણસાગરને) પણ ઉપર્યુક્ત અભિગ્રહ કરાવેલ છે. પરમ પૂજ્યપાદશ્રીજીએ કરાવેલ અભિગ્રહ રૂપ આજ્ઞાને શિરોમાન્ય કરીને અખંડપણે અન્તિમ શ્વાસ

પર્યન્ત પાલન કરવા ભાવના છે. હું પણ શિષ્યો તથા પ્રશિષ્યોને આજ્ઞા કરું છું, કે તેમણે પણ આ ગુરુ–આજ્ઞાનું અખંડપણે પાલન કરવું. આપણા માટે એ જ પરમ હિતાવહ છે.

## અનેક મહાપાપોમાંનું એક મહાપાપ છે :

પોતાનો ગુણાનુવાદ થાય, પોતાની પ્રશંસા થાય, પોતાની ગુરુમૂર્તિ થાય, પોતાનું ગુરુમન્દિર થાય, પોતાનું સ્મારક થાય, પોતાની ગુરુપાદુકાની પધરામણી થાય એ કોને ન ગમે ? અરે, અમુક તો આજે એ જળોજથામાં સદા રચ્યાપચ્યા રહે છે; ત્યારે પરમ પૂજ્યપાદશ્રીજી માટે તો આ બધું સહજભાવે થાય તેમ હતું, તોપણ પરમ પૂજ્યપાદશ્રીજીએ સ્પષ્ટ શબ્દોમાં નિષેધ કરી શિષ્ય પ્રશિષ્યને અભિગ્રહ કરાવેલ. એ જ બતાવી આપે છે, કે પરમ પૂજ્યપાદશ્રીજીની આત્મજાગૃતિ કેવી અદ્ભુત કોટીની હતી ? અર્થાત્ પોતે કેવા અદ્ભુત અન્તર્મુખ હતા ? એવા અદ્ભુત કોટીના અન્તર્મુખી પરમ પૂજ્યપાદશ્રીજીની આજ્ઞાનો ઘાત કે વિરાધના એ અનેક મહાપાપોમાંનું એક મહાપાપ છે. પરમ પૂજ્યપાદ ગીતાર્થ ગુરુમહારાજ સાહેબ પાસે એ મહાપાપની આલોચનાક રીને પ. પૂ. પાદશ્રીજી જે પ્રાયશ્ચિત્ત આપે તે સહર્ષ સ્વીકારીને શીઘ્રાતિશીઘ્ર પ્રાયશ્ચિત્ત પૂર્ણ કરીને આત્મશુદ્ધિ કરવી એ જ એમના માટે પરમ હિતાવહ છે.

# અગત્યની સૂચના

પાલી મારવાડના શ્રાવકો અને રાજનગર અમદાવાદના શ્રાવકોએ પૂછયું કે પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રનો ઇંગ્લીશભાષાનુવાદ કરેલ છે, એવું અમને સાંભળવા મળ્યું છે, તે શું સત્ય છે ? મેં જણાવ્યું તે સોએ સો ટકા સત્યથી વેગળું, નર્યું અસત્ય છે.

વિક્રમ સંવત ૨૦૪૦માં પરમ પૂજ્યપાદ આચાર્ય-પ્રવર શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ મુનિવરોનું ચાતુર્માસ પાલી મારવાડ હતું. ત્યાંના શ્રાવકોએ મુનિ શ્રી સંયમસાગરજી મ. ને જણાવ્યું કે અમને સાંભળવા મળ્યું છે, કે પરમ પૂજ્યપાદશ્રીજીએ શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રનો ઇંગ્લીશભાષાનુવાદ કરેલ છે. શ્રાવકો દ્વારા આ વાત જાણ્યા પછી મુ. શ્રી સંયમસાગરજી મહારાજે પરમ પૂજ્યયપાદ-શ્રીજીને પ્રત્યક્ષ પૂછ્યું, એટલે પરમ પૂજ્યપાદશ્રીજીએ સ્વયમેવ જણાવ્યું કે મેં શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્ર તો શું; પણ કોઈ પણ ધર્મગ્રંથનો ઇંગ્લીશભાષાનુવાદ કર્યો જ નથી. એટલે પરમ પૂજ્યપાદશ્રીજીના નામે કોઈ પણ સૂત્રના ઇંગ્લીશભાષાનુવાદના ગપગોળા ચલાવે તો તે સર્વથા સત્યથી વેગળા છે, અર્થાત્ સોએ સો ટકા અસત્ય સમજવા.

॥ શ્રી સીમન્ધરસ્વામિને નમઃ ॥

# શ્રી સીમન્ધરસ્વામિજી–પરમાત્માને વિજ્ઞપ્તિપત્ર

હે ચન્દ્રમસ્ ! મારો જ્યાં વાસ છે તે ક્ષેત્ર છે આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યખંડમાં મગધ–કૌશલ–પ્રમુખ સાડાપચ્ચીશ આર્યદેશોના સમૂહરૂપ આર્યાવર્ત છે. એ આર્યાવર્તના સાડાપચ્ચીશ આર્યદેશો લંબાઈ–પહોળાઇએ લાખ્ખો માઈલના વિસ્તારમાં પથરાચેલા છે. એ સાડાપચ્ચીશ આર્યદેશોમાં નથી આજે તીર્થંકર, નથી ગણધર મહારાજ નથી કેવળજ્ઞાની, નથી પૂર્વધર, નથી મનઃપર્યવજ્ઞાની, નથી અવધિજ્ઞાની, હા, સાડાપચ્ચીશ આર્યદેશોમાંના કોઈ એક આર્યદેશમાં બહુશ્રુત ગીતાર્થ શ્રી ધર્મદાસસૂરીશ્વરજી મહારાજ નામના યુગપ્રધાન સાક્ષાત્ વિચરીને તે ક્ષેત્ર ઉપર મહા ઉપકાર કરી રહ્યા છે. હે ચન્દ્રમસ્ ! તે પરમ ઉપકારક મહાપુરુષનાં તારક દર્શન તમને તો અનાયાસે સહજભાવે થતાં હશે ! હું તો એવો અધમાધમ પરમ પામર નિષ્પુણ્યક જીવ છું, કે તે પરમ ઉપકારક મહાપુરુષનાં તારક દર્શન વન્દન પર્યુપાસના પ્રમુખ અનેક અપૂર્વ મહાલાભોથી સદન્તર વંચિત છું. એ તારક મહાપુરુષને મારા અનન્તાનન્ત કોટાકોટિશઃ વન્દન નમસ્કાર પરમસબહુમાન નિવેદન કરશો.

હે ચન્દ્રમસ્! હું તો એટલો બધો કાચી પુણ્યાઈવાળો છું, કે હું કોઈ એક આર્યદેશના જે વિભાગમાં રહું છું, તે ભારતમાં તીર્થંકર પરમાત્મા પ્રમુખ અનન્તમહાતારક પુરુષો તો નથી; પરન્તુ યુગપ્રધાન પણ નથી, અને ઉપરથી દુષ્કાળમાં અધિકમાસ કે વિષને સોમલના કાતિલ વઘારની જેમ ભારત પ્રમુખ વર્તમાન દશ્ય વિશ્વમાં મહામોહ અને મહા-અજ્ઞાનનું ઘોર તાંડવનૃત્ય એટલી બધી અક્ષમ્ય ક્રૂર ધમાચકડી મચાવી રહ્યું છે, કે ભલભલા સમર્થ જીવો પણ મૂંઝાઈને ધર્મના નામે મહા-અધર્મમય અપકૃત્યોની અંધારી આલમમાં અટવાઈ રહ્યા છે. એવા પામર જીવો ઉપર અનન્ત કરુણા કરીને એમને કોણ ઠારશે ? અને કોણ તારશે ? એ માટે હે ચન્દ્રમસ્ ! મારા અનન્તાનન્ત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્માને પરમ સબહુમાન મારા અનંતાનંત કોટાકોટિશઃ વન્દન નમસ્કાર નિવેદન કરીને હું જે સન્દેશો પાઠવું તેનો દેવાધિદેવ પાસેથી પ્રત્યુત્તર લાવી આપવા યોગ્ય કરશો, તોય હું મારી જાતને ભાગ્યશાળી માની અહોધન્ય અનુભવીશ.

હે મારા નાથ શ્રી સીમન્ધરસ્વામિન્ પ્રભો ! હૂંડા અવસર્પિણીકાળના મહાભૂંડા પ્રભાવના ઓઠા તળે વકરેલ મહામોહ અને મહા–અજ્ઞાન આજે જેટલો અક્ષમ્ય કાળો

કે'ર પ્રવતાવી રહેલ છે, તેના શતકોટિમાં ભાગ જેટલોય કાળો કે'ર પ્રવર્તવાની વાત તો દૂર; પણ તે કાળા કે'રની ગન્ધ કે છાયા સુધ્ધાં જે કાળે ન હતી, એવા કાળે આ ભારતની પુણ્યવતી રત્નપ્રસૂ ધર્મધરા ઉપર નવપલ્લવિત નન્દનવન સમ, અને સોળે કળાએ ખીલેલ પૂનમના ચન્દ્રની જેમ આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિ મુખરિત હતી. જે કાળે આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિને જડમૂળથી ઉખેડી સર્વનાશ કરવાની મેલી મુરાદ સને ૧૪૯૨થી અન્તરમાં ધરબીને ફરનારા મહા–અભિશાપરૂપ વિદેશીઓનાં પાપી પગલાં આ પવિત્ર ધરા ઉપર મંડાયાં ન હતાં. જે કાળે ઊંચ-નીચ જ્ઞાતિ જાતિ અને કુળ એ શુભાશુભનામકર્મજન્યભેદ છે, એવી ડહાપણભરી સાચી સમજ હોવાના કારણે તે અંગે કોઈનાય મનમાં ઊંચ-નીચના ભેદભાવની ખોટી તિરાડ ન હતી જે કાળે સારાસારના વિવેક અંગે હંસવૃત્તિ ધારકોનો સુકાળ હોવાના કારણે અશુભ આચરણ અને અશુભ માનસ ધરાવનારની અપવિત્ર કાયામાંથી ઝરતાં અશુભ પુદ્ગળો શુભ આચરણ અને શુભ માનસ ધરાવનારનાં પવિત્ર તન અને મનને અભડાવીને નષ્ટભ્રષ્ટ ન કરે, તે માટે સ્પૃશ્યાસ્પૃશ્ય અંગે વિવેક રાખતા હતા; નહિ કે અન્ત્યજો પ્રત્યે હડધૂત કે તિરસ્કારની દૃષ્ટિ હતી. આ ઊંડી સમજ તે કાળે પ્રત્યેક

માનવીના હૈયે હોવાથી તે કાળે સ્પૃશ્યાસ્પૃશ્ય અંગે વાદવિવાદ કે વિતંડાવાદ ન હતો. જે કાળે માનવોના હૈયે પાપભીરુતા સાગરની ભરતીની જેમ ઊભરાતી હતી. જે કાળે આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિના પ્રાણસ્વરૂપ સદાચાર સદ્ગુણને જાણે અજાણે અનાચાર, વ્યભિચારરૂપ કાતિલ કીડો કોતરીને ખાઈ ન જાય તે માટે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય અંગે, અને ઘૂંઘટપૂર્વક અંગ-ઉપાંગની લજ્જામર્યાદા સદાકાળ પૂર્ણપણે જળવાય તેવી આર્ય-વેશભૂષા પ્રત્યે પૂર્ણ વિવેક જળવાતો હતો.

જે કાળે પુરુષો સમક્ષ પુત્રવધૂ આદિ કોઈ પણ યુવા સ્ત્રી એકાંકી તો ન જ નીકળે, પણ પાંચ-સાત યુવા સ્ત્રીઓ હોય તોપણ નીકળતી ન હતી. સાસુ કે વડસાસુ આદિ વૃદ્ધ સ્ત્રીનો સાથ હોય તો જ પુત્રવધૂ આદિ યુવા સ્ત્રી નીકળતી હતી. પરંતુ નીકળતી વેળાએ પગમાં ચંપલ આદિ તો પહેરતી ન હતી. આવો ઉચ્ચ કોટિનો વિનય-વિવેક અને લજ્જા-મર્યાદા વડીલો પ્રત્યે જળવાતી હતી. જે કાળે પિતાજી સમક્ષ તો નહિ, પરંતુ મોટાભાઈ સમક્ષ પણ પોતાનાં પુત્ર-પુત્રીને રમાડતા તો ન હતા, પણ તેડતા સુધ્ધાં ન હતા. આ કોટિની આમન્યા અને લજ્જા-મર્યાદા વડીલોની જાળવતા હતા. જે કાળે દશ અગિયાર (૧૦/૧૧) વર્ષની કુમારિકા(કન્યા)ઓ પણ મસ્તક ઉઘાડું રાખતી ન હતી.

જે કાળે દેવાંગના કે અપ્સરા જેવી રૂપવતી સ્ત્રી કે કુમારિકા પ્રત્યે પુરુષો પાંપણુ ઊંચી કરતા ન હતા. કદાચ દૃષ્ટિ પડી જાય, તો તેમના પ્રત્યે માતા, બહેન કે પુત્રી-પણાનો સદ્ભાવ પ્રગટ થતો. જે કાળે ઉચ્ચ જ્ઞાતિ-જાતિવાળાં કુલીન ઘરોમાં બાળવિધવાઓ પણ પુનર્વિવાહ ન કરતાં આજીવન અખંડ બ્રહ્મચર્ય પાળતી હતી. જે કાળે રક્ત-શુદ્ધિ અને ઉચ્ચ કુલીનતા અણિશુદ્ધ અખંડ જળવાઈ રહે, અને વર્ણસાંકર્ય મહાદૂષણનો પ્રવાહ સંતાનોની પરંપરામાં જાણે-અજાણે પણ ન આવે, તે માટે પુત્ર-પુત્રીઓના લગ્ન-સંબંધો ઉચ્ચ જ્ઞાતિ, ઉચ્ચ જાતિ, ઉચ્ચ કુળવાળા ધર્મ-સંસ્કારી કુટુંબોમાં જ કરતા હતા. આજે તો વિધવાવિવાહ, છૂટાછેડા લઈ બીજા સાથે લગ્ન કરવાં, આંતર્જાતીય લગ્ન કરવાં—આ બધાં મહાપાપોને છૂટો દોર મળી ગયો છે. તે આર્ય-સંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિના મૂળમાં અગનગોળા સમાન છે.

જે કાળે અનાચારી, વ્યભિચારી, દુરાચારી અને અસાધ્ય ચેપી રોગોથી પીડાતા રોગીઓનાં મહાઅભિશાપરૂપ અપવિત્ર એંઠાં પુદ્ગળોને બીજાના શરીરમાં અનાયાસે પ્રવે-શવા માટે આજના જેવાં તીવ્રતમ અધમાધમ મહાપાપરૂપ હોટલો આદિ ખાનપાનનાં બજારુધામો ન હતાં. જે કાળે ઉચ્ચ જ્ઞાતિ-જાતિવાળા કુલીન ઘરના લબ્ધપ્રતિષ્ઠિત નબીરાઓ

પણ જ્યાં આવીને દ્યુતક્રીડા અને સુરાસુંદરીઓ સાથે નિઃસંકોચપણે ફાગ ખેલવો હોય તો ખેલી શકે તેવા બધાં જ પ્રબંધોવાળી આજના જેવી કલબો ન હતી. જે કાળે આજના જેવી મહાઅનીતિના ધામરૂપ અને આત્માનો સર્વતોમુખી વિનિપાત કે અધઃપતન જ્યાં થાય તેવી કેબ્રે ડાન્સ કલબો (નગ્ન નૃત્યધામો) ન હતી. જે કાળે પાણી માટે આજની જેમ મહાપાપમય પાણીની ટાંકીઓ અને નળોનું આયોજન ન હતું; પરંતુ કૂવામાંથી પાણી હાથથી ખેંચીને કઢાતું હતું. જીવાણી અને સંખારાની વિરાધના ન થાય તે માટે તેની રક્ષા અર્થે વિવેકપૂર્વક પૂર્ણ જયણા જળવાતી હતી, અને બેડાં માથે વહન કરીને બહેનો પાણી લાવતી હતી.

જે કાળે બહેનો અનાજ હાથે દળીને લોટ વાપરતી હતી, જે કાળે ઘરેઘર ગાયો-ભેંસો અને બળદોને રાખીને તેની સારસંભાળ રખાતી હતી. બહેનો ગાયો-ભેંસોને હાથે દોહતી અને વલોણું પણ હાથે વલોવતી હતી. જે કાળે ઘોડાપૂર નદીના પ્રવાહની જેમ ઘી-દૂધ ઊભરાતાં હતાં. અને કોઈને દૂધનો ખપ હોય તો તેનું વેચાણ ન કરતાં વિના મૂલ્યે પ્રસન્નતાથી આપતાં હતાં. જે કાળે તેલ ઘાણીનું વપરાતું હતું, જે કાળે એક માનવ રૂપિયા ત્રણથી ચારમાં વાર્ષિક

નિર્વાહ સુખપૂર્વક કરી શકતો હતો. જે કાળે સત્ત્વ અને સ્વાસ્થ્યનું જતન સહજપણે થતું રહે તે માટે ઘી-તેલના દીપકોથી રાત્રિક વ્યવહારો ચાલતા હતા. જે કાળે મહા-આરમ્ભ અને મહાપરિગ્રહ જેના મૂળમાં બેઠા છે એવો કાતિલમહા અભિશાપરૂપ વિદ્યુત અને વિદ્યુતાદિ સંચાલિત યંત્રવાદ મહારાક્ષસનો આ પુણ્યવતી ધરા ઉપર જન્મ થયો ન હતો. જે કાળે માસિક ઋતુસ્રાવવાળી અવસ્થામાં ચોવીશ પ્રહર પર્યન્ત બહેનોનું મુખ પણ મહદંશે જોવા નહોતું મળતું, એ કોટીએ માસિકની મર્યાદા બહેનો સ્વેચ્છાએ પાળતી હતી. જે કાળે દીન, દુઃખી અપંગ, નિરાધાર અને રોગાદિથી ઘેરાયેલા માનવો પ્રત્યે પ્રબળ અનુકમ્પા અને પશુપક્ષી કીડી કુન્થુવાદિ અબોલ મૂક પ્રાણીઓ પ્રત્યે ઉત્કટ જીવદયા સાગરની ભરતીની જેમ ઊભરાતી હતી. જે કાળે આજની જેમ આંખની પાંપણ ઊંચી-નીચી થાય એટલા અલ્પકાળમાં એકીસાથે હજારો-લાખો પશુઓની ઘોર હત્યા આજનાં અદ્યતન યંત્રસંચાલિત વધસ્થાનો(કતલખાનાં)માં કરાય છે તેવી ક્રૂર હત્યાઓ કરાતી ન હતી.

જે કાળે બોલેલું વચન પ્રાણાન્તે પણ પાળતા હતા. જે કાળે સેંકડો પેઢી પહેલાંનું ઋણ ચાલ્યું આવતું હોય તો તે ઋણ પણ વ્યાજાનુવ્યાજ સહિત દેવાદારના પરિવારવાળા

ચૂકવતા હતા. જે કાળે પુરુષની બહોંતેર (૭૨) કળા અને સ્ત્રીની ચોસઠ (૬૪) કળાનું વ્યાવહારિક જ્ઞાન નિઃશુલ્ક અર્થાત વિનામૂલ્યે, પોતાનું કર્તવ્ય સમજીને વિદ્યાગુરુઓ આપતા હતા. જે કાળે પ્રતિક્રમણ આદિ સૂત્રો ગણધર મહારાજ કૃત હોવાથી ગૃહસ્થો ભણાવવાનું દુઃસાહસ કરતા ન હતા. આજે સમ્યક્ શ્રુતજ્ઞાન ભણાવવાના માધ્યમથી જે આજીવિકા અને માસિક વેતન લેવાનું અધમાધમ દુષ્કૃત્ય કરી રહેલ છે તે તો કોઈ રીતે વિહિત નથી, એવું અધમ અપકૃત્ય પણ તે કાળે ન હતું. જે કાળે આજની જેમ ગૃહસ્થો ધર્મોપદેશ દેવાનું અક્ષમ્ય દુઃસાહસ કરતા ન હતા. ધર્મોપદેશ તો પંચમહાવ્રતધારક ગીતાર્થ ગુરુમહારાજ સાહેબો જ આપતા હતા. જે કાળે રાજાઓ દ્વારા દાન-પુણ્યનાં કાર્યો અર્થે કબૂતરોને ચણ નંખાતી, પશુઓને ઘાસ-ચારો નંખાતો, કૂતરાને રોટલા નંખાતા, સુકાતાં તળાવ કે ખાડા-ખાબોચિયામાંનાં માછલાંને જિવાડવા પખાળીઓ દ્વારા તળાવ આદિમાં પાણી ભરાવાતું હતું. જે કાળે મળ-મૂત્રનાં ખાતરો અન્ન-કઠોળની ખેતીમાં પૂરતા ન હતા. જે કાળે આજના જેવાં અનીતિમય મહાપાપધામ ચલચિત્ર(સિનેમા) ન હતાં. જે કાળે આજની જેમ વાતવાતમાં માનવોની ક્રૂર હત્યા કે ઘોર સંહાર થતો ન હતો. જે કાળે આજના

જેવી મહાઅજ્ઞતા, મહામૂર્ખતા અને મહાક્રૂરતાને વરેલી, અને આર્યસંસ્કૃતિ તથા ધર્મસંસ્કૃતિના સર્વનાશનો ઉદ્દેશ અતિગુપ્ત રીતે જેના મૂળમાં રખાયેલ છે, એવી મહાકાતિલ મતદાન(ચૂંટણી) પ્રથા ન હતી. જે કાળે દેશસેવાના નામે સત્તા મેળવવા માટે ડાકૂ અને લૂંટારાને પણ શરમાવે તેવું મહાભયંકર અધમાધમ ક્રૂર પાપાચરણ કરનાર આજના જેવા મહાસ્વાર્થાન્ધ સત્તાલોલુપીઓ ન હતા. જે કાળે આજની જેમ પશુઓનું માંસ, શોણિત, મેદ્ય(મજ્જા), હાડકાં, પ્રમુખ અવયવો, તેમજ જીવતા વાંદરા, કબૂતર, દેડકાં આદિ લાખો ક્રોડો મૂક પ્રાણીઓની વિદેશમાં નિકાસ કરીને તેના વળતરરૂપે લાખો–ક્રોડો ડાલરોના મળેલ વિદેશી હુંડિયામણનું દૈનિકપત્રો અને સામાયિકોમાં વિજ્ઞાપન કરીને આત્મસંતોષ અને ગૌરવ અનુભવે છે, એ જ રીતે હુંડિયામણના હડકવાના નશામાં શાન અને ભાન ગુમાવીને બેફામ બનેલ આજના સત્તાધારીઓ ખાધે ન ખૂટે એટલું વિપુલ અન્ન, કઠોળ, તેલ ખાંડ તેમ જ ફળાદિની વિદેશમાં નિકાસ કરી, કૃત્રિમ અછત ઊભી કરીને સામાયિકોમાં સાવ જૂઠાણું ભર્યાં નિવેદનો કરે છે કે, અન્નની અને તેલની તંગી છે, તેને પહોંચી વળવા અને શરીરને પોષણ સત્ત્વ મળે તે માટે માછલાં અને નિર્જીવ ઈંડાં ખાવાં જોઇએ. માછલાં મારવા, ઈંડાં ફોડવા

અને મરઘાં મારવા માટે એ બધને ઉદ્યોગનું મહોરું પહેરાવીને તે મહાપાપ માટે ક્રોડો રૂપિયાનું ધિરાણુ કરનાર આજના જેવા અધમાધમ મહાપાપીઓ તે કાળે ન હતા. જે કાળે પોતાના આત્મગુણો ગમે તેટલા ઉત્તમ કોટીએ વિકસ્યા હોય તોપણ શ્રી સુધર્માસ્વામીજીની પાટ ઉપર બેસીને સ્વમુખે પોતાના આત્મગુણોનાં ગાણાં ગાઈ-ગવરાવીને સ્વયં તો પોતાનો જન્મદિવસ અને દીક્ષાદિવસ ઊજવતા ન હતા. તેવા પ્રકારનો અશાસ્ત્રીય વિચાર પણ કરતા ન હતા. તેમ જ શિષ્ય-પરિવાર પણ પોતાના ગુરુઓના એ દિવસો ઊજવતા ન હતા. પદપ્રદાનના દિવસો પણ ઊજવતા ન હતા. જે કાળે અળસિયાં અને બિલાડીના ટોપની જેમ ફાટી નીકળેલ આજના જેવાં સમૂર્ચ્છિમ મંડળ-કમંડળ-ભમંડળ ન હતાં. વિદેશી પાશ્ચાત્યો આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિનો દાટ વાળવામાં આદુ ખાઈને પાછળ પડયા છે, તેમાં આ મંડળ-કમંડળો પણ સૂર અને સાથ પુરાવવા જેવું કરી રહ્યાં છે; તેનાં કેટલાંક પ્રમાણો આપું છું.

પૂજા ભણાવનારને પૂજા ભણાવવાના નકરા કે ભેટરૂપે રૂપિયા એકસોથી બસો-અઢીસો સુધી મંડળને આપવા પડે છે. કેટલાંક સ્થળે મંડળના સભ્યોને પૂજા ભણાવવા લાવવા માટે અને ઘરે પહોંચાડવા માટે મોટરગાડીનો પ્રબન્ધ રાખવો

પડે છે. તદુપરાન્ત, કેટલાંક સ્થળે પૂજા ભણાવ્યા પછી દૂધ, ચ્હા, નાસ્તો અને આઈસ્ક્રીમ જેવી અભક્ષ્ય વસ્તુ રાખે છે, તો તે પણ હોંશે હોંશે આરોગી લે છે. આ બધુંય ઓછું પડતું હોય તેમ કેટલાંક સ્થળે પૂજામાં આવનાર પ્રત્યેકને ચાર આનાની પ્રભાવના અને મંડળવાળાને ચાર આના ઉપરાંત એક એક રૂપિયો જુદો આપવો પડે છે. કેટલાંક મંડળવાળા એમ કહે છે, કે અમે પૂજા ભણાવવાનો નકરો લેતા નથી. ભેટ આપેલ રકમ સ્વીકારીએ છીએ જૈનકુળમાં જન્મેલ કોઈનીય ભેટ સ્વીકારે ખરો ? પૂજા કે પૂજનો ભણાવીને ભેટની અપેક્ષા કે પારિશ્રમિક વેતનની અપેક્ષા રાખવી એ જૈનકુળમાં જન્મેલ માટે શોભાસ્પદ કે ભૂષણરૂપ તો નથી, પરન્તુ મહાદૂષણ અને કલંકરૂપ છે, એવું સ્પષ્ટ સમજાવવા છતાં એ મહાપાપ ચાલુ જ રાખે છે. પૂજા ભણાવવા આવે ત્યારે અમુક મહિલાઓ અભિનેત્રીના જેવી ઉદ્ભટ વેષભૂષા ધારણ કરીને આવે. જે વેષભૂષામાં ગોપનીય અંગ-ઉપાંગની લજ્જા-મર્યાદા તો જળવાતી નથી, પરન્તુ ઉપરથી એ ગોપનીય અંગ-ઉપાંગોનું ઉઘાડું પ્રદર્શન થતું હોય છે. તે અંગે પણ એ મહિલાઓને ક્ષોભ કે સંકોચ થતો નથી. પૂજામાં નૃત્ય કરે ત્યારે તો અભિનયના

મદમાં મદોન્મત્ત બનેલ મહિલાનાં અંગ-ઉપાંગોની કેવી સ્થિતિ સર્જાતી હશે ? તે અંગે લખવાની કે વિચારવાની કોઈ આવશ્યકતા નથી; કારણ કે એ અંગે સહુનો જાત અનુભવ છે. નૃત્ય કરનાર મહિલા એવું ગૌરવ લે છે, કે મેં નૃત્યમાં કેવા સારા અભિનયનો કાર્યક્રમ આપ્યો ? એવું મહાપાપ જે કાળે ન હતું, તે કાળ એટલે આજથી લગભગ સાડાત્રણસો (૩૫૦) વર્ષ પહેલાંનો કાળ. તે કાળે થઈ ગયેલ પરમ પૂજ્યપાદ આચાર્ય શ્રી જ્ઞાનવિમળસૂરીશ્વરજી મ., પરમ પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ., પૂજ્ય યોગીશ્વરશ્રી આનંદઘનજી મ., પૂ. શ્રી દેવચન્દ્રજી મ. પ્રમુખ અને પૂજ્ય તારકોને રોમેરોમ એમ ભાખી ગયું કે મદ્ય(મદિરા)પાનથી મદોન્મત્ત બનેલ વાંદરાના હાથમાં ઉઘાડું ખડ્ગ હોય, અને એ વાંદરાને વીંછી કાતિલ ડંખ મારે, પછી છંછેડાયેલ ખૂંખાર એ વાંદરો કચ્ચરઘાણ અને દાટ વાળવામાં કંઈ કચાશ રાખે ? ન જ રાખે. તેના કરતાંય મહાભયંકર અક્ષમ્ય કચ્ચરઘાણ અને દાટ વાળ્યો છે મહામોહ અને ઘોર અજ્ઞાનથી ઘેરાયેલ ક્રૂર માનવોએ, એ તારક પુરુષોથી એ અક્ષમ્ય કચ્ચરઘાણ સહન ન થતાં એમનું હૈયું કકળી ઊઠ્યું અને હે મારા નાથ સીમંધર-સ્વામિન્ પ્રભો ! આપના શરણે આવીને વિનતિરૂપે પોકાર

કરવા લાગ્યા કે **"કોને કહીએ હો મનના અવદાત?"**
**"ભરતક્ષેત્રમાં હું અવતર્યો ઓછું એટલું પુણ્ય."**
તે કાળ તો આજની અક્ષમ્ય કફોડી પરિસ્થિતિની અપેક્ષાએ તો સુવર્ણયુગ જેવો ઉત્તમ કાળ હતો. તે કાળ પણ તે સમયના તારક પૂજ્યોને હડહડતા કળિયુગ જેવો અતિકપરો કાળ લાગ્યો અને પોકાર પાડવા લાગ્યા, તો પછી તે સુવર્ણયુગ જેવા ઉત્તમ કાળ કરતાં તો આજે ક્રોડોગુણો અનિષ્ટ અને અધમાધમ કપરો કાળ પ્રવર્તી રહ્યો છે. મારે કઈ કક્ષાએ અને કયા શબ્દોમાં પોકાર પાડવો ?

હે મારા નાથ ! મહાક્રૂર વિદેશીઓએ તો અઢીસો (૨૫૦) વર્ષમાં તો અઢારે પાપસ્થાનકોને પૂરબહારમાં બહેકાવીને આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિને લૂણો લગાડીને આજે સાવ કંગાળ મૃતપ્રાયઃ જેવી ભયંકર પરિસ્થિતિમાં મૂકી દીધી. તોપણ મહદંશના અમારા ધર્મનાયકોને આંચકો આવતો નથી. તે અધિનાયકો તો મહદંશે પોતાની કીર્તિ અને માન-પ્રાતષ્ઠાની માયામાં જ રચ્યાપચ્યા છે. સ્વશ્લાઘા અને પરનિંદાનો અસાધ્ય ચેપીરોગ તો એવો લાગ્યો છે, કે હે નાથ! આપ જેવા સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા મળે તોપણ એ રોગ મટે કે કેમ ? એ પણ એક પ્રશ્ન છે. સ્વશ્લાઘા કરતાં કરતાં હોઠ, જીભ અને દાંત ઘસાઈ જાય

અને આયુષ્યનો અન્ત આવે, તોપણ એમને પરિશ્રમ કે થાક લાગતો નથી.

હે મારા નાથ ! મિથ્યાત્વ અવિરતિ કષાય યોગ અને પ્રમાદાદિરૂપ અસાધ્ય ભાવરોગ અને માંસાહાર, મદ્યપાન આદિ અભક્ષ્ય ખાનપાનરૂપ જીભનો તીવ્રતમ અસંયમ તેમજ કલ્પનાતીત અનાચાર વ્યભિચારાદિ કાયાના તીવ્રતમ અસંયમ સેવનથી ક્ષય-કેન્સર આદિ જેવા અનેક અસાધ્ય દ્રવ્યરોગોની તીવ્રતમ અસહ્ય વેદનાથી નિરન્તર પીડાતા ભરતક્ષેત્રના માનવીઓ અને જીવો ઉપર અનન્ત કરુણા કરીને શ્રી જિનશાસનના મહાસમર્થ રક્ષક શ્રી માણિભદ્રજી દેવને અત્ર મોકલાવવા કરુણા કરો, તો જ અહીંયાં આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિનું રક્ષણ, અને અમ જેવા અધમાધમ પરમ પામર પાપાત્માઓને ઊગરવાનું અને ઉદ્ધરવાનું શકય બને. એ વિના અન્ય કોઈ આરો કે ઓવારો મને જણાતો નથી. હે ભગવન્ ! થોડું લખ્યું ઘણું માનીને શ્રી માણિભદ્રજીને અત્ર મોકલાવવા અનન્ત કરુણા કરો એ જ વિનમ્ર હાર્દિક અભ્યર્થના !

હે દેવાધિદેવ ! આપના અનન્તમહાપ્રભાવે પરમ પામર કલ્યાણસાગરે ભિન્ન ભિન્ન સમયે કરેલ નિમ્નલિખિત

અભિગ્રહો (પ્રતિજ્ઞાઓ) અખંડપણે પાલન થાય તેવું અતુલ મહાસામર્થ્ય મારા આત્મામાં સાગરની ભરતીની જેમ સદાકાળ ઊભરાતું રહો એવી વિનમ્ર હાર્દિક અભ્યર્થના.

**દ્વાદશ (૧૨) અભિગ્રહ :**

૧. જે સ્થાનમાં દેવદ્રવ્યનું ઋણ બાકી છે, એવી જાણ થયા પછી એ સ્થાનમાં ઊતરવું નહિ.

૨. સ્વપ્નાં ઘોડિયાં પારણાં આદિની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જમે ન કરે તે સ્થાનમાં ચાતુર્માસ ન કરવું અને શિષ્ય-પરિવારને ચાતુર્માસ કરવા માટે આજ્ઞા ન આપવી.

૩. મહિલા મંડળ પૂજા ભણાવવાનાં હોય તેવા મહોત્સવમાં જવું નહિ.

૪. વિ. સં. ૨૦૩૦ના મહાશુદિ ૫ દિને શ્રી પોપટલાલ હેમચંદ જૈનનગરના ઉપાશ્રયે પરમ પૂજ્યપાદ ગુરુદેવેશ આચાર્યપ્રવર શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સાહેબે ગોચરી સમયે માંડલીમાં બેઠા હતા ત્યારે આજ્ઞા કરેલ કે મારા કાળધર્મ પછી મારી દેહરી, ગુરુમન્દિર, ગુરુમૂર્તિ કે પગલાં આદિ કરવાં નહિ, તેમ જ ગુણાનુવાદ સભા કે જયન્તિ ઊજવવી નહિ. પરમ પૂજ્યપાદશ્રીજીની આજ્ઞા

અનુસાર એ તારક આજ્ઞાનું પ્રાણાન્તે પણ અખંડ પાલન કરીશ.

૫. બજારુ બેશન(ચણાના લોટ)માં માછલાના લોટનું મિશ્રણ, અને વનસ્પતિ ઘીમાં ચરબીનું મિશ્રણ કરાતું હોવાથી તે વસ્તુઓ તેમજ બજારુ વાસી માવો અભક્ષ્ય છે. મહોત્સવમાં કે સંઘમાં થતાં સાધર્મિક વાત્સલ્યાદિના જમણવારમાં તે અભક્ષ્ય વસ્તુઓનો ઉપયોગ કરતાં હોય તો તે મહોત્સવમાં કે સંઘમાં જવું નહિ.

૬. પરમાત્માની પૂજા કે પૂજનમાં બજારુ અભક્ષ્ય બેશન, માવો કે વનસ્પતિ ઘીથી બનેલ મિષ્ટાન્નો નૈવેદ્યરૂપે મૂકતા હોય તે પૂજા, પૂજન કે મહોત્સવમાં જવું નહિ.

૭. પશુ જેવી અનાર્યપદ્ધતિનું બુફે જમણવાર કરતાં હોય તે મહોત્સવમાં જવું નહિ.

૮. બરફનો ઉપયોગ કરતાં હોય તેવા મહોત્સવમાં જવું નહિ.

૯. દેવદેવીઓના પૂજનમાં જવું નહિ.

૧૦. ઔત્સર્ગિક માર્ગે ડોળીનો ઉપયોગ ન કરવો. ગાઢ અનિવાર્ય કારણે ડોળીનો ઉપયોગ કરવો પડે તેની જયણા.

૧૧. દીક્ષાર્થીના માનપત્ર અંગે યોજાતી સભામાં બેસવું નહિ. અને તેની વાર્ષિકદાનની રથયાત્રામાં જવું નહિ.

૧૨. દેવ, ગુરુ કે ધર્મની આજ્ઞાનો ભંગ કર્યો હોય, કરતા હોય કે કરવાની સંભાવના હોય તેવા મહોત્સવમાં જવું નહિ.

અધમાધમ પરમ પામર પાપાત્મા
**કલ્યાણસાગરની**
અનન્તાનન્તકોટાકોટિશઃ વન્દનશ્રેણિ.

શ્રી સીમન્ધરસ્વામિ જિનમન્દિર મહાતીર્થ, મહેસાણા.
શ્રી વીર સં. ૨૫૧૧, વૈશાખ શુદિ ૬, શુક્રવાર

卐

વિક્રમ સંવત ૨૦૪૧ ના જયેષ્ઠ વદિ ૩
બુધવાર, તા. ૫–૬–૧૯૮૫
આચાર્યપ્રવરશ્રી પદ્મસાગરસૂરિજી મહારાજ આદિ મુનિવરો.

પરમ પૂજ્યપાદશ્રીજીની પુણ્યસ્મૃતિમાં નિમ્નલિખિત નિયમો અચૂક પાળવા ઉદ્યમવંત રહો એવી હાર્દિક ભાવના.

(૧) આચાર્ય મહારાજ પ્રમુખ સર્વે મુનિવરોએ ગાઢ કારણ વિના ઉભયટંક માંડલીમાં પ્રતિક્રમણ કરવું.

(૨) સદાને માટે ઊનની ગરમ કાંબળીમાં સુતરાઉ અંતરપટ નાંખીને વાપરવી.

(૩) વર્ષમાં બે વાર લોચ કરાવવો.

(૪) ગાઢ કારણ વિના પાંચ તિથિ મુનિવરોએ એકાસણા કરવા. વિહાર આદિમાં કોઈક વેળાએ બિઆસણું કરવું પડે તો તેની જયણા.

(૫) સ્વપ્ન પારણાં આદિની બોલીનું સંપૂર્ણ દ્રવ્ય દેવદ્રવ્યમાં જમે કરે, તો જ તે ક્ષેત્રમાં ચોમાસું કરવું.

(૬) કોઈ પણ ગચ્છ કે મતની ગુરુમૂર્તિ કે પાદુકાની પ્રતિષ્ઠા કરવી-કરાવવી નહિ.

(૭) પોતાના જીવનના કોઈ પણ પ્રસંગની ઉજવણી ન કરવી, તેમ જ પોતાના જીવન અંગે કોઈ પણ ગ્રંથ આદિનું પ્રકાશન કરવું-કરાવવું નહિ.

(૮) અન્ન કઠોળ આદિની બનેલ બજારુ વસ્તુ કે કોબીજ, ફ્લાવર, ટામેટા આદિનું શાક ન વાપરવું.

(૯) અનંત મહાતારક શ્રી જિનશાસનની અપભ્રાજના અવહેલના થાય તેવી કોઈ પણ પ્રવૃત્તિ ન કરવી.

ઉપર્યુક્ત નવ નિયમોનું અકાટ્યપણે અચૂક પાલન કરી-કરાવી આત્માને ભાવિત કરીને પરમ પૂજ્યપાદશ્રીજીના આદર્શોને ઉજ્જવલ, પરમોજ્જવલ કરવાપૂર્વક આત્મકલ્યાણ સાધી પરંપરાએ શીઘ્રાતિશીઘ્ર મોક્ષપદ પામો એ જ હાર્દિક શુભ અભિલાષા.

**કલ્યાણસાગર**ના અનુવંદન

卐

## અવસર્પિણીકાળમાં તો અનંતાનંત પરમ ઉપકારકથી જ રાજ્યનીતિ પ્રવર્તે :

કોઈ પણ જીવનું અન્ય કોઈ પણ જીવથી અહિત કે અપરાધ થાય જ નહિ એવું પરમ સૌજન્ય જીવમાત્રના જીવનમાં તાણાવાણાની જેમ સાહજિક વણાયેલ રહેતું હોય, ત્યાં સુધી તો રાજ્યનીતિને અવકાશ ન જ હોય તે સ્વાભાવિક છે. ક્વચિત્ કોઈક જીવના સૌજન્યમાં કિંચિત્ નહિવત્ મોળાશ કે ઝાંખપ દેખાય તેના નહિવત્ કુપ્રભાવે ક્વચિત્ નહિવત્ અપરાધ થઈ જાય ત્યારે તો ઉદારમના પરમ સૌજન્યમૂર્તિ તે અપરાધ સામે સમજીને આંખ મીંચામણાં કરીને તે અપરાધને જતો કરશે. અર્થાત તે

અપરાધને સહી લેશે; પરન્તુ ઉત્તરોત્તર એક એકથી ચઢિયાતા અપરાધોની શૃંખલાબદ્ધપરંપરા સર્જાતી જાય, ત્યારે સૌજન્યમૂર્તિને નિરુપાયે તે અપરાધોથી સર્વાંગી રક્ષણ મેળવવા, અને તે અપરાધોનું પુનરાવર્તન ન થાય; અર્થાત્ પુનઃ તે કે તેના જેવા બીજા અપરાધોની આકરી શિક્ષાના વિના વાંકે ભોગ ન થવું પડે, તે માટે કોઈક પરમ આદર્શ મહાસમર્થ સંરક્ષક સૌજન્યમૂર્તિને શરણે જઈને તે પરમ મહાસમર્થને આજીવનના પરમ સંરક્ષક બનીને સંરક્ષણ આપવા પરમ વિનમ્ર વિનતિ કરવી અનિવાર્ય બને છે. તેમ કરવામાં ન આવે તો વિશ્વમાં ભયંકર અંધાધૂંધી અને અરાજકતા વ્યાપે.

પ્રત્યેક અવસર્પિણીના ત્રીજા આરાના પ્રાન્તભાગ પર્યન્ત, અર્થાત્ પૂર્વાનુક્રમે કંઈક ન્યૂન નવકોટાકોટિ સાગરોપમકાળ વ્યતીત થાય ત્યાં સુધી, અને પશ્ચાનુક્રમે સાધિક એકકોટાકોટિ સાગરોપમ જેટલો કાળ શેષ (બાકી) રહે ત્યાં સુધી તો દેવાધિષ્ઠિત કલ્પવૃક્ષો ફળવાથી સ્થાન, ખાન, પાન, વસ્ત્ર, પાત્ર, આભૂષણાદિ જીવનનિર્વાહની વસ્તુઓ કલ્પવૃક્ષો પાસેથી અનાયાસે મળતી હતી. ત્યાં સુધી તો પરસ્પર ઘર્ષણ કે વૈમનસ્યનું કોઈ કારણ ન હતું. અવસર્પિણી એટલે ઊતરતો કાળ. ઊતરતા કાળમાં તો

અનન્ત શુભ રસકસની નિરન્તર હાનિ, અને અશુભ રસ-કસની નિરંતર અભિવૃદ્ધિ થતી હોવાના કારણે કલ્પવૃક્ષાદિ ફલિત ન થવાથી પરસ્પર કંઈક વૈમનસ્ય અને ઘર્ષણના કારણે ઊંધા અશુભ શ્રીગણેશ મંડાયા હોય, તેવું વર્તાવા લાગ્યું. કાળક્રમે તો પરસ્પરના વૈમનસ્ય અને ઘર્ષણમાં વધારો થવાથી ઘણાની ઊંઘ હરામ થઈ ગઈ. ઘણાને આ વિકટ સમસ્યાએ ચિન્તિત બનાવી દીધા. આખરે યુગલિકો એકત્રિત થઈને એવા નિર્ણય ઉપર આવ્યા કે ભયંકર અંધાધૂંધી અને અરાજકતા વ્યાપી, વળે તે પહેલાં આપણુ સહુને નાથીને આપણુ સહુને નિયમબદ્ધ રાખે, તે માટે આપણા પરમ સંરક્ષકરૂપે આપણા માથે નાથ એટલે રાજા હોવા પરમ આવશ્યક છે. આપણા માથે નાથની સ્થાપના વિના આપણું ઠેકાણું પડે તેમ નથી. એવો નિર્ણય કરીને મુખ્ય મુખ્ય યુગલિકો એકત્રિત થઈને, ચરમ સીમાન્ત પરમ શ્રેષ્ઠતમ મહાવ્યુત્પન્નમતિનિધાન પરમ મહાપ્રજ્ઞેશ્વર દેવાધિદેવ શ્રી ઋષભકુમારજી પરમાત્મા પાસે જઈને બદ્ધાંજલિનતમસ્તકે પરમ સબહુમાન વંદન નમસ્કાર કરીને પરમ વિનમ્રભાવે વિજ્ઞપ્તિ કરી કે– "હે અનન્તકરુણાસાગર પરમ મહામહિમ્ન પ્રજ્ઞેશ્વર મહાપ્રભો ! આપ શ્રીમાન્ અમ જેવા પરમ પામર મહાઅજ્ઞ અને

નિરાધાર બાળજીવો ઉપર અનન્ત કરુણારૂપ મહાઉપકાર કરીને અમારા પરમ રક્ષણહાર રાજા થાઓ. અમે પરસ્પર કોઈ કોઈનોયે અપરાધ ન કરીએ; એવી હિતશિક્ષા આપવાપૂર્વક અમને અનુશાસિત રાખી, અમારું રક્ષણ કરવા કૃપા કરો. આપ શ્રીમાન્ અમારા ઉપર અનુગ્રહ કરવા પરમ કૃપા કરો." દેવાધિદેવશ્રીએ જણાવ્યું કે 'તમો સહુ પૂજ્યપિતાશ્રીજીને વિજ્ઞપ્તિ કરો.' યુગલિકોએ શ્રી નાભિકુળકરજી પાસે જઈને તેઓશ્રીને પરમ વિનમ્રભાવે વિજ્ઞપ્તિ કરતાં શ્રી નાભિકુળકરજીએ જણાવ્યું કે "શ્રીઋષભદેવજી રાજકુમાર તમારા રાજા હો." યુગલિકોએ પુનઃ શ્રી ઋષભદેવજી રાજકુમાર પાસે આવીને શ્રી નાભિકુળકરજીનો સંદેશ જણાવ્યો. એટલે શ્રી ઋષભદેવજીએ પૂજ્ય પિતાશ્રીજીની આજ્ઞા શિરોમાન્ય કરી રાજા થવાની સ્વીકૃતિ દર્શાવી. એટલે યુગલિકો હર્ષવિભોર બની પરમ પ્રસન્નચિત્તો રાજ્યાભિષેક કરવા માટે જળ લેવા ગયા.

એ જ સમયે શ્રી શક્રેન્દ્ર મહારાજાનું સિંહાસન ચલિત થતાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જાણ્યું, કે આ તો પ્રથમ તીર્થંકર પરમાત્માના રાજ્યાભિષેકનો પરમ સુઅવસર છે. એ પરમ સુઅવસર ઊજવવાનો લાભ લેવો એ મારું પરમ કર્તવ્ય છે. એમ જાણીને શ્રી શક્રેન્દ્ર

મહારાજા તત્કાળ દેવાધિદેવશ્રીની અનન્ત મહાતારક પુણ્ય-સેવામાં ઉપસ્થિત થઈ, અતિપવિત્ર સુગન્ધી જળથી દેવાધિદેવને અભિષેક કરી, અનેકવિધ દિવ્ય સુગન્ધી દ્રવ્યોથી દેવાધિદેવશ્રીના દિવ્ય શરીરને અર્ચિત કરી, પરમ ઉચ્ચતમ દિવ્ય વસ્ત્રો અને રત્નજડિત સુવર્ણહાર, મુદ્રિકા, મુગટાદિ અલંકારોથી વિભૂષિત કર્યા. પછી રત્નજડિત સુવર્ણમય રાજસિંહાસને વિરાજિત કરી, દેવાધિદેવશ્રીના ભાલપ્રદેશે રત્નનું રાજતિલક કર્યું. બન્ને બાજુ ચામર વીંઝવા લાગ્યા. એટલામાં યુગલિકો નિર્મળ પવિત્ર જળ લઈને આવ્યા. દેવાધિદેવશ્રીને રત્નજડિત સુવર્ણહાર મુગટાદિ અલંકારોથી વિભૂષિત અને ચામરોથી વીંઝાતા જોઈને પ્રભુજીનો અભિષેક ક્યાં કરવો ? એ પ્રમાણે વિચારતાં તેમને વિચાર સ્ફુર્યો કે પ્રભુજીના ચરણકમળમાં અભિષેક કરવો ઉચિત છે. એમ સમજીને વિનયપૂર્વક પ્રભુજીનાં ચરણોમાં અભિષેક કર્યો. યુગલિકોને વિનીત જાણીને શ્રી શક્રેન્દ્ર મહારાજે પોતાના પરિચારક દેવો દ્વારા સોનારૂપાના અતિભવ્ય રાજમહાલયો યુક્ત, સોનાના ગઢ અને રત્નના કાંગરાવાળી પ્રમાણાંગુલ એટલે પાંચસો (૫૦૦) ધનુષ્યની ઊંચી કાયાવાળા શ્રી આદીશ્વરજી પરમાત્માના આત્માંગુલના માપે બાર યોજન લાંબી અને

નવ યોજન પહોળી એટલે આધુનિક પ્રચલિત કિલોમીટરના માપે લગભગ ૮૬૪૦૦ કિલોમીટર લાંબી અને ૬૪૮૦૦ કિલોમીટર પહોળી 'શ્રી વિનીતા' નામે અતિભવ્ય અને દિવ્ય નગરી નિર્માણ કરાવી.

પરમ આદર્શ સુદૃઢ આર્યસંસ્કૃતિના અસ્તિત્વ વિના વિશ્વકલ્યાણકારક અર્થાત્ મોક્ષદાયક પરમ આદર્શ ધર્મસત્તાનું અસ્ખલિત ધારાબદ્ધપ્રવાહે પ્રવર્તવું શક્ય નથી. મહાજનોની સુસજ્જનતા અને ચિત્તપ્રસન્નતા અકબંધપણે જળવાયા વિના આર્યસંસ્કૃતિનું અસ્તિત્વ શક્ય નથી. મહાજનોની સુસજ્જતા અને ચિત્તપ્રસન્નતા અકબંધપણે ત્યારે જ જળવાય (રક્ષાય) કે જ્યારે મહાદુષ્ટ અને અતિક્રૂર કાતિલ ગુંડાઓ દ્વારા નિઃશંકપણે બેફામ રીતે આચરાતી અક્ષમ્ય મહાઅભિશાપરૂપ ગુંડાશાહીને નાથીને તેનું સર્વથા ઉન્મૂલન કરવું ત્યારે જ શક્ય બને કે જ્યારે જીવમાત્રનું આત્યન્તિક પરમહિત જેમને રોમેરોમ વસ્યું હોય; એટલું જ નહિ, પણ એ હિતનું રક્ષણ કરવા સદાસર્વદા તત્પર રહેનાર પ્રજાને પુત્રતુલ્ય માની તેનું પ્રતિનિધિત્વ ધારણ કરી નિઃસ્વાર્થપણે અને નિષ્કામભાવે રાજ્યધુરાને વહન કરવા પરમ સમર્થ એવા કોઈક પરમ પુણ્યવન્ત સુયોગ્ય રાજાની સ્થાપના કરવામાં આવે ત્યારે.

અનંત કરુણાનિધાન શ્રી આદીશ્વરજી પરમાત્મા પરમ મહાપ્રજ્ઞેશ્વર હોવાથી ચરમસીમાન્તના પરમ આદર્શ મહારાજનીતિજ્ઞ પણ જન્મથી જ હતા. એટલા માટે જ પરમતારક દેવાધિદેવે પ્રજાનું, પ્રજાની સ્થાવર જંગમ સંપત્તિનું, આર્યસંસ્કૃતિનું અને ભાવિકાળે જેની સ્થાપના કરવાની છે, તે ધર્મસત્તાને (ધર્મશાસનને) સ્થાપન કર્યા પછી તે ધર્મશાસનનું પણ સર્વાંગી રક્ષણ કરવું–કરાવવું, અને તે ધર્મશાસનને અવિરત અસ્ખલિત ધારાબદ્ધપ્રવાહે ચાલુ રાખવું–રખાવવું એ એક અનિવાર્ય પરમ આવશ્યક કર્તવ્ય છે. એવા પરમ કલ્યાણકારી શુભ આશયથી યુગલિકો દ્વારા બહુમાનપૂર્વક પરમ વિનમ્રભાવે અત્યાગ્રહપૂર્ણ કરાયેલ વિનતિથી તેમજ પિતાશ્રી નાભિકુળકરજી મહારાજની આજ્ઞાશિરોમાન્ય કરીને જીવમાત્રના એકાંતે પરમ હિતાર્થે પ્રજાની સ્થાવર સંપત્તિરૂપ દક્ષિણાર્ધ ભરતક્ષેત્રનો ભૂમિપ્રદેશ, અને જંગમ સંપત્તિરૂપ ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર, આભૂષણ, વાહન તેમ જ પશુ આદિનું પૂર્ણ રક્ષણ કરવા–કરાવવા માટે પ્રજાના પ્રતિનિધિરૂપે મેરુ પર્વત જેવી મહાભગીરથ કર્તવ્યતા સહજભાવે સ્વીકારીને, રાજ્યધુરાને વહન કરીને તેનો પ્રવાહ ચાલુ રાખવા માટે પરમ પિતામહ શ્રી ઋષભદેવસ્વામીજીએ પ્રથમ રાજા થઈને વિશ્વ ઉપર અકલ્પ્ય અનંત મહાઉપકાર કરેલ છે.

રાજાધિરાજરાજેશ્વર પરમ પિતામહ શ્રી ઋષભદેવ-સ્વામીજી મહારાજે રાજ્યધુરા વહન કરીને પરમ સુકુલીન પરમ સુવિનીત સુપુત્ર શ્રી ભરતજી બાહુબલિજી પ્રમુખ પરમ પુણ્યવંત સુપુત્ર–પૌત્રાદિને પુરુષની બ્હોંતેર (૭૨) કળાની પૂર્ણપરાકાષ્ઠાએ તલસ્પર્શી હિતશિક્ષા આપી. એ જ રીતે પરમ સુકુલીન બાળબ્રહ્મચારિણી શ્રી બ્રાહ્મીજી સુન્દરીજી પ્રમુખ મહાસતી સુપુત્રીઓને સ્ત્રીની ચોસઠ (૬૪) કળાની તલસ્પર્શી હિતશિક્ષા આપી. પુરુષની બ્હોંતેર (૭૨) કળામાં તંત્રસંચાલન અને વાણિજ્ય–વ્યવસાયાદિનો પણ સમાવેશ થાય છે. પુરુષોની બ્હોંતેર (૭૨) કળા, સ્ત્રીઓની ચોસઠ (૬૪) કળા સાથે દૈનિક જીવનના નિર્વાહ અને વ્યવહારમાં જેની આત્યન્તિક નિતાન્ત આવશ્યકતા છે, એવી કુમ્ભકાર, લોહ-કાર આદિ એકસો (૧૦૦) શિલ્પકળા આદિની હિતશિક્ષા આપી. અર્થાત્ અસિ મષિ કૃષિ અંગે હિતશિક્ષા આપી.

રાજ્યારૂઢ થયેલ રાજા જાણે–અજાણે પણ રાજનીતિથી વિપરીત વર્તન કરીને કોઈનુંય અહિત ન કરે, તેમજ રાજા વૈભવ–વિલાસ આદિ રંગરાગમાં રત બની રાજ્યના તન્ત્ર-સંચાલનમાં દુર્લક્ષ ન સેવે, તેમ જ પ્રજાજનો રાજનીતિની ઉપેક્ષા કરીને નાના મોટા અપરાધો ન કરે તે રીતે તેમને અનુશાસિત રાખવામાં રાજા ક્યાંય ઉપેક્ષા, ક્ષતિ કે સ્ખલના

ન કરે, તે માટે રાજાને, રાજસત્તાને અને પ્રજાજનોને અનાદિકાળથી ધર્મશાસનના આધિપત્ય નીચે જ રહેવાની શાસ્ત્ર આજ્ઞા છે. અનન્તાનન્ત પરમ ઉપકારક તીર્થંકર પરમાત્માઓ અનાદિકાળથી આવી પરમ હિતકર આજ્ઞાની હિતશિક્ષા આપીને આપણા સહુ ઉપર અનન્ત મહાઉપકાર કરતા જ આવ્યા છે.

અનન્તાનન્ત પરમ ઉપકારક પરમ તારક શ્રી તીર્થંકર પરમાત્મોપદિષ્ટ આજ્ઞા અનુસાર રાજસત્તાએ ધર્મશાસનના અનુશાસનથી સોએ સો ટકા અનુશાસિત રહેવું એ રાજા અને પ્રજા એમ ઉભયને માટે પરમ હિતાવહ હોવાથી જ રાજસત્તાએ ધર્મશાસનથી અનુશાસિત રહેવું પરમ અનિવાર્ય છે. રાજાઓ અને રાજસત્તાઓ પણ ધર્મશાસનથી અનુ-શાસિત રહેવામાં પોતાનું પ્રેયઃ અને શ્રેયઃ માને છે. તથાપિ રાજા, રાજ્યસત્તા અને પ્રજા ધર્મશાસનથી સોએ સો ટકા અનુશાસિત રહે છે, કે ધર્મશાસનની ઉપેક્ષા કે દુર્લક્ષ્ય સેવીને મનસ્વી રીતે સ્વચ્છંદાચારીપણે વર્તે છે, તેના તલસ્પર્શી નિરીક્ષણ માટે ધર્મશાસનના પ્રતિનિધિરૂપે રાજ-સભામાં 'રાજગુરુ'નું સ્થાન અનાદિકાળથી પ્રસ્થાપિત છે, તે અક્ષરશઃ સનાતન પરમ સત્ય છે.

પ્રજાકીય દૈનિક જીવનચર્યા, સ્વાજનિક, કૌટુમ્બિક, પારિવારિક તેમજ વ્યાવહારિક નીતિનિયમો, રીત-રિવાજો તથા પરંપરાગત આનુવંશિક વાણિજ્ય-વ્યવસાયો આદિના પ્રજાકીય અધિકારો અનાદિકાલીન અબાધિત અધિકારો છે. તે અબાધિત અધિકારોમાં રાજા કે રાજસત્તા સ્વપ્નમાં પણ ક્યાંય હસ્તક્ષેપ કરવાનો વિચાર સુધ્ધાં ન કરી શકે. એ ઉપરથી ફલિત થાય છે કે, રાજા કે રાજ્યસત્તાને વાણિજ્ય-વ્યવસાય આદિ ઉપર કર નાખવાનો કોઈ અધિકાર નથી. તેમજ વાણિજ્ય-વ્યવસાય કરવાનોય કોઈ અધિકાર નથી. પ્રજાકીય ઉપર્યુક્ત અબાધિત અધિકારોને રાજા અને રાજ્યસત્તા અબાધિત રાખીને તેને પૂરેપૂરું રક્ષણ આપે છે, કે તેના પ્રત્યે ઉપેક્ષા કે દુર્લક્ષ્ય સેવે છે, તેના પૂર્ણ નિરીક્ષણ માટે "મહાજન-પ્રધાન પ્રજાના પ્રતિનિધિરૂપે પ્રજાના પરમ હિતચિન્તક નગરશેઠનું" સ્થાન પણ રાજસભામાં અનાદિકાળથી પ્રસ્થાપિત છે.

રાજા કે રાજયસત્તા એ અબાધિત અધિકારમાં હસ્તક્ષેપ કરવાનો બાલિશ વિચાર કરે, કે દુર્લક્ષ્ય સેવે તો પ્રજાહિતચિન્તક વાત્સલ્ય અને સૌજન્યમૂર્તિ નગરશેઠ ધર્મશાસન-પ્રતિનિધિ રાજગુરુને, પ્રજાહિતરક્ષક રાજ્યમંત્રીને અને રાજ્યરક્ષક સેનાનાયકને જાણ કરીને તેમના દ્વારા રાજા અને

રાજસત્તા ઉપર જોરદાર દબાણ લાવીને તેમણે કરેલ બાલિશ વિચાર પાછો ખેંચાવે છે, એટલું જ નહીં; પણ ભવિષ્યમાં પણ 'એવી કોઈ અનધિકાર બાલિશ ચેષ્ટા કરવાનો વિચાર સુધ્ધાં નહિ કરું' એ પ્રમાણે રાજા અને રાજસત્તા પાસે વચન લઈને તેમને પ્રતિજ્ઞાબદ્ધ કરવામાં આવે છે. પ્રતિજ્ઞાબદ્ધ રાજા અને રાજસત્તાને પ્રતિજ્ઞાપાલનમાં કટિબદ્ધ રહેવા તેઓ સદા સજાગ રાખતા હતા.

આ અવસર્પિણીમાં સાધિક એક કોટાકોટિ સાગરોપમ જેટલા દીર્ઘકાળથી ધર્માનુશાસનનો એકધારો ચાલ્યો આવતો સનાતન શાશ્વત ક્રમ અણિશુદ્ધ અખંડપણે સચવાતો આવ્યો છે. એ અબાધિત સનાતન સત્ય જ આપણા કાનમાં ઉઘાડી ચાડી ખાઈને પૂર્ણ સમર્થન કરે છે, કે અનાદિકાળથી વિશ્વમાં પરમ ઉચ્ચતમ સર્વોપરી શિખર સ્થાને પ્રસ્થાપિત રહેવાનો ત્રિકાલાબાધિત શાશ્વત અધિકાર એક માત્ર વિશ્વ પરમ કલ્યાણકર ધર્મસત્તાને જ છે; કારણ કે મોક્ષપ્રાપ્તિની યોગ્યતા ધરાવનાર જીવાત્માઓનું આત્યન્તિક (સંપૂર્ણ) કલ્યાણ કરાવીને તે જીવાત્માઓને મોક્ષપદ પ્રાપ્ત કરાવવાનું અનન્ત મહાસામર્થ્ય એક માત્ર ધર્મસત્તા જ ધરાવે છે. એટલા જ માટે અનન્ત મહાજ્ઞાની સર્વજ્ઞ ભગવન્તો 'ધર્મસત્તા'ને અનાદિકાળથી વિશ્વ પરમ કલ્યાણ-

કરરૂપે સંબોધન કરતા આવ્યા છે, તે અક્ષરશઃ સત્ય છે. એ જ કારણથી "ધર્મસત્તા"ને અનાદિકાળથી સર્વોપરી પરમ ઉચ્ચતમ શિખરસ્થાને પ્રસ્થાપિત રહેવાનો ત્રિકાલાબાધિત અધિકાર છે, એ સનાતન સત્ય પ્રત્યે ચેડાં, હસ્તક્ષેપ, વાદવિવાદ કે વિતંડાવાદ કરવાનો અધિકાર જીવતાજાગતા તો કોઈનેય નથી, પણ સ્વપ્ન કે મૂર્ચ્છિત અવસ્થામાં પણ અનાદિકાલીન એ સનાતન સત્યનું મનથી પણ અહિત વિચારવાનોય કોઈને અધિકાર નથી જ. તથાપિ તીવ્રતમ મિથ્યાત્વાદિ મહામોહથી મૂર્ચ્છિત અને અજ્ઞાન-અંધકારથી અંધ બનેલ છઠ્ઠા પોપ એલેકઝાંડરે આજથી લગભગ પાંચસો (૫૦૦) વર્ષ પહેલાં એટલે ઈ. સ. ૧૪૯૨ની આસપાસ એક બૂલ એટલે ઘોષણારૂપ નિવેદનપત્ર બહાર પાડીને હલાહલ વિષ કરતાંય ભયંકર મહાકાતિલ વિષતુલ્ય શતપ્રતિશત મહા-અભિશાપરૂપ પરમ મહાઅસત્ય વિષનું શ્વેત પાશ્ચાત્યોને આકંઠ પાન કરાવીને પરમ પિતામહ શ્રી આદીશ્વરજી પરમાત્મસંસ્થાપિત (ધર્મસંસ્કૃતિની મા ભોમકા અને પ્રાણ-સમા) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – એ ચારેય પુરુષાર્થને પરસ્પર અબાધક હોવાથી ચાર પુરુષાર્થમય અને પરમ અહિંસકપણાનો આદર્શ જેના મૂળમાં છે તેવી પ્રાચીનતમ પરમ અહિંસક આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિનો સર્વનાશ

કરીને ઈસુ ખ્રિસ્તના ધર્મને વિશ્વવ્યાપક એક ધર્મ બનાવવાનો ઉદ્દેશ સદા દૃષ્ટિપથ ઉપર રાખીને ભાવિકાળે ચાર પુરુષાર્થમય અહિંસક આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિ ઉપર એક પછી એક મરણતોલ આકરા ફટકા કેમ મારવા તે અંગેની અતિ ઊંડી છતાં ઊંધી સમજ છઠ્ઠા પોપે કઈ રીતે આપી તે અંગે કંઈક વિચારીએ.

ધી લીગલ રાઈટ્સ ઓફ ઇન્ડિયન સ્ટેઇટ્સ એન્ડ ધેર સબજેક્ટસ" પત્રાંક ૩૬ ઉપર આર. કે. રણદીવે, એમ.એ. (બૉમ્બે) જણાવે છે કે :–

In 1942 America was discovered and next year Pope Alexander VI issued his famous inter cetere Bull distribution the lands and seas out side Europe equally between Portugal and Spain.

ઇસિવીસન ૧૯૪૨માં અમેરિકા શોધાયો, તેના બીજા વર્ષે જ પોપ એલેક્ઝાંડર છઠ્ઠાએ પોર્ટુગલ અને સ્પેનની વચ્ચે યુરોપના બહારના પ્રદેશો અને સાગરોની સમાન ભાગે વહેંચણી કરી આપતું એક બૂલ (નિવેદન) બહાર પાડ્યું હતું. આ બૂલમાં યુરોપનાં ખ્રિસ્તી રાષ્ટ્રોને અને શ્વેત પ્રજાને બાકાત રાખવામાં આવી છે, તે હેતુપૂર્વક છે– વર્તમાન દૃશ્ય વિશ્વ ઉપર યુરોપીય ખ્રિસ્તી રાષ્ટ્રીય

પ્રજાનું સાર્વભૌમત્વ ન હોવા છતાં બળાત્કારે શ્વેતપ્રજાનું સાર્વભૌમત્વ પ્રસ્થાપિત કરવું તે.

છઠ્ઠા પોપ એલેક્ઝાંડરે ફતવો બહાર પાડીને પોર્ટુગલ અને સ્પેન વચ્ચે યુરોપના પ્રદેશો બાકાત રાખીને વર્તમાન દૃશ્ય વિશ્વના પ્રદેશો અને સમુદ્રોની સમાન ભાગે વહેંચણી કરી તે પ્રમાણે આફ્રિકાની પશ્ચિમનો પ્રદેશ સ્પેનના આધિપત્યમાં, એની પૂર્વનો પ્રદેશ પોર્ટુગલના આધિપત્યમાં પ્રસ્થાપિત કરીને પરમ પિતામહશ્રી આદીશ્વરજી પરમાત્મ–સંસ્થાપિત અને સંવાહિત ચાર પુરુષાર્થમય પરમ અહિંસક આર્યસંસ્કૃતિનો અને ધર્મસંસ્કૃતિનો અક્ષમ્ય ઘોર દ્રોહ કરેલ છે.

સમાનભાગે વહેંચાયેલ વિશ્વ ઉપર એક માત્ર શ્વેત પ્રજાનો જ સાર્વભૌમત્વનો સર્વાધિકાર અનાયાસે પ્રસ્થાપિત થઈ જાય છે; અર્થાત્ ભૂમિ, નદી, નાળાં, સમુદ્રો, પર્વતો, પહાડો, સ્થાવર જંગમ સંપત્તિ, કૃષિ, ખેતી, વ્યાપાર, વ્યવસાય, વાણિજ્ય, બાગબગીચા, ઉદ્યાનો, ક્રીડા, પશુ, પક્ષીઓ, માછલાં, માનવો, ખેચર, ભૂચર, જળચર, સ્થળચર આદિ ચરાચર વિશ્વ ઉપર સાર્વભૌમત્વનો અનાયાસે મળતો સર્વાધિકાર કોણ જતો કરે ? કોઈ જ જતો ન કરે. તો પછી મહાગૂઢ, મહાદમ્ભી, સત્તાલોલુપી યુરોપીય રાષ્ટ્રો

જતો કરે ખરાં ? ન જ કરે. સાર્વભૌમત્વના સર્વાધિકારની મધલાળે સમસ્ત યુરોપીય રાષ્ટ્રો સ્પેન અને પોર્ટુગલે સાથે મળીને ચાર પુરુષાર્થમય પરમ અહિંસક આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિના સર્વનાશ માટે તેના મૂળમાં કેવી કેવી કાતિલ સુરંગો ચાંપી તે અંગે કંઈક વિચારીએ.

ઇતિહાસ, ભૂગોળ અને જેમાં પોતાનું સો ટકા હિત સધાતું રહેવા છતાં મહદંશે કોઈનાય લક્ષમાં ન આવે તેવી શ્વેત પાશ્ચાત્યો દ્વારા સંસ્થાપિત શાળાઓમાં આપણુ સહુને આજ દિન પર્યન્ત એમ જ સમજાવવામાં આવી રહ્યું છે, કે ઈ. સ. ૧૪૯૨માં કોલંબસે અમેરિકાખંડ શોધી કાઢ્યો છે, પરંતુ એ વિધાન સત્યથી તદ્દન વેગળું અને વાહિયાત છે. વાસ્તવિક રીતે તો સ્પેન રાજ્યે નવાં સંસ્થાનો શોધવા માટે જ કોલંબસને બે વાર મોકલાવ્યો હતો; પરંતુ બે વારમાંથી એકે વાર કોલંબસ અમેરિકા પહોંચ્યો ન હતો. ઇસ્ટ ઈંડીઝ અને ટ્રીનીડાડથી જ કોલંબસ પાછો ફર્યો હતો.

ઠેઠ અમેરિકા પહોંચ્યો હતો **ઇટાલિયન એમરિગો,** અને તેના નામથી એ પ્રદેશનું નામ **અમેરિકા** પડયું છે. મહાદામ્ભિક શ્વેત પાશ્ચાત્યોની એ જ સત્યનિષ્ઠા ને ? છે એમાં ક્યાંય સત્યની ગંધ સુધ્ધાં ?

## વીરપ્રસૂ રત્નગર્ભા પરમ પવિત્ર પુણ્યધરા :

ભારતવર્ષીય પરમ પવિત્ર પુણ્યધરા એ તો પ્રાણિમાત્રને મહાઆશીર્વાદરૂપ સંત અને મહંત મહારત્નોને સહજપણે પેદા કરતી અમૂલ્ય ખાણુ હોવાથી ભારતવર્ષીય ભૂમિને પરમ પવિત્ર પુણ્યધરા એ પ્રમાણે બિરદાવવામાં (નવાજવામાં) આવે છે, તે શતપ્રતિશત યથાર્થ અને ઉચિત જ છે.

એ વીરપ્રસૂ રત્નગર્ભા પરમ પવિત્ર પુણ્યધરા ઉપર આજથી લગભગ એક હજાર વર્ષ પહેલાં પ્રૌઢપ્રતાપી અને મહાપરાક્રમી રાજાધિરાજ શ્રી પૃથ્વીરાજસિંહજી ચૌહાણનું એકચક્રી સામ્રાજ્ય તપતું હતું. તે સમયે એ વીરપ્રસૂ રત્નગર્ભા પુણ્યધરા ઉપર હીરા, પન્ના, માણેક, મોતી, પ્રવાળ, શંખ આદિ રત્નો અને સોનું–રૂપું આદિ ધનસંપત્તિ સાગરની વેલા(મોજા)ની જેમ ઊભરાતી હતી. અતિસમૃદ્ધરૂપે ભારતની કીર્તિ અને ખ્યાતિ દિગંતવ્યાપી તો હતી જ, તેમાં વળી ભારતવર્ષીય અમાપ અને અખૂટ ખનિજ આદિ સંપત્તિનો વાણિજ્ય (વ્યવસાય) મુખ્યત્વે ભારતવર્ષીય પડોશી રાષ્ટ્રો – જેવાં કે ઈરાન, ઈરાક અને અરબસ્તાન જેવાં યવનરાષ્ટ્રો સાથે થતો હતો. તે કારણે યવન વેપારીઓ ભારતમાં આવતા હતા. તે વેપારીઓ પોતાના દેશમાં

જઈને ભારતવર્ષીય ઊભરાતી ધનસંપત્તિની વાતો ત્યાંના શાસકોને કરતા હતા. તેથી તે દેશના કેટલાક ખૂંખાર યવન શાસકોએ અમાપ ધનસંપત્તિને લૂંટીને ઘરવગી કરવા માટે ભારત વર્ષ ઉપર આક્રમણ કર્યાં. તેમાં અલ્લાઉદ્દીન ખીલજી, શાહબુદ્દીન ઘોરી, મહમ્મદ ગીઝની આદિ મુખ્ય હતા, એમ ઇતિહાસ બોલે છે

## મહારાજનીતિજ્ઞને પણ...શિથિલ બનાવ્યા :

ખૂંખાર આક્રમક અલ્લાઉદ્દીન ખીલજીએ સત્તર વાર ભારતવર્ષ ઉપર આક્રમણ કરેલ, પણ મહાપરાક્રમી રાજરાજેશ્વર શ્રી પૃથ્વીરાજસિંહજી ચૌહાણે સત્તરે વાર અલ્લાઉદ્દીન ખીલજીને મારી હઠાવીને આક્રમણને પાછું ખાળ્યું હતું. ત્યાર પછી શ્રી પૃથ્વીરાજસિંહજીએ કનોજપતિ શ્રી જયચંદ્રજી રાઠોડની સુપુત્રી સંયુક્તા પ્રત્યે મોહિત બની, તેનું અપહરણ કરી, અંતઃપુરમાં લાવીને તેને પટ્ટસમ્રાજ્ઞી બનાવી. શ્રીમતી સંયુક્તાજી પ્રત્યે રાજરાજેશ્વર શ્રી પૃથ્વીરાજસિંહજીનો મોહનો અતિરેક પ્રલયકાળના વાયુની જેમ અવિરત ગતિએ આગળ ધપતો જ ગયો. શ્રીમતી સંયુક્તાજી પ્રત્યેના તીવ્ર વિષયાનુરાગે રાજરાજેશ્વર જેવા મહાપરાક્રમી અને મહારાજનીતિજ્ઞને પણ રાજ્યધુરા વહન કરવામાં અર્થાત્ રાજ્યતંત્રના સંચાલનમાં શિથિલ બનાવ્યા.

સંસારી પક્ષે કનોજપતિ શ્રી જયચંદ્રજી રાઠોડ ચૌહાણગોત્રીય રાજરાજેશ્વરજીના મોટા માસિયાઈ ભાઈ હોવા છતાં શ્રી રાજરાજેશ્વરજી મહાપરાક્રમી અને અતિચકોર મહારાજનીતિજ્ઞ હોવાના કારણે નાનાજીએ પોતાનું વિશાળ રાજ્ય નાની પુત્રીના સુપુત્ર દૌહિત્ર રાજરાજેશ્વર શ્રી પૃથ્વીરાજસિંહજી ચૌહાણને આપ્યું. તેના કારણે મોટા માસિયાઈ ભાઈ શ્રી જયચંદ્રજી રાઠોડને નાના માસિયાઈ ભાઈ શ્રી પૃથ્વીરાજસિંહજી ચૌહાણ પ્રત્યે પ્રથમથી જ તેજોદ્વેષરૂપ ભારેલો અગ્નિ તો હૈયામાં હતો જ; અને એમાં સંયુક્તાજી સુપુત્રીના અપહરણને કારણે તો શ્રી કનોજપતિ માટે બળતામાં ઘી હોમવા જેવું થયું. કનોજપતિએ શ્રી ચૌહાણજી સામે યુદ્ધ પોકાર્યું. પણ શ્રી રાજરાજેશ્વરજી અતિચકોર અને મહાપરાક્રમી હોવાના કારણે કનોજપતિનો પરાજય થયો.

ભારેલા અગ્નિ જેવા તેજોદ્વેષના અંતસ્તાપથી નિરંતર દહન થતા હૈયાને ઠારવા માટે કનોજપતિ શ્રી જયચંદ્રજી રાઠોડે અલ્લાઉદ્દીન ખીલજીની સાથે ભળી જઈને અઢારમી વાર દિલ્હી ઉપર આક્રમણ કરાવ્યું. શ્રીમતી સંયુક્તા પટ્ટરાજ્ઞી પ્રત્યે અતિવિષયાસક્ત રહેવાના કારણે રાજ્યતંત્રના સંચાલનમાં અને સેનામાં શિથિલતા આવવાથી આ વેળા

રાજરાજેશ્વરનો અક્ષમ્ય ઘોર પરાજય થયો. તે દિવસથી ભારતવર્ષ, ભારતીય પ્રજા ચાર પુરુષાર્થમય મહા-અહિંસક-મૂલક જીવન-પ્રથારૂપ આર્યસંસ્કૃતિ અને પ્રાણિમાત્રની એકાંતે પરમ હિતચિંતક, પરમ હિતસંરક્ષક તેમજ પરમ હિત-સંવર્ધક ધર્મસંસ્કૃતિ ઉપર કંઈક અંશે આપત્તિના અક્ષમ્ય ઓળા ઊતર્યા. રાજરાજેશ્વરને જીવતા પકડીને કારાગૃહમાં પૂર્યા, તે દિવસથી ભારતવર્ષ ઉપર યવનશાસકોનું શાસન પ્રવર્તવાથી ભારતવર્ષ અને ભારતીય આર્યપ્રજા પરાધીનતાની કઠોર જંજીરમાં જકડાઈ ગઈ. તે વાતને આજે લગભગ હજાર વર્ષ થવા આવ્યાં.

## યવન-શાસન અને ગોરાઓનો પગપેસારો :

ત્યાર પછી ઘોરીવંશીય, ખેગડાવંશીય, ગુલામવંશીય, તઘલખવંશીય આદિ અનેક યવનશાસકો ખૂંખાર યુદ્ધ કરીને ભારતીય પુણ્યધરાને પરાધીનતાની કાતિલ જંજીરથી જકડતા ગયા. ત્યાર પછી મોગલ-વંશીય બાબરે ખૂંખાર આક્રમક બનીને ભારતવર્ષ ઉપર આક્રમણ કર્યું. તે સમયે મેવાડની ખમીરવંત પુણ્યધરા ઉપર શ્રી ભરત ચક્રવર્તી મહારાજાની પરમ વિશુદ્ધ જાતિકુળવાળી પવિત્ર કુલીન પરંપરામાં થયેલ રાજાધિરાજરાજેશ્વર શ્રી સંગ્રામસિંહજી રાણાજીનું સામ્રાજ્ય તપતું હતું. રાણાજી મહાપ્રૌઢપ્રતાપી

અતિ શૌર્યવાન્ મહાતેજસ્વી રાજા હતા. બાબરની સામે અતિ શૌર્યતાથી લડ્યા. પરંતુ ભારતવર્ષમાં પગપેસારો કરી ચૂકેલા મહાદમ્ભી કુટિલ શ્વેત પાશ્ચાત્યોએ બાબરને યાંત્રિક તોપોની દેખાવ પૂરતી સહાયતા કરીને, તે તોપોના કાતિલ મારાથી રાણાજીની સેનાની પારાવાર ખુવારી કરાવી. પરિણામે રાણાજીનો પરાજય થયો. એ રીતે પાંચ શતાબ્દી (૫૦૦ વર્ષ) પર્યન્ત યવનશાસકોએ ભારતવર્ષ ઉપર શાસન કર્યું. હવે શ્વેત પાશ્ચાત્યો ભારતવર્ષની પુણ્યધરા ઉપર ક્યારે આવ્યા? અને તેમણે શાં શાં પાખંડો કર્યાં તે અંગે કંઈક વિચારીએ.

તીવ્રતમ મિથ્યાત્વમોહનીય-મદ્યપાનથી અતિગાઢ વ્યામોહિત કુમતિવાળા છઠ્ઠા પોપ એલેક્ઝાંડરને પૂછો કે તમે માત્ર તમારી અનુયાયી શ્વેત પ્રજાનાં હિત અને લાભ લક્ષમાં રાખી, માત્ર સ્વાર્થાન્ધ અને ધર્માન્ધ બનીને વર્તમાન દૃશ્ય વિશ્વને કાલ્પનિક રીતે બે વિભાગમાં વહેંચીને વિશ્વનો પૂર્વીય વિભાગ પોર્ટુગલને અને વિશ્વનો પશ્ચિમીય વિભાગ સ્પેનને આપ્યો, ત્યારથી શ્વેત યુરોપિયન પ્રજા એવી માન્યતા ધરાવતી થઈ ગઈ કે જડ-ચેતન, સજીવ-નિર્જીવ, દૃશ્ય-અદૃશ્ય પદાર્થ-સભર આ વિશ્વ આપણું જ છે. માટે આપણાં હિત-લાભ અને ભલાને માટે સજીવ કે નિર્જીવ

પદાર્થને જિવાડવો, મારવો કે જે રીતે જે ઉપયોગ કરવો હોય તે ઉપયોગ કરવાનો આપણો અબાધિત અધિકાર છે.

**ભીંડામાર છઠ્ઠા પોપ :**

ભીંડામાર છઠ્ઠા પોપને પૂછો તો ખરા, કે વિશ્વ તમારું કે તમારા બાપનું હતું જ ક્યારે, કે જે તમે તમારા પરમ અનુયાયીઓને વહેંચી આપ્યું ? તે અંગે છે કોઈ તમારી પાસે શાસ્ત્રીય પુરાવો ? જો છઠ્ઠા પોપે એમ કહ્યું હોય કે આખું વિશ્વ ઈસુ ખ્રિસ્તનું છે, તો ઈસુ ખ્રિસ્ત તે વળી કઈ વાડીનો મૂળો ? ઓલી અવિવાહિત કુંવારી મેરીના પેટે અવતરેલ એ જ ઈસુ ને ? કુંવારી અવસ્થામાં પરપુરુષની કાયાથી દૈહિક સુખ માણવું એ નૈતિક અને ધાર્મિક દૃષ્ટિએ તો અક્ષમ્ય મહાપાપ અને મહાકલંકરૂપ છે જ, પણ લૌકિક અને વ્યાવહારિક દૃષ્ટિએ પણ અક્ષમ્ય મહાપાપ અને મહા-કલંકરૂપ છે. તેનો કોઈ પ્રતિકાર કે નિષેધ કરી શકે તેમ નથી. એવું અક્ષમ્ય ગોઝારું મહાપાપ કરનાર મહાકલંકિતા, નધણિયાતી માતાના પેટે સંતાનરૂપે અવતરવું એ પુત્ર માટે પણ કેટલું ભયંકર મહાકલંક અને લજ્જાસ્પદ ગણાય ? એવા ન-બાપ કુળહીન પુત્રને ભગવાનરૂપે માનનાર અનુ-યાયી વર્ગને ડાહ્યો, શાણો અને સમજુ કહેવો કે મૂર્ખ-

શિરોમણિ કહેવો ? તેનો નિર્ણય કરવાનું કાર્ય સુજ્ઞ વાચકવર્ગ ઉપર છોડું; એ જ મારા માટે ડહાપણભર્યું અને હિતાવહ ગણાય, એવું મારું મંતવ્ય છે. અસ્તુ.

## ગુંડાશાહી આચરે તેવા ભણકારા...

સમસ્ત વિશ્વ અમારું છે એવો અધિકાર પ્રસ્થાપિત કરવાનો શાશ્વત અધિકાર એકમાત્ર તેને જ હોઈ શકે, કે જ્યારે વિશ્વમાં રાજનીતિ તેમજ અસિ–મસિ અને કૃષિની વ્યવસ્થાનો કોઈ પ્રબંધ ન હોવાના કારણે માથાભારે તત્ત્વો માથું ઊંચકીને ગુંડાશાહી આચરે તેવા ઊંધા શ્રીગણેશ મંડાણના ભણકારા વર્તાતા હોય. સમસ્ત વિશ્વમાં અક્ષમ્ય અંધાધૂંધીના ભયંકર ઓળા ઊતરે તેવો ભય જણાતો હોય, તેવી પરિસ્થિતિમાં સમસ્ત જનસમુદાયના જીવ પડીકે બંધાય તે તો સહજ છે. એવી બિકટ પરિસ્થિતિનાં પગરણ મંડાય અને તે પૂર્ણ પરાકાષ્ઠાએ પહોંચે તે પહેલાં રાજનીતિ તેમજ અસિ–મસિ–કૃષિ આદિનું પ્રવર્તન કરવું પરમ અનિવાર્ય હોવા છતાં, તેની સમજ તો શું; તેની ગંધ સુદ્ધાં કોઈને ન હોય, તેવા સંજોગોમાં પણ અંશમાત્ર ગભરાટ કે ખળભળાટ વિના પરમ પ્રસન્નચિત્તે પોતાના આત્મામાં સહજપણે વિકસેલ મહાઆશીર્વાદરૂપ, અમાપ અને અગાધ

બુદ્ધિપૂર્વકના મહાવિજ્ઞાનના અતુલ બળથી વિશ્વના પરમ હિતાર્થે રાજનીતિનું પ્રવર્તન, અસિ–મસિ–કૃષિ અને કુંભ–લોહ–શિલ્પાદિ સો (૧૦૦) કળા તેમજ અંતમાં ધર્મ-કળા પ્રવર્તનનું અતુલ સામર્થ્ય ધરાવે; એટલું જ નહિ, પણ રાજનીતિ આદિનું પ્રવર્તન કરી તેના દ્વારા જનસમુદાયને નિયમબદ્ધ કરીને, આર્યસંસ્કૃતિમાં અચળ સ્થિર કરીને અંતમાં જીવમાત્રને એકાંતે પરમ હિતકર ધર્મશાસન પ્રવર્તાવે, તેને જ ઉપર્યુક્ત અધિકાર પ્રસ્થાપિત કરવાનો હક્ક છે.

**હક્કનો હડકવા :**

ઉક્ત નક્કર સત્ય વ્યાખ્યા પ્રમાણે રાજનીતિ, અસિ મસિ કૃષિ આદિનું પ્રવર્તન કરી અન્તમાં ધર્મશાસનની સ્થાપના અને તેનો પ્રવાહ ચાલુ રાખી તીર્થંકર પરમાત્માએ સમસ્ત વિશ્વ ઉપર અમાપ ઉપકાર કરેલ હોવાથી, સમસ્ત વિશ્વ અમારું છે એવો અધિકાર પ્રસ્થાપિત કરવાનો દાવો તો એકમાત્ર તીર્થંકર પરમાત્મા જ કરી શકે. તથાપિ દેવાધિદેવ તીર્થંકર પરમાત્માને હક્કનો હડકવા ઊપડતો નથી. તીર્થંકર પરમાત્મા ત્રણ કાળમાં કદાપિ અધિકારની આંધી કે અથડામણ ઊભી કરતા નથી. ત્યારે ઉપર્યુક્ત વ્યાખ્યામાંનું જેનામાં કાંઈ જ ન હોવા છતાં વિશ્વ અમારું

છે એવો સો એ સો ટકા અસત્ય દાવો કરનારને કેવો ભયંકર કૃતઘ્ન કહેવો ? તેનો નિર્ણય સુજ્ઞો સ્વયં કરે.

જેનામાં પ્રાથમિક કક્ષાના માર્ગાનુસારી ગુણોનુંય ઠેકાણું નથી એવા મહાસ્વાર્થાન્ધ અને ધર્માન્ધ છઠ્ઠા પોપ એલેક્ઝાંડરે મહાબાલિશ અનધિકાર ચેષ્ટા કરીને પોતાના અનુયાયીઓને વર્તમાન દશ્ય વિશ્વ વહેંચી આપી સત્યની અક્ષમ્ય ઘોર હત્યા કરવા ઉપરાંત જીવસૃષ્ટિનો, તેનાથી વિશેષતર માનવસૃષ્ટિનો અને તેનાથીયે પરમ વિશેષતમ અક્ષમ્ય ઘોર દ્રોહ અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવનો કરેલ છે, એમ કહું કે લખું તેમાં અંશમાત્ર અસત્ય નથી. તે તો આજે પાંચસો વર્ષ પછી આપણા સહુનો જાત અનુભવ કહે છે. તે અંગે કંઈક વિચારીએ.

## આત્માનો અબાધિત અધિકાર :

દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માથી અતિરિક્ત અનંતાનંત જીવો અનંતકાળમાં જે ઉપકાર ન કરી શકે તેના કરતાંય અનંતગણો ઉપકાર તીર્થંકર પરમાત્મા એક જ ભવમાં સહજપણે કરે છે. એવા જ અનંત અનંત અનંત પરમ ઉપકારક, દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માએ રાજ-નીતિનું, અસિ–મસિ આદિનું પ્રવર્તન કરીને તે રાજનીતિ

દ્વારા આર્યસંસ્કૃતિનું પરમ સંરક્ષણ કરી–કરાવીને અંતે "ધર્મશાસન"ની સ્થાપના કરીને "જીવમાંથી શિવ" અને "આત્મામાંથી પરમાત્મા" થવાનો આત્માનો અનંત-કાલીન અબાધિત અધિકાર છે તેનું આપણ સહુને અર્થાત્ આત્માને અકાટ્ય સચોટ ભાન કરાવ્યું; એટલું જ નહિ, પણ તે અબાધિત અધિકાર–સ્થાને પ્રસ્થાપિત થવા માટે એટલે કે આત્માએ શીઘ્રાતિશીઘ્ર આત્માનું આત્યન્તિક કલ્યાણ સાધી અખૂટ મહાનિધાનરૂપ અનંત આનંદમય મોક્ષપદ પામવા માટે કયા કયા નિયમોનું કઈ કઈ રીતે પાલન કરવું તે અંગે અતિ વિશદપણે ખૂબ ખૂબ હિતશિક્ષાઓ આપીને તેનાં મૂળ એટલાં ઊંડાં ઉતારેલ છે, કે આર્ય-સંસ્કૃતિ અને ધર્મશાસન અદ્યાવધિ જીવિત છે.

શ્રી તીર્થંકર પરમાત્માએ આત્માના "પ્રેયઃ અને શ્રેયઃ" અંગે વિશ્વમાં જે કરવા જેવું હતું, તે સર્વસ્વ કરીને જીવમાત્ર ઉપર અનંત અનંત અનંત પરમ મહાઉપકાર કરેલ છે. એટલે એલેક્ઝાંડર છઠ્ઠા પોપ ઉપર પણ દેવાધિદેવશ્રી તીર્થંકર પરમાત્માનો અનંત ઉપકાર છે, છે ને છે જ. તથાપિ ઉપકારીના ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતા દાખવવા જેટલીય સૌજન્યતા ન દાખવી તેને પણ ક્ષણભર ક્ષમ્ય ગણીએ,

પણ અનન્તાનન્ત પરમ ઉપકારકશ્રીએ જીવમાત્રના એકાંતે પરમ આત્મશ્રેયોડર્થે ઉપદેશીને સ્થાપન કરેલ આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિ(ધર્મશાસન)ને તોડવા જેવી મહાબાલિશ ઘોર કૃતઘ્નતા છઠ્ઠા પોપ એલેક્ઝાંડર જેવા મહાભયંકર ઘોર કૃતઘ્ની વિના અન્ય કોણ કરી શકે ? કોઈ જ નહિ.

## મેષ રાશિના શનિની લોહના પાયે સાડાસાતી :

કોઈ સુજ્ઞને એવી શંકા થાય કે, તીર્થંકર પરમાત્મા જેવા અનન્ત ઉપકારક અને તેમના અનંત અનંત પરમ મહાઉપકાર પ્રત્યે કૃતજ્ઞતા ન દાખવતાં, મહાભયંકર કૃતઘ્નતા દાખવી તેનું કારણ શું હોઈ શકે ? કારણ તો સ્પષ્ટ જ છે. છઠ્ઠા પોપ એલેક્ઝાંડરના અને તેમના અનુયાયીવર્ગના તીવ્રતમ મહાપાપોદયે તેમની રગેરગ અને નસેનસમાં અર્થાત્ આઠ રુચક પ્રદેશ વિના અન્ય સર્વસ્વ એક એક આત્મપ્રદેશે દુન્યવી (લૌકિક) કાતિલ વિષ કરતાંય અનંતગણું મહાભયંકર કાતિલ વિષરૂપ ઘોર અજ્ઞાન અને તીવ્રતમ મહામિથ્યાત્વ ઘોડાપૂરે વહેતું હોવાના કારણે ઉપકાર અને ઉપકારીનો તીવ્રતમ મહાભયંકર દ્રોહ કરીને પણ દેખાવ તો મહાદંભપૂર્ણ એવો કરે કે અમે કોઈનાય દ્રોહી કે વિરોધી નથી. એવા મહાક્રૂર પરમ પામર મહાદામ્ભિક અધમાધમ વજ્ર

જેવા પાષાણહૃદયી કાળમીંઢ વિદેશીઓ સ્વાર્થાન્ધ અને ધર્માન્ધ બનીને એવું વિચારવા લાગ્યા કે આપણા ધર્મગુરુ છઠ્ઠા પોપ એલેક્ઝાંડરે આખું વિશ્વ યુરોપીય ગૌરાંગ પ્રજાને બે વિભાગમાં સરખા ભાગે વહેંચી આપ્યું હોવાથી સમસ્ત વિશ્વ આપણું જ છે. આપણા વિશ્વ ઉપર આપણી જ એક પ્રજા, આપણી જ એક જાતિ, આપણી જ એક જ્ઞાતિ અને આપણો જ એક ધર્મ હોવો જોઈએ. અર્થાત દશ્ય સમસ્ત વિશ્વમાં ઈસુ ખ્રિસ્તના ધર્મને માનનારા એક માત્ર ગૌરાંગ પ્રજાજનો જ હોવા જોઈએ. અન્ય કોઈ પણ ધર્માવલંબી માનવ કે માનવજાતને રહેવાનો અધિકાર જ નથી, એવું અક્ષમ્ય ઘોર મહાપાપ ગર્ભિત રીતે મનમાં ધરબીને પોતાની મેલી મુરાદ પાર પાડવાના બદઆશયથી અર્થાત્ સમગ્ર વિશ્વ ઉપર વિજય મેળવીને સમગ્ર વિશ્વના ખૂણે ખૂણે ઈસુ ખ્રિસ્તનો ધર્મ પ્રસારવા માટે "વાસ્કો-દ-ગામા અને કોલંબસ" વિશ્વના પ્રવાસે નીકળી પડ્યા. (આજે અમેરિકા નામે ઓળખાતો ભૂમિપ્રદેશ કોલંબસે શોધ્યો નથી, પણ ઈ. સ. ૧૪૯૨માં ઈટાલિયન "એમરિગો"-એ શોધ્યો હતો, અને તેના નામ ઉપરથી એ ભૂમિપ્રદેશનું નામ અમેરિકા પડયું હતું.) ઈસ્વીસન ૧૪૯૮માં ભારતીય પુણ્યધરા ઉપર મહાસ્વાર્થી ધર્માન્ધ કાળમીંઢ વિદેશી

વાસ્કો-દ-ગામાએ પોતાનાં પાપી પગલાં પાડયાં એટલે તે ક્ષણથી જ એમ સમજી લેવાનું કે "ભારતીય પુણ્યધરાને માથે, મહાજન–પ્રધાન ભારતીય આર્યપ્રજાને માથે, તેમજ આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિ(ધર્મશાસન)ને માથે" તુલાના સૂર્યમંગળ અને રાહુથી દૃષ્ટ મેષના શનિની લોહના પાયે સાડાસાતીની મહાભયંકર પનોતી બેઠી. જોકે ભારતને માથે કઠણાઈના ઓળા તો યવનોના ભારતમાં આગમનકાળથી વર્તાવા લાગ્યા; પરંતુ આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિ અકબંધ રીતે સચવાઈ રહી હોવાથી તેને ક્યાંય વાંધો નહોતો આવ્યો; પરંતુ ચૂડેલ જેવા વિદેશીઓએ ભારતીય આર્યોને પરાણે વળગીને મહાજન–પ્રધાન પવિત્ર આર્ય-મહાપ્રજાને, આર્યસંસ્કૃતિને અને ધર્મસંસ્કૃતિને કદાપિ કળ ન વળે તેવો ભયંકર લૂણો લગાડીને અકલ્પ્ય પારાવાર મહાહાનિ કઈ રીતે પહોંચાડી ? તે અંગે કંઈક વિચારીએ.

## મીણ કે માખણના દાંતે...

ભારતીય પુણ્યધરા ઉપર વિદેશીઓએ પાપી પગલાં પાડીને મહાજનપ્રધાન પવિત્ર આર્ય–મહાપ્રજાની ધાર્મિક, વ્યાવહારિક જીવનચર્યાનો બાહ્ય–અભ્યન્તર રીતે તલસ્પર્શી ઊંડો અભ્યાસ કરીને એક વાત તો એ દાંભિકોએ અતિ

ચોક્કસપણે જાણી લીધી હતી, કે આપણે માનેલા આપણા હક્ક અને આપણાં હિતો સિદ્ધ કરવાની ખેવના ધારીએ છીએ તેટલી સહેલીસટ તો નથી જ; કારણ કે આર્ય મહાપ્રજાના "મહાપ્રાણવાયુરૂપ શ્રી જૈન શ્રમણસંસ્કૃતિ" પૂર્ણ પ્રાણવતી છે. એવી જીવતીજાગતી ધબકતી "શ્રી જૈન શ્રમણસંસ્કૃતિ" જે પુણ્યધરા ઉપર વસવાટ કરતી મહાજન-પ્રધાન પવિત્ર આર્યમહાપ્રજાની પાયાની ઈંટ કે પરમ આધારશિલા બનીને રહી હોય, તે આર્યમહાપ્રજાના પાયા તો મેરુમહિધર જેવા અડોલ અને વજ્ર જેવા અભેદ્ય હોય છે. એથી સ્થિરપ્રજ્ઞ આર્યમહાપ્રજાના પાયા ડોલાવવા અતિ દુષ્કર છે. મેરુ જેવા અડોલ અને વજ્ર જેવા અભેદ્ય પાયા ડોલાવ્યા વિના આ પવિત્ર ધરતી ઉપર આપણા (ઈસુ ખ્રિસ્તના) ધર્મને ધરબી દેવાની ખેવના એટલે મીણ કે માખણના દાંતે ધગધગતા ખેરના અંગારા જેવા તપાવેલા વજ્રમય લોહના ચણા ચાવવાનું મહાભગીરથ દુસ્સાહસ કરવા જેવી અતિદુષ્કરાતિદુષ્કર ખેવના છે.

## અમોઘ અને અજેય મહાવિદ્યા :

એ મહાભગીરથ દુસ્સાહસને પણ પૂર્ણ સફળ બનાવવાનો એકમાત્ર અમોઘ ઉપાય છે તીર્થંકર પરમાત્મ-

સંસ્થાપિત આર્યસંસ્કૃતિ અને વિશ્વવન્દનીય પરમ કલ્યાણકર પરમારાધ્ય ધર્મસંસ્કૃતિ(ધર્મશાસન)નો યેન કેન પ્રકારેણ સર્વતોમુખી વિનિપાત કરવો. એ રીતે બોલવું ખૂબ સરળ છે, પણ વિનિપાત કરવો એ ખરેખર તેથીય મહાદુષ્કર છે; કારણ કે જે દેશનું, જે જ્ઞાતિનું અને જે ધર્મશાસનનું આર્યસન્નારીધન પરમ પવિત્ર સદાચાર–સુમધુર સુવાસથી પરમ સુવાસિત હોય, ત્યાં સુધી કોઇની મજાલ નથી, કે તે દેશ જ્ઞાતિ કે ધર્મનું સ્વપ્નમાંય અધઃપતન કરવા વિચાર સુધ્ધાં કરી શકે. આર્યસન્નારીની પવિત્રતા અખંડ જળવાઈ રહેવી એ તો દેશની મોટામાં મોટી ઋદ્ધિસિદ્ધિ અને પરમ સમૃદ્ધિ છે. પવિત્ર આર્યસન્નારીધન એ તો વિશ્વ માટે મહાઆશીર્વાદ – અમોઘ અને અજેય મહાવિદ્યા – વજ્રમય અભેદ્ય કવચ અને સપ્તધાતુમય અભેદ્ય મહાદુર્ગરૂપ છે. આ બધું જ ભારતીય પવિત્ર આર્યસન્નારીધનના જીવનમાં તાણા-વાણાની જેમ સહજ હતું. પવિત્ર આર્યસન્નારીધનને મન સદાચાર એ એની પરમ પવિત્ર આગવી મૂડી છે. એ આગવી મૂડી અંશમાત્ર અભડાઈ ન જાય તે રીતે અકબંધ-પણે તેને સાચવવા માટે પવિત્ર આર્યસન્નારીધન સદાસર્વદા સજાગ રહેતું હતું. આગવી મૂડી અભડાય તેવા ભણકારા વાગે કે કપરા સંયોગ ઊભા થાય, તે પહેલાં તો તે પવિત્ર

આર્યસન્નારીધને પોતાના પ્રાણત્યાગ કર્યાનાં દૃષ્ટાંતો ધર્મ-ગ્રંથોનાં પાને અને ઇતિહાસનાં પાને સુવર્ણ અક્ષરે લખાયેલ આજે પણ અકબંધપણે જળવાઈ રહેલ છે. એના કારણે જ ઉન્નતિના સર્વોપરિ સોપાન–સ્થાને ભારતવર્ષની ગણના થતી આવી, અને આજ દિન પર્યન્ત ભારતવર્ષની યશોગાથા ગવાતી આવી છે. આ બધો જ યશઃ તીર્થંકર પરમાત્મવિહિત અને સંસ્થાપિત આર્યસંસ્કૃતિ અને ધર્મ-સંસ્કૃતિથી પરમ સંસ્કારિત અને સદાચારથી સુશોભિત એવા ભારતીય પવિત્ર આર્યસન્નારીધનને ફાળે જાય છે.

## સ્વપ્નમાં પણ સદાચાર નંદવાય નહિ...

પરમ આદર્શ ઉચ્ચ કોટીની ધર્મશ્રદ્ધાપૂર્વક વિનય, વિવેક, આચાર, વિચાર, ઉચ્ચાર, સદાચાર, લજ્જા, મર્યાદા, પરોપકાર, ઔદાર્ય, શૌર્ય, ધૈર્ય, ગાંભીર્ય, સૌજન્ય, દાક્ષિણ્ય, કારુણ્ય, કૌશલ્ય પ્રમુખ અનેકાનેક દિવ્ય મહાગુણો અને દયા, દાન, તપ, જપ, સંયમ, પ્રભુભક્તિ પ્રમુખ અપૂર્વ ધર્મારાધના–સંસ્કારના મહાઆશીર્વાદરૂપ અમૂલ્ય વારસો પૂર્વોપાર્જિત પ્રબળ પુણ્યોદયે ભારતીય આર્યસન્નારીધનને જનેતા માતાઓ દ્વારા ગર્ભકાળથી ધારાબદ્ધ પ્રવાહે સહજ-પણે મળતો રહ્યો હોવાના કારણે તે પવિત્ર આર્યસન્નારીધન

પોતાના પ્રાણુ માટે કદાપિ ચિંતિત નહિ રહ્યું હોય, પણ પોતાના પવિત્ર સદાચાર માટે એ પવિત્ર આર્યસન્નારીધન એટલું બધું સજાગ હતું, કે સ્વપ્નમાં પણ સદાચાર નન્દવાવો ન જોઇએ. બળાત્કારથી કે સ્વેચ્છાએ પરપુરુષની કાયા દ્વારા દૈહિક સુખ માણીને પોતાનો પવિત્ર સદાચાર અભડાવે છે, તેવી બાલિશ કલ્પના એ પવિત્ર આર્યસન્નારીધનના વિરોધીઓ સજાગ અવસ્થામાં તો નહિ; પણ નિદ્રા કે સ્વપ્ન અવસ્થામાં પણ ન કરી શકે; એ કોટીએ પોતાનો પવિત્ર સદાચાર અખંડ સંરક્ષાતો રહે તે માટે ભારતીય આર્યસન્નારીધન અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક પરમપિતામહ શ્રી આદીશ્વરજી પરમાત્મવિહિત આર્યસંસ્કૃતિના ધોરી મૂળ સમી લજ્જા-મર્યાદા તેમ જ સદાચાર આદિ પવિત્ર નિયમોથી બદ્ધ (અનુશાસિત) રહેવામાં તત્કાલીન પવિત્ર આર્યસન્નારીધન સહર્ષ ગૌરવ અનુભવતું હતું. નિયમો પાલન કરવા કટિબદ્ધ રહેવું તે પોતાને માટે બન્ધન, કારાગૃહ કે ચાર ભીંત વચ્ચે ગોંધાઈ રહેવા જેવું છે, એમ તત્કાલીન પવિત્ર આર્યસન્નારીધન કદાપિ માનતું ન હતું. એ પવિત્ર આર્યસન્નારીધન તો એમ જ માનતું હતું કે એ રીતે નિયમ અને મર્યાદાબદ્ધ રહેવામાં જ અમારું શ્રેય છે.

## આ છે આર્યસંસ્કૃતિનો અચિંત્ય મહાપ્રભાવ :

એ જ રીતે ગાંભીર્ય, શૌર્ય અને વીર્યવંત પરમ ઓજસ્વી પવિત્ર આર્યનર–રત્નધન સદાસર્વદા પરનારી સહોદર રહ્યું છે. એ પવિત્ર આર્યનર–રત્નધન સમક્ષ અતિરૂપવતી અપ્સરા, દેવાંગના કે ઈન્દ્રાણીઓનાં વૃન્દનાં વૃન્દ અર્થાત્ ટોળેટોળાં આકાશમાંથી ઊતરીને ઊભાં રહે તોપણ તેમનું રૂંવાડુંય ફરકતું ન હતું, આંખની પાંપણે ઊંચી થતી ન હતી. કદાચ તે વૃન્દ ઉપર દૃષ્ટિ પડી જાય તો તેમના પ્રત્યે જન્મદાતા જનેતા જેવો અને સહોદરા ભગિની જેવો પરમ સદ્ભાવ પ્રગટતો. અતિ સુકોમળ હૈયું આનન્દવિભોર, ગદ્ગદિત અને પુલકિત બનીને એ વૃન્દને નમી જતું. આ છે સદાચારમય આર્યસંસ્કૃતિનો અચિંત્ય મહાપ્રભાવ.

## ગજવેલ–લોહની અર્ગલાયુક્ત અભેદ્ય વજ્રદ્વાર :

આ કોટીની પરમ પવિત્ર આર્યસંસ્કૃતિ–રત્નભૂમિકા ઉપર વિશ્વ પરમ કલ્યાણકર મહા-આદર્શ ધર્મસંસ્કૃતિનો (ધર્મશાસનનો) મહાલય અડોલપણે અડીખમ ઊભો હોય ત્યાં સુધી "ખાઓ, પીઓ અને ભોગવી લ્યો. આવતીકાલે તમે મરી જવાના છો." –એવા મહાકાતિલ કુસંસ્કારમય પાશ્ચાત્ય કુસંસ્કૃતિરૂપ કુટિલ ભૂમિકા ઉપર રચાયેલ વિદેશી-

ઓના ધર્મને, ભારતીય કર્મ અને ધર્મની વીરભૂમિ ઉપર ક્યાંથી અવકાશ હોય ? ન જ હોય. વિદેશીઓ સારી રીતે સમજી ચૂકયા હતા, કે વિશ્વપરમકલ્યાણકર, પરમ આદર્શ ધર્મશાસન એ ઇસુના ધર્મ માટે ગજવેલ–લોહની અર્ગલા-યુક્ત અભેદ્ય વજ્રદ્વાર છે. એ અભેદ્ય વજ્રદ્વાર સલામત હોય ત્યાં સુધી ઇસુના ધર્મને ભારતવર્ષમાં પ્રવેશ ક્યાંથી મળે ? ન જ મળે. માટે યેનકેનપ્રકારેણ એ વજ્રદ્વારમાં ભંગાણ પાડવું જ જોઈએ, એવી વિદેશીઓની માન્યતા હતી. વિદેશીઓ હવે શું શું વિચારે છે અને શું શું કરે છે તે જોઇએ.

## પાશ્ચાત્યોની પાખંડી પાપલીલા :

વિશ્વપરમકલ્યાણકર, પરમ આદર્શ ધર્મસત્તામાં ભંગાણ પાડવું કે ધર્મસત્તાને ધરાશાયી કરવી ત્યારે જ શક્ય બને, કે ધર્મશાસન – મહાલયની વજ્રભૂમિકા આર્યસંસ્કૃતિને યેન કેન પ્રકારેણ સર્વતોમુખી વિનિપાત(વિનાશ)ના પંથે વાળવામાં આવે તો. આર્યસંસ્કૃતિનો સર્વતોમુખી વિનિ-પાત કે તેને વિનાશના પંથે વાળવાનું ત્યારે જ શક્ય બને, કે જ્યારે આર્યસંસ્કૃતિનો પ્રાણવાયુ કે ધોરી મૂળ ગણાતા સદાચારયુક્ત ભારતીય પવિત્ર આર્યસન્નારીધન અને તેની આગવી મૂડી પવિત્ર સદાચારને ગમે તેમ કરીને અનાચાર,

દુરાચાર, વ્યભિચારરૂપ લૂણો કે કીડો લગાડવામાં આવે તો. અર્થાત્ કોઈ પણ પ્રકારે ભારતીય પવિત્ર આર્યસન્નારીધનને અધઃપતનની ઊંડી ખાઈમાં ધકેલવું જ જોઈએ. આ છે શ્વેત પાશ્ચાત્યોની અક્ષમ્ય મહાઅભિશાપરૂપ પાખંડી પાપલીલા.

બળાત્કારરૂપ લૂણો કે કીડો લાગવાથી પોતાનું પવિત્ર સદાચારી જીવન અભડાઈને ભ્રષ્ટ થશે, એવી ગંધ આવે ન આવે તે પહેલાં તો અઢાર પાપસ્થાનકોને વોસિરાવી, ચાર આહારનાં પચ્ચક્ખાણુ અને ચાર શરણાં કરીને શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક પોતાના પ્રાણનો ત્યાગ કરતાં પણ જેમને અંશમાત્ર આંચકો નહોતો આવતો; એવું પવિત્ર આર્યસન્નારીધન આજથી અઢીસો વર્ષ પહેલાં ભારતમાં ઘરેઘર ઊભરાતું હતું.

આકાશમાંથી તારા ઉતારવાની કલ્પના કોઈક ફાંકે-બાજ રૂસ્તમ કરી શકે, પણ પવિત્ર આર્યસન્નારીધનના સદાચારને અભડાવવાની વાત તો દૂર રહી, પણ અભડા-વવાની કલ્પના સુધ્ધાં ન કરી શકે, એવું પવિત્ર આર્યસન્નારી ધન સ્વયં પોતાના પવિત્ર સદાચારને વારંવાર અભડાવતાંય અંશમાત્ર ક્ષોભ કે સંકોચ ન અનુભવે, તેમજ પોતાના પવિત્ર સદાચારને અભડાવ્યા પછી પશ્ચાત્તાપ કે અરેરાટી ન છૂટે, એવું તીવ્રતમ અધઃપતન આર્યસન્નારીધનનું થતું જ રહે,

એવું યોજનાબદ્ધ રીતે કંઈક ગોઠવવું જોઈએ. તો જ આપણા ઈસુ ખ્રિસ્તના ધર્મને વિશ્વધર્મ બનાવવાની આપણી નેમ સફળ થાય. અને તે માટે કાળમીંઢ વિદેશી શ્વેત પાશ્ચાત્યોએ ભારતીય પવિત્ર આર્યસન્નારીધન સ્વયં પરપુરુષના સુંવાળા સહવાસમાં આકર્ષાઈ, તેની કાયાથી દૈહિક સુખ માણીને, સદાચારથી સર્વથા નષ્ટ–ભ્રષ્ટ થાય તે માટે વિદેશીઓએ કેવા કેવા ગોરખધંધા કર્યા અને મહાપાખંડી પાપલીલાઓ આચરી તે અંગે કંઈક વિચારીએ.

## પાપી પેટ બનેલો સુસંસ્કારનો પવિત્ર કોઠો :

જે કાળે માંસાહાર કે મદ્યપાન તો શું ? પણ અભક્ષ્ય અને અનંતકાય વપરાય કે ન વપરાય એવી કલ્પના સુધ્ધાં સ્ફૂરતી ન હતી. એના ઉપરથી એટલો નિર્ણય તો ચોક્કસપણે કરી શકાય તેમ છે, કે તે કાળે શુદ્ધ અને ભક્ષ્ય ખાનપાનથી જ જીવનનિર્વાહ થતો હતો. પ્રજામાં ખાન–પાનની એવી શુદ્ધ મર્યાદા સહજભાવે જળવાઈ રહેવાના કારણે તનમાં કુસંસ્કારના કોહવાટને અવકાશ ન હતો. જેનું અન્ન અને તન નિર્મળ, તેનું મન તો મલીન થાય જ શી રીતે ? તેનું મન તો સ્વાભાવિક સદા નિર્મળ જ રહે. એવા પવિત્ર માનસવાળાના મનમાં કદાપિ કોઈ કલંકિત પાપવાસના ન જાગે, તો પછી તેવા પવિત્ર

માનસવાળા પુણ્યવંતના જીવનમાં કલંકિત પાપાચરણ તો હોય જ શેનું ? ન જ હોય. આપણા મન અને તનમાં કલંકિત પાપાચરણ ઊભરાતું હોય, તો આપણે સ્વયમેવસમજી લેવું, કે મહાપાપમય અભક્ષ્ય ભક્ષણ અને અપેય પાનકરીને સુસંસ્કારનો પવિત્ર કોઠો(પેટ) પાપી પેટ બનાવાયો છે.

**આદર્શ સુસંસ્કારોની ગંગોત્રી :**

અનંત અનંત ગુણનિધાન આત્મપદ્મદ્રહકુંડમાંથી પ્રગટ થઈને પૂરબહારમાં વહેતી પરમ આદર્શ સુસંસ્કારરૂપ પવિત્ર ગંગોત્રી (ગંગા નદી) માનસિક પવિત્રતાના કારણે જાગૃત અવસ્થામાં તો કુસંસ્કારરૂપ કોહવાયેલ ગંદી ગટરરૂપે પરિવર્તિત થાય, તે ત્રણકાળમાંય શક્ય નથી; પરંતુ નિદ્રા કે સ્વપ્ન અવસ્થામાં પણ પાપાચરણરૂપ કુસંસ્કાર પ્રત્યે પવિત્ર માનસ લલચાઈ ન જાય, અર્થાત્ તે કોટીની માનસિક નિર્મળતા-પવિત્રતા અણુ–પરમાણુ જેટલીય દૂષિત કે કલંકિત ન બને, તેવી નિર્મળતા અખંડપણે જળવાઈ રહે તો જ ભાવિકાળે જે અનંત મહાતારક શ્રી જિન-શાસનની સ્થાપના કરવાની છે, તે અતિ વેગવંત અસ્ખલિત ધારાબદ્ધ પ્રવાહે ચાલતું રહે. તે માટે જીવન જીવવા માટે જેટલી પ્રાણોની અનિવાર્યતા છે, તેથી પણ અતિવિશેષ અનિવાર્યતા છે પરમ આદર્શ સુસંસ્કારરૂપ ગંગોત્રીની. તે

ગંગોત્રી પૂરવેગથી બે કાંઠે સદા વહેતી રહે તે માટે ખાનપાનની શુદ્ધિપૂર્વકની મર્યાદા જળવાઈ રહે તેની એટલી જ પરમ અનિવાર્યતા છે. એટલા જ માટે અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી આદીશ્વરજી પરમાત્મા પાસે અતિવિશિષ્ટ કોટીનું મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોવા છતાં અન્ય હિતશિક્ષા ન આપતાં, સર્વપ્રથમ ખાનપાનની વ્યવસ્થા અંગે સમજ આપીને તે વ્યવસ્થા સુચારુરૂપે ચાલતી રહે તે માટે સર્વપ્રથમ કુંભકારની કળા અંગે હિતશિક્ષા આપીને કુમ્ભકારની પ્રજાપતિરૂપે સ્થાપના કરી.

મહાજન–પ્રધાન આર્યપ્રજાના સર્વનાશ માટે કાળમીંઢ શ્વેત પાશ્ચાત્યોએ અતિગૂઢ યોજનાબદ્ધપણે યોજેલ કાળાં કરતૂતોનો આવિષ્કાર (ઘટસ્ફોટ) કરતાં પહેલાં સાધિક એક કોટાકોટી–સાગરોપમ પૂર્વે દેવાધિદેવશ્રી આદીશ્વરજી પરમાત્માએ ખાનપાનની મર્યાદા અંગે આપેલ હિતશિક્ષા–વિષયક જણાવવું આનુષંગિક અને અનિવાર્ય હોવાથી તે અંગે અંગુલિનિર્દેશ કરીને હવે વિદેશીઓનાં કાળાં કરતૂત અંગે વિચારીએ.

## મહાપાપનું પ્રસવસ્થાન સુવાવડ ખાતાં શરૂ કરાવ્યાં :

વિદેશી શ્વેત પાશ્ચાત્યોના આગમનને લગભગ પાંચસો (૫૦૦) વર્ષ થવા આવ્યાં. તેમના આગમન પછીનાં લગભગ

અઢીસો (૨૫૦) વર્ષ પર્યંત તો ખાનપાનશુદ્ધિની મર્યાદા સુચારુરૂપે, સહજભાવે સચવાતી હોવાના કારણે સુસંસ્કારો અને સદાચારાદિ સદ્‌ગુણોથી આત્મસરોવર સદાકાળ ઊભરાતું હતું. શ્વેત પાશ્ચાત્યોએ વિચાર્યું કે ભારતીય ખાનપાન-શુદ્ધિની મર્યાદા જળવાઈ રહેશે ત્યાં સુધી ભારતીય મહાજન–પ્રધાન આર્યમહાપ્રજાનું માનસ કુસંસ્કારની કાળાશથી નહિ લેપાય. અને જ્યાં સુધી પાપાચરણના કીચડથી આત્મા નહિ અભડાય, ત્યાં સુધી આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિ(ધર્મશાસન)માં ભંગાણ પડવું શક્ય નથી તેથી કાળાન્તરે તેનો સર્વનાશ થવો શક્ય નથી. અને તેના સર્વનાશ વિના ઈસુ-ખ્રિસ્તના ધર્મનાં પગરણ નહિ મંડાય. આ વાત વિદેશી પાશ્ચાત્યોના લક્ષમાં બરાબર આવી ગઈ હતી. એટલે ખાનપાનશુદ્ધિની મર્યાદા "યેન કેન પ્રકારેણ" અભડાવીને સાવ અપંગ બનાવવા માટે કાળમીંઢ વિદેશીઓએ હોટલો, રેસ્ટોરન્ટો, ઉપાહારગૃહો, લોજો, વીશીઓ, કલબો તેમજ રાજમાર્ગો ઉપર ભેળપુરી, પાણીપુરી, દહીંવડાં, ભાખરવડી, સમોસા, પરોઠા અને સેન્ડવીચ, આઈસ્ક્રીમ આદિ ભયંકર અભક્ષ્ય ઠંડાં પીણાંનું વેચાણ ચાલુ કરાવીને અનેક મહાભયંકર કુસંસ્કારો અને અક્ષમ્ય મહાપાપો જ્યાં નિરંતર જન્મ્યા જ કરે તેવાં ભયંકર સુવાવડ-ખાતાં ચાલુ કરાવ્યાં.

## ધર્મમહાલયના હચમચી ઊઠેલા પાયા :

ખાનપાન-શુદ્ધિની મર્યાદામાં ભંગાણ પડવાથી અનાચારી, વ્યભિચારી, દુરાચારી, ક્રૂર હત્યારા, લૂંટારા તેમજ અસાધ્ય રોગીઓનાં પરસ્પર એંઠાં પુદ્ગળો મુખ દ્વારા પેટમાં જવાથી અક્ષમ્ય મહાપાપમય એંઠાં પુદ્ગળોએ મનોભૂમિ ઉપર તીવ્રતમ કુપ્રભાવ જમાવ્યો જેની ફળશ્રુતિરૂપે અના-ચાર, વ્યભિચાર, દુરાચાર, ક્રૂરતામય માનવહત્યા, પશુહત્યા, લૂંટફાટ, અપહરણ, બળાત્કાર, ગર્ભપાત, માંસાહાર, મદ્યપાન આદિ અનેક અક્ષમ્ય મહાપાપો જન્મતાં જ ગયાં. આજે અઢીસો વર્ષ પછી તો એ અક્ષમ્ય મહાપાપો ભરનવ-યૌવનવયે પહોંચતાં અગનગોળા, જ્વાળામુખી, દાવાનળ અને વડવાનળ જેવાં બેફામ (નિરંકુશ) બન્યાં છે. જેના અક્ષમ્ય કુપ્રભાવે આર્યસંસ્કૃતિના મૂળમાં ન સંધાય તેવી મોટી અને ઊંડી તિરાડ પડી છે અને ધર્મમહાલયના પાયા હચમચીને ડોલવા લાગ્યા છે. આર્યસંસ્કૃતિના મૂળમાં પડેલ મોટી અને ઊંડી એ તિરાડને સાંધવા માટે પાશ્ચાત્યોના રંગે રંગાયેલ આજના સાડાચાર અબજ માનવોની શક્તિ નહિ, પણ સાડાચારસો ક્રોડ અબજ માનવોની શક્તિ પણ વામણી પડે એમ કહું તો એ અતિશયોક્તિ નહિ ગણાય, કારણ કે પાશ્ચાત્યોના રંગે

રંગાયેલાઓને આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિના અચિન્ત્ય મહાપ્રભાવને સમજવા જેટલી યોગ્યતા અને પાત્રતા પ્રાપ્ત કરવા માટે અનેક જન્મો લેવા પડશે. હે મારા નાથ! સીમંધરસ્વામિન્ પ્રભો ! આવા મારકણા અને ઝંઝાવાતી વાતાવરણમાં ધર્મમહાલય ક્યાં સુધી ટકશે ?

હોટલો આદિમાં અણગળ પાણીનો વપરાશ, દૂધ, ચ્હા, કોફી, ફરસાણ, દહીંવડાં તેમજ ઘી, તેલ આદિનાં ઉઘાડાં ભાજનોમાં મચ્છર, મગતરાં, માખી પ્રમુખ અગણિત સમ્પાતિત જીવોનું પડીને મરવું; ક્વચિત્ ગિરોળી ને ઉંદરોનું પડીને મરવું. અનુપયોગે સળગાવાતા મોટા ચૂલા, સગડા, ભઠ્ઠાઓમાં કીડી, મંકોડા, વાંદા આદિ વિકલેન્દ્રિય જીવો તેમજ ગિરોળી, ઉંદર આદિ પંચેન્દ્રિય જીવોનો ઘાત થવાની સંભાવના પર્યન્તનું મહાપાપ છે.

## અન્નાદિ અભક્ષ્ય ક્યારે બને ?

પકવાન્ન, મિષ્ટાન્ન, ફરસાણ આદિ બનાવવામાં વપરાતો આટો (લોટ), મીલોમાં દળાતા હજારો ટન ઘઉં તેમ જ ચણાની દાળમાં સાથે દળાતાં હજારો ધનેડાં, ઈયળ આદિ જીવોની વિરાધનાવાળો લોટ તો દળાય ત્યારથી જ અભક્ષ્ય

ગણાય છે. ઘઉં કે ચણાની દાળ આદિમાં ઈયળ, ધનેડાં આદિ ત્રસજીવો ન હોય, તે રીતે શુદ્ધ કરીને દળાવેલ લોટ શ્રી વીર સંવતની ગણનાએ કાર્તિક વદિ એકમથી ફાલ્ગુન પૂર્ણિમા પર્યન્તના કાળમાં જે દિવસે લોટ દળાવ્યો હોય, તે દિવસથી તે લોટ અધિકમાં અધિક એક માસ પર્યન્ત કલ્પ્ય ગણાય; પછી અભક્ષ્ય બને છે. એ જ રીતે પકવાન્ન, ખાખરા આદિ પણ એક માસ પર્યન્ત કલ્પ્ય ગણાય. ફાગણ વદિ એકમથી આષાઢ શુદિ પૂર્ણિમા પર્યન્તના કાળમાં દળાવેલ લોટ, જે દિવસે લોટ દળાવ્યો હોય તે દિવસથી અધિકમાં અધિક વીશ(૨૦)દિવસ પર્યન્ત કલ્પ્ય ગણાય, પછી અભક્ષ્ય ગણાય. એ જ રીતે પકવાન્ન ખાખરા આદિ માટે જાણવું. આષાઢ વદિ એકમથી કાર્તિક શુદિ પૂર્ણિમા પર્યન્તના કાળમાં દળાવેલ લોટ જે દિવસે દળાવ્યો હોય, તે દિવસથી અધિકમાં અધિક પંદર દિવસ પર્યન્ત કલ્પ્ય છે; પછી અભક્ષ્ય ગણાય. એ જ રીતે પકવાન્ન ખાખરા આદિ માટે પણ જાણવું. શુદ્ધ ઘરનો લોટ અને કલ્પ્ય પકવાન્ન મિષ્ટાન્ન ખાખરા આદિનાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પરિવર્તન પામે તો ઉપર જણાવેલ માસ, વીશ દિવસ અને પંદર દિવસની કાળમર્યાદા પહેલાં પણ તે લોટ પકવાન્નાદિ અભક્ષ્ય ગણાય. હવે તો બજારુ ચણા, ઘઉં આદિના લોટમાં અમુક ટકા માછલીનો લોટ ભેળવાય છે, અને વનસ્પતિ ઘીમાં

ચરબીનું મિશ્રણ કરવામાં આવતું હોવાથી તે અભક્ષ્ય જ છે. ઘઉં ચણા આદિ ઘરે દળાવ્યા હોય, તોપણ તે લોટનો ઉપયોગ કરતાં તે લોટ ચાળવામાં ન આવે, તો તે લોટની બનેલી રસોઈ, ફરસાણ કે પકવાન્નો કલ્પ્ય ન ગણાય.

## કડવાવખ તુંબડાના શાકને સોમલનો વઘાર :

ઇયળ, ધનેડાં આદિ તેમજ માખીમચ્છર આદિ સંપાતિત જીવો અને ક્વચિત્ ઉંદર, ગિરોળી આદિ પંચેન્દ્રિય જીવોની વિરાધના(હિંસા) જેમાં થતી હોય તેમજ મત્સ્યાદિ પંચેન્દ્રિય જીવોના કલેવરનો લોટ અને ચરબીનું જેમાં મિશ્રણ થતું હોય, તેવી મહાપાપમય વસ્તુઓથી બનેલ રસોઈ, ફરસાણ, પકવાન્ન કે મિષ્ટાન્નાદિનું ખાવું એટલે કડવાવખ તુંબડાનું શાક ખાવા જેવું. અને મારો, કાપો, લૂંટો, ભોગવાય એટલું ભોગવી લ્યો, આવતી કાલે તમે મરી જવાના છો – એવા અતિક્લિષ્ટ અધ્યવસાયવાળા અનાચારી, દુરાચારી, વ્યભિચારી, ઘાતકી, ખૂની, લૂંટારા, ધૂતારા તેમજ કેન્સર, ક્ષય, હાર્ટએટેક, મધુપ્રમેહ, મીઠીપેશાબ, દમ, શ્વાસ, વાયુ આદિ અનેક અસાધ્ય મહારોગોથી ઘેરાયેલા મહાપાપાત્માઓએ જે કપરકાબી, થાળી, ત્રાસક વાડકા, ગ્લાસ આદિમાં ખાધુંપીધું હોય, તે એંઠાં ભાજનોમાં લાગેલ થૂંક એટલે તે કડવાવખ તુંબડાના શાકને સોમલનો વઘાર. તે જ એંઠાં ભાજનોમાં અન્ય

અને આર્યસંસ્કૃતિના સુસંસ્કારથી પરમ સંસ્કારિત એવા ઉચ્ચ જાતિના કુલીન સુસજ્જન પુણ્યવન્તે ખાનપાન કરવું એટલે સોમલથી વઘારેલ કડવાવખ તુંબડાનું શાક ખાવા જેવું ગણાય. દ્રવ્ય શાક તો એક જ ભવ મારે, પણ કુસંસ્કારોની જનેતા અને કુસંસ્કારોની ખાણ છે અભક્ષ્યભક્ષણરૂપ કડવાવખ તુંબડા જેવું શાક ભાવ તો ખાનારને ભવોભવ રિબાવી–રિબાવીને ભૂંડા હાલે મારે, મારે ને મારે જ.

## તન અને મનની સાથે અનાયાસે અભડાતું ધન :

માનવહત્યા, માંસાહાર, મદ્યપાન, વ્યભિચાર પ્રમુખ અનેક પિશાચકૃત્યકારી, નીચ અને હીનજાતીય અકુલીન, અધર્મી પાપાત્માઓનાં મહાપાપ–વાસિત કિલષ્ટ ભાવના-વાળાં અપવિત્ર એંઠાં પુદ્ગળો ઉચ્ચકુલીન, પરમ આદર્શ સજ્જન ધર્માત્માઓનાં પેટમાં જવાથી એ અપવિત્ર એંઠાં પુદ્ગળો ધર્માત્માઓનાં તનની તેમ જ મનની પવિત્ર ભૂમિકાને અક્ષમ્ય રીતે અભડાવીને તે પવિત્ર ભૂમિકા ઉપર મહાપાપમય કુસંસ્કારોનું એવું ભયંકર વાવેતર કરે, કે તે ધર્માત્માને માનવહત્યા, માંસાહાર, મદ્યપાન અને સુંવાળા સહવાસ પ્રમુખ અનેક મહાપાપનો ચેપ લાગે. વ્યભિચાર આદિ મહાપાપોના તીવ્રતમ આવેગમાં તે તણાતો જ જાય. સુંવાળા સહવાસથી તન અને મનને અભડાવવાની અપેક્ષા

પૂર્ણ કરવા માટે ઇચ્છા–અનિચ્છાએ પણ ધનને તો સર્વ પ્રથમ અભડાઈ જવું અનિવાર્ય બને છે.

તન અને મન અભડાય એવા મનોનુકૂળ સુંવાળા સહવાસની પૂર્તિ માટે અનર્ગળ ધનને અભડાવવાની તત્પરતા તો પ્રથમથી જ રાખેલ હોવા છતાં, ચિત્તમાંથી ભય, ક્ષોભ અને સંકોચ દૂર ન થાય, ત્યાં સુધી પરસ્પર વિજાતીય સુંવાળા સહવાસના સંપર્કમાં આવવું દુષ્કર હોય છે. પુરુષના સુંવાળા સહવાસના સંપર્ક વિના ભારતીય પવિત્ર આર્યસન્નારીધનનું અભડાવું શકય નથી. આર્યસન્નારીધન અભડાયા વિના ધર્મશાસનની પવિત્ર ભૂમિકા આર્યસંસ્કૃતિનું અભડાવું શકય નથી. આર્યસંસ્કૃતિ અભડાયા વિના વિશ્વ પરમ કલ્યાણકર પરમ આદર્શ ધર્મશાસનનું અભડાવું શકય નથી. ધર્મશાસન અભડાયા વિના તેનો (ધર્મશાસનનો) સર્વતોમુખી વિનિપાત થવો ત્રણુકાળમાંય શકય નથી. અને ધર્મશાસનના વિનિપાત વિના આપણા ઈસુનો ધર્મ વિશ્વધર્મ થવો કોઈ રીતેય શકય નથી, એ વાત વિદેશીઓ ખૂબ સારી રીતે જાણી શકયા હતા.

**માત્ર આઠ ટકા જ પ્રજા ભણેલી :**

ભારતીય આર્યસુજ્ઞપ્રજાના મનમાં સુંવાળો સહવાસ પ્રાપ્ત કરવા પ્રત્યેનો ભય, ક્ષોભ અને સંકોચ ન રહે તે

કોટીના ધીઠ્ઠા હૃદયવાળા ભારતીય આર્યોને બનાવવાનું ગર્ભિત રાખી વિદેશીઓએ કૂટનીતિ આચરીને, રાજાઓને પરસ્પર લડાવીને, રાજસત્તા હસ્તગત કરીને, મૂળભૂત ભારતીય ઇતિહાસનો સર્વનાશ કરીને એવી વાત વહેતી મૂકી કે ભારતીય પ્રજામાંથી માત્ર આઠ ટકા જ ભણેલી પ્રજા છે, અને બાણું ટકા અભણ પ્રજા છે, તેને ભણાવવી જોઈએ. એ વાત સત્યથી સર્વથા વેગળી અર્થાત્ અસત્ય હોવા છતાં વિદેશીઓએ મહાકાતિલ એ મિથ્યા પ્રલાપને કલ્પાંતકાળના પ્રચંડ વાયુવેગની જેમ પ્રસારિત કરીને ખૂબ ચગાવ્યો.

અભણ ભારતીયોનું અભણપણું દૂર કરવા માટે બે-ત્રણ વર્ષના બાલ્યકાળથી જ બાળક–બાળિકાઓને બાળમંદિરમાં અવશ્ય મૂકવાં જોઈએ. બે-ત્રણ વર્ષ બાળમંદિરમાં સાથે રહ્યા પછી, એ બાળક–બાળિકાઓને પ્રાથમિક શાળાઓમાં મૂકે, પછી માધ્યમિક શાળામાં, હાઈસ્કૂલોમાં અને કૉલેજમાં પણ સાથે ને સાથે જ રહેવાનું થાય. તે સમયે તેઓ વીશથી બાવીશ વર્ષની આસપાસની વય-અવસ્થામાં પહોંચી ચૂક્યાં હોય.

## વિદેશીઓની ભુલભુલામણીભરી મહાકૂટ લીલાભરી ભ્રામક જાળ :

પરપુરુષની કાયાના સહવાસથી તો આર્યસન્નારીધનની કાયા(જીવન) અભડાય અભડાય ને અભડાય, એ તો નિઃશંક

અને નિર્વિવાદ છે જ; પણ પરપુરુષની છાયાથી પણ કાયા અભડાય. અરે ! એથી પણ આગળ વધીને પરપુરુષની છાયાનો મનમાં વિચાર પણ આવે તોપણ કાયા (તન મન) અભડાય એવી પરમ ઉચ્ચકોટીની વિચારશ્રેણી ધરાવનાર સતી અને મહાસતી–કોટીના સંસ્કાર લઇને જન્મેલ ભારતીય પવિત્ર આર્યસન્નારીધનને અભણ કહીને ભાંડવામાં અંશમાત્ર કચાશ ન રાખી. ભાંડણલીલાની સાથોસાથ સતી અને મહાસતી કોટીની એ સુકન્યાઓ માટે કાળમીંઢ વિદેશીઓએ ભારતીય યુવકો સમક્ષ એટલો બધો દાધારંગી ગંદો અને મહાભ્રામક પ્રચાર કરવા માંડ્યો, કે એ અભણ બાળાઓ યુવાવસ્થા પ્રાપ્ત થતાં કન્યારૂપે ગણાશે. એ અભણ કન્યાઓ તમારી જીવનસાથિનીઓ થશે. તેની સાથે તમારું જીવન શે વ્યતીત થશે ? માટે બે-ત્રણ વર્ષના બાલ્યકાળથી જ બાળિકાઓને ભણાવવી જોઇએ. અતિગૂઢ મહામાયાવી વિદેશીઓની આ મહાકૂટ લીલાના તાગને પામવાનું સામર્થ્ય ન ધરાવનાર એવા અમુક ભારતીય યુવકો ગૌરાંગોના આધુનિક ચેપી રંગે રંગાવાથી વિદેશીઓની ભુલભુલામણીભરી ભ્રામક જાળમાં ભૂલા પડીને એ ભ્રામક પ્રચારમાં લોલે લોલનો સૂર પુરાવવા લાગ્યા. અને કાળાન્તરે તો એ યુવકોએ એવો જોરદાર ઉપાડો લીધો, કે અભણ કન્યાઓની સાથે પનારો પાડી, એમને જીવનસાથિની

બનાવીને તેમની સાથે જીવન શે' પૂરું કરવું ? અભણ કન્યાઓની સાથે ઘર માંડીને તેમને જીવનસાથિની બનાવવાથી એ સંસારમાં ભલીવારે શો આવે ? કન્યા ભણેલી તો હોવી જ જોઇએ. યુવકોનો આ જોરદાર ઉપાડ તદ્દન અશાસ્ત્રીય, અવ્યવહારુ, અનૈતિક, અન્યાયપૂર્ણ, વાહ્યાત અને મહામૂર્ખતા-ભર્યો હોવાથી આ મહાબાલિશ ઉપાડ પ્રમાણે વર્તન કરવાથી મહાઅનર્થોની પરમ્પરા સર્જાશે; એવું સ્પષ્ટ દીવા જેવું સમજવા છતાં સારા કુલીન ઘરના નબીરાઓ સાથે કન્યાઓનું ઠેકાણું પાડવાની આશા–અપેક્ષાએ મહાજન અને સજ્જન એવાં ધર્મિષ્ઠ માતા–પિતાઓને અનિચ્છાએ દુઃખિત હૈયે પોતાની સુકન્યાઓને ભણાવવાના બહાના હેઠળ બે–ત્રણ વર્ષની બાલ્યાવસ્થાથી જ વિજાતીય(પરપુરુષ)ના મહા-કાતિલ સહવાસમાં મૂકવાનું દુઃસાહસ કરવું પડતું હતું. અને સુકન્યાઓને અનિચ્છાએ ફફડતે દુઃખિત હૃદયે પરપુરુષના મહાકાતિલ સહવાસમાં રહેવું પડતું હતું. પરન્તુ આજે તો એ અક્ષમ્ય મહાપાપ શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા જેવું સહજ બન્યું છે.

એક સમયે ભારતીય પવિત્ર આર્યસન્નારીધનની એવી પરમ સુદૃઢ સચોટ માન્યતા હતી, કે પરપુરુષની કાયાના સહવાસની કલ્પના કરવાથી અને પરપુરુષની છાયા પડવાથી

તો સન્નારીધનની કાયા અભડાય, એ તો નિર્વિવાદ છે; પરંતુ સ્વપ્નમાં પણ પરપુરુષની છાયાનો વિચાર આવે તોપણ કાયા અભડાય, અભડાય ને અભડાય જ એવી સચોટ માન્યતા ધરાવનાર સુકન્યકાઓને બાલ્યકાળથી લગભગ વીશ-પચ્ચીશ વર્ષ પર્યન્ત પરપુરુષના સહવાસમાં રહી આજે અક્ષમ્ય એ મહાપાપ પ્રત્યેનો ક્ષોભ, સૂગ કે સંકોચ રહ્યાં નથી.

## ભલભલા બુદ્ધિનિધાનોની કલ્પના પણ જયાં કાચી પડે :

પરપુરુષના સહવાસના મહાપાપે ચૌદ–પંદર વર્ષ કે તેથી પણ સાવ કાચી કુંમળી નાની વય–અવસ્થામાં જ પરપુરુષના સુંવાળા સહવાસ પ્રત્યે મનમાં કૂણી લાગણીઓ પ્રગટે, અને કોઈક કન્યામાં તો તેનું ખેંચાણ એટલું બધું તીવ્રતમ ઉગ્ર બને, કે તેની કલ્પના કરવામાં ભલભલા અનુભવી રૂસ્તમો અને બુદ્ધિનિધાનોના પણ છક્કા છૂટી જાય છે. એ જ રીતે દેવાંગના અને અપ્સરા જેવી રૂપરમણીઓનાં વૃન્દેવૃન્દ દૃષ્ટિ સમક્ષ આવે, તોપણ જેની આંખની પાંપણ ઊંચી ન થાય, એ કોટીનું સદાચારશીલ પરનારી સહોદર, પરમ ખમીરવન્ત ભારતીય આર્યનરરત્નધન પણ નિરન્તર પરનારીના સહવાસથી સાવ કાચી અને કુમળી વયે પર-

નારીના સુંવાળા સહુવાસની ભડભડતી જ્વાળામાં એવું બળી રહ્યું છે, કે ઘણી વાર તો ન કરવાનું કરી બેસે છે. પરસ્પરના સુંવાળા સહવાસના તીવ્રતમ આકર્ષણથી જામતા શંભુમેળા કેટલીક વાર તો એવા ભયંકર ભવાડાઓમાં પરિણમવા લાગ્યા છે, કે જેની કલ્પના કરવી પણ દુષ્કર છે. તે તો આપણા સહુનો જાત-અનુભવ હોવાથી તે અંગે કોઈ વિશેષ સ્પષ્ટતા કરવાની રહેતી નથી.

## પવિત્ર શ્રુતજ્ઞાનની અક્ષમ્ય આશાતના :

મહાજન-પ્રધાન આર્યમહાપ્રજાને ધર્મશ્રદ્ધાથી ભ્રષ્ટ કરીને ધર્મથી સર્વથા વિમુખ કરવા **માટે** ઘોર હિંસા, નરદમ જૂઠ, ચોરી, વ્યભિચાર આદિ અનેક મહાપાપો પૂરબહારમાં પાંગરે તેવા કુસંસ્કારોનું નવતર વાવેતર બાળ-માનસ ઉપર નિરન્તર થતું રહે તેવા મહા ક્રૂર આશયથી વિદેશીઓએ ભારતમાં સ્થાપેલ બાળમંદિરો, શાળાઓ, હાઈસ્કૂલો, કૉલેજો અને યુનિવર્સિટીઓ જેવાં મહાપાપ-સ્થાનકો સુધી ભારતીય પવિત્ર આર્યસન્નારીધનને પહોંચાડવાથી એ સુકન્યાઓના હાથે માસિક ઋતુસ્રાવના ત્રણ દિવસ એટલે ચોવીશ પ્રહર-બહોંતેર કલાક-પર્યન્ત માતાજી શ્રી સરસ્વતી વિદ્યાદેવીજીની અર્થાત્ શ્રી બ્રાહ્મીલિપિ કે

સમ્યક્ શ્રુતજ્ઞાનની અક્ષમ્ય અને અકલ્પ્ય તીવ્રતમ ઘોર આશાતના અને કદર્થના થવા લાગી.

## ઋતુમતીની છાયા પણ વર્જ્ય :

અનંત મહાજ્ઞાનીઓ તો સ્પષ્ટ જણાવે છે, કે માસિકના ત્રણ દિવસ પર્યન્ત ઋતુસ્રાવવાળી બહેનોની એટલી બધી તીવ્રતમ ઘોર અપવિત્રતા હોય છે, કે એ ત્રણ દિવસમાં પુષ્પો, પાપડ, વડી, અથાણું આદિ વસ્તુઓ ઉપર છાયા પડે, કે પરંપરાએ ઋતુસ્રાવના પુદ્ગળો એ વસ્તુઓને સ્પર્શે, તો એ વસ્તુઓ સાવ નકામી થઈ જાય છે. તો પછી જ્ઞાનની અક્ષમ્ય ઘોર આશાતના થાય તેમાં તો કહેવાપણું જ ક્યાં છે ? એટલા જ માટે અનન્ત મહાજ્ઞાનીઓ જણાવે છે, કે ઋતુસ્રાવના ત્રણ દિવસોમાં રજસ્વલા બહેનોની કાયાને તો ન સ્પર્શાય, પણ એમની છાયા સુધ્ધાં ન લેવાય. અરે, એમનું ત્રણ દિવસ મુખ પણ ન જોવાય. એ જ રીતે અપવિત્ર-કાયાવાળી એ બહેનોથી પુસ્તક, પાનાં, પાટી, પેન્સિલ આદિ જ્ઞાનનાં ઉપકરણો(સાધનો)ને સ્પર્શ સુધ્ધાં ન થાય, તો પછી દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક કે માસિક પત્રો કે પુસ્તક આદિનું પઠન કે લેખન આદિની તો વાત જ ક્યાં કરવી ? અર્થાત્ વાચન આદિ કરી જ ન શકે. અન્ય કોઈને

પણ સ્પર્શ ન કરી શકે. ત્રણ દિવસ એકાંતમાં રહીને માત્ર શુભ ભાવનાપૂર્વક ધર્મધ્યાનનું ચિન્તવન કરવાનું હોય છે. પરંતુ આધુનિક ચાલતી પઠનપાઠન અને લેખન આદિની મહા-પાપમય પ્રથાથી જ્ઞાનાદિની થતી તીવ્રતમ ઘોર આશાતનાથી અતિ ચીકણાં કર્મ બંધાય છે. તેના મહાકટુ વિપાકરૂપે અનંતકાળ પર્યન્ત દુઃખી દુઃખી થવું પડે તો એ નકારી શકાય તેમ નથી. એ મહાપાપથી અનંતકાળે પણ એ બહેનોના આત્માનો છુટકારો થશે કે કેમ ? તે તો અંતરજ્ઞાની ભગવંત જાણે ! આ પણ વિદેશીઓના મહાબાલિશ પ્રચારની જ નીપજ છે.

ઋતુસ્રાવના દિવસોમાં સ્પર્શાસ્પર્શના મહાપાપની પરમ્પરાથી અર્થાત્ સ્પર્શાસ્પર્શના નિયમોનું અખંડપણે પાલન ન કરવાથી ધર્મ જાય, અધર્મ આવે; પુણ્ય જાય, પાપ આવે; ધન જાય, નિર્ધન થવાય; પ્રભુતા જાય, લઘુતા થાય; આરોગ્ય જાય, રોગ આવે; સુખ ટળે, દુઃખ મળે; સ્વામિત્વ ટળે, દાસત્વ મળે; યશ ટળે, અપયશ મળે; કીર્તિ ટળે, અપકીર્તિ મળે; આવકાર ટળે, તિરસ્કાર મળે.

## અસત્યશેખર વિદેશીઓની વાહિયાત વાત :

અસત્યશેખર શિરોમણિ વિદેશીઓએ આડેધડ કપોલ-કલ્પિત ભીંડા મારવા માંડયા કે ભારતીયો પ્રતિશત આઠ જ

ભણેલા અને બાણું અભણ, ભોટવાશંકર, નિરક્ષર ભટ્ટાચાર્ય ! એવા વાહિયાત ભીંડામારુ વિદેશીઓને હું પૂછું છું કે, ભારતીયો અભણ હતા જ ક્યારે ? એ અંગેનો કોઈ શાસ્ત્રીય કે ઐતિહાસિક પુરાવો કે સાક્ષીપાઠ છે ખરો ? મહાસુજ્ઞ પરમ સુસજ્જન મહાસંતકોટિના પરોપકારપરાયણ, જીવમાત્રનું ભલું અને આત્મહિતની ચિંતા જેમને કોઠે અને હોઠે વસેલી છે, એવા મહદ્દંશના ભારતીયોને અભણ કહેનાર ઓ મહાસ્વાર્થી અને મહાદામ્ભિક વિદેશીઓ ! તમારામાં કયો એવો મહાસદ્ગુણ પ્રગટ્યો છે કે તમે તમારી જાતને ભણેલ અને પઠિતોમાં ખપાવો છો ? તમારા જેવા મહાસ્વાર્થી અને મહાદામ્ભિકોને ભણેલ કે પઠિતરૂપે સ્વીકારવા એ પણ એક નર્યો દંભ અને મહામૂર્ખતા જ છે.

મહાજનપ્રધાન આર્યપ્રજારૂપ ક્ષત્રિય, વૈશ્ય, બ્રાહ્મણ, શિલ્પી, સઈ, સુથાર, લુહાર, તેલી તંબોળી, ઘાંચી, મોચી, ઢેડ, વણકર આદિ અઢારે વર્ણ જ્ઞાતિવાર પરમ્પરાગત પોત-પોતાના આનુવંશિક વ્યવસાયોમાં અજોડ કોટિનું નૈપુણ્ય, પ્રાવીણ્ય અને ચાતુર્ય ધરાવતા હતા. તેના દાર્શનિક પુરાવા અને પ્રતીતિરૂપે અગણિતકાળથી ચાલ્યા આવતા કળાકૌશલ્ય પૂર્ણ, આશ્ચર્યમુગ્ધ કરનાર અજોડ શિલ્પયુક્ત અણનમપણે અડીખમ ઊભેલાં શિખરબદ્ધ હજારો જિનાલયો, સેંકડો

શિવાલયો અને દેવાલયો આદિ પૌર્વાત્ય સ્થાપત્યો આજે પણ સાક્ષી પૂરે છે.

## કસાઈનાં પણ કાળજાં કંપે એવી ભાંડણલીલા :

હજારો લાખો રૂપિયાનું આંધણ મૂકીને બાવીશ ત્રેવીશ વર્ષની વય–અવસ્થાપર્યન્ત હાઈસ્કૂલ કૉલેજ આદિમાં પાશ્ચાત્ય પદ્ધતિનું કુશિક્ષણ લઈને સમૂર્ચ્છિમ અળસિયાં ને બિલાડીના ટોપ જેવા ફૂટી નીકળેલા આધુનિક હજારો લાખો એન્જિનિયરો (શિલ્પીઓ) મળીને અજોડ શિલ્પકળાયુક્ત એક પણ સ્થાપત્ય નિર્માણ કરવા સમર્થ નથી. ત્યારે અનન્તાનન્ત પરમ ઉપકારક, પરમ તારક, દેવાધિદેવ શ્રી આદીશ્વરજી પરમાત્માથી વિહિત એવી પરંપરાગત આનુવંશિક સ્વ–સ્વ કળામાં નિષ્ણાત થવામાં એક રાતી પાઈનોયે વ્યય કર્યા વિના, અને વર્ષ બે વર્ષ જેટલા અલ્પ સમયનો બગાડ કર્યા વિના તલસ્પર્શી ઊંડી કોઠાસૂઝથી નિપુણતાને વરેલા ભારતીય સુજ્ઞ કલાકારોને અભણ કહીને ભાંડવાનું દુઃસાહસ કરનારા ઓ વિદેશીઓ ! તમે જેઓને અભણ કહ્યા એ કલાકારોએ તો જેના દર્શન માત્રથી મહાપાપ જાય, ઊકળતા ચરુ જેવો અને બળબળતો આત્મા ઠરીને હિમશિલા જેવો પરમ શીતળ, શાન્ત, પ્રશાંત બને, તેવાં પ્રશમરસનિમગ્ન

લાખ્ખો જિનબિંબોથી યુક્ત, આશ્ચર્યમુગ્ધ અજોડ શિલ્પકળાની જીવંત મૂર્તિસમાં શ્રી સિદ્ધાચળજી, આબૂજી, રાણકપુરજી, તારંગાજી, શંખેશ્વરજી આદિ મહાતીર્થોનાં હજારો જિનાલયો, વીરસંવતની પચ્ચીશમી શતાબ્દીનું અજોડ શિલ્પકળામય પરમપાવનીય વિશ્વવંદનીય પરમખ્યાત શ્રી સીમંધરસ્વામિ જિનમન્દિર મહાતીર્થ, મહેસાણા–ઉત્તર ગૂજરાત તેમજ અન્ય હજારો ભવ્ય જિનાલયો, દેવાલયો, મહાલયો તેમ જ રત્નકમ્બળો, સોનેરી રૂપેરી તારની જરીવાળી સાડીઓ, જરીનાં વસ્ત્રો, ચાલીશ વારનો તાકો વીંટીમાંથી નીકળી જાય તેવી ઢાકાની મલમલ, આદિ વસ્ત્રો તત્કાલીન મહાજન પ્રધાન ભારતીય આર્યપ્રજા કેવી પરમ ઉદાર અને સ્વ-સ્વ કળામાં કેવી પરમ વ્યુત્પન્નમતિવાળી અર્થાત્ પારંગત હતી, તેની આજે પણ સાક્ષી પૂરે છે એવી પરમ ઉદાર મહા સુજ્ઞ પ્રજાના હાથનાં કાંડા કાપી, કઈકની ગોઝારી હત્યાઓ કરી–કરાવી તે મહાસુજ્ઞ પ્રજાને અભણ, નિરક્ષર ભટ્ટાચાર્ય, મૂર્ખ, અજ્ઞ જેવા અપશબ્દોથી ભાંડવાનું અક્ષમ્ય દુઃસાહસ તો કાળમીંઢ જેવા ક્રૂર કાળજાવાળા મહાધૂર્તશિરોમણિ હોય, તે જ કરી શકે. આવી મહાઅસત્ય ભાંડણલીલા કરતાં તો પાડા બકરા કાપનારા મારા(કસાઇ)ઓનાં કાળજાં પણ કમકમે.

મહામાયાવી વિદેશીઓની ભારોભાર મહાઅસત્યપૂર્ણ સૂફિયાણી વાતોથી અંજાઇને ગૂઢ માયાનો તાગ નહિ પામેલા એવા અમુક ભારતીયો પણ બોલવા લાગ્યા, કે મોટાભાગના ભારતીયો અભણ છે. એ રીતે બા-પોકાર કરીને વિદેશીઓના સૂરમાં સૂર પુરાવવા લાગ્યા.

## ભણ્યો પણ ગણ્યો નહિ :

પરમ્પરાગત આનુવંશિક સ્વવ્યવસાયમાં જેમનું પૂર્ણ પ્રભુત્વ અને અજોડ કળાકૌશલ્ય હતું એવી મહા સુજ્ઞ મહાજનપ્રધાન ભારતીય આર્યપ્રજાએ માત્ર અક્ષરજ્ઞાન પાછળ આંધળી દોટ ન મૂકતાં, તેણે કળાના હાર્દ સુધી પહોંચવાની ધૈર્યપૂર્વકની ઊંડી કોઠાસૂઝને જ મહત્ત્વ આપ્યું. મહદંશે ધીર, વીર, ગંભીર, સન્તોષી, યશસ્વી, પરોપકારી અને સદાચારી એ મહાસુજ્ઞ આર્ય પ્રજાની સચોટ માન્યતા હતી કે "ભણ્યો પણ ગણ્યો નહીં" તેનું કોઈ મહત્ત્વ નથી.

## ધર્મના મૂળમાં પલીતો ચાંપવાનું કાવતરું :

ઊંડી કોઠાસૂઝ ધરાવનાર મહાસુજ્ઞ આર્યપ્રજાને અભણ કહીને, તેને મહામૂર્ખરૂપે કૂટી મારી એ અભણોને ભણાવવા જોઇએ એવા અસત્ય પ્રચારના બહાના હેઠળ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, હાઈસ્કૂલો, કોલેજો અને

યુનિવર્સિટીઓ નિર્માણ કરવા–કરાવવાની વાતો વહેતી મૂકીને આર્યસંસ્કૃતિના સાંસ્કાર અને ધર્મના મૂળમાં પલીતો ચાંપવાનું કાર્ય કર્યું.

## ઊંધા શ્રીગણેશ માંડયા :

લૉર્ડ મેકોલેએ અંગ્રેજી ભાષાના દેશવ્યાપી પ્રચારના માધ્યમથી આર્યસંસ્કૃતિ અને અનન્ત મહાતારક ધર્મનો સર્વનાશ અને પોતાના ધર્મના દેશવ્યાપી પ્રચારને ગર્ભિત રાખીને એક ક્ષણમાં અગણિત કાળથી ચાલી આવતી આર્ય-સંસ્કૃતિનું અને ધર્મસંસ્કૃતિનું ગળું ટૂંપી નાખવાના ઊંધા શ્રીગણેશ માંડયા.

ક્ષણભર માટે કોઈ શંકા કરે કે શાળા, હાઈસ્કૂલ, કૉલેજ આદિનું આયોજન કરે અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપે તેમાં ખોટું શું? અને તેનો આટલો બધો વિરોધ શા માટે? તેના સમાધાનરૂપે સર્વપ્રથમ તો વિદ્યા કોને અપાય અને કોને ન અપાય ? એમાં વિવેક રાખવાની ખૂબ જ તાતી જરૂર છે.

## અપાત્રને વિદ્યાદાન નહિ :

ધર્મ અને આર્યસંસ્કૃતિને વરેલા હિતચિન્તક સન્ત, મહંત, સજ્જન અને મહાજનો આદિ વિદ્યા (અક્ષરજ્ઞાન)

આપવામાં યોગ્યાયોગ્ય, પાત્રાપાત્રનો ખૂબ ઊંડાણુથી વિચાર કરતા હતા. અપાત્ર કે અયોગ્યને વિદ્યા ન આપવી, તે પણ તે અપાત્ર જીવો ઉપર મહત્તમ ઉપકાર હતો; કારણ કે અપાત્રને અક્ષરજ્ઞાન આપવાથી વિદ્યા, સરસ્વતી કે શ્રુતજ્ઞાનની અક્ષમ્ય ઘોર મહાઆશાતના થાય છે. વિદ્યાની આવી ઘોર કદર્થના એ તો વિદ્યાનું અક્ષમ્ય ઘોર અપમાન અને તેનો અનાદર છે. વિદ્યાનો એ કોટીનો અનાદર કરવાથી તે અપાત્ર જીવોને તીવ્રતમ જ્ઞાનાવરણીય કર્મ, ગાઢ મહામોહનીય કર્મ, તીવ્રતમ સાત વેદનીય કર્મ, પ્રબળ અશુભ નામ કર્મ એવાં એવાં અનેક તીવ્ર મહાપાપો બંધાય અને પરમ્પરાએ ઉત્કૃષ્ટથી અનન્તી ચોવીશી જેટલાં એ મહાપાપોની આકરામાં આકરી શિક્ષા ભોગવતાં હાડકાં ઓગળી જાય, તોપણ આપણાથી નકારી શકાય તેમ નથી. એ અપાત્ર જીવોને એવી અનન્ત યાતના અનન્ત કાળ પર્યન્ત ભોગવવી ન પડે એવા ભાવદયા-પૂર્વકના શુભ આશયથી જ તે સન્તો અને સજ્જનો અપાત્રને વિદ્યા આપતા ન હતા.

## વિદ્યા અને અવિદ્યાની ઓળખ :

વિદ્યા સમ્પાદન કર્યા પછી જીવાત્મા નમ્ર, સરળ, ગુણાનુરાગી, ગુણગ્રાહી, પરોપકારી, કૃતજ્ઞ, દયાળુ, સત્યનિષ્ઠ,

ન્યાયી, વિવેકી, વિનયી, સદાચારી, પરનારી–પરપુરુષ–સહોદર, ઉદાર, દાની, સજ્જન, શ્રદ્ધાશીલ અને ધર્મિષ્ઠ બને, તો જ તેને વિદ્યાવાન કહેવાય. અને વિદ્યા સમ્પાદન કર્યા પછી ઉદ્ધત, અવિનયી, અવિવેકી, તેજોદ્વેષી, અપકારી, કૃતઘ્ન, અસત્યવાદી, અન્યાયી, અનાચારી દુરાચારી, વ્યભિચારી, સ્વાર્થી, કૃપણ, ધૂર્ત, શઠ, દુર્જન, શ્રદ્ધાહીન અને મહા અધર્મી રહે તો તે વિદ્યા વિદ્યા નહિ, પણ તે અક્ષરજ્ઞાન મહા–અવિદ્યા છે.

બાળમન્દિરથી પ્રારંભીને કૉલેજમાં અમુક પ્રમાણ સુધીનાં બાળક-બાળિકાઓ અને યુવતીઓનું માનસ કેવું ઉદ્ધત અને છંછેડાયેલ હોય છે, તે કહેવાની હવે ભાગ્યે જ જરૂર પડે તેમ છે; તોપણ કહી દઉં છું કે તે છંછેડાયેલ ઝેરી સર્પ જેવું હોય છે. કંઈક અપરાધ, ત્રુટિ, ક્ષતિ કે ભૂલ થાય, અને તે અંગે શિક્ષક કે પ્રાધ્યાપક ડરતાં ડરતાં સહેજ ઉપાલંભ આપે, તો તે બાળક–બાળિકાઓ કે યુવક યુવતીઓ શિક્ષક કે પ્રાધ્યાપકની શી વલે કરે? તેની સ્પષ્ટતા કરવાની ભાગ્યે જ અપેક્ષા રહે. તે તો તમે સહુ બાળમન્દિરથી કૉલેજ સુધીની પરિસ્થિતિમાંથી પસાર થયેલ, તે સમયે અપરાધ આદિના પ્રસંગે શિક્ષક કે પ્રાધ્યાપકે તમને જે ઉપાલંભ આપ્યો હશે; ત્યારે તમોએ તમારા શિક્ષક આદિ પ્રત્યે કેવું

વલણ અપનાવ્યું હશે તે અંગે મારે સ્પષ્ટતા કરવાની રહેતી નથી. એ તો તે સમયનું તમારું શિક્ષક આદિ પ્રત્યેનું વલણ જ તમારા કાનમાં ચાડી ખાતું હશે !

## જીવતું-જાગતું દોજખ :

હલાહલ કાતિલ વિષ કરતાંય મહાભૂંડા ઉપર્યુક્ત ઉદ્ધતાદિ અનેક પાશવી મહાદુર્ગુણોની જનેતારૂપ જીવતા જાગતા દોજખ જેવી હાઈસ્કૂલ અને કૉલેજ આદિનો અસત્ પ્રચાર અભણ ભારતીયોને ભણાવવાના નામે ચાલુ રાખ્યો. તેમ જ બીજી બાજુ આર્યસંસ્કૃતિરક્ષક જ્ઞાતિવાર પરંપરાગત આનુવંશિક વ્યવસાયોરૂપ અલ્પ વ્યય અને અલ્પ પ્રયાસ સાધ્ય વાણિજ્યનીતિના સુવ્યવસ્થિત માળખાને ભયંકર ભીંસમાં લઈને ભારતીય અર્થતંત્રને દુર્બળ, અપંગ હાડપીંજર જેવું ખોખલું અને નિષ્પ્રાણ બનાવવા માટે વાણિજ્યનીતિનાં કરકમળોમાં લાયસન્સ પદ્ધતિરૂપ જંજીર નાખી, પગમાં કન્ટ્રોલ (પ્રતિબંધ) પદ્ધતિરૂપ અભેદ્ય વજ્રશૃંખલા નાખી, ગળામાં કવોટા પદ્ધતિરૂપ ફાંસો નાંખ્યો અને વાણિજ્યનીતિને આખી ને આખી ગળી જવા માટે 'માર્કેટિંગ યાર્ડ' રૂપ ભરડો લેતા અજગરના મુખમાં મૂકી દીધી. આ અક્ષમ્ય તાંડવલીલા નૃત્યના સાણુસાવ્યૂહની ભીંસ આવવાથી

ભારતીય અર્થતંત્ર ડચકાં ખાતું સાવ નિષ્પ્રાણ જેવું બની ગયું, અને મહાજન-પ્રધાન આર્યમહાપ્રજા નાણાંકીય રીતે ભયંકર ભીંસમાં આવી. તેના કારણે વ્યવસાય, વ્યવહાર અને આજીવિકાદિ શી રીતે ચલાવવાં એ એક અણઉકલ્યા કોયડા જેવી અતિવિકટ અને જટિલ સમસ્યા ઉપસ્થિત થઈ.

## પવિત્ર માનસ ભ્રષ્ટ કરનાર અંગ્રેજી અક્ષરજ્ઞાન :

આજીવિકાની સમસ્યા ઊકળતા ચરુ જેવી જટિલ થવાથી આર્થિક સ્થિતિએ ભીંસાતી અને ભારતીય મહાજન-પ્રધાન આર્યમહાપ્રજા સમક્ષ આર્યસંસ્કૃતિ અને સર્વજીવ કલ્યાણકર ધર્મસંસ્કૃતિનો સર્વનાશ કરવાના મહાક્રૂર, મલીન આશયથી સમસ્ત દુર્ગુણોની જનેતારૂપ પાશ્ચાત્ય શિક્ષણ-પદ્ધતિનો વિશ્વવ્યાપી પ્રચાર કરવા માટે વિદેશીઓએ એવી વાત વહેતી મૂકી, કે ઇંગ્લીશ ભણેલા હશે તેમને રાજ્યમાં નોકરી આપવામાં આવશે. આજીવિકાની જટિલ સમસ્યાથી મૂંઝાતા ભારતીયોમાંથી કેટલાંક મા-બાપોએ ઇચ્છા કે અનિચ્છાએ પોતાના પુત્રોને અંગ્રેજી ભણાવવાનો પ્રારંભ કરાવ્યો. વિદેશીઓ માટે તો આ પ્રારંભ ઘી-કેળાં જેવો ગણાયો. આ તો 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' તેના જેવું થયું. ભારતીય યુવકોનાં મનની પવિત્ર ભૂમિકા ઉપર અંગ્રેજી

ભાષાના માધ્યમથી વિદેશીઓએ કૂટતાપૂર્વક મહાપાપમય કુતર્કોનું કાતિલ વાવેતર કરી શ્રી જિનેન્દ્ર પરમાત્માએ ઉપદેશેલ ધર્મ તત્ત્વ પ્રત્યે શંકા–કુશંકાનાં ભયંકર જાળાં ઊભાં કરીને પવિત્ર માનસને ધર્મશ્રદ્ધા અને ધર્મારાધનારૂપ ધનથી ભ્રષ્ટ કર્યું.

## વાણિજ્યતંત્રને ખોરવી નાખવાની કુટિલ ચાલ :

મહાકાતિલ હલાહલ વિષતુલ્ય વિષયવાસનાનો, અતિ આવેગભર્યો તીવ્ર તલસાટ સાવ કાચી કુમળી વય-અવસ્થામાં યુવક યુવતીઓના સુકુમાર પવિત્ર બાલમાનસ ઉપર ઉપસાવીને રંગેરંગમાં ઉતારવા માટે વિદેશીઓ મહાપાપમય કેવા કેવા ભયંકર અક્ષમ્ય પેંતરા રચતા ગયા ? તેનો વિગતે વિચાર કરતાં પહેલાં, ભારતીય વાણિજ્યતંત્રને ખોરવી નાંખીને, ભારતીય અર્થતંત્રને ભીંસમાં લઇને મૃતપ્રાયઃ જેવું સાવ અપંગ બનાવવા પાછળ વિદેશીઓની કઈ અક્ષમ્ય મેલી મુરાદે ભાગ ભજવ્યો તેની સ્પષ્ટતા કરવી અનિવાર્ય હોવાથી, પ્રથમ તે અંગે સ્પષ્ટતા કરું છું.

## આ છે વિદેશીઓની મેલી મુરાદ :

ભારતીય અર્થતંત્રને મૃતપ્રાયઃ જેવું, સાવ અપંગ નાબવવા પાછળ ગર્ભિત કારણ તો એ છે કે "આર્યસંસ્કૃતિરૂપ

પુણ્યભૂમિ ઉપર અડોલપણે અડીખમ ઊભેલ શાશ્વત અનન્ત આનંદદાયી જૈનધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયામાં સદા આનંદ–કલ્લોલ કરતો મહાચતુર શ્રમણોપાસક મહાજનવર્ગ ન્યાયસમ્પન્ન વિભવપૂર્વક આર્થિક સ્થિતિએ સુસમ્પન્ન હશે ત્યાં સુધી આ ધરતી ઉપર આપણી કારી લાગે (ફાવે) તેમ નથી, અને ત્યાં સુધી આ ધરા ઉપર વસવાટ કરતી ભારતીય આર્યમહાપ્રજાના શિરે આપણો ધર્મ ધરબી દેવાનો પ્રયાસ કરીશું તો વિરોધનો જ્વાળામુખી એવો તીવ્રતમ ફાટશે કે આપણા ધર્મના પ્રચારની પોકળ પાપલીલા પ્રગટ થઈ જવાની ઘણી મોટી દહેશત છે. જો મહાજનવર્ગની આર્થિક સ્થિતિ ઉપર મરણતોલ ફટકો પડે તો તે વર્ગ વિકટ પરિસ્થિતિમાં સદાકાળ ભીંસાતો રહે. આપણી પોકળ પાપલીલા સામે વિચાર કરવાનો એને અવકાશ જ ન મળે, અને એવી કપરી પરિસ્થિતિમાં કદાચ એ મહાજનવર્ગ આપણી પોકળ પાપલીલા જાણી જાય, તોયે બહુ ચિંતાનો વિષય નથી; કારણ કે આર્થિક રીતે મરણતોલ કારમી સ્થિતિમાં તે મૂંઝાતો હોય, ત્યાં ક્યાં આપણા ધર્મના પ્રચારનો વિરોધ કરી શકે છે ? આ છે વિદેશીઓની મેલી મુરાદની એક ઝાંખી.

ઇંગ્લીશ ભણતરના માધ્યમે ધર્મશ્રદ્ધા અને ધર્માચરણથી ભ્રષ્ટ કર્યા, આર્થિક સ્થિતિ ઉપર મરણતોલ ફટકો મારી નીતિ,

ન્યાય, વિનય, વિવેક, દયા, દાન, પરોપકાર આદિ પાયાના ગુણોથી ભ્રષ્ટ કરીને શ્રી આદીશ્વરજી પરમાત્મવિહિત આર્યસંસ્કૃતિ અને ધર્મશાસનને અકલ્પ પારાવાર હાનિ પહોંચાડવા છતાં કાળમીંઢ વિદેશીઓને ન થયો સન્તોષ, કે ન ધરાયું એમનું મન. શેં ધરાય તેમનું મન ? એમનું મન તો ત્યારે જ ધરાય ને કે જ્યારે સદાચારમય ભારતીય પવિત્ર આર્યસન્નારીધન બાલ્યકાળથી જ પરપુરુષના સહવાસમાં રહીને આદર્શ પવિત્ર જીવનને અભડાવીને સદાચારથી સર્વથા નષ્ટભ્રષ્ટ થઈ જાય.

## યુવકો સમક્ષ ધરેલો ભયંકર હાઉ :

ભારતીય પવિત્ર આર્યસન્નારીધનને નષ્ટભ્રષ્ટ કરવા માટે વિદેશી ભણતર ભણીને પાશ્ચાત્ય રંગે રંગાયેલ ભારતીય યુવકો સમક્ષ વિદેશીઓએ એક એવો ભયંકર હાઉ ધરી દીધો કે ભારતીય અભણ કન્યાઓને પરણી તેને જીવનસાથિની બનાવવાથી તમારો સંસાર શી રીતે ચાલશે ? અભણ કન્યાઓ સાથેના તમારા ગૃહસંસારમાં ભલીવારે શું આવે ? અતિગૂઢ અને મહામાયાવી વિદેશીઓની કાતિલ કૂટલીલાના તાગને પામવાનું સામર્થ્ય ન ધરાવનાર એ યુવકો વિદેશીઓની ભુલભુલામણીભરી ભયંકર ભ્રમજાળમાં ભૂલા પડ્યા. અરે ! ભુલા

પડે જ ને! અનુભવી એવા નીતિકારોએ તો સ્પષ્ટ જણાવ્યું છે કે : **"सुप्रयुक्तस्य दम्भस्य ब्रह्माप्यन्तं न गच्छति"** અતિ સીફતપૂર્વક કરાયેલ દમ્ભનો અંત અર્થાત્ તાગ બ્રહ્મા પણ પામી શકે તેમ નથી. તો પછી આ બિચારા યુવકોનું તે કયું ગજું, કે વિદેશીઓની ફૂટલીલાભરી કાતિલ ભ્રામક જાળનો તાગ પામી શકે ? અર્થાત્ એ ફૂટલીલાનો તાગ પામવો યુવકો માટે અશક્યપ્રાયઃ હતું.

ભારતીય પવિત્ર આર્યસન્નારીધન સદાચારાદિ સદ્ગુણોથી નિરન્તર ભ્રષ્ટ થતું રહે, તે માટે બાલ્યકાળથી જ સુકન્યાઓ પરપુરુષના સહવાસમાં રહે તો યુવાવસ્થા પ્રાપ્ત થતાં એ સુકન્યાઓ પરપુરુષની કાયાના સહવાસમાં રહેતાં, કે પર-પુરુષની કાયાથી કાયિક સુખ માણતાંય અંશમાત્ર ક્ષોભ કે સંકોચ ન અનુભવે, એવા મહાબાલિશ ગર્ભિત આશયને સફળ બનાવવા માટે ભારતીય યુવકોને ભ્રમિત કરવા માટે મહાછળપ્રપંચક અને મહાવંચક ધૂર્તરાટ્ શિરોમણિ વિદેશી-ઓએ છળતા અને શઠતાપૂર્વક ભારતીય યુવકો સમક્ષ ભારતીય સુકન્યાઓને અભણ કહેવાનું અક્ષમ્ય મહાદુસ્સાહસ કર્યું. એ ખોટા હાઉએ મહાભૂકમ્પ જેવો જબરજસ્ત આંચકો આપીને યુવાહૈયાઓને હચમચાવીને ભયંકર ખળભળાવી દીધાં.

## આર્યસન્નારીધન અભણ ક્યારે હતું ?

ભારતીય કન્યાઓ અભણ છે એવું અસભ્ય અને અભદ્ર બોલનારા ઓ વિદેશીઓ ! હું તમને પૂછું છું, કે ભારતીય સુકન્યાઓ અભણ હતી જ ક્યારે ? એ ભારતીય સુકન્યાઓથી તમને એવો કયો કડવો અનુભવ થયો, કે તેમનામાં તમને અભણતા દેખાણી ? જે સુકન્યાઓ વિવાહિત થયા પછી, તેમની પવિત્ર કુક્ષિથી જન્મેલ સંતાનો-સંતો, મહંતો અને સદાચાર પુરુષસિંહ જેવાં ચમકતાં રત્નોએ પ્રાણાંતે પણ દેવ, ગુરુ અને ધર્મની રક્ષા, આરાધના, ઉપાસના, પ્રભાવના અને સેવા કરી; જેમનાં સંતાનોએ મહાતીર્થો નિર્માણ કરાવ્યાં, જેમનાં સંતાનોએ અનેક મહાતીર્થોના જીર્ણોદ્ધારો કરાવ્યા, જેમનાં સંતાનોએ કાળ અને મહાકાળ જેવા મોટા મોટા દુષ્કાળોના પડકારોને ઝીલી તે દુષ્કાળોને ખાળીને ક્રોડો અબજો માનવો અને પશુ પક્ષી આદિ અર્થાત્ કીડીથી કુંજર સુધીના જીવોની ક્ષુધાને ઠારીને અંતરના આશીર્વાદ લીધા. જેમનાં સંતાનોએ સાધુસમાજરૂપ સંત અને સજ્જનોના રક્ષણ કાજે હથેળીમાં મોત રાખીને, દુર્જનો સાથે ઝઝૂમીને સજ્જનોનું રક્ષણ કરી મોતને વહાલું કર્યું. જેમનાં સંતાનો રાજાઓના રાજ કાજે અને પ્રજાજનોના પ્રાણ કાજે મોતની

વેદિકા ઉપર પોતાના પ્રાણની આહુતિ દેતાંય અચકાયાં નથી. જેમનાં સંતાનોએ સતીઓના સતીત્વ અને સન્નારીઓનાં શિયળના રક્ષણ કાજે ખેરખાં જેવા માથાભારે ગુંડાઓની સાથે જીવસટોસટ ખાંડાના ખેલ ખેલવામાંય પાછી પાની કરી નથી; એવા અગણિત કોટાકોટિ સંતો, મહંતો, સજ્જનો અને સતીઓની અપૂર્વ લહાણ જે પવિત્ર આર્યસન્નારીઓ અદ્યાવધિ કરતી જ રહી છે, એવા પવિત્ર આર્યસન્નારીધનને અભણ કન્યાઓ કહેવાનું અક્ષમ્ય મહા-અપરાધપૂર્વકનું અધમાધમ દુઃસાહસ ધૂર્તશટ્શિરોમણિ વિદેશીઓ વિના અન્ય કોણ કરી શકે ?—કોઈ જ નહિ. ઓ વિદેશીઓ ! કીડા ખદબદતા તમારા અધમાધમ કૂટભેજાની નીપજો ઉપરથી મારે કેટલા પડદા ચીરીને તેને છતી કરવાની રહેશે ?

## સુસંસ્કારરૂપ રત્નની અખૂટ ખાણ :

'**मुखमस्तीति वक्तव्यम्**'ની જેમ ભારતીય સુકન્યાઓ અભણ છે, એવો સમજ્યા વિનાનો યદ્વાતદ્વા અભદ્ર બકવાદ કરનારાઓને હું પૂછું છું, કે ભારતીય સુકન્યાઓ અભણ હતી, એવો એક પણ ઐતિહાસિક સબળ પુરાવો, કે તેમની અભણતાનો કોઈ કડવો જાતઅનુભવ તમને થયો હોય

તો તમે બતાવી શકો છો, એવું મારું ખુલ્લમખુલ્લું તમને આહ્વાન હોવા છતાં તમે પુરવાર કરવા સદૈવ અસમર્થ જ રહ્યા છો અને રહેશો; કારણ કે ભારતીય સુકન્યાઓ અભણ કે અપઠિત છે જ નહિ, એ તો મેં ભારતીય આર્ય-સન્નારીધનના ભૂતકાળના ભવ્યાતિભવ્ય ઇતિહાસથી સિદ્ધ કરી બતાવ્યું છે, કે ભારતીય સુકન્યાઓ બાહ્ય અને અભ્યંતર રીતે કેટલી બધી સુજ્ઞ, સુઘડ, સૌજન્યમૂર્તિ અને પરમ ઉચ્ચતમ આદર્શ ગુણોની ખાણ છે, કે જેની ફળશ્રુતિરૂપે તે સુકન્યાઓએ પરમ ઉચ્ચકોટિના સંતો–મહંતો, સજ્જનો, મહાજનો, સતીઓ, મહાસતીઓ, કવિઓ, કળાકારો, ચિત્ર-કારો આદિ રત્નોની અપૂર્વ લહાણ કરીને વિશ્વને પુરવાર કરી આપ્યું છે, કે ભારતીય સુકન્યાઓ ભવભવાંતરના ધર્મ આદિના અપૂર્વ સુસંસ્કારોથી તેમજ ગર્ભકાળથી જનેતાના સુસંસ્કારના શિક્ષણથી શિક્ષિત થઈને જ આ ધરતી ઉપર અવતરે છે.

પરમ આદર્શ સુસંસ્કારોનો અપૂર્વ વારસો લઈને અવતરેલ ભારતીય સુકન્યાઓને અભણ કહેનારાઓને ભવિષ્યમાં હૈયું અને હોઠ મળશે કે કેમ ? તે તો અનંત જ્ઞાની જ કહી શકે.

## મહાઅભિશાપરૂપ મનોરંજનગૃહો :

આર્યસંસ્કૃતિ અને જૈન ધર્મના સર્વનાશ માટે આર્યપ્રજાના અને તેમાં પણ આર્યસન્નારીધનના પવિત્ર સદાચારી જીવનના મૂળમાં વ્યભિચાર, અનાચાર આદિનો લૂણો લાગતો રહે અને કાળાન્તરે એ લૂણો વજ્ર જેવા કઠોર અને બળબળતા અગનગોળાની ગરજ સારે એવું કાતિલ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે, એવું ગર્ભિત રાખીને વિદેશીઓએ એવી વાત વહેતી મૂકી કે દિવસભરના પરિશ્રમથી શ્રમિત થયેલ તન, મનના શ્રમને દૂર કરવા માટે "મનોરંજનનું સાધન હોવું અતિ જરૂરી છે." મનોરંજનના નામે ઠેર ઠેર ચલચિત્રગૃહો(સિનેમાઓ) ઊભાં કર્યાં. એ ગૃહોમાં મનોરંજનના નામે અનીતિ, અન્યાય, લૂંટફાટ, ચોરી, અપહરણ, બળાત્કાર, અનાચાર, વ્યભિચાર, માનવહત્યા, પશુહત્યા, આપઘાત, દ્યુતક્રીડા(જુગાર), માંસાહાર, મદ્યપાન આદિ મહાઅભિશાપરૂપ અનેક મહાપાપો સીફતપૂર્વક કેમ કરવાં ? – આ મહાપાપોનો કોઈ પ્રતિકાર કરે તો તેનો ઉગ્ર વિરોધ કરીને તેને અતિનિર્દયતાપૂર્વક કેમ ધોઈ નાખવાં ? અરે લાગ આવે તો સદાને માટે તેને કેમ પતાવી દેવો ? તેમજ વિષયવાસનાનો તીવ્ર આવેગ સદાકાળ ઘોડાપૂરે વહેતો રહે તે માટે કેવાં અશ્લીલ ચલચિત્રો પ્રેક્ષકોને બતાવવામાં આવે છે તેની કંઈક સમાલોચના કરીએ.

## તન-મન ધનને અભડાવતાં અશ્લીલ દૃશ્યો :

શબ્દે શબ્દે વિષયવાસનાનો આવેગ તીવ્રતમ બનીને ઘોડાપૂરે ઊભરાય તેવાં અશ્લીલ ફટાણાં ગાતી, અને રંગરાગના પૂરમાં તણાતી રૂપલાવણ્યભરી ગૌર સૌષ્ઠવ – તન્વંગી અભિનેત્રીઓના લહેકા અને લટકાયુક્ત અંગમરોડનો અભિનય દિગ્દર્શકો દ્વારા પારદર્શક પટ્ટીમાં કંડારાતો હોય, તે સમયે અમુક વ્યક્તિના દબાણ, આગ્રહ કે હઠાગ્રહને વશ થઈને અમુક અભિનેત્રીઓને સંકોચ કે નિઃસંકોચપણે નગ્ન-અર્ધનગ્ન થઈને પોતાનાં ગોપ્ય-ગુહ્ય અંગ – ઉપાંગોનું ખુલ્લંખુલ્લું નિર્લજ્જ પ્રદર્શન કરવું પડે છે.

કેટલાંક ચલચિત્રોમાં તો અભિનેત્રીનાં ગોપ્ય એવાં પણ ઉઘાડાં અંગ-ઉપાંગો સાથે અભિનેતાઓ પોતાની ઇચ્છાનુસાર પેટભર અનેક અણછાજતાં અક્ષમ્ય અડપલાં કરવાની પણ છૂટછાટ લે છે. એ બધું અભિનેત્રીઓની ઇચ્છાથી સર્વથા વિરુદ્ધ હોય, તેમને આ બધાં અક્ષમ્ય મહાપાપો પ્રત્યે ભારોભાર તિરસ્કાર અને અણગમો હોય, તોપણ વિશ્વવિખ્યાત શ્રેષ્ઠતમ અભિનેત્રીરૂપે નામના કે ખ્યાતિ મેળવવાના દિવાસ્વપ્નમા યા એવી તીવ્ર લાલસામાં

રાચતી હોઈ, તે 'હું નગ્ન કે અર્ધનગ્ન નહિ થાઉં અને ગોપ્ય-ગુહ્ય અંગ-ઉપાંગ કે અગોપ્ય અંગઉપાંગ પ્રત્યે એક પણ અડપલાની છૂટછાટ નહિ લેવા દઉં' – એવો ઇનકાર કરવાનું સામર્થ્ય કે સાહસ દાખવી શકતી નથી. પરિણામે એવાં દૃશ્યોથી ભરપૂર – કામુકતાપૂર્ણ ચલચિત્રો તેમજ બળાત્કાર, લૂંટફાટ, અપહરણ, ચોરી, માનવહત્યા વગેરે કઇ રીતે કરવાં? જુગાર કઈ રીતે રમવો ? ખીસાં કઈ રીતે કાપવાં ? એવા અનેક દુર્ગતિદાયક અક્ષમ્ય દુર્ગુણો અને મહાદૂષણો સાગરની વેલાની જેમ ઊભરાતા હોય તેવાં દૃશ્યો પારદર્શક પટ્ટીમાં કંડારીને આખા દિવસના કામકાજ અને શ્રમથી કંટાળેલા શ્રમિત માનવોનો શ્રમ દૂર થાય અને તેમને વિશ્રાન્તિ મળે, તે માટે મનોરંજન કાર્યક્રમ હોવો અનિવાર્ય છે. અને આવા મનોરંજનના બહાના હેઠળ સોએ સો ટકા મહાદંભપૂર્ણ અસત્ય પ્રલાપ (ઘોષિત) કરીને સરળ આશયી ભારતીય મહાપ્રજાને ભોળવીને, તેને અંધારામાં રાખીને, મહાદાંભિક કાળમીંઢ વિદેશીઓ, મનોરંજનના નામે ચલચિત્રગૃહો(થિયેટરો)માં બીભત્સ દૃશ્યો બતાવવા લાગ્યા. જેના અક્ષમ્ય કુપ્રભાવમય મહાપાપે કાચી કુમળી વયનાં યુવક-યુવતીઓને પણ હોટલો કે કલબોમાં જઈને વ્યભિચાર, અનાચાર, દુરાચાર,

બળાત્કાર, અપહરણ, લૂંટ, ચોરી, હત્યા, જુગાર, મદ્યપાન આદિ અનેક મહાપાપોનું સેવન કઈ રીતે કરવું તે અંગે વિદેશીઓએ બીભત્સ ચલચિત્રો બતાવીને પાપાચરણ માટેનું મેદાન મોકળું કરી આપ્યું.

## મા-બહેન, દીકરી કે પુત્રવધૂનો વિવેક પણ નષ્ટ...

વિષયવાસના તીવ્રતમ અકલ્પ્ય પુરબહારમાં મહેંકે અને બહેકે તેવાં એક-એકથી ચઢિયાતી છૂટછાટ લેતાં દૃશ્યોવાળાં ચલચિત્રો પારદર્શક પટ્ટીમાં કંડારીને મનો-રંજનના નામે ચલચિત્રગૃહોમાં પ્રેક્ષકોને બતાવતા જ ગયા. અક્ષમ્ય મહાપાપમય લેવાતી છૂટછાટવાળાં દશ્યો જોવાથી કેટલાકોનું માનસ તો વિષયવાસનાના ભૂતથી એવું અભિભૂત થયેલું જોવા મળે છે કે વિષયસંભોગના અદમ્ય તીવ્ર આવેગ ઉપર સંયમ રાખવાનું દુષ્કરાતિદુષ્કર બને છે, અને કેટલીક-વાર તો મા-બહેન, દીકરી કે પુત્રવધૂનો પણ વિવેક રાખી શકતા નથી.

ચલચિત્રોનાં કામુકતાપૂર્ણ દશ્યો જોતાં જ અભડાયેલ મન તનને આભડવા માટે ઝંઝાવાતી વાયુ જેવી પ્રચંડ પ્રેરણા કરે છે; એટલે તન ધનને પ્રેરણા કરે છે, કે મારે આભડવું છે, પણ તારા સહયોગ વિના તે શક્ય નથી. તારા માટે મેં મારી જાતની ઘણી મોટી આહુતિ આપી છે;

અર્થાત્ તને ઉપાર્જન કરવામાં મેં મારી જાતનો ઘણો મોટો ભોગ આપીને કર્મરાજાની અતિઆકરી શિક્ષા ભોગવવાની પણ તત્પરતા રાખી છે. માટે મારી ખાતર તારે પણ આભડવું અને ખુવાર થવું અનિવાર્ય છે. તું જો અભડાવાની તત્પરતા દાખવે તો કોઈક સ્ત્રીના હાથમાં તને સમર્પણ કરીને, બદલામાં તેનું તન મેળવીને મનઃ–પ્રેરિત કામવાસનાને સંતોષી શકું. એવો પ્રસંગ એકાદ વાર બન્યા પછી તો તન, મન અને ધનને વારંવાર પારાવાર ખુવાર થવું પડે છે.

### વાણિજ્યતંત્રને ખોરવી નાખવું એ પાયાની જરૂરિયાત :

વિષયવાસનારૂપ મનની ભૂખ સન્તોષવા માટે જેમ જેમ તન અભડાતું જશે, તેમ તેમ મનની ભૂખનો આવેગ અદમ્ય ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને ભડકે બળતા અગનગોળા જેવો તાતો બનતો જશે. અને ભારતીયો આ અદમ્ય આગની જ્વાળામાં લપેટાતા જશે, જેના અનિષ્ટ માઠા ફળ સ્વરૂપે ભારતીયો તન, મન અને ધનથી ખુવાર થતા જશે. તો પણ ભારતીય વાણિજ્યનીતિતંત્ર સર્વથા ખોરવાઈ જશે,

એવું એકાન્તે માની લેવું એ વધુ પડતું ગણાય, એમ વિદેશીઓ માનતા હતા. તેનું સબળ કારણ તો એ છે, કે પરમ ઉચ્ચતમ કુલીન, બુદ્ધિશાળી અને ધર્મનિષ્ઠ સુસંસ્કારી માતા-પિતાના વારસાગત સુસંસ્કારો ગર્ભકાળથી મળતા આવેલ એવી સુસંસ્કારી ભારતીય આર્યપ્રજાનો મહદંશ તો વિષયવાસનાના અગનગોળાની ભડભડતી આગમાં લપેટાશે નહિ. એટલે આર્થિક સ્થિતિ તો સુસધ્ધર રહેવાની. એમ જ રહે તો ઇસુ ખ્રિસ્તનો ધર્મ વિશ્વવ્યાપી બનાવવાની આપણી મુરાદ સફળ નહિ થાય. કારણ કે પરંપરાગત આનુવંશિક ભારતીય વાણિજ્યતંત્ર, અલ્પારંભ, અલ્પવ્યય, અલ્પસમય, અને અલ્પપ્રયાસ–સાધ્ય હોવાથી ધન ઉપાર્જન કરતાં કોઈ મહાપાપ ન કરવું પડે અને અલ્પસમય–સાધ્ય હોવાથી સમયની ખૂબ મોકળાશ રહેતી હોવાના કારણે પ્રતિદિન બારપંદર ઘડી એટલે ચાર–છ કલાક તો ખૂબ સરળતાથી ધર્મ–આરાધન કરી શકશે, અને આપણા ધર્મના પ્રચાર અંગેની પ્રત્યેક પ્રવૃત્તિઓ ઉપર ભારતીયો ધ્યાન રાખી શકશે. એટલે જ્યાં સુધી ભારતીય વાણિજ્યનીતિનું તંત્રસંચાલન વ્યવસ્થિત ચાલતું હશે, ત્યાં સુધી ભારતની ધરતી ઉપર આપણા ધર્મને કોઈ અવકાશ જ નથી, એવું વિદેશીઓના હૈયે સો ટકા વસી ગયું હતું.

## યંત્રવાદરૂપી અજગર :

પરંપરાગત આનુવંશિક ભારતીય વાણિજ્યતંત્રને ખોરવીને સાવ અપંગ બનાવવામાં આવે, તો જ આપણા દેશનો યંત્રવાદ ભારતની ધરતી ઉપર ખડકાય અને ફૂલે ફાલે. એમ થાય એટલે મહદંશનું ભારતીય ધન અનાયાસે આપણા દેશમાં ઢસડાઈ આવે, એટલે આપણે ઘી–કેળાં. યંત્રવાદના કારણે ભારતીય આર્યપ્રજાને સદાકાળ ધન ઉપાર્જન કરવામાં ગૂંથાઈ રહેવું પડશે. નાયગ્રાના ધોધની જેમ મહાપાપના પૂરમાં આર્યપ્રજા તણાતી જશે. આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિના મૂળમાં બળબળતા અગનગોળા ચંપાતા જશે. તેની ફળશ્રુતિ રૂપે આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિ આપોઆપ મોળી પડતાં પડતાં કાળક્રમે ધર્મ આરાધનાનો પ્રવાહ શોષાઈ જશે.

## ગોવંશ ઉપર ઊતરેલી આફત :

ભારતીય ગોવંશ ફૂલ્યુંફાલ્યું હશે ત્યાં સુધી ભારતીય વાણિજ્યતંત્રના પાયા ડોલવા અને અર્થતંત્ર ખોરવાવું દુષ્કર છે, એ વાત પણ વિદેશીઓના લક્ષમાં હતી જ. આર્થિક ભીંસ વિના યંત્રવાદ આદર પામીને ભારતમાં પ્રતિષ્ઠિત નહિને. એ હેતુને સતત દષ્ટિપથ ઉપર રાખનેથી

વિદેશીઓએ ભારતીય વાણિજ્યતંત્રને ખોરવીને, આર્થિક મૂંઝવણ ઊભી કરીને મહાજનપ્રધાન ભારતીય આર્યપ્રજાને ભયંકર રીતે ભીંસવા માટે ભારતીય ગોવંશ આદિ પશુ-ધનનો સર્વનાશ કરવા માટે કાતિલ કતલખાનાં આદિનું આયોજન કઈ રીતે કર્યું તે અંગે કંઈક વિચારીએ.

માંસાહારીઓને માંસ પૂરું પાડવાના બહાના હેઠળ ગોવંશ આદિ પશુધનનો જડમૂળથી સર્વનાશ કરવાનો ગર્ભિત આશય રાખીને પ્રારંભમાં નાના પાયા ઉપર કતલખાનાં ચાલુ કર્યાં. નાના પાયા ઉપર ઊભાં કરેલ એ કતલખાનાં ધીમે ધીમે એક ક્ષણમાં અતિક્રૂરતાપૂર્વક હજારો પશુઓને એકી સાથે કાપી શકે તેવાં વિરાટકાય યાંત્રિક કતલખાનાંમાં પરિવર્તિત કર્યાં.

**આર્યપ્રજાને સત્ત્વહીન બનાવવાની ચાલ :**

ગોવંશાદિ પશુધનના અકલ્પ્ય અતિકારમા વધના મહાપાપે હળના સ્થાને ટ્રેકટરો આવ્યાં, બળદગાડાંઓના સ્થાને ટ્રકો અને મોટાં ટ્રેલરો આવ્યાં, છાણના સાત્ત્વિક ખાતરના સ્થાને કેન્સર આદિ જેવા અસાધ્ય મહારોગજન્ય નિઃસત્ત્વ ફર્ટિલાઈઝર ખાતર આવ્યું. રસોઈ બનાવવાનાં છાણાંના સ્થાને પહેલાં ઈંધણ (લાકડાં), પછી કોલસા,

પછી કેરોસીન, પછી વાયુ (ગેસ)ડીઝલ ચૂલા, પછી વિદ્યુત ચૂલા અને હવે આવ્યાં છે સૂર્યકુકરો. શી ખબર હજી શું શું આવશે અને શું શું જશે?—એ તો સર્વજ્ઞ ભગવન્ત જ જાણે !

પશુધનનો વિનાશ થવાથી નિર્દામ્ભિક, પરમ ખમીરવંત મહાસત્ત્વશાળી, ગુણાનુરાગી, ઔદાર્ય અને સૌજન્યમૂર્તિ કરુણા અને દયાના અવતાર સમી સ્વાશ્રયી અને સ્વાવલંબી, "મહાજનપ્રધાન ભારતીય આર્યપ્રજાને" ઇચ્છા કે અનિચ્છાએ યન્ત્રવાદની પરાધીનતા સ્વીકારવી પડી. યન્ત્રવાદની પરાધીનતાના અક્ષમ્ય મહાપાપે મહદંશની આર્યપ્રજાને કેવી સાવ કંગાળ, મુડદાલ (દુર્બળ), નિરુત્સાહી અને નાકામિયાબ જેવી સત્ત્વહીન બનાવી દીધી છે ? તે અંગે કોઈ સ્પષ્ટતા કે વિવેચના કરવાની રહેતી નથી. આપણા સહુનો જાત અનુભવ એ માટે પર્યાપ્ત છે.

## મહાઅનર્થકારી પાણીના નળ :

જન્મથી પ્રારંભીને આજદિન પર્યન્ત આપણી કલ્પનામાંય નહિ આવ્યું હોય, પણ પાણીના નળ એ પણ યંત્રવાદની નીપજ છે. કદાચ તમારી દૃષ્ટિમાં નળ એ સાવ નજીવી નાની નીપજ ગણાતી હશે, પણ તત્ત્વચિંતકોની

સંજયદૃષ્ટિમાં તો નાનુંસરખું અગ્નિનું કણીયું જેમ લાખો અને ક્રોડો ટન રૂ અને ઘાસને બાળીને રાખ કરીને જે મહાઅનર્થો સર્જે, તેની જેમ આ નળ પણ ખતરનાક મહાઅનર્થો અને મહાપાપોની પરંપરાના સર્જનહાર રૂપે પુરવાર થઈ ચૂકેલું છે.

નળના મહાપાપે કૂવાઓ, વાવડીઓ પુરાયાં, તળાવ આદિ જળાશયો પુરાયાં, અણુગળ પાણી વપરાય નહિ એવી અટળ માન્યતા હતી તેનું સર્વથા પ્રાયઃ દટ્ટન-પટ્ટન અને વિસર્જન થયું. ક્યાંક ક્યાંક પાણી ગળાતું હોય તોપણ જીવ રક્ષાર્થે "સંખારો"નો વિધિ તો મૃતપ્રાયઃ જેવો બન્યો છે. મહદંશે આજની યુવાપેઢી "સંખારા" શબ્દથી અજાણ છે. "સંખારા" શબ્દનો અર્થ જાણવા માટે યુવાપેઢીએ પચાસ-સાઠ દિવાળી વિતાવી ચૂકેલ એવા અનુભવીને પૂછવું પડે, અથવા શબ્દકોષનાં પાનાં ઉથલાવવાં પડે. નળ ન હતા તે કાળે ખારા પાણીનો સંખારો મીઠા પાણીમાં નાખતા ન હતા, અને મીઠા પાણીનો સંખારો ખારા પાણીમાં નાખતા ન હતા. નળના અક્ષમ્ય મહાપાપે ખારા-મીઠા પાણીના સંખારાનો વિવેક સદંતર ભુલાયો.

## હિંસાજન્ય મહાપાપનાં ફળ ભોગવવાનું લમણે લખાયું :

જળનો અક્ષમ્ય દુર્વ્યય, એટલે કણના ઠેકાણે મણ, અને રજના ઠેકાણે ગજ જેટલો ભયંકર દુર્વ્યય થવા લાગ્યો. દુર્વ્યયના મહાપાપે કાદવ–કીચડ સદાનાં બન્યાં. મચ્છર આદિની અગણ્ય ઉત્પત્તિ થવા લાગી, તેના અક્ષમ્ય ડંશનો ત્રાસ અસહ્ય બન્યો. તેની ફલશ્રુતિરૂપે મેલેરિયા આદિ રોગો નિરંકુશિત બન્યા. રોગની જનેતા માખી–મચ્છર આદિ જીવાતના વિનાશ માટે એ જીવાત ઉપર કાતિલ વિષમય ડી. ડી. ટી. જેવાં પ્રાણઘાતક ઔષધો ( ક્ષાર પદાર્થો ) નિઃશંકપણે છાંટવા લાગ્યા. મેલેરિયા આદિ રોગોના નિવારણ માટે પાશ્ચાત્ય પદ્ધતિનાં હિંસાજન્ય ઔષધો ઉપચારરૂપે નિઃશંકપણે વપરાવા લાગ્યાં. આ બધી પ્રક્રિયાઓમાં થતું કાતિલ મહાપાપ મહાજન–પ્રધાન આર્યપ્રજાના લમણામાં અનિચ્છાએ નિરંતર ઝીંકાવા લાગ્યું. હિંસાજન્ય એ મહાપાપની ફલશ્રુતિરૂપે અશાતાવેદનીય કર્મની આકરી શિક્ષા ભોગવવા માટે ભાવિકાળમાં આપણે નિરંતર તત્પર રહેવું પડશે.

## યંત્રવાદે સર્જેલી પરાધીનતા :

લૌકિક અસંજય દૃષ્ટિમાં નળ સાવ નજીવી વસ્તુ ગણાતી હોય, પરંતુ અનંત મહાજ્ઞાનીઓની જ્ઞાનરૂપી દિવ્ય-

દષ્ટિમાં એ નળ હિંસા આદિ મહાપાપના પિયર જેવું મહા-વિરાટ કસાઇખાનું છે. તમારી દષ્ટિમાં યંત્રવાદની સાવ નજીવી નાની નીપજ આટલા મહાઅનર્થોની પરંપરા સર્જે, તો પછી યંત્રવાદની ભીમકાય કે મેરુમહિધર જેવી વિરાટ નીપજો કેટલા ભયંકર મહાઅનર્થોની કેટલી પરંપરા સર્જે તે અનંત મહાજ્ઞાનીઓનું જ્ઞાન જ જાણે.

## છતા અન્ન-જળે ભૂખે-તરસે મરવાનો વારો આવશે :

યંત્રવાદની પરાધીનતાથી તો આજે આપણે એવા સાવ અપંગ બની ગયા છીએ. કે છતા અન્ન-પાણીએ ભૂખ્યા અને તરસ્યા રહેવાનો અવસર ન આવે એવું આપણે સહુ ઇચ્છીએ છીએ. કદાચ એવો દિવસ આવી જાય તો તે નક્કર સત્યને આપણે નકારી શકીએ તેમ નથી. કોઈ આકસ્મિક કારણે વિદ્યુત સંકુલો બંધ પડે, વારિગૃહો અને જળ-સંગ્રહાલયોમાંથી ઘરેઘર જળ પહોંચાડવાનું અશક્ય બને એટલે સંગ્રહાલયોમાં છતા જળે તરસ્યા અને વળી ભૂખ્યા રહેવાનો વારો આવે. જળ વિના રસોઈ પણ શી રીતે કરી શકાય ? યાંત્રિક ઘંટીઓમાં દળવાનું ચાલુ કરવાથી સત્ત્વ બળીને લોટ નિઃસત્ત્વ થયો, ઘરની હાથઘંટીઓને વનવાસ મળ્યો. પછી ભૂખ્યા અને તરસ્યા રહેવાનો વારો ન આવે

તો શું આવે ? ભૂખ્યા-તરસ્યા રહેવા સાથે અંધારપટ છવાય, એટલે અંધારી આલમના બેતાજ બાદશાહ ગણાતા ગુંડાઓને ઘી-કેળાં લૂંટફાટ, અનાચાર, વ્યભિચાર, બળાત્કાર, અપહરણ અને માનવસંહાર આદિને છૂટો દોર મળે. આ છે યંત્રવાદ દ્વારા મળતી સુવિધા પાછળ મોતની લટકતી તલવાર!

## વાણિજ્યતંત્રમાં ભંગાણ :

ભારતીય વાણિજ્ય-પદ્ધતિને ટૂંપો દઈ ગૂંગળાવી મારવા માટે વિદેશીઓના કૂટ ભેજાની નીપજરૂપે 'લાયસન્સ પદ્ધતિ', 'ક્વોટા પદ્ધતિ', 'મોનોપોલી પદ્ધતિ', 'માર્કેટિંગ યાર્ડ પદ્ધતિ', 'ઋણરાહત પદ્ધતિ', 'ખેડે તેનું ખેતર પદ્ધતિ', 'ભૂમિની ટોચ મર્યાદા પદ્ધતિ'–એવી એવી અનેક મહાવિઘાતક પદ્ધતિઓનું માળખું તૈયાર કરીને ક્રમેક્રમે એક એક પદ્ધતિને ધારાનું સ્વરૂપ આપી ધારાપોથીમાં દાખલ કરી, તેને માન્ય રાખવાનું પ્રજા માટે અનિવાર્ય બનાવ્યું.

લાયસન્સ (વ્યવસાય અંગેનું પ્રમાણપત્ર) જેની પાસે હોય તેને જ વ્યવસાય (વેપાર) કરવાનો અધિકાર, અને પ્રમાણપત્ર ન ધરાવનાર વ્યવસાયમાં ગમે તેવો કુશળ, ચતુર કે નિપુણ હોય, તોપણ તેને વ્યવસાય કરવાનો કોઈ અધિકાર જ નહિ, અર્થાત્ પ્રમાણપત્ર વિના વ્યવસાય કરનાર

શિક્ષાપાત્ર દંડનો અધિકારી ગણાય. ક્વોટા પદ્ધતિના અક્ષમ્ય મહાપાપે વ્યવસાય કરવાનું પ્રમાણપત્ર ધરાવવા છતાં ક્વોટાનું પ્રમાણપત્ર ન હોય, તે વ્યવસાય કરવા માટે માલ જ ન મેળવી શકે. જેઓ ક્વોટાનું પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓ જ વ્યવસાય કરી શકે, બીજા બધા વાયરો ખાય. મોનોપોલી પદ્ધતિ એટલે યંત્રાલય આદિમાં જેટલો માલ ઉત્પાદન કરવામાં આવ્યો હોય તે બધો માલ જેમને મોનો-પોલીનાં પ્રમાણપત્રો આપ્યાં હોય તેમને જ આપવાનો રહે. કોઈક વેળા બજારમાં અસહ્ય કારમી મંદી આવી હોય, માલનો ભરાવો ખૂબ વધી ગયો હોય, માલનું વેચાણ થતું ન હોય, તેવી કપરી પરિસ્થિતિમાં પણ ઉદ્યોગોમાંથી ઉત્પાદન થયેલો સમસ્ત માલ મોનોપોલીનાં પ્રમાણપત્રો ધરાવનારા-ઓને ઉપાડવો અનિવાર્ય હોય છે. તેવા વિકટ સંયોગોમાં ઘણી પેઢીઓ ઊભી થઈ જાય. એ જ રીતે માર્કેટિંગ યાર્ડ પદ્ધતિ એટલે લગભગ સો-સવાસો ગામ વચ્ચે એક જ માર્કેટ યાર્ડ હોય, તેમાં સો-દોઢસો પેઢીઓનો સમાવેશ થાય. બાકીના બધા સો-સવાસો ગામના હજારો વેપારીઓ બેકાર બનીને જતે દિવસે સાવ કંગાળ થાય અને વાણિજ્ય પદ્ધતિમાં મોટું ગાબડું કે ભંગાણ પડે.

**બે-ઈમાનીને ઉત્તેજન :**

અંગ ઉપર ધીરેલાં નાણાં પાછાં મેળવવા માટે ત્રણ વર્ષમાં લેવડદેવડ અંગેની કોઈ કાર્યવાહી કરવામાં ન આવે તો ધીરેલાં નાણાં પાછાં મેળવવાનો કે વસૂલ કરવાનો નાણાં ધીરનારને કોઈ અધિકાર નથી. આ રીતનો ધારો બનાવીને નાણાં પાછાં ન આપવાનો દેવાદારોને છૂટો દોર આપી દીધો ! શું ત્રણ વર્ષ પછી ધીરેલાં નાણાં કાંકરા બની જાય છે ? મહાઅભિશાપરૂપ 'લાયસન્સ' આદિ એક પછી એક વિભિન્ન પદ્ધતિઓ દ્વારા ભારતીય વાણિજ્યતંત્ર પદ્ધતિ મહાલયની એક પછી એક ઇંટો ખેંચનાં ખેંચતાં, વાણિજ્યતંત્રને સાવ ખોખલું કરીને ધરાશાયી જેવી બિસ્માર અવસ્થામાં મૂકીને ભારતીય અર્થતંત્રને ત્રીજી કક્ષાના રાજયક્ષ્મા (ટી બી.) કે કેન્સર જેવા જીવલેણ અસાધ્ય રોગથી રિબાતા રોગીના જેવી સાવ કંગાલ પરિસ્થિતિમાં મૂકી દીધું.

ચામથી ધોળા પણ કામથી કાળા, અરે ! માત્ર કાળા જ નહિ, પણ મહાકાળા એ વિદેશીઓએ એક પછી એક એમ શકય તેટલા બધા જ કાતિલ ભરડાઓની ભયંકર ભીંસમાં ભીંસીને ભારતીય વાણિજ્યતંત્રનું ગળું ટૂંપીને તેના પ્રાણ કાઢી નાખવા માટે ભારત દેશને લૂંટી

લૂંટીને પોતાનું ઘર, પોતાનો દેશ ભરવામાં અંશમાત્ર ક્ષ્યાશ કે મણા રાખી નથી.

## માલિકને જ ભિખારી બનાવ્યો :

ભારતીયો સ્વયમેવ ઉત્સાહિત થઈને ભિન્ન ભિન્ન યોજનાઓનું આયોજન કરી, અવિરતપણે તનતોડ પ્રયાસ કરીને આર્યસંસ્કૃતિ અને ભારતીય વાણિજ્યતંત્રના રહ્યા સહ્યા પ્રાણ કાઢી નાંખવા, અને આપણું હિત સાધી આપવા સદા તત્પર રહે તે કોટીનું ભારતીયોનું માનસ બનાવીને ભારતીયો દ્વારા સત્તાસૂત્રોની યાચના કરાવી કાળક્રમે સત્તાસૂત્રો તેમને ભળાવી દેવાં એ જ આપણા માટે પરમ હિતાવહ છે, એમ તેઓની મુરાદ છે.

ઉપર્યુક્ત ગૂઢ અને મેલી મુરાદો અને શ્રી આદીશ્વરજી પરમાત્માથી ચાલી આવતી મૂળભૂત રાજ્યપદ્ધતિનો સર્વ-નાશ કરવાનું ષડ્યંત્ર વ્યવસ્થિતપણે વર્ષો સુધી ચાલુ રહે, તે માટે કોઈક સંસ્થા હોવી જોઈએ, એવું ગર્ભિત રાખીને પોતે પડદા પાછળ રહીને ભારતીયો દ્વારા કોંગ્રેસ નામની વિદેશી જાસૂસ સંસ્થાની સ્થાપના કરાવવામાં વિદેશીઓએ પૂરેપૂરો હાથ, સાથ અને સહકાર પણ આપ્યો હતો. એ રાજસત્તા હસ્તગત કરવાનું ગજબનું ઘેલું લગાડી

કોંગ્રેસીઓ દ્વારા સત્તાસૂત્રોની માગણી કરાવતા રહ્યા. વચ્ચે વચ્ચે અત્યુગ્ર સ્વરૂપે ચળવળો કરાવી દેશની સંપત્તિનો નાશ કરવા માટે ભાંગફોડ આદિ કરવા–કરાવવાના કાતિલ કુસંસ્કારોનું બીજારોપણ પણ કરાવતા રહ્યા.

## આડેધડ સર્વનાશ :

કાળમીંઢ વિદેશીઓની કૂટ ચાલના તાગને પામવા જેટલી ગહન કોઠાસૂઝ હોવાની વાત તો દૂર રહો, પરંતુ કૂટ ચાલને ઉપરછલ્લી રીતે સમજવા જેટલી સામાન્ય કોઠાસૂઝનો પણ જેમનામાં છાંટો ન હતો એવા વર્ગે ભારત દેશનું સ્વરાજ્ય મેળવવાના બહાના હેઠળ પ્રાથમિક શાળાથી પ્રારંભીને કોલેજો પર્યન્તનાં યુવક–યુવતીઓને, કર્મચારીઓને અને ભારતીય પ્રજાને ઉશ્કેરીને દેશવ્યાપી તોફાનો કરાવીને, ભારત દેશની સંપત્તિરૂપ ગણાતી પોસ્ટ ઓફિસો, રેલગાડીઓ, રેલવે લાઈનો, રેલવે સ્ટેશનો, બસ સ્ટેશનો, વીજળી તેમજ ટેલિફોન આદિના થાંભલાઓ, બસ ગાડીઓ, પોલીસવાનો તેમ જ ભારત દેશની બીજી અનેક પ્રકારની સંપત્તિનો આડેધડ સર્વનાશ કરાવીને કોઈ અપૂર્વ આત્મસિદ્ધિ હાંસલ કરી હોય, તેવો આત્મસંતોષ અનુભવવા લાગ્યા. એવી મહામૂર્ખતા કોઠાસૂઝ વિનાના મહાસ્વાર્થી સત્તાલોલુપીઓ વિના અન્ય કોઈ કરે ? ન જ કરે.

## અક્ષમ્ય હીણું કાર્ય :

વિનાશ કરાયેલ અને વિનાશ કરાતી ભારત દેશની સ્થાવર-જંગમ સંપત્તિ શું વિનાશપ્રેરકો અને વિનાશકારકોને મન ભારત દેશની નથી, પણ વિદેશીઓની છે; એમ માનવું રહ્યું ને ? ગમે તેવી કટોકટીભરી વિષમ પરિસ્થિતિમાં પણ શક્ય પ્રયત્ને પોતાની કે પોતાના દેશની સંપત્તિનું રક્ષણ કરવા પ્રયાસ કરે, પણ વિનાશ તો ન જ કરે ને ? વિનાશ કરાવે કે કરે તો સહેજે સમજી શકાય કે વિનાશ કરાતી સંપત્તિ પોતાની નથી, પણ કોઈ વિરોધી શત્રુની છે. ભારત દેશની વિનાશ કરાયેલ કે વિનાશ કરાતી સ્થાવર-જંગમ સંપત્તિ પોતાની ન હોય તો પછી ભારતદેશ પોતાનો છે એમ શી રીતે મનાય ? આ તો ભારતદેશ વિદેશીઓનો છે, એવું ભયંકર દૃષ્ટાંત પૂરું પાડે તેવું, અક્ષમ્ય મહાહીણું કાર્ય મહાસ્વાર્થાન્ધોએ કર્યું છે. અસ્તુ....

## કાચા સૂતરના તાંતણા જેવી જીવાદોરી :

ભારતીયો જેમ જેમ ભારત દેશની સ્થાવર-જંગમ સંપત્તિનો વિનાશ કરતા ગયા, તેમ તેમ વિદેશી સત્તાધારીઓ આયકર-વ્યયકર આદિ અનેક પ્રકારનો કરભાર વધારતા ગયા. એની ફળશ્રુતિરૂપે કરોડરજ્જુતોડ કરભાર

વહન કરતાં કરતાં ભારતીયો દિનપ્રતિદિન આર્થિક સ્થિતિએ દુર્બળ થતા ગયા. આજે તો કરભારનું એ વિષચક્ર હજારો ગણું વિશેષ ફૂલ્યુંફાલ્યું હોવાથી ભારતીયોની જીવાદોરી કાચા સૂતરના તાંતણા જેવી બની ગઈ છે.

## વિશ્વ માટે અભિશાપરૂપ ટ્રસ્ટ એકટ :

વિશ્વમાં બે સત્તા અનાદિકાળથી પ્રવર્તી રહી છે : એક કર્મસત્તા, અને બીજી ધર્મસત્તા. કર્મસત્તાનું તંત્રસંચાલન (ઊંધી માન્યતા ધરાવનારો મોહરાજાનો પરમ અનુયાયી અંગજ) મિથ્યાત્વ કરી રહેલ છે. તેની ઊંધી માન્યતાનુસાર સમસ્ત સંસારી જીવસૃષ્ટિને ભ્રમમાં પાડી ઊંધે માર્ગે દોરી તત્ત્વનો તીવ્ર અનાદર અને અતત્ત્વનો ગાઢ આદર કરાવી અર્થાત્ અનંતાનુબંધિ ક્રોધ માનમાયા લોભરૂપ કષાયનાં અઠંગ ઉપાસક સદાકાળ બની રહે, તે માટે હિંસા, જૂઠ, ચોરી, અનાચાર, વ્યભિચાર, દુરાચાર અને નવે પ્રકારના પરિગ્રહ આદિ વિષયો પ્રત્યે ગાઢ રાગી બનાવીને અઢારે પાપસ્થાનકોનું તીવ્રાતિતીવ્ર રૌદ્ર અધ્યવસાયે આચરણ કરાવે છે. તેના પરિપાકરૂપે અનાદ્યનંતકાળથી જીવાત્માઓને નરક નિગોદ આદિનું અનંત દુઃખ વેદવારૂપ આકરામાં આકરી શિક્ષા ભોગવવી પડતી હોવાથી "કર્મસત્તા" તો વિશ્વ માટે **અભિશાપ નહિ, પણ મહાઅભિશાપરૂપ છે.**

## ધર્મસત્તાનું સ્થાન સર્વોપરિ હોવું ઘટે :

ધર્મસત્તા અર્થાત્ ધર્મશાસન એક એવી પરમ આદર્શ સત્તા છે, કે ગમે તેવો અધમાધમ પરમ પામર પાપાત્મા, અધર્મી કે અપરાધી જીવ પણ પૂર્ણ સમર્પિત ભાવે ધર્મની શરણાગતિ સ્વીકારી ધર્મની આરાધના કરે, તો એનામાં પરમોત્કટ આરાધકભાવ આવી જાય. તો તે ધર્મશાસન અધમાધમ કોટી જેવા પરમ પામર પાપાત્માઓને પણ ક્ષણાર્ધના વિલંબ વિના પરમ આશીર્વાદરૂપ મહામંગળકારી તીર્થંકર જેવું પરમ ઉત્કૃષ્ટ આરાધ્યપાદ પૂજ્યપદ પણ ક્ષણાર્ધના વિલંબ વિના અર્પણ કરીને ત્રીજા ભવે સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા બનાવે છે. ટૂંકમાં, જીવમાત્રનાં શીઘ્રાતિશીઘ્ર કલ્યાણ અને મોક્ષ થાય તેવા ઉત્તમ ઉપાયો બતાવીને તેનું અણિશુદ્ધ અખંડ આચરણ કરાવનાર એકમાત્ર ધર્મસત્તા જ છે. માટે ધર્મસત્તા વિશ્વને માટે મહામંગળ આશીર્વાદરૂપ છે. એટલા જ માટે વિશ્વમાં પરમ ઉચ્ચતમ સર્વોપરિ શિખરસ્થાને પ્રતિષ્ઠિત રહેવાનો અનાદિકાલીન સનાતન શાશ્વત અધિકાર એકમાત્ર ધર્મસત્તાને જ છે.

## ધર્મસત્તાના ગળામાં વજ્રફાંસા સમાન ટ્રસ્ટ એકટ :

ચાર પુરુષાર્થમય આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિના અણિશુદ્ધ અખંડ રક્ષણ માટે તીર્થંકર પરમાત્મા ધર્મસત્તા

પ્રસ્થાપિત કરતાં પહેલાં રાજસત્તાને પ્રસ્થાપિત કરીને પ્રવર્તાવે છે. એ રાજસત્તા સત્તાના મદમાં મદોન્મત્ત બનીને અન્યાય કે અધર્મનું આચરણ કરીને, ચાર પુરુષાર્થમય અહિંસક આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિનો કચ્ચરઘાણ કાઢી ન નાંખે, તે માટે તીર્થંકર પરમાત્માએ રાજસત્તાને સદાકાળ ધર્મશાસનને સમર્પિત થઈ, ધર્મશાસનથી અનુશાસિત રહેવાનું અકાટ્ય વિધાન કરેલ હોવાથી એ વિધાનનું અચૂકપણે પાલન કરવા રાજસત્તા બંધાયેલી હોય છે. આ વાત વિદેશીઓને ખૂબ જ ખટકતી હતી; કારણ કે ધર્મસત્તાની સર્વોપરિતા હોય ત્યાં સુધી અમારા (ઇસુ ખ્રિસ્તના) ધર્મને અવકાશ જ નથી, એમ વિચારીને વિદેશીઓએ મહાજન–પ્રધાન આર્યપ્રજાનું પવિત્ર માનસ બહેકાવવા માટે એવી વાત વહેતી મૂકી, કે ધાર્મિક સંપત્તિનો ભયંકર અક્ષમ્ય દુર્વ્યય થઈ રહ્યો છે. તે દુર્વ્યયને થતો રોકવા માટે અને ધર્મદ્રવ્યની સુરક્ષા કાજે "ટ્રસ્ટ એક્ટ બિલ" નામનો ધારો બનાવીને ધર્મસત્તાના ગળામાં વજ્ર જેવો અભેદ્ય ફાંસો નાંખ્યો. જેના અક્ષમ્ય મહાપાપે અનાદિકાલીન પરાપૂર્વથી ચાલી આવતી ધર્મની સર્વોપરિતા છીનવાઈ ગઈ, અને રાજસત્તાની સર્વોપરિતા પ્રસ્થાપિત થવાથી ધર્મસત્તા પરા-

ધીન બની કર્મસત્તાના પીંજરમાં પુરાણી. આથી ધર્મસત્તાનું ગળું ટૂંપાવા લાગ્યું.

## ટ્રસ્ટ સામેનો વિરોધ નિષ્ફળ નીવડ્યો :

વિક્રમ સંવત ૨૦૦૦ કે તેના આસપાસના સમયમાં વિદેશીઓએ કરેલ "ટ્રસ્ટ એકટ" નિયમ( ધારા )ની અક્ષમ્ય મહાભયંકરતાને તલસ્પર્શી રીતે ઊંડાણથી સમજનારા અને જાણનારા પરમ પૂજ્યપાદ ધર્મગુરુઓ, પંડિતો, મહાજનપ્રધાન આર્યપ્રજાના અગ્રેસરોએ મહાક્રૂર રાક્ષસ જેવા ટ્રસ્ટ એકટનો શકય તેટલો આકરામાં આકરો વિરોધ કરવા છતાં એ વિરોધ અંધા આગળ આરસી અને બહેરા આગળ સંગીતના જેવો નિષ્ફળ નીવડ્યો.

આજે તો એ ટ્રસ્ટ એકટે કાળો કેર વર્તાવીને વિદેશીઓનાં કાળાં કરતૂતોની પરાકાષ્ટાનો પૂરો પરચો બતાવ્યો છે.

## ધર્મસંપત્તિનો વહીવટ ઉમદા હતો :

ઓ મહામાયાવી કાળમીંઢ શ્વેત પાશ્ચાત્યો ! હું પૂછું છું કે, ધાર્મિક સંપત્તિનો દુર્વ્યય કે નાશ થતો હોય તો તેના રક્ષણ માટે તો ધર્મનિષ્ઠ મહાજન સંઘો પાસે જ્ઞાતિના પરંપરાગત આદર્શ સુંદર નિયમો હતા. લગ્ન આદિના

અવસરે વ્યાજના વ્યાજ સહિત ધાર્મિક સંપત્તિ વસૂલ કરી લેતા હતા. કદાચ કોઈ વ્યક્તિ માથાભારે થઈને ધાર્મિક સંપત્તિ ન આપે અથવા ધાર્મિક સંપત્તિનો દુર્વ્યય કરે જ જાય, તો તેવા સંજોગોમાં તો ધર્મના અનુયાયીઓ પાસે ધાર્મિક સંપત્તિનું રક્ષણ મેળવવા માટે રાજકીય ન્યાયાલયો હતાં જ. તો પછી "ટ્રસ્ટ એક્ટ" નામનો ધારો કરવાની કઈ આવશ્યકતા લાગી? બીજો પ્રશ્ન હું એ પૂછું છું, કે "ટ્રસ્ટ એક્ટ"ના ઓઠા હેઠળ ધાર્મિક ક્ષેત્રની નિયમાવલી હોવી જ જોઈએ. એ નિયમાવલીને આધુનિક રાજસત્તા બંધારણ કહે છે. પ્રતિવર્ષે ઓડિટ કરાવવું જ જોઈએ, અને તે પણ સી.એ.ના પૂંછડાવાળા ઓડિટર પાસે જ. ધાર્મિક ક્ષેત્રોનાં નાણાં રાષ્ટ્રીયકૃત બેન્કોમાં રોકવાનાં રહેશે, ધાર્મિકક્ષેત્રની સ્થાવર-જંગમ સંપત્તિનો ક્રય-વિક્રય કરવો હોય, કે ધાર્મિક નાણાં અન્ય નગરના ધાર્મિક ક્ષેત્રમાં શ્રી જિનઆજ્ઞા અનુસાર ઉછીનાં આપવાં હોય, તોપણ "ટ્રસ્ટ એક્ટ"ના અધિકારી ચેરિટી કમિશ્નરની અનુમતિ લેવી આવશ્યક લેખાવી. અનંત મહાતારક શ્રી જિનાજ્ઞા અનુસારી વિહિત આચરણા હોય, તોપણ ચેરિટી કમિશ્નર અનુમતિ ન આપે તો અનિચ્છાએ અભરાઈએ ભરાઈ જાય છે. ધાર્મિક સ્થાપત્યો અંગે ભૂમિ પ્રાપ્ત કરવામાં અને તેના નિર્માણમાં પણ રાજકીય અનુમતિ આવશ્યક લેખાવી.

"ટ્રસ્ટ એક્ટ" નિયમ કર્યા પહેલાં ધાર્મિક ક્ષેત્રનું તંત્ર-સંચાલન શ્રી મહાજન સંઘના એક–બે ધર્મનિષ્ઠ અને ઊંડી કોઠાસૂઝ ધરાવનાર સુસજ્જન પુણ્યવંતો એકાંતે પરમ હિત-બુદ્ધિથી, અર્થાત્ મોક્ષ-કલ્યાણની સુવિશુદ્ધ ધર્મભાવનાથી કરતા હતા. ધાર્મિક ક્ષેત્રની સંપત્તિ પણ જીવની જેમ સ્વયં સાચવતા હતા. ધાર્મિક ક્ષેત્રના આવક–જાવકના ચોપડા પણ પોતાના ઘરે રાખીને લખતા–લખાવતા હતા, જેથી ધાર્મિક સંપત્તિનો વ્યય થતો ન હતો. અરે! એ કોટિના ધર્મ-નિષ્ઠ પુણ્યવંતો સ્વોપાર્જિત ન્યાયવિશુદ્ધ દ્રવ્યથી પરમ ઉત્તમોત્તમ અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી લઈને અનંતાનંત પરમ તારક પરમાત્માની પૂજા કરવા જાય, ત્યારે પગશુદ્ધિ માટેનું જળ પણ સ્વગૃહેથી લઈને જતા હતા. કેસર ઘસ-વાના ઓરસિયા આદિનો ઉપયોગ થાય તેનો લાગો, જિનાલયના ભૂમિતળના આરસને ચાલવા, બેસવા આદિથી ઘસારો પહોંચે, તેમજ ઉપાશ્રય આદિ ધર્મસ્થાનનો ઉપ-યોગ કરતાં ઘસારો પહોંચે તેવા દોષની શુદ્ધિ માટે પણ વાર્ષિક લાગો જિનાલય, ઉપાશ્રય આદિમાં પરમ સબહુમાન ભક્તિપૂર્વક અર્પણ કરતા હતા. એવી સૂક્ષ્મ પરમ વિશુદ્ધિ-પૂર્વક ધાર્મિક તંત્રનું સંચાલન કરનાર પરમ સુસજ્જન મહાજનો ઉપર (ઉઘાડી લૂંટ કરવા અને ચાર પુરુપાર્થમય

અહિંસક આર્યસંસ્કૃતિથી અને ધર્મશાસનથી સર્વથા ભ્રષ્ટ કરવા માટે વિદેશથી આવેલ મહાદાંભિક કાળમીંઢ) શ્વેત પાશ્ચાત્યોએ ધર્મસંપત્તિનો દુર્વ્યય કરનાર અને ધર્મસંપત્તિનું ભક્ષણ કરનાર એવું અણછાજતું અક્ષમ્ય મહાકલંક ચઢાવીને ધર્મસંપત્તિના પરમ સુવિશુદ્ધ સંરક્ષકને ધર્મસંપત્તિના ભક્ષકરૂપે ચિત્રામણ કરીને પેટ ભરીને ભાંડવામાં પાછું વળીને જોયું નથી. એવા પરમ સુવિશુદ્ધ ધાર્મિક તંત્ર–સંચાલનને ચોર તંત્ર–સંચાલનરૂપે ભાંડણલીલા ચાલુ રાખીને અનંત મહાતારક શ્રી ધર્મશાસનના મસ્તકે બળાત્કારે "ટ્રસ્ટ એક્ટ" નામનો અસહ્ય ખીલો ઠોકી બેસાડ્યો. "ટ્રસ્ટ એક્ટ"નું અક્ષમ્ય મહાપાપ ધર્મશાસન ઉપર શા માટે ? માત્ર ધાર્મિક સંપત્તિની ઉઘાડી લૂંટ અને અનંત મહાતારક શ્રી ધર્મશાસનને સર્વથા ગૂંગળાવવા માટે જ ને ?

## કરબોજ વધ્યો : સંચાલન જટિલ બન્યું :

ટ્રસ્ટ એક્ટ નામનો ધારો અમલમાં આવતાંની સાથે જ ધાર્મિક ક્ષેત્રની આવક ઉપર સેંકડે બે ટકા કર (ટેક્ષ), વ્યવસ્થાપક, મહેતાજી, મુનીમજી, ઓડિટર, સ્ટેશનરી, પોસ્ટેજ આદિના અક્ષમ્ય બોજાએ તેમજ મહાવિટંબણાભરી અનેક અક્ષમ્ય દાદાગીરી આદરીને રાજસત્તાએ ધાર્મિક તંત્ર

સંચાલનને મહામથામણભર્યું અતિ જટિલ બનાવ્યું. તે મહાપાપના કારણે શક્તિ-સંપત્તિ અને સમય આદિનો અક્ષમ્ય મહાદુર્વ્યય થઈ રહ્યો છે એવું પ્રત્યક્ષ જણાઈ રહ્યું હોવા છતાં ટ્રસ્ટ એકટ મહારાક્ષસના મુખમાં અનંત મહા-તારક શ્રી ધર્મશાસનને મૂકી દેવું પડે છે, એ આપણી તીવ્ર પાપોદયપૂર્વકની માનસિક, વાચિક અને કાયિક દુર્બળતા છે.

"ટ્રસ્ટ એકટ" એ ધર્મસમ્પત્તિનો એકાન્તે મહાદુર્વ્યય છે, એટલું જ નહિ; પણ ધર્મસમ્પત્તિની ઉઘાડી મહાલૂંટ અને પરમ્પરાએ ધર્મસમ્પત્તિનો અને ધર્મનો સર્વનાશ છે. એ વાત તો હવે વાચકવર્ગને હથેળીની રેખાની જેમ સ્પષ્ટ સમજાઈ ગઈ હશે. જે "ટ્રસ્ટ એકટ" એ ધર્મશાસન તારક મહાપુરુષનું ગળું ટૂંપી ગૂંગળાવીને તેને યમસદનના અતિથિ બનાવે તેવું અક્ષમ્ય મહાપાપ છે. તે મહાપાપની અનુમોદના કરાય જ શી રીતે ? ન જ કરાય.

## ધર્મભક્ષક "ટ્રસ્ટ એકટ"નો અક્ષમ્ય હસ્તક્ષેપ અને દુરાગ્રહ

મહાહિંસક યન્ત્રવાદ આદિ કર્માદાનના વાણિજ્યમાં ગાય-ભેંસ, બળદ, બકરાં, ભૂંડ, વાંદરા, કૂકડા, ઈંડાં, મત્સ્યાદિની થતી મહાહિંસાવાળાં આયોજનોમાં મહાઅશુભ

ચીકણા કર્મનો તીવ્ર અનુબંધ ધારાબદ્ધ પ્રવાહે સતત ચાલુ રહેતો હોવાથી, એવાં મહાપાપમય આયોજન ન કરવાં. લોભાદિને વશ થઇ કોઈ મહાપાપમય એવું આયોજન કરે, તો તેમાં કોઇએ નાણાં ન રોકવાં એવી સ્પષ્ટ જિન-આજ્ઞા હોવાથી, હિંસાદિનાં મહાપાપમય આયોજનોમાં વ્યક્તિગત નાણાં પણ ન રોકાય, તો પછી દેવદ્રવ્યાદિ ધાર્મિક ક્ષેત્રનું દ્રવ્ય તો રોકાય જ શી રીતે ? ન જ રોકાય. તથાપિ મહારાક્ષસ જેવા ધર્મભક્ષક ટ્રસ્ટ એકટના અક્ષમ્ય મહાપાપમય હસ્તક્ષેપ અને મહાદુરાગ્રહપૂર્વકના બળાત્કારથી અનિચ્છાએ પણ ધાર્મિક નાણાં રાષ્ટ્રીયકૃત બેંકોમાં જ મૂકવાં પડે છે. બેંકોમાં મુકાયેલ એ ધાર્મિક નાણાંનું રોકાણ રાજસત્તા મહાહિંસાજન્ય આયોજનમાં કરે છે, એ વાત શતપ્રતિશત સત્ય છે એવું જાણવા છતાં અનિચ્છાએ ચલાવી લેવું પડે છે.

**ટ્રસ્ટ એકટ દૂર કરવો જ જોઇએ :**

ભારત દેશના વર્તમાન બંધારણમાં એક નિયમ એવો છે. કે ભારત ગણતંત્ર ( રાજ્ય ) ધર્મનિરપેક્ષ રહેશે. અર્થાત્ કોઈ પણ ધર્મને અનુસરશે નહિ, તેમ જ કોઈ પણ ધર્મના અનુયાયીની મનોભાવના ( લાગણી ) દુભાય તેવું કોઈ પણ આચરણ ભારત ગણતંત્ર (રાજ્ય) નહિ કરે. એ

નિયમાનુસાર ટ્રસ્ટ એકટ નામના ધારા દ્વારા ધાર્મિક ક્ષેત્રને થતો અક્ષમ્ય ઘોર અન્યાય દૂર કરાવવા માટે ધારાપોથીમાંથી " ટ્રસ્ટ એકટ " નામનો ધારો સદન્તર નિર્મૂલન કરાવવા માટે સર્વોચ્ચ ન્યાયાલય, દિલ્હીમાં ધા નાંખીને "ટ્રસ્ટ એકટ" દૂર કરાવવો જ જોઇએ.

કોઈ તર્ક કરે કે ટ્રસ્ટ એકટ – ધારો નહિ હોય, તો ધાર્મિક સમ્પત્તિનો કોઈ દુર્વ્યય કરે કે નાશ કરે તો તેના રક્ષણ માટે શું ? પરંતુ " ટ્રસ્ટ એકટ " ન હતો, ત્યારે શું ધર્મસમ્પત્તિનું રક્ષણ નહોતું થતું ? થતું જ હતું. કોઇક કાર્યકર ઉદ્દંડ બનીને ધાર્મિક સમ્પત્તિનો દુર્વ્યય કે નાશ કરે, તો તેના રક્ષણ માટે ન્યાયાલયમાં જઈને ધાર્મિક સંપત્તિના દુર્વ્યય કે નાશને રોકાવી, ધાર્મિક સંપત્તિનું રક્ષણ કરાવી શકાય છે. આ બધું તો દીવા જેવું સ્પષ્ટ હોવાથી "ટ્રસ્ટ એકટ" ધારો ધર્મના સર્વનાશ માટે જ વિદેશીઓએ હેતુ પુરસ્સર ઠોકી બેસાડેલ હોવાથી તેને ધારાપોથીમાંથી સત્તાસ્થાને બેસનારાઓએ દૂર કરવો જ જોઈએ.

## ધર્મસત્તાને અપંગ બનાવી :

શ્રી જિનાલય આદિ ધર્મસ્થાન નિર્માણ કરવું–કરાવવું હોય, તોય રાજસત્તાની અનુમતિ લેવી પડે. શ્રી જિનાલયા

દિના નિર્માણ કાર્યને રાજસત્તા માન્ય રાખે, અર્થાત માન્યતા આપે, તો જ નિર્માણ કરાવી શકાય, અન્યથા નહિ. આ બધું વિચારતાં સર્વોપરિ ગણાતી ધર્મસત્તાને પક્ષાઘાતના રોગી જેવી સાવ અપંગ બનાવી દીધી, એ ઓછી ભયંકરતા છે? બાલિશતાની પણ હદ થઈને?

## શ્રી જિનાજ્ઞાઘાતક આધુનિક ચલાવાતી પાઠશાળાઓ જિનાજ્ઞાવિહિત શી રીતે ગણાય?

આધુનિક ચલાવાતી પાઠશાળાઓથી શ્રી જિનાજ્ઞાનો ઘાત થતો હોવાથી તે પાઠશાળાઓ શ્રી જિનાજ્ઞાવિહિત ગણાય જ શી રીતે? ખરેખર ન જ ગણાય. કારણ કે મારા અત્યલ્પ ક્ષયોપશમ પ્રમાણે મારી એવી સમજ છે કે, પરમ પૂજ્યપાદ ગણધર મહારાજ વિરચિત સૂત્રોની હિત શિક્ષારૂપે વાચના અધ્યયન-અધ્યાપન યોગોદ્વહન કરેલ પરમ પૂજ્યપાદ ગુરુમહારાજ કરાવી શકે.

શ્રી નમસ્કાર મહામંત્ર તો અનાદિકાલીન શાશ્વત છે, અને પ્રતિક્રમણાદિનાં સૂત્રો પરમ પૂજ્યપાદ ગણધર મહારાજ કૃત હોવાથી પ.પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ યોગોદ્વહન કરી, અને શ્રાવક-શ્રાવિકાઓ ઉપધાન તપ વહન કરીને નિમ્નલિખિત વિધિ કરવાપૂર્વક પરમ પૂજ્યપાદ ગુરુમહા-

રાજશ્રીના શ્રીમુખે વાચના લઈને સૂત્રો ભણવાની જિનાજ્ઞા હોવાથી, ગુરુમુખે સૂત્રોની વાચના લેતાં પહેલાં નિમ્નલિખિત વિધિ અવશ્ય કરવાની હોય છે. એ તારકવિધિ જ સ્પષ્ટતા કરી આપે છે, કે પાઠશાળામાં સૂત્રો ભણાવવાં એ જિનાજ્ઞા ઘાતક છે, કે નહિ?

## મંત્ર-સૂત્ર વાચના લેવાની વિધિ :

પરમ પૂજ્યપાદ ગુરુમહારાજને પરમ સબહુમાન વિધિવત્ વંદન કરીને ખમાસમણ દઈને "ઇચ્છાકારણ સંદિસહ ભગવન ! વાયણા સંદિસાઉં ?" પરમ પૂજ્યપાદ ગુરુમહારાજ કહે "સંદિસહ"; ત્યારે સૂત્રોની વાચના લેનાર કહે 'ઇચ્છં" કહીને, ખમાસમણ દઈને "ઇચ્છાકારણ સંદિસહ ભગવન્ ! વાયણા લેશું ?" ગુરુમહારાજ કહે, જાવસિરિ લેજો" ત્યારે વાચના લેનાર કહે, "ઇચ્છં" કહીને ખમાસમણ દઈને, ઇચ્છાકારણ સંદિસહ ભગવન્ ! વાયણા તપ પ્રસાદ કરાવશોજી?" પ. પૂ. ગુરુમહારાજ કહે "કરેમિ." પછી વાચના લેનાર પ. પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ રજોહરણથી ભૂમિનું પ્રમાર્જન કરીને અને શ્રાવક-શ્રાવિકા ચરવળાથી ભૂમિનું પ્રમાર્જન કરીને, ખભે ઉત્તરાસંગ નાખીને પરમ સબહુમાન વિનમ્રભાવે અંજલિબદ્ધ નતમસ્તકે યોગમુદ્રા

(શક્રમુદ્રા)એ પ. પૂ. ગુરુમહારાજ સન્મુખ બેસીને પ. પૂ. ગુરુમહારાજ સાહેબના શ્રીમુખે શ્રી પ્રતિક્રમણ આદિનાં સૂત્રોની વાચના લેવી. એ પ્રમાણે જિનાજ્ઞા છે.

સૂત્રોની ગાથાઓ આ ઉક્ત વિધિએ લીધેલ હોય તો જ એ જ્ઞાન આત્મામાં પરિણુત બને છે, અને એ પરિણુત જ્ઞાનથી આત્મામાં સ્વપરના હિતાહિતનો વિવેક, તેમજ પાપભીરુતા પ્રગટે છે. તેના ફળસ્વરૂપે આત્મા પાપથી વિરમી અલ્પ ભવોમાં કલ્યાણ સાધી મોક્ષપદને પામે છે એવું અનન્ત મહાજ્ઞાનીઓનું કથન છે

## ગૃહસ્થને સૂત્ર ભણાવવાનો અધિકાર નથી :

શ્રી ઉપધાન તપ વહન કરવાની જ્યારે અનુકૂળતા આવે ત્યારે ઉપધાન તપ કરી આપશે, એ શાહુકારીના વિશ્વાસે બાળક–બાળિકાઓને બાલ્યકાળથી શ્રી ગણધર મહારાજ વિરચિત શ્રી પ્રતિક્રમણ આદિનાં સૂત્રોની હિતશિક્ષા-રૂપે વાચના આપીને ભણાવવામાં આવે છે, પણ એ સૂત્રો ભણતાં પહેલાં પ. પૂ. ગુરુમહારાજને સબહુમાન વિધિવત્ વંદન કરીને "વાયણા સંદિસાહુ" – વાયણા લેશું, "વાયણા-તપ પ્રસાદ કરાવશોજી" આદિ પૂર્વોક્ત વિધિ સાચવીને જ પરમ પૂજ્યપાદ ગુરુમહારાજશ્રીજીના શ્રીમુખે હિતશિક્ષા-

રૂપે વાચના લઈને જ સૂત્રો ભણુાવવાની જિનાજ્ઞા હોવાથી તેની ઉપેક્ષા તો કદાપિ ન જ કરી શકાય એ ઉપરથી એટલું તો ચોક્કસ નિર્ણીત થાય છે, કે ગૃહસ્થો કોઈ પણુ સંજોગોમાં શ્રી પ્રતિક્રમણુાદિનાં સૂત્રો ભણુાવી જ ન શકે, અને ભણુનાર ગૃહસ્થ પાસે ભણી ન શકે.

અનંત મહાતારક શ્રી જિનાજ્ઞાની સાપેક્ષતાએ વિચારતાં તો આધુનિક ચલાવાતી પાઠશાળાઓ શ્રી જિનાજ્ઞાની આરાધક તો નથી જ, પરંતુ જિનાજ્ઞાની વિરાધક છે એમ નિઃસંકોચ બેધડક કહી શકાય.

અનંત મહાતારક શ્રી જિનાજ્ઞા સાપેક્ષ લખાયેલ આ સમીક્ષા વાંચીને વિદેશી રંગે રંગાયેલ વર્ગ મહદંશે ખળભળી ઊઠશે અને જેહાદ જગાડશે કે પાઠશાળા નહીં જ હોય તો બાળકોને ધર્મનું જ્ઞાન અને ધર્મના સંસ્કારો કોણુ આપશે અને તે ક્યાંથી આવશે ? એ જેહાદ જગાડનારને હું પૂછું છું, કે પાઠશાળાનું મહાપાપ તો લગભગ સો વર્ષના અંદરનું છે, જ્યારે પાઠશાળાઓ ન હતી, તે કાળે શું જૈનો ધર્મજ્ઞાન અને સુસંસ્કાર વિનાના હતા, એમ તમે માનો છો ? શ્રી જિનાજ્ઞા નિરપેક્ષ અશાસ્ત્રીય પાઠશાળાઓમાં ભણેલાઓમાંના મહદંશે આત્માઓનું તો

ખમીર જ મરી પરવાર્યું છે એમ કહું તો તે સર્વથા અસત્યોક્તિ કે અતિશયોક્તિ તો ન જ ગણાય.

## સુસંસ્કારયુક્ત ધર્મજ્ઞાન જનેતાના ઉદરમાં જ મળતું :

મહાસતી શ્રી કલાવતીજી, તારામતીજી, દમયંતીજી, સીતાજી, અંજનાજી, મયણાજી, દ્રૌપદીજી, સુલોચનાજી, વસુમતી, ચંદનાજી આદિ મહાસતીઓ તેમજ શ્રી હરિશ્ચંદ્ર, નળરાજા, યુગબાહુ, રામચંદ્રજી, લક્ષ્મણજી, શ્રીપાળરાજા, ભીમસેનયુધિષ્ઠિર પ્રમુખ પાંચ પાંડવો આદિ પ્રભાવક પૂજ્ય પુરુષોમાં વર્ષો પર્યન્ત મરણાન્ત કષ્ટ જેવી કપરી અને આકરી શિક્ષા ભોગવતી વેળાએ પણ ચિત્તની પ્રસન્નતાપૂર્વક ધર્મભાવનામાં અદ્ભુત કોટીનું સ્થૈર્ય અને ધૈર્ય તેઓમાં જળવાઈ રહેતું હતું. આ સમજણ કે જ્ઞાન કઈ ધાર્મિક પાઠશાળાઓમાંથી મેળવેલ ? તે અંગે કોઈ શાસ્ત્રપાઠ આપશો ખરા ?

મહાસતીઓ અને પ્રભાવક મહાસંતપુરુષો પાકે તેવી સચોટ હિતશિક્ષાનાં સુસંસ્કારદાતા જન્મદાતા જનેતામાતાજી છે. તેઓ સંતાનોને ગર્ભકાળથી જ અકાટ્ય ધર્મશ્રદ્ધાપૂર્વક શુભ ભાવના દ્વારા પરમ આદર્શ સદાચારાદિ સુસંસ્કારમય

અને ચાર પુરુષાર્થમય અહિંસક આર્યસંસ્કૃતિના અને અકાટ્ય શ્રદ્ધાપૂર્વકના પરમ ઉચ્ચ કોટીના ધર્મના સુસંસ્કારો ગર્ભસ્થ બાળકોના આત્મામાં ઠાંસી ઠાંસીને ભરતાં હતાં. એ સંસ્કાર જીવનના અંતિમ શ્વાસોચ્છ્વાસ પર્યન્ત અકબંધ જળવાઈ રહેતા હતા; એ સુંસ્કારો બાળકોનું ભાવિ અનન્તકાળ ઊજળું બનાવી દેતાં હતાં.

## શિક્ષણ કે કુશિક્ષણ ?

જેની છાયા કે માયાથી મહદંશે ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો, ગમ્યાગમ્યનો વિવેક ભુલાવે, ઉત્તમને અધમ, સંતને શઠ, માનવને દાનવ, વિનીતને અવિનીત, સદાચારીને દુરાચારી, ધર્મીને અધર્મી, સજ્જનને દુર્જન, નિષ્પાપીને પાપી, સરળને વક્ર, નિર્દંભીને દંભી, દયાળુને નિર્દયી, અને શૂરને ક્રૂર બનાવે અર્થાત્ ટૂંકમાં, આર્યને અનાર્ય જેવો મહાઅભિશાપરૂપ બનાવીને ચાર પુરુષાર્થમય અહિંસક આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિના ધોરી મૂળમાં બળબળતા અંગારા જેવા અગનગોળા ચાંપનારા પાકે; તેવી મહાકાતિલ જોગવાઈ યોજનાબદ્ધ રીતે, વ્યવસ્થિતપણે જેમાં વિદેશીઓએ ગોઠવેલ છે, તેવા ભણતરને ભણતર, જ્ઞાન કે શિક્ષણ કહેવાય જ શી રીતે ? – ન જ કહેવાય. તેને તો મહા

અજ્ઞાન કે ભયંકર કુશિક્ષણ કહેવાય. તેવું કુશિક્ષણ ભારતીયોને આપવા માટે લૉર્ડ મેકોલેએ આયોજન કર્યું.

## મા-બાપનું શ્રુતજ્ઞાન પ્રત્યે ઉપેક્ષિત વલણ :

મહાઅભિશાપરૂપ કુશિક્ષણ પોતાનાં સંતાનોને અપાવવા હજારો માઈલ દૂર મોકલાવવા માટે વિદેશી રંગે રંગાયેલ આધુનિક માબાપો પાસે હજારો-લાખો રૂપિયાનો અક્ષમ્ય દુર્વ્યય કરવા માટે જોગવાઈ ન હોય તો કોઈકની પાસે યાચના કરીને અથવા ઋણ કરીને પણ રૂપિયાની જોગવાઈ કરી લે છે.

પરંતુ ભવોભવ પાપથી વારનાર અને તારનાર એવું અનન્ત મહાઉપકારક શ્રી સમ્યક્જ્ઞાન ( શ્રુતજ્ઞાન ) પોતાનાં સંતાનોને અપાવવા માટે પરમપૂજ્યપાદ આચાર્યમહારાજ સાહેબ પ્રમુખ ગુરુમહારાજનો જ્યાં સુયોગ હોય, ત્યાં ત્રણેક વર્ષ માટે પોતાનાં સંતાનોને મોકલાવવાની અને ત્રણેક વર્ષમાં ખાનપાનના થતા ખર્ચની જોગવાઈ કરવાની આધુનિક મા-બાપોની કેટલી તત્પરતા ? એ રીતે સન્તાનોને સમ્યક્ શ્રુતજ્ઞાન ન અપાવ્યું હોય, તેની મા-બાપોના હૈયે બળતરા કેટલી ? તો તેનો પ્રત્યુત્તર મળશે કે અંશમાત્ર રંજ કે બળાપો નથી. સન્તાનોના આત્મા પ્રત્યે મા-બાપોનું આવું

ઉપેક્ષિત વલણ હોય, ત્યાં શી રીતે જિનશાસનનો ઉદ્યોત સંભવે ? નક્કર સ્વરૂપે શ્રી જિનશાસનના ઉદ્યોતની તીવ્ર ઝંખના હોય તો આધુનિક ચીલાચાલુ ઢાંચો બદલીને, આધુનિક ચલાવાતી ધાર્મિક પાઠશાળાઓ બંધ કરીને આ લેખમાં જણાવેલ મૂળ માર્ગને અચૂકપણે અનુસરવું પડશે.

અરે ! આધુનિક મા–બાપો પોતાનાં સંતાનોને શ્રી સમ્યક્ શ્રુતજ્ઞાન અપાવવા માટે ત્રણ વર્ષ પર્યન્ત ખર્ચ કરે એ અપેક્ષાને કંઈક વધુ પડતી ગણીએ અને કદાચ તેઓ ખર્ચ ન કરે, તોપણ તેને ક્ષમ્ય ગણી લઈએ. પરંતુ આધુનિક મા-બાપો કે વ્યવસ્થાપકો માર્ગાતીત થઈને એટલા બધા આગળ વધી ગયા છે કે તેની કલ્પના કરવી પણ દુષ્કર છે.

## અશાસ્ત્રીય પાઠશાળા માટે ફંડફાળા ઉઘરાવવાનું મહાપાપ :

અશાસ્ત્રીય પાઠશાળા ચલાવવા માટે આધુનિક વ્યવસ્થાપકો અન્ય શ્રાવકો પાસેથી પૈસા (રૂપિયા) મેળવવા માટે તેમને લેખિત યાચનાપત્રીઓ આપીને યાચના કરવા લાગ્યા. હદ થઈ ગઈ ને ? આ વાત કર્ણોપકર્ણ સાંભળીને લખી નથી, પરંતુ મને સ્વયંને થયેલ અનુભવથી આ વાત લખી છે.

અસંવ્યાવહારિક સૂક્ષ્મનિગોદ જેવી સાવ ચરમ-સીમાન્ત ઊતરતી કક્ષામાં જ્યારે આ જીવ હતો, ત્યારે આ જીવને જીવ સ્વરૂપે ઓળખાવવા માટે અનન્તકાળથી સર્વજ્ઞ ભગવન્તો એક જ લક્ષણુ બતાવતા આવ્યા છે, કે એક અક્ષરનો અનન્તમો ભાગ ઉઘાડો રહે છે, તેને ગમે તેવું ગાઢ અજ્ઞાન પણુ આવરી શકતું નથી. અર્થાત્ એ અનન્તમો ભાગ કદી કોઈનાથીયે આવરાતો નથી. એ અપેક્ષાએ તો એક અક્ષર જેટલું અત્યલ્પ અક્ષરજ્ઞાન અનન્તા જીવોનું લક્ષણુ થયું ગણાય. આ તો અક્ષરજ્ઞાનની વાત થઈ. અક્ષર-જ્ઞાન તો મિથ્યા શ્રુતજ્ઞાન પણુ હોય, અને શ્રી સમ્યક્ જ્ઞાન પણુ હોય.

## સમ્યક્ શ્રુતજ્ઞાનમાં તો જીવને શિવ બનાવવાનું સામર્થ્ય છે :

જીવાત્મામાં રહેલ અનાદિ ગાઢ મિથ્યાત્વની ગાંઠ ભેદાય તેવા જીવાત્માના માનસિક અધ્યવસાય ન થાય, ત્યાં સુધી મિથ્યાત્વની ગાંઠ ન ભેદાવાથી આત્મામાં જેટલું અક્ષર-જ્ઞાન હોય, તે સર્વસ્વ મિથ્યા શ્રુતજ્ઞાન કહેવાય. અને ગાઢ મિથ્યાત્વની ગાંઠ ભેદાય તેવા જીવાત્માના માનસિક અધ્ય-

વસાય થાય, ત્યારે મિથ્યાત્વની ગાંઠ ભેદાવાથી આત્મામાં જેટલું અક્ષરજ્ઞાન હોય, તે સર્વસ્વ સમ્યક્ શ્રુતજ્ઞાનરૂપે બની જાય છે. આટલું પણ સમ્યક્ શ્રુતજ્ઞાન જીવને શિવ બનાવવાના શુભ શ્રીગણેશ માંડીને પરમ્પરાએ જીવને શિવ બનાવવા જેટલું પરમ ઉપકારકતા યાને પરમ સામર્થ્ય ધરાવે, તો પ્રતિક્રમણાદિનાં સૂત્રોથી પ્રારંભીને ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, તત્ત્વાર્થસૂત્ર, છ કર્મગ્રન્થ, પંચસંગ્રહ અને કમ્મપયડિ જેટલું સમ્યક્ શ્રુતજ્ઞાન કેટલું ઝડપી આત્માનું કલ્યાણ અને મોક્ષ કરાવવાનું પરમ સામર્થ્ય ધરાવે ? તેનો નિર્ણય સુજ્ઞો સ્વયં કરી લે.

અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞાથી નિરપેક્ષ અશાસ્ત્રીય રીતે શ્રી પ્રતિક્રમણનાં સૂત્રોથી પ્રારંભીને કમ્મપયડિ સુધીનું જ્ઞાન સંપાદન કરીને, પોતાને અધ્યાપન કરાવવાનો અધિકાર ન હોવા છતાં ગૃહસ્થો અધ્યાપન કરાવીને વેતન લેવા સુધીનું અક્ષમ્ય દુઃસાહસ કરવા લાગ્યા એ કેટલો ભયંકર અક્ષમ્ય મહાદોષ છે. એ દુઃસાહસ કરનારાઓને ભવાંતરમાં કર્મરાજાની કેવી આકરી શિક્ષા ભોગવવી પડશે અને સમ્યક્ શ્રુતજ્ઞાન કયા ભવે ઉદયમાં આવશે ? તે તો અનંતજ્ઞાની ભગવન્તો જ કહી શકે !

## માસિક ઋતુસ્રાવનાં અકલ્પ્ય અનિષ્ટ પરિણામો :

આયુષ્ય (જીવાદોરી) હોય ત્યાં સુધી જીવનને ટકવા માટે જેટલી ઊંડાઈએ પ્રાણવાયુની આવશ્યકતા અનિવાર્ય છે, તે જ રીતે આત્માનું સર્વાંગી કલ્યાણ સાધી મોક્ષ મેળવવા માટે આર્યસંસ્કૃતિની ભૂમિકા ઉપર અડીખમ ઊભેલ પૂર્ણ અધ્યાત્મમય ધર્મસંસ્કૃતિની આવશ્યકતા અનિવાર્ય છે. સ્વપ્ન કે મૂર્ચ્છિત જેવી અવસ્થામાં પણ અંશમાત્ર ધર્મ-સંસ્કૃતિ મલિન કે દૂષિત ન થાય, તેવા પરમ ઉચ્ચ વિચારયુક્ત પવિત્ર આચારસંહિતાનું પાલન કરવું અનિવાર્ય છે. આચારસંહિતાનું અખંડ પાલન થાય તો જ આર્ય-સંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિ જીવિત રહી શકે.

અનન્ત પરમ તારક મહાપુરુષોના પરમ પવિત્રતારક સમાગમ અને સદુપદેશથી વિશ્વ માટે પરમ આદર્શ બોધપાઠ આર્યસંસ્કૃતિના સદ્ગુણોનું અને પરમ ઉચ્ચ ધાર્મિક સુસંસ્કારોનું આત્મામાં અમોઘ બીજારોપણ અને તેનું સ્થિરીકરણ થાય છે. જેના શુભ પરિપાકરૂપે અસંખ્ય પ્રદેશી આત્મ-ઉદ્યાન પરમ સુમધુર મઘમઘાયમાન બને છે. એ વાતની વિશ્વને પૂર્ણ પ્રતીતિ કરાવવા માટે અનન્તાનન્ત પરમ ઉપકારક પરમતારક દેવાધિદેવ શ્રી જિનેન્દ્રપરમાત્મા જેવા આપ્ત મહાપુરુષોએ જીવનને જિવાડવા અને ધર્મને

ધારણ કરવા માટે આર્યમર્યાદાનું વિધાન કરીને તેનું અક્ષરશઃ પાલન કરી બતાવેલ છે. તે પવિત્ર આર્ય મર્યાદાનું પ્રાણાન્તે પણ અખંડપણે પાલન કરવું આપણા માટે અનિવાર્ય છે.

## કીડીની કાયાએ કુંજરના કટકને નાથવા જેવી જટિલ સમસ્યા :

કુસંસ્કારજન્ય પાશ્ચાત્ય કુશિક્ષણરૂપ કાતિલ કાળકૂટ વિષમય વાયરો પ્રચંડવેગે વાવાથી પવિત્ર આચારસંહિતામય આર્યસંસ્કૃતિના પાયા હચમચી જવાથી આર્યમર્યાદા એવી કઢંગી નાજુક પરિસ્થિતિમાં મુકાણી છે, કે જોખમાતી આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિનું રક્ષણ કરવું એટલે કીડીની કાયાએ કુંજરના કટકને નાથવા જવું એના જેવી જટિલ સમસ્યા ઉપસ્થિત થઈ છે.

ભારતીય કન્યાઓ અભણ છે, તેને ભણાવવી જોઈએ એવું સાવ હડહડતું જૂઠાણું વહેતું મૂકીને વિદેશીઓએ ત્રણેક વર્ષ જેવી સાવ બાલ્યાવસ્થાથી પવિત્ર આચારમર્યાદા પાલન કરવામાં કટિબદ્ધ આર્યસન્નારીધનને બાળમંદિરથી જ-પરપુરુષના કાતિલ સહવાસમાં રાખીને પુરુષની સમોવડી કે પ્રતિસ્પર્ધી થવાનો અસાધ્ય ચેપ લગાડ્યો. એ ચેપની

મેલછામાં નારીધન હરખપદુડું બની આંધળી દોટ મૂકવા લાગ્યું; ભાનભૂલું બન્યું. વિવેકભ્રષ્ટ થવાથી સુસંસ્કારો અને ધર્મસંસ્કારો અખંડપણે જળવાઈ રહે, તેવી પવિત્ર આચારમર્યાદાનું પાલન કરવામાં સાવ ઉપેક્ષિત બન્યું. જેના મહાપાપે નારીદેહના શારીરિક બંધારણ અનુસાર કન્યાઓને બારેક વર્ષની વય અવસ્થાએ પહોંચતાં પ્રાયઃ માસિક ઋતુસ્રાવ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. તેવા અશુચિમય અપવિત્ર સંયોગથી પવિત્રતા દૂષિત ન થાય એટલા માટે અનન્તાન્ત પરમ ઉપકારક શ્રી જિનેન્દ્રપરમાત્માએ ચોવીશ પ્રહર અર્થાત્ એકસોએંશી ઘડી કે બહોંતેર કલાક પર્યન્ત અખંડપણે પાલન કરવા માટે વિહિત કરેલ આચારમર્યાદાનો લોપ કરવાનું અક્ષમ્ય દુઃસાહસ કરવા લાગ્યું છે. બહુ જ માર્મિક રીતે વિચારીએ તો એ દુઃસાહસના મહાપાપે આધુનિક ડોકટરો, વૈદ્યો, નર્સો, હજામો અને ધોબીઓનાં ઘરોમાંથી કદાપિ સૂતક જતું નથી. અરે હજી જરાક ઊંડાણથી વિચાર કરો. આધુનિક બસ, રેલવેગાડી આદિ વાહનોમાં પુરુષોની સાથે જ રજસ્વલા કન્યાઓ અને બહેનો પ્રવાસ કરતાં હોવાથી તેમની અશુચિમય અપવિત્ર કાયાનો સ્પર્શ થવાથી આજનું દૃશ્યમાન સમસ્ત વિશ્વ સદાકાળ મહાસૂતકમય જ છે.

ઋતુવંતી (રજસ્વલા) સ્ત્રીઓએ ચોવીશ પ્રહર પર્યન્ત પાલન કરવા યોગ્ય નિયમો અને મર્યાદાઓ અંગે શ્રી જિનાગમાનુસારી ધર્મગ્રંથોનાં મંતવ્યો, વેદ, પુરાણ, કુરઆન, ખોરદેહ અવસ્થા, બાઈબલ આદિ ગ્રંથોનાં મંતવ્યો, તેમજ કેટલાક આધુનિક વૈજ્ઞાનિક ચિન્તકોનાં મન્તવ્યોની ટૂંકી રૂપરેખા આપું છું.

## શ્રી જિનાગમોક્ત ધર્મગ્રંથાનુસારના નિયમો :

ઋતુવંતી (રજસ્વલા) સ્ત્રીઓએ ઋતુસ્રાવનો પ્રારંભ થાય ત્યારથી પ્રારંભીને ચોવીશ પ્રહર પર્યન્ત શ્રી જિન-મંદિર, પૌષધશાળા આદિ પવિત્ર ધાર્મિક સ્થાનોમાં ન જવું; ઘરનું કોઈ પણ કાર્ય ન કરવું; ઘઉં, ચોખા, મગ, અડદ, ચોળા, ચણા આદિ ધાન્યની શુદ્ધિ (સાફસૂફી) ન કરવી. કોઈ પણ પ્રકારનાં પુસ્તક, પાનાં, દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક આદિ સામયિકો તેમ જ પૂજા, સેવા, સામાયિક પ્રતિક્રમણ આદિનાં ધાર્મિક ઉપકરણો ઉપર પોતાની કાયાની છાયા પણ પડી ન જાય, તે માટે પૂર્ણ પ્રયત્નશીલ રહેવું. આ ઋતુસ્રાવ ત્રણ દિવસ માટે ધર્મ આરાધનામાં અંતરાયરૂપ છે. એ રીતે માનસિક પશ્ચાત્તાપ-પૂર્વક ધર્મભાવનામાં સ્થિર રહેવું. પરમપૂજ્યપાદ સાધુ

મહારાજ પ્રમુખ તારક પવિત્ર પુરુષોથી પોતાનું મુખ જોવાઈ ન જાય, તે રીતે એકાંતમાં ગુપ્ત રહેવું. રજસ્વલા સ્ત્રીનું મુખ જોવાઈ જાય, તો એક આયંબિલનું પ્રાયશ્ચિત્ત, અને રજસ્વલા સ્ત્રીની સાથે વાત કરે, તો પાંચ આયંબિલનું પ્રાયશ્ચિત્ત કરવાનું શાસ્ત્રકારોએ જણાવ્યું છે

## શ્રી વેદોક્ત માન્યતાનુસારના નિયમો :

રજસ્વલા સ્ત્રીઓએ ઋતુસ્રાવનો પ્રારંભ થાય ત્યારથી પ્રારંભીને ચોવીશ પ્રહર પર્યન્ત એકાંતમાં રહેવું. કોઈ પણ વસ્તુને તેમજ કોઈ પણ વ્યક્તિને સ્પર્શ ન કરવો, ગૃહકાર્યો ન કરવાં. એક વસ્ત્ર ધારણ કરી નૈસર્ગિક જીવન જીવવું. મસ્તકે અથવા શરીરે તેલ આદિ ન ચોળવું. હાસ્ય કુતૂહલ આદિ ન કરવું. દોડવું નહિ. કોઈની સાથે વાતો ન કરવી. માટીના ભાજનમાં ભાત, મગ આદિ સાત્ત્વિક હલકું ભોજન લેવું. ભૂમિ ઉપર દર્ભ(ડાભ)ના ઘાસનું આસન કે કોથળો પાથરી તેના ઉપર શયન કરવું. શરીર–વિભૂષા ન કરવી; અર્થાત્ શરીરને શણગારવું નહીં. અતિઘોંઘાટવાળા પ્રસિદ્ધ સ્થળ પર ન બેસવું. પોતાના પતિ સાથે પણ વાતચીત ન કરવી. મંદિર આદિ પવિત્ર ધર્મસ્થાનોમાં ન જવું.

**કુરહાને શરીફ માન્યતાનુસારના નિયમો :**

મુસ્લિમ ભાઈઓ જેને અતિપવિત્ર ગ્રંથ માને છે; તે "કુરહાને શરીફ"ની આજ્ઞા અનુસાર મુસ્લિમ સ્ત્રીઓને રજસ્વલા અવસ્થામાં નમાઝ પઢવાની સખ્ત મુમાનિયત (પ્રતિબંધ) છે. એ નાપાક એટલે અપવિત્ર અવસ્થામાં વસ્તુ કે વ્યક્તિ કોઈને અડવું નહિ, એકાંતમાં રહેવું.

**પારસીઓના ધર્મગ્રંથની માન્યતાનુસારના નિયમો :**

પારસીઓ અગ્નિહોત્રી બ્રાહ્મણની જેમ અતિ સ્વચ્છતા અને પવિત્રતામાં ખૂબ ઊંડો રસ ધરાવે છે. "ખોરદેહ અવસ્થા" નામના ગ્રંથને પારસીઓ અતિપવિત્ર દિવ્ય ધર્મ-ગ્રંથ માને છે. તે ગ્રંથની આજ્ઞા અનુસાર પોતાના જીવનને પવિત્ર રાખવાની ભાવનાવાળાઓથી કોઈ પણ અનિષ્ટ કાર્ય થઈ ગયું હોય તો 'અવારૂશ પશેમાન' એ પાઝંદભાષાના શબ્દો બોલીને પોતાની પવિત્રતા જાળવવા પ્રયત્ન કરતા હોય છે. આ શબ્દનો અર્થ "હું ખરાબ કાર્યોથી તોબાહ પોકારીને પાછો ફરું છું અને પરેશાન થઈને દૂર રહું છું."

**યહુદીઓના ધર્મગ્રંથની માન્યતાનુસારના નિયમો :**

યહુદીઓના પૈગંબર મોઝીસના આદેશ અનુસાર યહુદીઓ એમ માને છે કે રજસ્વલા સ્ત્રીઓએ નદી, તળાવ,

કૂવાએ પાણી ભરવા ન જવું, ધાન્ય સાફ ન કરવું, સોનું કે રૂપિયા આદિ દ્રવ્યને તેમ જ ઘરની અન્ય સામગ્રીને ન અડવું. ભૂલથી અડી જવાય તો વસ્તુ અગ્નિમાં બાળીને શુદ્ધ કરવી.

## બાઈબલની માન્યતાનુસારના નિયમો :

બાઈબલ ઓલ્ડ ટેસ્ટમેન્ટ પત્રાંક ૧૦૦ ઉપર જણાવ્યું છે કે, સ્ત્રી જે સમયે ઋતુમતી થાય તે સમયથી પ્રારંભીને સાત દિવસ પર્યન્ત રજસ્વલા સ્ત્રી અશુદ્ધ ગણાય છે. તેવી અપવિત્ર સ્ત્રીને સ્પર્શ કરનાર પણ સૂર્યાસ્ત પર્યન્ત અપવિત્ર ગણાય છે. રજસ્વલા સ્ત્રી જ્યાં સુધી અપવિત્ર હોય, ત્યાં સુધી રજસ્વલા સ્ત્રી જે જે વસ્તુને સ્પર્શે તે સર્વસ્વ વસ્તુઓ પણ અશુદ્ધ ગણાય છે. ઋતુમતી સ્ત્રીની પથારીને કોઈ સ્પર્શે તો, તે સ્પર્શ કરનાર પોતાનાં વસ્ત્ર ધોઈને સ્નાન કરે, તોપણ સૂર્યાસ્ત પર્યન્ત અશુદ્ધ ગણાય અને તેની સ્પર્શેલી કોઈ પણ વસ્તુ વાપરવા જેવી રહેતી નથી. ઋતુમતી ચોથે દિવસે શુદ્ધ થાય છે, અને સ્નાન કરે ત્યારથી સાત દિવસ પછી પૂર્ણ શુદ્ધ થાય છે.

રજસ્વલા નારીને પ્રથમ દિવસે ચાંડાળણી સમાન, બીજે દિવસે બ્રહ્મઘાતિની, ત્રીજે દિવસે ધોબણ સમાન જાણવી.

રજસ્વલા અવસ્થામાં શ્રી કમળારાણીએ શ્રી જિનેન્દ્ર પરમાત્માને વંદન કરીને પુષ્પો ચઢાવ્યાં, તેથી પરમાત્માની થયેલ ઘોર આશાતનાના મહાપાપે રાણીને અનેક પ્રકારનાં અસહ્ય મહાદુઃખો વેદતાં એક લાખ ભવ પર્યન્ત રખડવું પડ્યું.

રજસ્વલા નારી દેવતાને લે તો અઠ્ઠમ(ત્રણ ઉપવાસ)નું પ્રાયશ્ચિત્ત કરવું અનિવાર્ય હોય છે.

રજસ્વલા નારી પૂજ્યપાદ મુનિવરને વહોરાવે અર્થાત્ પોતાના હાથે દાન દે, તો મહાદુઃખમય સંસારમાં લાખ ભવ પર્યન્ત રખડવું પડે.

રજસ્વલા નારી વિષયસંભોગ ભોગવે, તો અનેક મહાયાતનાઓ વેદતાં નવલાખ ભવ પર્યન્ત રખડવું પડે.

રજસ્વલા નારી પોતાનું એંઠું ભોજન પશુઓને ખવરાવે તો બાર ભવ પર્યન્ત અનેક મહાદુઃખો વેદવાં પડે.

ટૂંકમાં, રજસ્વલા નારીએ લૌકિક-અલૌકિક કોઈ પણ કાર્ય ન કરવું એવી પરાપૂર્વથી ચાલી આવતી શ્રી જિનાજ્ઞા અને આર્યમર્યાદા હોવાથી રજસ્વલા નારીની કાયા કે છાયાની માયા પણ કોઈની નજરમાં ન આવી જાય તે રીતે ચોવીશ પ્રહર પર્યન્ત રજસ્વલા નારીએ એકાંતમાં રહીને અનંત મહાપાપના ફળરૂપે ઉદયમાં આવેલ સ્ત્રીભવનો તીવ્ર

પશ્ચાત્તાપ કરવાપૂર્વક શુભભાવનામાં સ્થિર રહેવું એ જ નારીધન માટે અનિવાર્ય પરમ હિતાવહ માર્ગ છે.

**પાશ્ચાત્ય ચિંતકોનાં ઋતુસ્રાવ અંગેનાં મંતવ્યો :**

અમેરિકામાં ઋતુસ્રાવવાળી રજસ્વલા રેડ ઇન્ડિયન સ્ત્રીઓ પોતાના મસ્તકે હાથ લગાડતી નથી. (મિ. ફ્રેઝર)

યુરોપિયન સ્ત્રીઓની એવી માન્યતા હોય છે કે, રજસ્વલા સ્ત્રીઓ માછલી, પાઉં કે દૂધ આદિ ખાદ્ય પદાર્થોને સ્પર્શે, તો તેમના સ્પર્શ માત્રથી તે વસ્તુઓ વિકૃત બને, અર્થાત્ બગડી જાય છે. (મિ. ફ્રેઝર)

ફ્રાન્સમાં એવી માન્યતા પ્રવર્તે છે કે ખાંડ ઉત્પાદનના કારખાનામાં ખાંડના ઊકળતા રસને ઠારતી વેળાએ તે સ્થાને રજસ્વલા સ્ત્રીઓને આવતા દેતા નથી, કારણ કે રજસ્વલા સ્ત્રીના પડછાયાથી ખાંડ શ્યામ (કાળી) પડી જાય છે, એવી તેમની અચૂક માન્યતા હોય છે.

**દક્ષિણ ફ્રાન્સ**માં રેશમનાં ઉદ્યોગસ્થાનો (કારખાનાં)-માં, તેમજ અત્તર આદિ સુગંધી પદાર્થોને રજસ્વલા સ્ત્રીઓ હાથથી સ્પર્શ ન કરે, તેનું પૂર્ણ ધ્યાન રખાય છે. એ નિયમનું પાલન કરવા-કરાવવામાં ન આવે તો રેશમી વસ્ત્ર તથા અત્તર આદિ સુગંધી પદાર્થો બગડી જાય, એવી તેમની માન્યતા હોય છે.

**જર્મન**માં એવી માન્યતા હોય છે કે, રજસ્વલા સ્ત્રીઓ મદ્યપાન(મદિરા)ના સંગ્રહસ્થાનમાં જાય તો મદિરા બગડી જાય.

**વિદેશ**માં કેટલાક ડૉક્ટરો ઓપરેશન થિયેટરમાં રજસ્વલા સ્ત્રીઓ કે નર્સોને પ્રવેશ કરવા દેતા નથી, કારણ કે રજસ્વલા સ્ત્રીઓનો સ્રાવ એટલો બધો ભયંકર અશુભ હોય છે, કે રોગીના કાપકૂપ કરેલ અંગ ઉપર તેની ઘણી જ માઠી અસર થાય છે, એવી તેમની માન્યતા છે.

**ચર્ચ**(દેવળ)માં રજસ્વલા સ્ત્રીઓ પ્રવેશ ન કરે, તે માટે નાઈઝર સરકારે પૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો.

**ન્યૂઝીલેન્ડ**માં રજસ્વલા સ્ત્રીઓ ભૂમિ ઉપર પગ મૂકવામાં દોષ માનતી હોવાથી રજસ્વલા સ્ત્રીઓ ત્રણ દિવસ આકાશમાં ઊંચે લટકાવેલ પાંજરામાં રહે છે.

**પેપુ** દેશની રજસ્વલા સ્ત્રીઓ ઋતુસ્રાવમાં પાલન કરવાની કાળમર્યાદા પર્યન્ત ચાલુ ઘરમાં ન રહેતાં, નિરાળા ઝૂંપડામાં રહે છે.

**આફ્રિકા**ના કોનોગોની સ્ત્રીઓ ઋતુસ્રાવમાં પાલન કરવાની કાળમર્યાદા પર્યન્ત તેમને અલગ રહેવા માટેના ભિન્ન ઝૂંપડામાં ત્રણ દિવસ રહે છે, અને તેમના પતિદેવો

પોતાની રજસ્વલા સ્ત્રીઓની છાતી ઉપર ત્રણ ખૂણાવાળો સ્કાર્ફ બાંધે છે.

**લેબેનોન**ના ખેડૂતોનું એવું મંતવ્ય છે કે, રજસ્વલા સ્ત્રીઓનો પડછાયો વૃક્ષ કે વનસ્પતિ ઉપર ન પડવો જોઈએ. તેમજ રજસ્વલા સ્ત્રીઓએ ઘોડેસવારી કરવી ન જોઈએ.

('વિવેકનાં અજવાળાં' પુસ્તિકાના આધારે)

પાશ્ચાત્ય વૈજ્ઞાનિક **પ્લીની** જણાવે છે કે, રજસ્વલા સ્ત્રીની ઉપસ્થિતિમાં મદિરા ખાટી થઈ જાય, વૃક્ષ ઉપરનાં ફળો ખરી પડે, વિકસ્વર ફળફૂલો સુકાઈ જાય, વાસણોને કાટ લાગે. પણ આ માઠી અસર મંદગતિએ થતી હોવાથી આપણે તાત્કાલિક જાણી શકતા નથી

વૈજ્ઞાનિક **ડૉ. સીકમ** મેડિકલ રીવ્યૂમાં જણાવે છે કે, રજસ્વલા સ્ત્રીઓના સ્પર્શથી જીવનસૃષ્ટિ ઉપર માઠી અસર થાય છે. આંતરદર્શનનું વિષ મહાકાતિલ હોય છે. પરસેવામાં પણ તેના રજકણો વહેતા હોય છે.

ઈ.સ. ૧૮૨૦માં **ડૉ. બિરોકને** સાયન્ટિફિક પ્રયોગો કરતાં લાગ્યું કે સ્ત્રીની ચામડીમાં મીનોકોક્ષીન નામનું વિષ રજસ્વલા અવસ્થામાં પેદા થાય છે. એ અવસ્થામાં બીજાના શરીરને સ્પર્શતાં અનેક રોગોના કીટાણુઓનું, સ્પર્શમાં આવતા અન્યના શરીરમાં વાવેતર થાય છે.

રજસ્વલા સ્ત્રીના શરીરમાં જે વિષ હોય છે, તે કેમિકલ ફોર્મ્યુલા ઓક્ષીકોલેસ્ટરીન નામના વિષને મળતું આવે છે. તેની મહાઅનર્થકારી માઠી અસર માત્ર માનવ અને પશુઓ ઉપર જ નહિ, પણ જડ પદાર્થો ઉપર પણ થાય છે. તેથી રજસ્વલા અવસ્થામાં ત્રણ દિવસોમાં સમજુ અને વિવેકી આત્માઓ ઘરની વસ્તુને સ્પર્શ પણ કરતા નથી. ઘરનું કાર્ય પણ કરતા નથી.

'નવનીત' ગુજરાતી ડાયજેસ્ટ, ૧૯૬૨ના સપ્ટેમ્બરના અંકમાં પ્રસિદ્ધ થયું છે કે :– મક્કામાં રહેલો 'અસવદ' નામનો પથ્થર, જે મુસલમાનોમાં પૂજનિક ગણાય છે તે રજસ્વલા સ્ત્રીના સ્પર્શથી કાળો બની ગયો. આજે પણ તે કાળાશ મોજૂદ છે.

એક માણસે પુષ્પનો ગજરો બનાવી ઋતુવંતી સ્ત્રીને આપ્યો અને તે સવારના સાવ કરમાઈ ગયો. તેને ખૂબ આશ્ચર્ય લાગ્યું. તે ભાઈને ખબર પડી કે માસિક ધર્મવાળી સ્ત્રીને આપવાથી આમ બન્યું છે.

વૈજ્ઞાનિકો જણાવે છે કે :– ૧૦૦ (સો) ડિગ્રીના ઊકળતા પાણીમાં જો રજસ્વલા સ્ત્રીના રજકણો નાખવામાં આવે તો તે નાશ પામતા નથી. તેઓ વધારામાં જણાવે

છે કે રજસ્વલા અવસ્થામાં પ્રતિદિન કરતાં સ્ત્રીઓની લાગણી ઘણી ઉશ્કેરાટવાળી હોય છે.

અમેરિકાની જાણીતી જોન હોપકીન્સ યુનિવર્સિટીની લેબોરેટરીમાં લેડી ડોકટરે રજસ્વલા સ્ત્રી ઉપર ભિન્ન-ભિન્ન પ્રયોગો કરી જણાવ્યું હતું કે રજસ્વલા સ્ત્રીને ઘરનું કામ વર્જ્ય છે, તે ખરેખર સત્ય અને સચોટ છે.

દક્ષિણ અમેરિકામાં ઓરીનોકોની ખીણમાં તથા સાઉથ આયર્લેન્ડમાં પણ ત્યાંની સ્ત્રીઓ ઘરનું કામ રજસ્વલા અવસ્થામાં કરતી નથી.

**માતાપિતાની પ્રાથમિક ભૂમિકાની કિંચિત્ સમીક્ષા :**

જિનધર્મવિનિર્મુક્તો, મા ભુવં ચક્રવર્ત્યપિ ।
સ્યાં ચેટોઽપિદરિદ્રોઽપિ, જિનધર્માધિવાસિતઃ ॥

જૈનેન્દ્ર ધર્મના સંસ્કારથી રહિત એવો ચક્રવર્તી ન થાઉં. ભલે દાસ થાઉં, દરિદ્ર થાઉં, તો પણ મારો જન્મ અનંત મહાતારક શ્રી જિનશાસનમાં, જૈનધર્મના સુસંસ્કાર પુષ્પની મઘમઘતી સુવાસથી પરમ સુવાસિત એવા શ્રાવક કુળમાં થાઓ.

પરમ સુવાસિત શ્રાવકકુળમાં જ મારો જન્મ થાઓ એવું સમ્યગ્દૃષ્ટિ દેવો શા માટે ઇચ્છે છે ? એ પ્રશ્નનો પ્રત્યુત્તર માતાપિતા તરફથી મળે ખરો ? તો જવાબ છે ના.

માતાપિતા બનવાનો અધિકાર કોને ? નિકટના ભવિષ્યમાં માતાપિતા બનનાર અને માતાપિતા બન્યા પછી અલ્પાત્યલ્પ કેટલા નિયમો પાળવા જોઈએ ? બાળકના શારીરિક વિકાસની ચિંતા તો પ્રત્યેક માતાપિતા રાખે છે, પરંતુ સંતાનના માનસિક અને આત્મિક વિકાસ માટે માતાપિતાએ કેટલી ચિંતા રાખી ? ચિંતા રાખવાની વાત અને વિકાસ અંગેની તલસ્પર્શી સમજ તો કદાચ માતાપિતાને ન હોય, એ તો માની લઈએ, પરંતુ ઉપરછલ્લી સામાન્ય સમજ પણ ખરી ? તોયે જવાબ છે ના; કારણ કે માતાપિતામાં તદ્વિષયક જ્ઞાનનો અભાવ હોય છે

## માતાપિતા બનવાનાં અધિકારી કોણ ?

અનંતાનંત પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ મનુષ્યભવ એકમાત્ર જૈનેન્દ્રધર્મની પરમોત્કટ આરાધના કરવા માટે જ છે એવી સચોટ માન્યતા હોવા છતાં; તેવા પ્રકારની આરાધના કરવા આત્મામાં તત્પરતા પ્રગટી ન હોય, આજીવન અખંડ બ્રહ્મચર્ય પાલન કરવા જેટલો મનોનિગ્રહ થયો ન હોય, તેવા પુણ્યવંતો કૌમાર્યાવસ્થા પર્યન્ત અખંડ બ્રહ્મચારી રહી કુળ અને શીલ એટલે આચારથી સમાન, અન્ય ગોત્રમાં ઉત્પન્ન થયેલ સ્ત્રીની સાથે, પંચની સાક્ષીએ

લગ્નગ્રંથિથી જોડાઈ સદાચારના આદર્શને પાલન કરનાર એવા આત્માઓ માતાપિતા બનવાના અધિકારી ગણાય.

'જૈનેન્દ્રધર્મના સુસંસ્કાર–પુષ્પની મઘમઘતી સુવાસથી પરમ સુવાસિત એવા શ્રાવકકુળમાં જ મારો જન્મ થાઓ' એવો આગ્રહ એટલા જ માટે રખાય છે, કે શ્રાવકકુળમાં જન્મ થાય તો મહદંશે જૈનધર્મ ઉપર અખંડ શ્રદ્ધા, આરાધના, પ્રભાવના સુલભ બને, અને ઉત્તરોત્તર ચારિત્રધર્મની પરમોત્કટ આરાધના કરી, આત્મકલ્યાણ સાધી મોક્ષસુખ પામી શકે. એવો અનંત મહાલાભ શ્રાવકકુળમાં જન્મનારને સુલભ હોવાથી સમ્યગ્દૃષ્ટિ દેવો જિનધર્મથી વિમુખ એવું ચક્રવર્તીપણું ન ઇચ્છતાં, સેવક અને દરિદ્ર બનવું પડે તો પણ જિનધર્માધિવાસિત શ્રાવકકુળમાં જ જન્મ થાય એવું ઇચ્છે છે.

## માતાપિતાની પ્રાથમિક ભૂમિકાના આવશ્યક નિયમો :

ગર્ભમાં આવનાર પુણ્યવંતોની ઉક્ત ભાવના સજીવન રહે, સાકાર થઈને સફળ બને, એ માટે માતાપિતાએ પ્રાથમિક ભૂમિકારૂપે નિમ્નલિખિત નિયમો અવશ્ય પાલન કરવાના હોય છે :

૧. કોઈક પરમ પુણ્યવંત આત્મા મારા ગર્ભમાં આવ્યો છે, અર્થાત્ હું સગર્ભા બની છું; એવી જાણ જે સમયે માતાને થાય, તે જ સમયે માતા પતિદેવને પરમ સબહુમાન વિનમ્રભાવે વિનતિ કરે કે, હે સ્વામિનાથ ! કોઈક પરમ પુણ્યવંત આત્માની આપણા ઘરે નિકટના ભવિષ્યમાં એટલે નવેક માસ બાદ પધરામણી થશે. પરંપરાએ એ આત્માનો ભાવિ અનંતકાળ પરમ ઉજ્જવળ અને પરમ યશસ્વી બને અને સદાચારાદિ સુસંસ્કારની મઘમઘતી પરમ સુવાસથી સમગ્ર વિશ્વને પરમ સુવાસિત બનાવે, તે માટે અલ્પાત્યલ્પ આજથી પ્રારંભી બાળક જન્મીને સ્વયં સ્તનપાન ન છોડે ત્યાં સુધી આપણે બંને જણાં કાયાથી અણિશુદ્ધ અખંડ બ્રહ્મચર્ય પાલન કરવાની પરમ પૂજ્ય મહારાજના શ્રીમુખે પ્રતિજ્ઞા અંગીકાર કરીએ.

૨. અનંત મહાતારક શ્રી જિનશાસન ઉપર પરમ ઉચ્ચતમ બહુમાનપૂર્વક અવિચળ અકાટ્ય શ્રદ્ધા રાખવી.

૩. ભાવિ બાળક વિશ્વની આધારશિલા અને પરમ આશીર્વાદરૂપ બને તે માટે માતાપિતાએ અનંતાનંત પરમ તારક પરમાત્માની પૂજા સેવા ભક્તિથી સ્વજીવનને પરમ પ્રભાવિત કરવું, અર્થાત્ દેવાધિદેવની ભક્તિમાં સદા તરબોળ રહેવું.

૪. તન, મન અને ધનથી બાળક પરમ ઉદાર, દયાળુ અને ઉત્કટ મહાદાનેશ્વરી બને, તે માટે માતાપિતાએ પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજાઓને પરમ ઉત્કટભાવે સુપાત્રદાન, હર્ષિત હૈયે સાધર્મિક વાત્સલ્ય અને અનુકંપા–પાત્રને પરમ કારુણ્યભાવે અનુકંપાદાન દેવું અને બાળક જન્મ્યા પછી વર્ષ–સવા વર્ષનું થાય એટલે બાળકના હાથે દાન દેવરાવવું.

૫. પરમ શ્રદ્ધાપૂર્વક સામાયિક પ્રતિક્રમણ, નમસ્કાર મહામંત્રનો જાપ, સ્વાધ્યાયાદિ પ્રતિદિન નિયમિત કરવાં.

૬. આરાધકભાવ સદા સજીવન રહે, તે રીતે મનને સદા ધર્મધ્યાનમાં સ્થિર કરવા પૂર્ણ ઉદ્યોગશીલ રહેવું.

૭. સર્વવિરતિ એ જ જીવનનું અંતિમ પરમ ધ્યેય એવા પરમાદર્શપૂર્વકનું ઉચ્ચતમ શ્રાવક જીવન જીવવું.

૮. બાળક મહાબુદ્ધિશાળી, મહાચતુર, પરમ સજ્જન અને સંતશિરોમણિ બને, એ માટે અનંતાનંત પરમોપકારક પરમ તારક શ્રી તીર્થંકર પરમાત્માનાં જીવન-ચરિત્રો, શ્રી જિનેન્દ્રશાસનના પરમ પ્રભાવક પુણ્યવંત તારક પુરુષોનાં જીવનચરિત્રો, તેમજ મહાસતીઓનાં જીવન-ચરિત્રોનું એકાગ્ર ચિત્તે વાચન કરવું. વિકૃત, અશ્લીલ કે ધર્મશ્રદ્ધા અને ધર્મસંસ્કારથી ભ્રષ્ટ કરે તેવા સાહિત્ય ઉપર દૃષ્ટિપાત પણ ન કરવો.

૯. કાંદા, બટાટા, રીંગણાં, ટામેટાદિ અભક્ષ્ય અનંત કાયના સર્વથા ત્યાગની પ્રતિજ્ઞા કરવી.

૧૦. અત્યુષ્ણ, અતિશીત, અતિરુક્ષ, અતિસ્નિગ્ધ, અત્યામ્લ, અતિતિક્ત, અતિકટુ, અતિક્ષારયુક્ત તેમજ તળેલાં ભોજનોનો ત્યાગ કરવો.

૧૧. શરીર હોવાથી આહાર તો કરવો પડે; પરંતુ આહાર એવો પરમ સાત્ત્વિક અને અનાસક્ત ભાવે કરવો, કે બાળક પરમ સત્ત્વશીલ, પરમ અનાસક્ત યોગી અને તપસ્વી બને.

૧૨. શક્ય પ્રયાસે રાત્રિભોજનનો ત્યાગ, સકારણ રાત્રિભોજન કરવું પડે, તો તેનું પણ ભારોભાર દુઃખ હોવું જોઈએ.

૧૩. નાટક, સિનેમા, ટી.વી. કાર્યક્રમ, સર્કસ આદિ અસભ્ય વાણી અને અભદ્ર આચરણથી ભરપૂર હોવાથી કદી ન જોવાં, જેથી માનસ મલિન ન બને, અને ચિત્ત ચોર ન બને. તેમજ મન દૂષિત થાય તેવા નિમિત્તથી સદન્તર દૂર રહેવું.

૧૪. માયા તથા વિકથાનો સર્વથા ત્યાગ કરવો.

૧૫. અસત્ય ન બોલાય તે માટે પૂર્ણ ઉદ્યોગશીલ રહેવું.

૧૬. અપશબ્દ કે અભદ્ર વચન કદી ન બોલવાં.

૧૭. અસભ્ય કે અભદ્ર આચરણ કદી ન કરવું.

૧૮. જીવમાત્ર પ્રત્યે આત્મીયતાપૂર્વકનો પરમ કારુણ્ય ભાવ તેમજ વાત્સલ્યભાવ કેળવવો.

૧૯. મહદંશે આધુનિક માતાપિતાના હૈયામાં એક મહાભયંકર અક્ષમ્ય ઊંધી માન્યતારૂપ લાવારસ એવો વહી રહ્યો છે, કે બાળકને અધિક સમય સુધી સ્તનપાન કરાવવાથી પયોધર એટલે ઉરઃપ્રદેશની સુઘડતા અને સુડોળતા બગડી જાય, અને એના કારણે ત્રણચાર માસના બાળકને સ્તનપાનનો ત્યાગ કરાવી, અકલ્પ્ય અને અભક્ષ્ય એવું પશુનું દૂધ બાટલીમાં ભરીને બાળકના મુખમાં મૂકે છે.

હું પ્રશ્ન કરું છું કે ઉરઃપ્રદેશની માંસગ્રંથિમાંથી કોના આધારે પયોધરોમાં દૂધ પરિણમન થયું? આધુનિક માતાપિતા પાસે કોઈ ઉત્તર નથી. મહાપુરુષો કહે છે, કે બાળક પ્રત્યેના પરમ વાત્સલ્યભાવના આધારે માંસગ્રંથિ દૂધરૂપે પરિણમે છે. જેના પુણ્યપ્રભાવે માંસ દૂધ બન્યું તેની સાથે આવો મહાભયંકર દ્રોહ કરો, પછી એ બાળક યોગ્ય અવસ્થાને પામ્યા પછી માતાપિતાનો મહાભયંકર દ્રોહ ન કરે તો બીજું શું કરે ?

લાતો મારનાર ગાય–ભેંસનું દૂધ પીધું હશે, તો બાળક મોટું થશે, ત્યારે માતાપિતાને લાતો મારશે, અને શીંગડાથી ભેટ મારનાર મારકણી ગાય–ભેંસનું દૂધ પીધું હશે તો બાળક મોટું થઈને તમને અનેક રીતે શીંગડાં મારવા જેવા ધંધા કરશે આના ઉપરથી આજ્ઞા પાલન કરવાની, અને સેવા કરાવવાની અપેક્ષા રાખનાર માતાપિતા કંઈક ધડો લેશે ખરાં ? કે પછી પશુની જેમ બેફામ રીતે વર્તે જ જશે ?

## નિયમ–પાલનનું સાચું રહસ્ય :

માતાપિતા એવી શંકા કરે છે, કે અમારે શા માટે ઉપર્યુક્ત નિયમશૃંખલાથી બદ્ધ રહેવું ? એ નિયમબદ્ધ ન રહીએ તો અમારું શું લૂંટાઈ જવાનું છે ? એનો નિર્ણય તો નીચેના લેખથી માતાપિતાએ સ્વયં કરવાનો છે :

માતાપિતાને જોઈએ છે શ્રી રામચંદ્રજી અને મળે છે રા'માંડલિક.

માતાપિતાને જોઈએ છે શ્રી ધર્મરાજા અને મળે છે ધૂર્તરાજા કે દુર્યોધન.

માતાપિતાને જોઈએ છે શ્રીકૃષ્ણ મહારાજ અને મળે છે કંસ.

માતાપિતાને જોઈએ છે સુદર્શન શેઠ અને મળે છે સિંહસેન રાજા.

માતાપિતાને જોઈએ છે શ્રી અભયકુમાર અને મળે છે અકુખાઈ રાઠોડ.

માતાપિતાને જોઈએ છે શ્રી હરિશ્ચન્દ્ર અને મળે છે વસુરાજ.

માતાપિતાને જોઈએ છે તર્કશિરોમણિ અને મળે છે મૂર્ખશિરોમણિ.

માતાપિતાને જોઈએ છે ધર્મશિરોમણિ અને મળે છે ધૂર્તશિરોમણિ.

માતાપિતાને જોઈએ છે સંતશિરોમણિ અને મળે છે શઠશિરોમણિ.

માતાપિતાને જોઈએ છે સત્યશિરોમણિ અને મળે છે અસત્ય-શિરોમણિ

માતાપિતાને જોઈએ છે સદાચાર-શિરોમણિ અને મળે છે દુરાચાર-શિરોમણિ.

માતાપિતાને જોઈએ છે મહાસતી શ્રી સીતાજી અને મળે છે શ્યામારાણી.

માતાપિતાને જોઈએ છે શ્રી અંજનાજી અને મળે છે અભયરાણી.

માતાપિતાને જોઈએ છે શ્રી મયણાસુન્દરીજી અને મળે છે રત્નમંજરી.

માતાપિતાને જોઈએ છે શ્રી રેવતી શ્રાવિકાજી અને મળે છે કર્કશા કપિલા.

માતાપિતાને જોઈએ છે શ્રી સુલોચનાજી અને સુભદ્રાજી, અને મળે છે સૂર્યકાંતા.

માતાપિતાને જોઈએ છે દ્રૌપદીજી અને મળે છે ઢુંઢા.

અમારું શું લૂંટાય તેનો નિર્ણય તો ઉપર્યુક્ત વિગતો ઉપરથી માતાપિતા સ્વયં કરી લે.

**હાથનાં કર્યાં હૈયે વાગ્યાં :**

જન્મ્યા પછી ત્રણ–ચાર મહિનાના બાળકને સ્તનપાનનો ત્યાગ કરાવીએ તેમાં દ્રોહ શેનો ગણાય ? એ દ્રોહ છે કે નહિ તેનો વિચાર કરીએ. માતાપિતાની આજે મોટે ભાગે એવી ફરિયાદ હોય છે, કે સાહેબજી ! બાબો ચાર વર્ષનો હોવા છતાં આજ્ઞા માનતો નથી, પ્રભુજીનાં દર્શન કરવા જતો નથી, પૂજા–સેવા કરતો નથી, રાત્રિભોજન બંધ

કરતો નથી, અભક્ષ્ય અનંતકાય (કન્દમૂળ) ખાય છે. બાબાને ખૂબ નિષેધ કરીએ છીએ પણ માનતો નથી. વૃદ્ધાવસ્થામાં અમારી શી સેવા કરશે ?

હું કહું છું, માતાપિતાની આજ્ઞા શા માટે માને ? બાળકના જીવન સાથે ભયંકર ચેડાં અને દ્રોહ કરી, સ્તનપાન છોડાવી, અંતરાયકર્મ બાંધ્યું. અઢી–ત્રણ વર્ષ સુધી વાત્સલ્યપૂર્ણ ધર્મભાવના અને સદ્‌વિચારપૂર્વક સ્તનપાન કરાવ્યું હોત, તો એ બાળકમાં માતાપિતાની વાત્સલ્યપૂર્ણ ધર્મભાવનાનું અવતરણ થઈને ચિરસ્થાયી બનત. માતાપિતા પ્રત્યે વાત્સલ્યભાવ પ્રકટત, માતાપિતાને દેવતુલ્ય માની અક્ષરશઃ હિતશિક્ષા આજ્ઞાનું પાલન કરત, સેવાભક્તિ કરત, બાળકના જીવનમાં પાપ તો નહિ, પાપની છાયાનાં દર્શન પણ દુર્લભ બનત. અર્થાત્ પરમોચ્ચતમધર્મી જીવન બનત. માતા પરમ પ્રતિષ્ઠાવંત બનત !

પુત્રો હજી સારા કે માતાપિતાને વનવાસ આપતા નથી, હાથ ઉપાડતા નથી, હાથ પકડીને ઘર બહાર કાઢતા નથી. એટલે જ માતાપિતા ભાગ્યશાળી; બાકી માતાપિતા તો એ જ લાગનાં છે, કે એથી પણ વિશેષ શિક્ષાપાત્ર છે એમ કહું તોપણ સર્વથા અસત્યોક્તિ, અતિશયોક્તિ કે અસ્થાને છે એમ તો કોઈ નહિ જ કહે.

## મનોભાવમાં રહેલી અગાધ શક્તિ :

આજથી ચોપન વર્ષ પહેલાં હું ગૂજરાતી ત્રીજી ચોપડી ભણતો હતો, તેમાં એક કવિતા આવતી હતી. તેમાં એક સત્ય ઘટનાનું તાદૃશ્ય આપ્યું છે કે, માનસિક વિચારો–(ભાવના)ની કેટલી અગાધ શક્તિ છે, અને ક્ષણાર્ધમાં તેની કેટલી વ્યાપક અસર થાય છે, તેનો અક્ષરશઃ પરિચય આપેલ છે. તે અતિ મનનીય હોવાથી માતાપિતાના બોધ માટે તેનો સારાંશ અત્ર આપું છું :

## રસહીન થઈ ધરા : દયાહીન થયો નૃપ :

ગ્રીષ્મ ઋતુના દિવસો હતા. મધ્યાહ્ન સમયે તૃષાથી પીડિત એક ઠાકોરસાહેબ અશ્વસવાર થઈને એક વાડી પાસે આવે છે. લગભગ વીશેક વીઘાની વાડી હશે. સ્વાદિષ્ટ મધુ-રસથી સભર તાડની સ્પર્ધા કરે તેવી શેરડીથી ભરચક એ વાડીમાં એક બાઈ કામ કરતી હતી. ઠાકોરસાહેબે કહ્યું, 'બહેન થોડું ઠંડું જળ લાવશો ?' બહેન તુર્ત જ કળી ગયાં કે આ તો આપણા ગામધણી ઠાકોરસાહેબ છે. આ તો ઘેર બેઠાં ગંગા આવી. અરે સાક્ષાત્ કલ્પવૃક્ષ સામે પગલે ચાલીને આવ્યા જેવું બન્યું. એમને પાણી તે અપાતું હશે ? એમ વિચારીને કાંસાનો પવિત્ર મોટો કટોરો અને

દાતરડું લઈને શેરડીના સાંઠાને સહેજ ધાર અડાડે છે. પાણીના મોટા ઝરણાની જેમ રસની ધારો વછૂટી, તુર્ત જ કટોરો ભરાઈ ગયો. તેને ઠાકોરસાહેબ સમક્ષ ધરે છે. ઠાકોરસાહેબ રસપાન કરી તૃપ્ત થઇ પ્રસન્નતા અનુભવે છે. ઠાકોરસાહેબ પૂછે છે : 'બહેન આ ખેતર કોનું ?' 'ઠાકોર-સાહેબ ! ખેતર તો આપનું જ છે આપની દયાથી અમો ખૂબ સુખી છીએ.'

ઠાકોરસાહેબે પ્રશ્ન કર્યો, શું વિઘોટી ભરો છો ?'

'સાહેબ ! બાર મહિને બસો દોકડા ભરીએ છીએ.'

ઠાકોરસાહેબ ચોંકે છે. વાર્ષિક બે હજાર રૂપિયા જેટલી આવકવાળા ખેતરના માત્ર બે જ રૂપિયા ! વિઘોટી વધારવી જોઈએ. એમ વિચારતાં, બીજો એક કટોરો રસ લાવવા બહેનને જણાવે છે. બાઈ આનંદવિભોર બની હોંશે હોંશે રસ લેવા જાય છે. દાતરડાની ધાર અડાડે છે. રસ આવતો નથી. ધારથી સહેજ વિશેષ કાપ મૂકે છે, તોપણ નિષ્ફળતા અને નિરાશા. આખરે દશબાર સાંઠા કાપે છે, તોયે રસનું એક બિંદુ ટપકતું નથી. બાઈ રુદન કરતાં નિવેદન કરે છે, "ઠાકોરસાહેબ, આજે તો મારા ઘર આંગણે સુરતરુ ફળ્યો, સોનાનો સૂરજ ઊગ્યો એમ કહું તોયે ખોટું નથી, પણ

મારા જેવી અભાગણુના ભાગ્યમાં આ બધું હોય જ શેનું ? મારું ભાગ્ય પૂરેપૂરું રૂઠયું લાગે છે. રસનું એક બિંદુ ટપકતું નથી.”

ઠાકોરસાહેબ સમજી ગયા કે, વિઘોટી વધારવાના મારા માનસિક પાપે જ આમ બન્યું છે. ઠાકોરસાહેબ અશ્વથી નીચે ઊતરી બાઈનાં ચરણોમાં પડી, પગ પકડી કહે છે, ‘માતાજી ! વિઘોટી વધારવાના મારા માનસિક પાપે જ આમ બન્યું છે, શેરડીનો રસ સૂકવી નાંખ્યો તેના પ્રાયશ્ચિત્તરૂપે “યાવશ્ચન્દ્રદિવાકરૌ” સુધી વિઘોટી ભર્યા વિના આ ખેતર તમને વાવવા અર્પણ કરું છું. માતાજી ! હવે એક કટોરો રસ લાવો’ બાઈ હોંશે હોંશે શેરડી પાસે ગઈ. જઈને દાતરડાની સહેજ ધાર અડાડી ત્યાં તો જાણે મેઘધારા વછૂટી. તુર્ત જ કટોરો ભરાઈ ગયો.

આ છે માનસિક શુભાશુભ વિચારોની અસર. શેરડીના ખેતરથી દૂર રહેલા ઠાકોરસાહેબની માનસિક ભાવનાની આટલી ગહન (ઘેરી) અસર થાય, તો પછી નવ નવ માસ માતાના ઉદરમાં રહેનાર સંતાન ઉપર માતાપિતાના શુભાશુભ વિચારોની કેટલી ગહન અસર થાય તે માટે નિમ્ન લિખિત શાસ્ત્રીય દૃષ્ટાંત માતાપિતા માટે અતિમનનીય છે.

## આપ જાણે પાપ : મા જાણે બાપ :

શ્રી ઉજ્જયની નગરીના મહારાજાએ ત્રણ પ્રહર સુધી તો રોહકને ઊંઘવા ન દીધો. રાત્રિ–ઉજાગરાથી ચતુર્થ પ્રહરે મંદ મંદ વાયુથી નિદ્રાધીન બનેલ રોહકને મહારાજા પૂછે છે, 'રોહક ! જાગે છે કે ઊંઘે છે ?' પ્રત્યુત્તર ન મળવાથી મહારાજા રોહકના શરીરે સહેજ અસિધારાનો અગ્રભાગ અડાડે છે. રોહક ઝબકીને જાગે છે. મહારાજાએ પૂછ્યું, 'કેમ રોહક ! ઊંઘી ગયો ને ?' 'ના રાજન્ ! ઊંઘતો ન હતો, પરંતુ આપના સંબંધમાં અતિગંભીર વિચારણામાં મગ્ન હતો, એટલે પ્રત્યુત્તર ન આપી શક્યો. પરંતુ એ વિચારણા અતિગૂઢ અને માર્મિક હોવાથી કહેવાય તેવી નથી.' 'રોહક ! તને અભયદાન, પરંતુ જે હોય તે સત્ય કહેજે.' 'રાજન્ ! હું વિચારતો હતો કે આપના પિતા કેટલા ?' 'રોહક, તેં શું નિર્ણય કર્યો ?' 'એમાં નિર્ણય કરવા જેવું છે શું ? દીવા જેવી સ્પષ્ટ વાત છે કે આપના પાંચ બાપ.'

આ સાંભળતાં જ મહારાજાના પગ નીચેથી ધૂળ સરકવા માંડી. 'રાજન્ ! રાજમાતાજીને પૂછીને પ્રતીતિ કરી શકો છો. લોકોક્તિ પણ આ વાતની સાખ પૂરે છે, કે "આપ જાણે પાપ અને મા જાણે બાપ." રાજા વિનય-

પૂર્વક રાજમાતાજીનાં ચરણોમાં નમસ્કાર કરીને પૂછે છે, 'માતાજી ! મારા બાપ કેટલા ? રોહક મારા પાંચ બાપ જણાવે છે.' 'હા બેટા ! વાત તો સત્ય છે. હું ઋતુસ્નાતા થયા પછી પતિદેવથી સગર્ભા બની તે સમયે શ્રી ધનકુબેર યક્ષની પૂજા કરવા જતી હતી. માર્ગમાં યુવાન ચંડાળને જોઈને તેના પ્રત્યે સહેજ અનુરાગ થયેલ, એટલે તારો એક બાપ ચંડાળ. આગળ જતાં યુવાન ધોબીને જોતાં તેના પ્રત્યે સહેજ અનુરાગ થયેલ, એટલે તારો બીજો બાપ ધોબી. આગળ જતાં વીંછીને જોતાં તેના પ્રત્યે સહેજ અનુરાગ થયેલ, એટલે તારો ત્રીજો બાપ વીંછી. પછી ધનકુબેર યક્ષની સુંદર આકૃતિની મૂર્તિ જોતાં તેના પ્રત્યે સહેજ અનુરાગ થયેલ, એટલે તારો ચોથો બાપ ધનકુબેર અને તારી આ કાયાના જનક પિતા તો મારા પતિદેવ. એ તારા પાંચમા બાપ થયા.'

પાછા આવીને રાજાએ રોહકને પૂછ્યું, 'બોલ, મારા પાંચ પિતા કોણ !' 'રાજન્ ! આપ શત્રુની સામે ખૂંખાર યુદ્ધ કરી, શત્રુને મૃત્યુદંડની શિક્ષા કરો છો. એટલે મેં વિચાર્યું, આ સંસ્કાર ચંડાળના છે. એટલે આપના એક પિતા ચંડાળ. અપરાધીને આપ ધોબી કપડું નિચોવે તેમ નિચોવી નાખો છો; અર્થાત તેનું સર્વસ્વ લૂંટાવી આકરામાં

આકરી શિક્ષા કરો છો. એટલે મેં વિચાર્યું, આ સંસ્કાર ધોબીના છે, એટલે આપના બીજા પિતા ધોબી. રાત્રિભરના ઉજાગરાથી હું નિદ્રાધીન બન્યો, તો આપે અસિનો અણી-દાર અગ્રભાગ અડાડીને મને જગાડ્યો. એટલે મેં વિચાર્યું કે આ સંસ્કાર વીંછીના છે. એટલે આપના ત્રીજા પિતા વીંછી. આપ દાન દ્યો છો ત્યારે ધનકુબેર યક્ષના જેવી પરમ ઉદારતાથી દ્યો છો. એટલે મેં વિચાર્યું, આ સંસ્કાર ધન-કુબેર યક્ષના છે. એટલે આપના ચોથા પિતા ધનકુબેર યક્ષ. આપની આ કાયાના જનક પિતા એ આપના પાંચમા પિતા.'

## બાપ તેવા બેટા : વડ તેવા ટેટા :

માતાના સહેજ અનુરાગથી પણ સંતાનના આત્મામાં આવું ભયંકર બીજારોપણ થઇને તેની એટલી બધી માઠી અસર ગર્ભસ્થ સંતાન ઉપર થતી હોય, તો માતાપિતા સમજપૂર્વક પ્રસ્તુત સમીક્ષોક્ત બ્રહ્મચર્યાદિ નિયમોનું પાલન, ઉત્કટ ધર્મ આરાધના, અનંતાનંત પરમોપકારક પરમતારક દેવાધિદેવ પ્રમુખ પંચપરમેષ્ઠિ ભગવંતો તેમજ મહાસતીઓનાં અતિમનનીય આદર્શ જીવનચરિત્રોનું વાચન, મનન, નિદિધ્યાસન કરતાં રહે તો શું ભાવિ સંતાનોનાં પરમ સુકુમાર બાલમાનસ ઉપર આદર્શ સુસંસ્કારોનું

બીજારોપણ ન થાય ?—અવશ્યમેવ થાય. માતાપિતા સંતાનના બાલમાનસરૂપ ભૂમિકા પર સુસંસ્કારોનું સિંચન કરવા ઉક્ત નિયમોનું પાલન નહિ કરે, તો પ્રચલિત લોકોક્તિ સત્ય બનશે : "બાપ એવા બેટા અને વડ એવા ટેટા," "બેટો એ તો બાપની છાપ" છે. માતાપિતાએ લોકવ્યવહારમાં સદાચારી અને સજ્જનરૂપે ખપવું હોય, તો તેમણે ઉક્ત નિયમો ઇચ્છા કે અનિચ્છાએ પણ પાળવા જ પડશે.

આજનાં સંતાનોમાં ધર્મશ્રદ્ધા અને સુસંસ્કારોનો અભાવ, દુરાચાર, ઉદ્દંડતા, ઉદ્ધતાઈ, અવિનય, અવિવેક, ક્ષુદ્રતા, તુચ્છતા, ક્રૂરતા, નિષ્ઠુરતા આદિ દુર્ગુણો ખદબદતા હોય, અસભ્ય વાણી-વ્યવહાર થતો હોય, અભદ્ર આચરણ નિઃશંકપણે થતું હોય, તો અપેક્ષાએ તે માતાપિતાનાં અભદ્ર આચરણ, અસભ્ય વ્યવહાર અને દુર્ગુણોનું જ પ્રદર્શન છે : આ તો આપણા હાથે જ આપણી લજ્જા ઉઘાડી કરવા જેવું, આપણા પૂર્વજોના ભવ્ય ભૂતકાળને ભૂંડો કરવા જેવું, પૂર્વજોની કુલીનતાને મલિન કે કલંકિત કરવા જેવું છે. તમારી લજ્જા ઉઘાડી ન થવા દેવી હોય, ભવ્ય ભૂતકાળની ભવ્યતા ટકાવવી હોય, કુલીનતા કલંકિત ન થવા દેવી હોય, અને પુત્રો આજ્ઞા નથી માનતા એવી

હૈયાવરાળ ન કાઢવી હોય, તો આ ક્ષણથી જ ઉક્ત નિયમબદ્ધ બનો, બનો ને બનો જ.

## બે ટીપાં છાશ પાંચ ટન દૂધપાક બગાડે :

મહારાણા શ્રી પ્રતાપસિંહજી રાજકુમારને સાવ બાલ્ય અવસ્થામાં રાજમાતાજી પારણામાં ઝુલાવતાં રાજકુમારશ્રી નિદ્રાધીન બન્યા. રાજમાતાજી પણ વિશ્રામ કરવા આડે-પડખે થતાં, ધાવ માતા દાસીને કહ્યું કે મને ઊંઘ આવે અને તે પછી રાજકુમાર જાગીને રુદન કરે તોપણ તેને તારી છાતીનું ધાવણ ન ધવરાવતાં મને જગાડવી. રાજ-માતાજીને ઊંઘ આવે છે. થોડી વારે રાજકુમારશ્રી જાગીને રુદન કરે છે. રાજમાતાજી તાત્કાલિક ઊંઘેલ હોવાથી તેમને ન જગાડતાં દાસીએ પોતાના સ્તનનું ધાવણ ધવરાવીને રાજકુમારશ્રીને પારણામાં ઝુલાવી ઊંઘાડી દીધા. થોડીવારે રાજમાતાજી જાગ્યાં. ધાવમાતાએ જણાવ્યું કે આપશ્રીજી ઊંઘ્યા પછી રાજકુમારશ્રીજી જાગીને રુદન કરતા હતા અને આપશ્રીજી ઊંઘેલ હોવાથી મેં મારી છાતીનું ધાવણ ધવરાવીને રાજકુમારશ્રીજીને પાછા પારણામાં ઊંઘાડી દીધા. રાજમાતાજીએ કહ્યું, હે ધાવમાતા, તેં

ગજબ કર્યો. કેસરી સિંહને શિયાળણીનું સ્તનપાન કરાવવા જેવો મહાઅનર્થ કરીને તેં સુસંસ્કાર અને સુકુલીનતા ઉપર કરવત ફેરવવા જેવું ઘોર અધમકૃત્ય કર્યું. કેસર, કસ્તૂરી, બદામ, પિસ્તા, ચારોળી, જાયફળ જાવંત્રી, એલચી આદિ અનેક ઉત્તમ કોટીનાં સ્વાદિષ્ટ વસાણાંયુક્ત પાંચ ટન દૂધ-પાકમાં ભૂલથીયે બે ટીપાં છાશનાં પડી જતાં એ દૂધપાકની એવી ભયંકર દુર્દશા થાય કે, એ દૂધપાક ન રહે કોઠાનો અને ન રહે કોઠારનો. પછી તો એ ઉકરડે ફેંકવા જેવો બને. એના જેવી ભયંકર કફોડી પરિસ્થિતિ તેં રાજકુમારના પવિત્ર જીવનની કરી.

## રાજપુત્રને ઊંધા લટકાવી વમન કરાવ્યું :

રાજમાતાજીએ પારણામાં ઊંઘતા રાજકુમારશ્રીને તેમના ટાંટિયા પકડી, ઊંધે મસ્તકે લટકાવી, તેમના મુખમાં આંગળાં નાખી, દાસીનું દૂધ વમન કરાવ્યું અને પછી રાજમાતાજીએ પોતાની છાતીનું સ્તનપાન કરાવ્યું. પોતાના અંગજાત બાળકના ટાંટિયા પકડી, ઊંધે મસ્તકે લટકાવી, મુખમાં આંગળાં નાખી દાસીનું દૂધ વમન કરાવવા જેવી આકરી પ્રક્રિયા કરી. એનો અર્થ એ નથી કે રાજમાતાજી કંઈ ક્રૂર કસાઈ હતાં; પરન્તુ બાળકના સુસંસ્કાર અને

સુકુલીનતામાં અંશમાત્ર મોળાશ ન આવે એવી ભવ્યભાવનાથી આ બધું કરેલ હોવાથી સાચા અર્થમાં માતાજી હતાં.

## ધાવમાતાનું ધાવણ આડે આવ્યું :

યુવાવસ્થા પ્રાપ્ત થતાં યુવરાજ શ્રી પ્રતાપસિંહજીનો રાજ્યાભિષેકનો મહોત્સવ ઊજવી તેમને રાજગાદીએ વિભૂષિત કર્યા, તે સમયે આગ્રામાં અકબર બાદશાહનું અનુશાસન પ્રવર્તતું હતું. અકબર બાદશાહે અનેક ક્ષત્રિય રાજાઓ સાથે યુદ્ધો આદરી તેમજ સંધિવિગ્રહ કરીને, તેમની અનેક રાજકન્યાઓ સાથે લગ્ન કર્યાં. મહારાણાશ્રી પ્રતાપસિંહજીની રાજકન્યાને પરણવા માટે અકબર બદશાહે અનેક પ્રલોભનપૂર્વકના પ્રયાસો કરવા છતાં મહારાણાજી અણનમ રહીને ટેક જાળવતા હતા. અકબર બાદશાહે મેવાડ ઉપર આક્રમણ કર્યું. હલદીઘાટના યુદ્ધમા મહારાણાજીનો પરાજય થવાથી રાજપરિવાર સાથે વનવગડે અરવલ્લીના પહાડોની ખીણો અને કોતરોમાં ભટકવાનો અવસર આવ્યો. કોઈ કોઈ દિવસે ભૂખ્યા અને તરસ્યા પણ રહેવું પડતું હતું. એક દિવસે ભૂખનું દુઃખ અસહ્ય આકરું બન્યું. ભોજનની કોઈ જોગવાઈ ન હતી. તેવી અસહ્ય નાજુક પરિસ્થિતિમાં રાણાજી પ્રત્યે પરમ આદર

અને પૂજ્ય અહોભાવ ધરાવનાર ખેડૂત રાણાજીને લોટ આપી ગયો. મહારાણીજીએ રોટલો બનાવી બાળ રાજ-કુમારિકાને ખાવા આપ્યો. એટલામાં એક જંગલી બિલાડો દોડતો આવીને ઝપટ મારી રોટલો ઉપાડીને ભાગી ગયો. બાળ રાજકુમારિકાજી અસહ્ય આક્રંદપૂર્વકનું કલ્પાન્ત કરવા લાગ્યાં. એ કલ્પાન્તે અરવલ્લી જેવા પહાડને અને મહારાણાજીના અડોલ હૈયાને ડોલાવી નાખ્યાં. રાણાજીના હૈયામાં એવો એક મોળો ભાવ આવ્યો કે મારા ઉપર આના કરતાંય કઠોર સીતમો ગુજરે તો હું જાતે સહી શકું, પણ હું રાજકુળનો વડેરો હોવા છતાં મારા નિમિત્તે રાજ-કુળને સહન કરવો પડતો અસહ્ય ત્રાસ અને બાળ રાજ-કુમારિકા આદિ બાળકોના અસહ્ય વલોપાતને હું કોઈ રીતે સહન કરી શકું તેમ નથી. એના કરતાં તો અકબર બાદ-શાહની શરણાગતિ સ્વીકારી લઉં. એમ વિચારીને; બાદ-શાહની શરણાગતિ સ્વીકારવાના ભાવવાળો પત્ર લખીને એક માણુસ દ્વારા અકબરશાહને મોકલાવે છે.

મેવાડી પાઘડીવાળા માણુસને જોઈને અકબર બાદ-શાહની સેવામાં રહેલ શ્રી પૃથ્વીરાજ કવિ રાજદરબારમાંથી બહાર આવીને મહારાણાજીએ મોકલાવેલ પત્ર લઈને વાંચે છે. પત્ર વાંચતાં જ શ્રી પૃથ્વીરાજ કવિ તીવ્ર આઘાત અનુ-

ભવે છે. એ જ પત્રના પાછળના ભાગે શ્રી પૃથ્વીરાજ કવિ લખી આપે છે કે 'હે સૂર્યવંશી રાજાધિરાજ રાજેશ્વર મહારાણાજી ! અમે તો અમારી બહેન-બેટી અને કન્યાઓ અકબર બાદશાહને અર્પણ કરી અમારા કુળવંશને કલંકિત કર્યું છે, આર્યસંસ્કૃતિને અને આર્યતાને અક્ષમ્ય બટ્ટો લગાડ્યો છે. એ કલંક પુષ્કરાવર્તમેઘ કે સ્વયંભૂરમણ સમુદ્રના જળથી પણ નહિ ધોવાય તેવું ભયંકર છે. તથાપિ અમે અહીંયાં અકબર બાદશાહના રાજદરબારમાં બેઠાં બેઠાં પણ ગૌરવ અનુભવીએ છીએ કે, અમારા ક્ષત્રિય રાજાઓમાં આપ શ્રીમાનશ્રીજી એક એવા અણનમ રણબંકા પાક્યા છો, કે જેને વિશ્વની કોઈ પણ નામાંકિત શક્તિ કે વ્યક્તિ (વિભૂતિ) નમાવી શકે તેમ નથી. આપ શ્રીમાનજીની અણનમ ટેકના કારણે આજે પણ ક્ષાત્રતેજ મધ્યાહ્ને તપતા સૂર્યના તેજ જેવું જાજવલ્યમાન રહ્યું છે આપ શ્રીમાનજી શરણાગતિનો વિચાર કરશો તો આપની અણનમ ટેક ખંડિત થશે, અને ક્ષાત્રતેજ મોળું પડી સાવ નિસ્તેજ થશે. આપ શ્રીમાનજીને અમારી પરમ વિનમ્ર હાર્દિક, વાચિક અને લેખિત અભ્યર્થના છે કે આપ શ્રીમાનશ્રીજી આપની અણનમ ટેકમાં પૂર્ણ નિર્ભય રહો."

પત્ર લખી આપીને માણસને પાછો મોકલાવે છે. પત્ર વાંચતાં જ મહારાણાજી તીવ્ર આઘાત અનુભવે છે. મેં આ શું કર્યું ? મને આવો મોળો મલિન વિચાર કેમ આવ્યો ? મહારાણાની એ શંકાનું સમાધાન એમનાં રાજમાતાજી વિદ્યમાન હોત તો તુર્ત કરી આપત કે' બેટા, ધાવમાતાના સ્તનના દૂધનો સરસવ કે રાઈના દાણા જેટલો અંશ ઉદરમાં રહી ગયો હશે. તેના મહાપાપે આવો વિચાર આવ્યો.' આટલી અલ્પમાત્રાનો અશુદ્ધ આહાર ઉદરમાં રહી જવાથી લગભગ પચાસ-પંચાવન વર્ષ પછી પણ એટલી બધી માઠી અસર ઉપજાવે, તો નિત્ય અશુદ્ધ અને અભક્ષ્ય આહાર કરનારાં આધુનિક માબાપો પોતાનાં સંતાનોની માનસભૂમિકા ઉપર કેવી ભયંકર માઠી અસરો ઊપજે તેવું વાવેતર કરતાં હશે ? તે અંગે આધુનિક માબાપો કંઈક ધડો લેશે ખરાં ?

## ....અને વીર ભામાશા ભેટચા :

મહારાણાજીને એ અરસામાં ધર્મસંસ્કૃતિરક્ષક અને ચાર પુરુષાર્થમય અહિંસક આર્યસંસ્કૃતિસંરક્ષક દેશભક્ત વીશા ઓસવાળજ્ઞાતીય શ્રી વીર ભામાશાહ મળી ગયા. પચ્ચીસ હજાર વીર સૈનિકોને પચ્ચીસ વર્ષ પર્યન્ત વેત-નાદિ ખર્ચ આપી શકાય તેટલી સુવર્ણમુદ્રાઓ આર્યસંસ્કૃતિ

અને ધર્મસંસ્કૃતિના રક્ષણ કાજે પરમ ઉદાર અને આદરપૂર્વક મહારાણાજીને અર્પણ કરી. મહારાણાજીએ વિજય મેળવી ધર્મસંસ્કૃતિ અને આર્યસંસ્કૃતિના રક્ષણાર્થે પુનઃ રાજસત્તા પ્રસ્થાપિત કરી.

## થોભો, વાંચો અને વિચારો

નહિ જોયેલા, નહિ સાંભળેલા, નહિ અનુભવેલા અને નહિ કલ્પેલા એવા અનેક અસાધ્ય મહારોગો આજે વર્ષાઋતુનાં સમૂર્ચ્છિમ અળસિયાંની જેમ ફૂટી નીકળ્યા છે. એટલું જ નહિ; પરંતુ દિન–પ્રતિદિન તેમાં વધારો થતો જાય છે. એ મહારોગોના પ્રતિકાર માટે આધુનિક અદ્યતન ઢબે દિન–પ્રતિદિન અનેક પ્રકારે શસ્ત્રક્રિયાના અખતરા–પ્રયોગો અને અવનવાં ઔષધોનું સંશોધન અવિરત ગતિએ થઈ રહ્યું છે. તથાપિ કેન્સર જેવા કેટલાક અસાધ્ય મહારોગો અણઉકલ્યા જ રહ્યા છે. એ મહારોગોનું જડમૂળથી સર્વથા ઉન્મૂલન કે પ્રતિકાર કરવામાં શસ્ત્રક્રિયા કે ઔષધો સંપૂર્ણ સફળતા પામી શક્યાં નથી.

મહારોગોનો પ્રતિકાર કે ઉન્મૂલન કરવામાં આપણે સહુ ચિંતિત અને પ્રયત્નશીલ છીએ, પરંતુ એ મહારોગોનું મૂળ શું છે? એ રોગોનો પ્રાદુર્ભાવ કેમ થયો? એ રોગો

અસાધ્ય કેમ બન્યા ? એ માટે મહદંશે આપણે કદાપિ વિચાર જ કરતા નથી. રોગોનો પ્રતિકાર કે ઉન્મૂલન કરવા માટે આપણે જેટલા ચિંતિત અને પ્રયત્નશીલ છીએ, તેના શતાંશે આપણે રોગોત્પત્તિનું મૂળ શોધવામાં ચિંતિત અને પ્રયત્નશીલ બનીએ તો ?—મને દઢ આત્મવિશ્વાસ છે કે, રોગોનું મૂળ શોધવું એ અશક્ય તો નથી જ, પરંતુ સુશક્ય બની શકે.

## રોગોત્પત્તિનું મૂળ :

હોટલ, લોજ તેમજ બજારુ અભક્ષ્ય અપેય ખાન-પાનાદિ અસાધ્ય મહારોગોત્પત્તિમાં મુખ્ય કારણ છે. તેમાં પણ મહાક્રૂર રૌદ્ર માનસ ધરાવતા મહાવ્યભિચારી, દુરાચારી તેમજ અનેક અસાધ્ય મહારોગોથી પીડાતા એવા પાપાત્મા-ઓએ જે થાળી, વાડકા, કપ-રકાબી, પ્યાલા આદિ ભાજનમાં ભોજન આદિ કર્યું હોય, અને તે જ એંઠાં ભાજન(પાત્રો)માં આપણે ભોજનાદિ કરતાં હોઈએ, તો આપણી કેટલી મહા-મૂર્ખતા કે ગાંઠના ધનનો અનેકગણો મહાભયંકર દુર્વ્યય કરી હોંશે હોંશે આપણે આપણી નીરોગી કાયામાં મહા-અનિષ્ટ ચેપી અશુભ પુદ્દગળોને પ્રવેશ કરાવીને આપણી નિષ્પાપ, નીરોગી કાયાને અભડાવી ભ્રષ્ટ કરી અનેક મહા-

પાપો અને અસાધ્ય રોગોની ખાણ બનાવીએ છીએ. જેના ફળસ્વરૂપે આપણાં તન અને મન બન્ને બગડે છે.

એ મહાઅનિષ્ટ, ચેપી અશુભ પુદ્‌ગળો કેટલું અકલ્પ્ય સીમાતીત મહાઅનિષ્ટ તાંડવનૃત્ય સર્જીને તેની પરંપરા ચલાવે છે, તે તો શ્રી અનંતાનંત મહાજ્ઞાની ભગવંતોએ જણાવેલ અતિમાર્મિક વિગતોનું અવલોકન કરી પરસ્પર લાભ–હાનિની સમીક્ષા કરવાથી જણાશે.

## અદૃશ્ય પુદ્‌ગળોનો પણ પાશવી પ્રભાવ :

અનંતાનંત મહાજ્ઞાની ભગવંતોએ એમના અનંતાનંત મહાજ્ઞાનમાં એટલી હદ સુધી જાણ્યું છે કે, જે સ્થળે માતા–બહેનો બેઠાં હોય, તે સ્થળ ઉપર બે ઘડી સુધી બ્રહ્મચારી સાધુપુરુષે ન બેસવું, અને જે સ્થળ ઉપર પુરુષો બેઠા હોય તે સ્થળ ઉપર એક પ્રહર સુધી બ્રહ્મચારિણી સાધ્વીજી મહારાજે ન બેસવું. એવા સ્થળે બેસવાથી કોઈક સમયે વૈકારિક ભાવની જાગૃતિ થવા સંભાવના છે. હવે વિચારો, કે જે ભૂમિ ઉપર સ્ત્રી–પુરુષના પથરાયેલા અદૃશ્ય પુદ્‌ગળો પણ આટલી હદ સુધી માઠી અસર કરી, માનસિક પરિસ્થિતિ બગાડી ડામાડોળ અને વિકૃત કરી નાખે, તો પછી મહાઅનર્થકારી દૃશ્ય અશુભ પુદ્‌ગળોથી કયો

મહાઅનર્થો ન સર્જાય? અર્થાત્ સમગ્ર મહાઅનર્થોની પરંપરા સાહજિક રીતે સર્જાય.

આજે મહાઅનર્થોની પરંપરાનો અવિરત પ્રવાહ કેવી અસ્ખલિત ગતિએ વહી રહ્યો છે, તેની વાસ્તવિકતાનું ભાન કરવું હોય, તો આજથી છત્રીશ વર્ષ પૂર્વેની આર્યમર્યાદાના ઇતિહાસનું અવલોકન કરવું પરમાવશ્યક છે.

## આપણી આર્યમર્યાદા આવી હતી :

આજે મને દીક્ષા અંગીકાર કર્યાને સાડત્રીશમું વર્ષ ચાલી રહ્યું છે. એટલે વિક્રમ સંવત ૨૦૮૫ ના વૈશાખ શુદિ ૬, બુધવાર સુધી ઘરમાં સહજરૂપે પાલન થતી મર્યાદા મેં જોયેલ કે, ૧૨–૧૩ વર્ષની નાની બહેનનું મસ્તક ઘરમાં પણ સદા સાડી કે ઓઢણીથી ઢંકાયેલું જ રહેતું. આવશ્યક કારણ વિના બહાર જવાનું, કે પુરુષોની બેઠકવાળા પેઢી વિભાગમાં પ્રવેશ કરવાનું ૧૨-૧૩ વર્ષની બહેનો માટે પણ શક્ય ન હતું. આચાર અને વ્યવહારશુદ્ધિ માટેની તમામ આર્યમર્યાદાનું માતા–બહેનો સહર્ષ પાલન કરીને સ્વપવિત્રતા રક્ષવાનો આનંદ અને ગૌરવ અનુભવતાં હતાં. સદાકાળ મુખ ઉપર પરમ પ્રસન્નતા જણાતી હતી.

કોઈક પ્રસંગે ઘરકામ કરનાર માણુસ કે છોકરાં કોઈ ઘરમાં ન હોય, અને તે જ સમયે પેઢી ઉપર અન્ય કોઈ પુરુષ મહેમાન કે મિત્ર આવ્યા હોય તેને પાણી મંગાવવું હોય તો પેઢી ઉપર ઉપસ્થિત રહેલ વડીલ જાણે છે કે ઘરમાં માણુસ કે છોકરાં નથી, તો પણ ગમે તે એક છોકરાનું મોટા સાદે નામ દઈને સૂચના આપે છે, કે આગંતુક માટે પાણી લાવો. ઘરમાં રહેલ માતા, બહેનો તુર્ત માંજેલા શુદ્ધ લોટાકળશામાં પવિત્ર જળ ભરી, ઉપર પવાલું મૂકી ૧૦–૧૨ વર્ષ કે ૧૩–૧૪ વર્ષની નાની બહેનની હથેળીમાં કળશ ધારણ કરાવી, દ્વારના ઉંબરા સુધી આવી, અંદરથી જ કળશાદિ બહાર એક બાજુ મૂકીને અંદર ઊભાં ઊભાં જ સૂચના આપે છે કે પાણીનો કળશો છે. ત્યાંથી પુરુષો લઈને આગંતુક મહેમાન આદિને આપતા. કદાચ કામકાજમાં પરોવાયેલ માતા–બહેનોએ પાણી પહોંચાડવાનું સૂચન ન સાંભળ્યું હોય, એના કારણે પાણી આવતાં બેચાર મિનિટનો વિલંબ થાય, ત્યારે પેઢી ઉપરથી કોઈ એક પુરુષ પાણી લેવા ઘરમાં પ્રવેશ કરતાં પહેલાં ગળાથી ખોંખારાનો સંકેત કરી, પછી જ ઘરમાં પ્રવેશ કરતા, જેથી માતા–બહેનો ઉદ્યોગપૂર્વક વ્યવસ્થિત બની જાય. આ હતી અમારા આર્યદેશની ૩૬ વર્ષ પૂર્વનીઆર્યમર્યાદા. તેના મૂળમાં

આજે તો ધગધગતા અગનગોળા, કહો કે નાઈટ્રોજન કે હાઈડ્રોજન બોમ્બ જેવા મહાકાતિલ ગોળા મુકાયા છે.

હાય ક્યાં છત્રીસ વર્ષ પૂર્વેની અમારી આર્યમર્યાદા અને ક્યાં આજની અમારા દેશના અતિમહામૂલા નારી-ધનની અમર્યાદિત સ્વચ્છંદ સ્વૈરવિહારિતા ?

## નારીધનનો આજે થઈ રહેલો સર્વતોમુખી વિનિપાત :

અતિમહામૂલા પવિત્ર નારીધનનો સર્વતોમુખી શત-સહસ્રધા વિનિપાત કરવામાં અશુદ્ધ, અપવિત્ર અને અભક્ષ્ય ખાનપાને જેટલો ભાગ ભજવ્યો છે તેના કરતાંયે અધિકાંશ નિર્લજ્જ અને અભદ્ર રીતે અણુછાજતાં અડપલાંપૂર્વક નારીઓનાં અનાવરિત અંગપ્રત્યંગોનાં પ્રદર્શન કરાવતાં સિનેમાનાં મહાભયંકર વૈકારિક દૃશ્યોએ ભજવ્યો છે.

અનાદિકાલીન વિષયવાસનાના કુસંસ્કારથી ખદબદતા આત્માને આવાં બાલિશ દૃશ્યોનાં નિમિત્ત આપવાથી કામુક બની વિષય–કષાયની અગનહોળીમાં ભડકે ન બળે, તો બીજું શું થાય ? આપણે એ પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ, તથાપિ મૂંગે મોઢે, બળતે હૈયે, અનિચ્છાએ આપણે ચલાવી લેવું પડે છે.

અસાધ્ય રોગીઓના ચેપી રોગના અનિષ્ટ પુદ્ગળોની બહુલતાએ ઘરેઘરમાં અસાધ્ય રોગોનો લાવારસ વમતો જ્વાળામુખી પર્વત ફાટી નીકળ્યો છે.

મહાભયંકર ક્રૂર આત્માઓના મહાહિંસક રૌદ્ર પરિણામ પુદ્ગળોથી માનવજાતમાં મહદંશે હિંસાનું મહાતાંડવ-નૃત્ય અને મહાહત્યાકાંડ સર્જાયાં છે.

મહાવ્યભિચારી અને દુરાચારીઓનાં મહાભયંકર વૈકારિક પુદ્ગળોથી સદાચારી પુરુષસિંહ જેવાં માતા–પિતાનાં સંતાનોમાં મહાભયંકર વિકાર-વડવાનળનો હુતાશન પ્રગટ્યો છે.

ચલચિત્રો(સિનેમા) નાટકાદિનાં અનાવરિત અંગોપાંગવાળાં મહાભયંકર વૈકારિક નિર્લજ્જ દશ્યોથી આર્યદેશના સદાચારી નારીધનનો અમુક અંશ આજે સ્વૈરવિહારી બની, અંગોપાંગોનું નિઃસંકોચ પ્રદર્શન કરી, મળમૂત્રાદિની રજ ઊડીને પડેલ તે જ બુદ્ધિવિનાશક બજારુ અભક્ષ્યભક્ષણ અને અપેયપાન રાજપથ ઉપર નિઃસંકોચપણે કરતો થઈ ગયો છે.

અરે ! આપણને ભોજન માટે નિમંત્રીને આપણા થાળમાં કોઈ ચપટી ધૂળ નાખે, તો આપણને કેટલું ભયંકર અસહ્ય અપમાન લાગે ? તુર્ત જ થાળી પછાડીને ઊભા થઈ જઈએ, પરંતુ બજારુ અભક્ષ્ય પદાર્થો ખાતાં આપ-

ણુને અપમાન નથી લાગતું. આપણી કેટલી પરમ પામરતા, મહાઅજ્ઞતા અને દયનીય કફોડી સ્થિતિ છે?

આવું અમર્યાદિત, અસંયમી જીવન અને મહા-અશુચિમય મલિન પુદ્ગળોને ઉદરપ્રવેશ મળે; પછી આપણી માનસિક સ્થિતિ કેવી ઊકળતા ચરુ જેવી ખદબદતી રહે, તે તો આપણો સહુનો જાત–અનુભવ છે.

બીજું એક અતિમહત્ત્વનું ભંગાણ તો એ પડ્યું કે ૨૪ પ્રહર સુધી માસિકનું–રજસ્વલાપણાનું અખંડ પાલન થતું હતું, તે તો આજે મહદંશે નષ્ટ થઈ ગયું એમ કહીએ તો સર્વથા અસત્ય કે અતિશયોક્તિ તો ન ગણાય. આજે તો મળ–મૂત્રોત્સર્ગનાં ખાળ, શૌચાલય (જાજરૂ) એક, સ્નાનગૃહ એક. એ સ્નાનાગારમાં માસિક-વાળાંએ સ્નાન કર્યું હોય ત્યાર પછી એ જ સ્નાનાગારમાં જે શુદ્ધ હોય તે પણ સ્નાન કરીને અનંતાનંત પરમતારક જિનેશ્વરદેવોની પૂજા કરવા જાય તો તે શ્રી જિનેન્દ્ર પરમાત્માની ઘોર આશાતના થાય. પછી એ અનંતાનંત પરમ તારકશ્રીનો અચિન્ત્ય પરમપ્રભાવ શી રીતે પવિત્ર ટકે?

## આત્મા કરતાંયે ખાખરા–અથાણાં વધુ મહત્ત્વનાં!

માતા–બહેનો ખાખરા, પાપડ, વડી, અથાણાં કરે ત્યારે માસિકવાળાં બહેનને ત્યાં આવવા ન દે; કારણ કે

અથાણાં આદિ બગડી–સડી જાય, અને ખાખરા, પાપડ, વડી આદિ નીરસ બની જાય. માળીઓ ફૂલવાડીમાં માસિકવાળાંને આવવા ન દે. અનુભવી સુજ્ઞ વૈદ્ય ડોકટરો અમુક પ્રકારના રોગીઓની શસ્ત્રક્રિયા કરતી વેળાએ માસિકવાળાંને આવવા ન દે.

આપણે ચાર–છ આનાના ખાખરા, પાપડ, વડી કે અથાણાં બગડી ન જાય એ માટે આટલાં બધાં સજાગ રહીએ છીએ. ત્યારે આત્માને એકાંતે પરમ હિતકર એવી અનંત મહાતારક જિનાજ્ઞાનો મહાઘાત થઈ રહ્યો છે. પરમાત્માનો અચિન્ત્ય મહાપ્રભાવ દૂષિત બની રહ્યો છે તે માટે આપણને અંશમાત્ર આંચકો જ આવતો નથી.

**દેશ આખો સૂતકવાળો :**

માસિક આદિ મર્યાદાનું પાલન ન થવાથી આજે વૈદ્ય ડોકટરો, શિક્ષક–શિક્ષિકાઓ, હજારો હજામો તેમજ ધોબી આદિનાં ઘરોમાંથી સૂતક મટતું નથી. બસ અને રેલવે આદિ વાહનોમાં રજસ્વલા બહેનો તેમ જ બીજાં સાથે પ્રવાસ કરતાં હોવાથી આજે તો આખો દેશ સદાને માટે સૂતકવાળો બન્યો છે.

આજે મહદંશે આપણા સહુનો એક જ આર્તનાદ છે કે ભગવંતની પૂજા કરતાં કોઈક સમયે તો એટલા બધા અને અનિષ્ટ તથા હીનસ્તરના વિચારો આવે છે કે એવા હલકા વિચારો ઘરમાં પણ મોટે ભાગે નથી આવતા. એ જ રીતે સામાયિક પ્રતિક્રમણ, પૂજા, સેવા, તપ આદિ કરતાં પણ મન સ્થિર નથી રહેતું. મન ગમે ત્યાં ભટક્યા જ કરે છે. મનોનિગ્રહ કેમ થતો નથી ? – ક્યાંથી થાય, મનોનિગ્રહ નિમિત્તે જે નિયમોનું પાલન થવું જોઈએ તેમાંના કયા નિયમનું આપણે પાલન કરીએ છીએ ? એકેય નિયમનું સાંગોપાંગ પાલન થાય છે ? ના. પછી શી રીતે મનોનિગ્રહ થાય ? ન જ થાય

અમર્યાદિત અને અનિયમિત જીવન જીવનાર માતાપિતાનાં સંતાનોને ચિંતામણિરત્નથી પણ અનંતગણું મહામૂલું જિનશાસન, શ્રી સિદ્ધગિરિરાજ જેવાં અનેક મહાતીર્થો, હજારો જિનાલયો અને ઉપાશ્રયો આદિનો વારસો ઇચ્છાએ કે અનિચ્છાએ ભાવિકાળે આપવાનો રહ્યો. તેમની પાસેથી જિનશાસનની રક્ષા, સેવા, આરાધના, પ્રભાવનાની શી આશા રાખવી ? કેટલી અપેક્ષા રાખવી ? – તે માતાપિતા સ્વયં વિચારે.

આજે લોટો કે ગ્લાસ મુખે અડાડીને પાણી પીવાનો નિયમ સહજ બન્યો છે. એ એંઠા લોટાને પાણીના માટલામાં નાંખીને પાણી ભરીએ છીએ. આવું આજે ઘરેઘરમાં, ધાર્મિક સ્થળોમાં અને જાહેર સ્થળોમાં સહજ બન્યું છે. પછી આપણી બુદ્ધિની નિર્મળતા અને પવિત્રતા ક્યાંથી રહે? અન્તર્મુહૂર્ત પછી એ એંઠા પાણીમાં અસંખ્ય બે-ઇન્દ્રિય લાળીઆ જીવો અને અસંખ્ય આઠ પ્રાણુવાળા સમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થવાની અને મરવાની પરંપરા ચાલે. આ છે અનુપયોગપૂર્વકની અવિહિત આચરણાનું પરિણામ. એના સ્થાને જળપાન કરી, શુદ્ધ વસ્ત્રથી લોટા ગ્લાસ આદિને લૂછીને સુક્કાં કરી બીજા શુદ્ધ ગ્લાસ આદિથી જળ લઈને લોટા આદિમાં ભરીને જળપાન કરી, પુનઃ વસ્ત્રથી લોટો સુક્કો કરવામાં આવે, તો બુદ્ધિની નિર્મળતા, પવિત્રતા સચવાય તેમજ ચેપી રોગ અને મહાપાપથી અનાયાસે બચાય.

## જૈનોની જીવદયા

પાશ્ચાત્ય પદ્ધતિનું વિદેશી કુશિક્ષણ લીધેલ તેમજ વાસ્તવિક કોઠાસૂઝ-સમજના અભાવે અમુક અબુધવર્ગ જૈનો ઉપર આડેધડ મહાભયંકર મિથ્યા આક્ષેપ કર્યે જ જાય છે

કે, "કીડી કુંથુ આદિ સૂક્ષ્મ જીવજન્તુઓની દયા પાળે છે, રક્ષા કરે છે અને હાથી જેવા મોટા જીવોની ઉપેક્ષા કરે છે." જૈનોની આ જીવદયા કેવી? વાસ્તવમાં એવું છે જ નહિ. એમનો એ આક્ષેપ સમજ્યા વિનાનો, મહામોહ અને ગાઢ અજ્ઞાનમૂલક, શતપ્રતિશત સત્યથી વેગળો છે.

આપણે તો એ મહાઅજ્ઞ પરમ દયનીય જીવોની સંપૂર્ણ ભાવદયા ચિંતવવી એ જ આપણા માટે પરમ હિતાવહ.

પરમ દયનીય એ જીવાત્માઓ અનંતાનંત પરમ તારક શ્રી જિનેન્દ્ર પરમાત્માના અનંત મહાતારક જિન-શાસનને તેમજ તેની ક્રીડ અને હાર્દને સમજ્યા નથી, તેનું આ પરિણામ છે. અરે! સામાન્ય લોકવ્યવહારની સમજ ધરાવતા હોય તોપણ આવો અભદ્ર બાલિશ આક્ષેપ ન કરત.

કોઈક સમયે આકસ્મિક અગ્નિ, જળ આદિનો ભય ઉપસ્થિત થાય, એવા નાજુક સંયોગોમાં હું આક્ષેપ કરનારને પૂછું છું, કે તમો સર્વપ્રથમ નવજાત શિશુ સહિત નવપ્રસૂતા માતાને રક્ષણ આપી સુરક્ષિત સ્થળે પહોંચાડો છો. પછી બાળ, વૃદ્ધ, ગ્લાન અને માતા–બહેનો, કિશોર તથા યુવાનો અને અંતમાં ૨૫–૫૦ વર્ષ સુધીના સશક્તોને રક્ષણ આપી

બાળ, વૃદ્ધ, ગ્લાન કે માતા–બહેનોનો આત્મા અપેક્ષાએ સમાન હોવા છતાં રક્ષણ આપવામાં આવો ભેદ કેમ ? તો આક્ષેપકારકો જણાવશે કે, માતા–બહેનો અબળા હોય છે, બાળકો તો રુદનબળ ઉપર જીવતાં હોય છે, અને ગ્લાન વૃદ્ધાદિ અશક્ત હોવાથી માતા–બહેનો તેમજ બાળવૃદ્ધાદિને સર્વપ્રથમ રક્ષણ આપવું એ જ વ્યવહારુ અને ઉચિત માર્ગ છે.

એ જ રીતે મનુષ્ય વિશેષ સમજ ધરાવનાર હોવાથી તે (મનુષ્ય) ભૂખ્યો થશે, તો યાચીને, લૂંટીઝૂંટવીને અથવા ગમે તે પ્રયાસે પેટ ભરશે. ત્યારે મૂક પશુઓ કે અન્ય જીવજન્તુઓ ગમે તેટલા દિવસનાં ભૂખ્યાં–તરસ્યાં હશે, તોપણ યુદ્ધ કે બળવો નહિ પોકારે; કારણ કે એમનામાં એ કોટીની સમજ અને શક્તિનો અભાવ હોવાથી સર્વપ્રથમ કીડી–કુંથું આદિ સૂક્ષ્મ જીવજન્તુઓને, તે પછી મૂક પ્રાણીઓને અને ભૂખ્યા માનવોને તન–મન–ધનથી સહાયતા આપી નિરાધારોનાં શિરસ્ત્રાણ–આધારશિલારૂપ બનવું એ જ ઉચિત અને વિહિત માર્ગ છે. એટલે જ જૈનો કોઈ પણ જીવની ઉપેક્ષા કર્યા વિના ક્રમબદ્ધ રીતે જીવદયાનું અને રક્ષણનું કર્તવ્ય કરે જ જાય છે.

## સાધર્મિક વાત્સલ્યમાં થાળી-વાડકા આદિ ઘરેથી લાવવાનો નિયમ કેમ ?

હજારો લાખ્ખો રૂપિયાનો પરમ ઉદારતાથી સદ્વ્યય કરી પૂજ્ય શ્રી સંઘની ભક્તિ નિમિત્તે યોજાતા સાધર્મિક વાત્સલ્ય, નવકારસી કે પારણાદિના પુણ્ય પ્રસંગે થાળી, વાડકા, ગ્લાસ આદિ વૈયક્તિક ઘરેથી લાવવાનો નિયમ કેમ ? લાખ્ખો રૂપિયાનો સદ્વ્યય કરનાર થાળી–વાડકા જેવી નજીવી વસ્તુનો પ્રબંધ ન કરી શકે ? પ્રબંધ તો ચારગણો કરવો હોય તોય કરી શકે, પરંતુ પ્રબંધ ન કરવામાં ગર્ભિત અનેક શુભ આશયો રહેલા છે :

(૧) ઘરેથી લાવેલ થાળી, વાટકા આદિ જમ્યા પછી તુર્ત જ શુદ્ધ કરીને ઘરે લઈ જવાનાં હોવાથી જેટલું વાપરવું હશે તેટલું જ લેશે. અધિક પ્રમાણમાં લે, તો એંઠું વધેલું ક્યાં નાંખવું ? એંઠી વસ્તુઓમાં અને થાળીમાં બે ઘડીમાં અંતર્મુહૂર્તના આયુષ્યવાળા અસંખ્ય અસંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો, બેઇન્દ્રિય જીવો અને અમુક કાળક્ષેપ પછી અનંતકાયરૂપ લીલફૂગની ઉત્પત્તિ એટલે અનંત જીવોની ઉત્પત્તિ અને નાશ. જ્યાં સુધી એંઠવાડનો અંશ હશે, ત્યાં સુધી જીવોને યમસદને પહોંચાડતું સ્મશાન નિરંતર ચાલુ રહેશે.

(૨) ઘરનાં થાળી-વાડકા આદિ હશે તો લાવનાર સ્વયં જમ્યા પછી તુર્ત જ શુદ્ધ કરશે, જેથી ઉપર્યુક્ત બે ઘડી પછી થતી મહાહિંસાનો દોષ નહિ લાગે. ત્યારે સાધર્મિક વાત્સલ્યાદિના યોજકો દ્વારા થાળી વાડકા આદિનો પ્રબંધ કરાયેલ હોય, તો બે-ઘડીમાં થાળી-વાડકાદિ શુદ્ધ થવાં જ જોઈએ. પ્રબંધકર્તા પૂર્ણ ઉપયોગવંત હોય તો એ નિયમ કદાચ સચવાય, અન્યથા ન પણ સચવાય.

(૩) થાળી-વાડકા આદિ શુદ્ધ કરવામાં આવે, તો અસંખ્ય અપ્કાયના જીવોની વિરાધના, પૂર્વોક્ત અસંખ્ય સમૂર્ચ્છિમ મનુષ્યો અને અસંખ્ય લાળીયા જીવોની વિરાધના, ખાળ કુંડી આદિમાં ભરાયેલ એંઠા પાણીમાં કીડી, મંકોડી, માખી, મચ્છરાદિ આવીને પડતા સંપાતિત જીવોની વિરાધના, એંઠા પાણીમાં ઉત્પન્ન થતી લીલફુગાદિના કારણે નિરંતર અનંત જીવોની વિરાધના એંઠા પાણીનો સંપૂર્ણ અંશ જ્યાં સુધી ન સુકાય ત્યાં સુધી નિરંતર ચાલુ રહે એવી ઊંડી તલસ્પર્શી કોઠાસૂઝ ધરાવનારા તત્કાલીન પુણ્યપુરુષો સાધર્મિક વાત્સલ્યાદિમાં થાળી-વાડકા આદિ શુદ્ધ કરવા માટે જળનો ઉપયોગ ન કરતાં છાણાની રક્ષા (રાખ) આદિના મોટા મોટા ઢગલા રખાવતા હતા. જળનો ઉપયોગ તો માત્ર જળપાન અને રાખવાળા હાથની શુદ્ધિ

પૂરતો જ કરવામાં આવતો હતો. એ રીતે જળનો દુરુ-પયોગ ન કરવાથી કાદવ-કીચડ ન થાય અને સ્વાસ્થ્ય પણ જળવાઈ રહે.

ઉપધાન તપ વહન કરનાર અને કરાવનાર બન્ને વ્યક્તિઓ પ્રસ્તુત નિયમ પૂર્ણ મક્કમતાથી પાલન કરવા કટિબદ્ધ રહેવાથી ઘરેથી થાળી-વાડકા-ગ્લાસ આદિ લાવવામાં જીવ-વિરાધનાના મહાદોષથી બચે. થાળી-વાડકા આદિના પ્રબંધમાં શ્રી સંઘની શક્તિ, સંપત્તિ અને સમયનો દુર્વ્યય ન થાય. એંઠું ન મૂકવાથી અન્નનો દુર્વ્યય ન થાય અને મહાપાપથી બચાય. ગર્ભિત એવા એવા અનેક મહાશુભ આશયોની પરંપરા હોવાથી ઘરેથી થાળી-વાડકા ગ્લાસ આદિ લાવવાનો વિહિત માર્ગ બંધ ન કરતાં, એ વિહિત માર્ગનો પ્રવાહ વિશેષ વ્યાપક બને તેવો પ્રબંધ કરવો એ જ સકળ સંઘ માટે પરમ હિતાવહ છે. રાજ-સ્થાનમાં મહદંશે અને ગુજરાતમાં અમુક અંશે આ મર્યાદાનું અદ્યાવધિ પાલન થઈ રહ્યું છે.

## મહિલામંડળાદિના પારિશ્રમિક વેતન અંગે સમીક્ષા

સર્વપ્રથમ તો મંડળ આદિની સ્થાપના એ જ વિહિત નથી, પરંતુ આજે એ પ્રવાહ એટલો બધો આગળ વધી

ગયો છે કે એને નિકટના ભવિષ્યમાં તો નાથવો કે ખાળવો દુષ્કરપ્રાયઃ બન્યો છે.

શ્રી જિનેન્દ્ર પરમાત્માની પૂજા ભણાવવા નિમિત્તો મંડળો કે જૈનસંગીતકાર પારિશ્રમિક વેતનરૂપે અમુક રકમ નકરો લે તે કોઈ રીતે યોગ્ય કે ઉચિત નથી. પૂજા ભણાવનાર પુણ્યવંતને મહદંશે પારિશ્રમિક વેતન ઉપરાંત મંડળના સભ્યોને અમુક પ્રકારની વિશિષ્ટ પ્રભાવના જુદી કરવાની રહે છે. કેટલાક ઉદાર પુણ્યવંતો મંડળના સભ્યોનું સાધર્મિક વાત્સલ્ય પણ કરે છે. વિશિષ્ટ પ્રભાવના જુદી ન કરે તો મંડળના કેટલાક સભ્યો માનસિક તાણ અનુભવે છે. આ કોટીની ભાવનાને અનન્ત જ્ઞાનીઓ અર્હદ્ભક્તિ કહે ખરા ?

પારિશ્રમિક વેતન સ્વીકારનારા તર્ક કરે છે, કે વ્યક્તિગત શ્રાવક સ્વદ્રવ્યથી પૂજા ભણાવે છે, તેનું પારિશ્રમિક વેતન લેવામાં શો બાધ છે ? ભલે શ્રાવક સ્વદ્રવ્યથી પૂજા ભણાવે, પણ એની ભાવના એવી હોય છે કે, શ્રી જિનેન્દ્ર ભક્તિ પૂજા નિમિત્તો પૂજા ભણાવવા માટે મારે રૂા. ૨૦૦-૨૫૦ (બસો-અઢીસો રૂપિયા) વાપરવા છે. શ્રી જિનેન્દ્ર ભક્તિની શુભભાવનારૂપ મુદ્રાથી મુદ્રિત (અંકિત) થયેલ

એ દ્રવ્ય શ્રાવકને પારિશ્રમિક વેતનરૂપે શી રીતે કલ્પે ? એ પ્રશ્નને સંગત સમાધાન કે ઉકેલ કરવા મારી અત્યલ્પ-મતિ તો કોઈ રીતે સમર્થ નથી.

## ઢંગધડા વિનાના તર્કથી મનમનામણાં :

પારિશ્રમિક વેતન લેનારનાં ધડમસ્તક વિનાનાં સમાધાનો જોવા જેવાં હોય છે. પહેલો તર્ક એ છે કે અજૈન સંગીતકાર પૂજા ભણાવવાના દૈનિક અઢીસો–ત્રણસો રૂપિયા લઈ જાય, તેના કરતાં જૈન સંગીતકાર પૂજા ભણાવીને રૂપિયા લે તેમાં ખોટું શું છે ? જોકે પ્રભુભક્તિ તો અમારે એમ ને એમ જ કરવી જોઈએ. પ્રભુભક્તિ કરીને તે નિમિત્તે પૈસા ન લેવાય. પણ શું કરીએ ? આર્થિક સ્થિતિ અતિવિકટ છે, તે કારણે દુઃખિત હૃદયે પારિશ્રમિક વેતન લેવું પડે છે.

પારિશ્રમિક વેતન લેવામાં એક કારણ એ પણ બતાવે છે, કે જૈન સંગીતકાર ભાવનાથી પૂજા ભણાવશે, ત્યારે જૈનેતર સંગીતકારો તો ભાડુતી હોવાથી, તેમને તો માત્ર પૈસાથી જ સંબંધ હોય છે. એ રીતે કહીને તેમને એકાંતે ભાંડવાનું દુઃસાહસ કરવું તે વધુ પડતું અને અનુચિત છે. જૈનેતર સંગીતકારોમાં પણ કેટલાક ભાવનાશીલ હોઈ શકે

છે. જૈનેતર સંગીતકારોને ભાડુતી અને પૈસાના સંબંધી કહીને ભાંડવાનું દુઃસાહસ કરનારા કેમ ભૂલી જાય છે, કે ભોજકાદિ જૈનેતર સંગીતકારોનો તો પરંપરાગત આનુવંશિક વ્યવસાય જ એ હોવાથી તેઓ તો આજીવિકા નિમિત્તે પારિશ્રમિક વેતન લે તે સ્વાભાવિક છે (મેં કરેલ આ નિરૂપણ પારિશ્રમિક વેતન લેનારની અનુમોદના કે સમર્થન-રૂપે ન સમજતાં માત્ર વાસ્તવિક પરિસ્થિતિ શું છે, તે જણાવેલ છે.); ત્યારે શ્રી જિનેન્દ્ર પરમાત્માના અનંત મહાપ્રભાવે જૈનને મળેલ જિનશાસન અને સંગીતશક્તિ તો માત્ર પ્રભુભક્તિ કરવા માટે જ છે, નહીં કે પારિશ્રમિક વેતન લઈને આજીવિકા ચલાવવા માટે ! આજીવિકા માટે શ્રી જિનેન્દ્ર ભક્તિનો વ્યવસાય કરીને પારિશ્રમિક વેતન લેવાનું ક્યાંય જિનેન્દ્ર પરમાત્માએ વિધાન કર્યું છે ખરું ?

જૈન સંગીતકાર ભાવનાથી પૂજા ભણાવશે એવી વાતો કરનારાઓને દૈનિક પારિશ્રમિક વેતનમાં પચ્ચીસ-પચાસ રૂપિયા ઓછા લેવાની વાત કરવામાં આવે ત્યાં તો ભાઈ-સાહેબોનું મોઢું સવાપાશેર એરંડિયું પીધા જેવું કટાણું થતું હોય છે; ત્યારે દુઃખિત હૃદયે લેવું પડે છે એવું બોલનારનું હૈયું કઈ કોટીનું અને એમની પ્રભુભક્તિ કઈ કોટીની ? એમને હૈયે વસ્યા છે પ્રભુ કે

પૈસો ? ધર્મ કે ધન ? અર્હં કે અહં ? એની સ્પષ્ટતા આપણે કરવાની રહેતી નથી. તેનું વાસ્તવિક ચિત્ર તો એમના વ્યવહારમાં જ દેખાઈ આવે છે. એમનું હૈયું એ કોટીએ અર્થકામથી છલોછલ ઊભરાતું હોય, અને જૈન સંગીતકાર ભાવનાથી પૂજા ભણાવશે એવી ફેંકી દેવા જેવી, વજૂદ વિનાની વાહિયાત વાતો કરવી એનો કોઈ અર્થ નથી. અનંતજ્ઞાનીઓ તો એવી સૂફિયાણી પોકળ ગુલબાંગોને નર્યો મહાદંભ કે ભયંકર આત્મવંચના કહે છે.

ત્રીજી વાત તો એમની એવી સરસ મખમલી અને ગુલાબી હોય છે, કે અમારા જેવા એક વિશિષ્ટ કળાકારની સુમધુર સંગીતકળાને તમો અવસરે નહિ સત્કારો, અને નહિ સન્માનો તો એક કળાકારની વિશિષ્ટ કળાનો ભયંકર દ્રોહ કર્યો ગણાશે. એટલું જ નહિ, પણ કળા અને કળાકાર ઉપર અસિધારાનો પ્રહાર કર્યાતુલ્ય ગણાશે, અને અમારી અમૂલ્ય કળાથી આત્મકલ્યાણ પામી મોક્ષમાં જતાં અને પુણ્યવંતો અટકી જશે. વાહ રે ! પ્રભુભક્તિમાં પરં તરબોળ કરીને, આત્મકલ્યાણ કરાવી મોક્ષમાં પહોંચાડનાર તમારી સડેલા ખોરા કોપરા જેવી પરોપકાર – પરાયા ભાવનાને ક્યા શબ્દોમાં નવાજવી ? અને તમને કઈ કોટી ધન્યવાદ આપવા એ પણ એક અતિ ગહન સમસ્યા છે

## સ્વર-શક્તિના દાતાને ઓળખો :

શ્રાવક કુળમાં જન્મેલ હોવા છતાં એ ભાઈસાહેબને એટલીયે ગમ નથી કે કંઠની સુમધુર સુસ્વરતા કોને આભારી છે ? અરે ! એક દિવસ તો તમે અનાદિ અવ્યવહાર-સૂક્ષ્મ નિગોદમાં સડતા હતા. ભવિતવ્યતાયોગે અનંત મહાતારક જિનશાસનના અનંત મહાપ્રભાવે અનાદિ અવ્યવહાર-સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને પરંપરાએ આજે શ્રાવક કુળવાળો પરમ ઉચ્ચતમ મનુષ્યભવ પામ્યા; અને તેમાં પણ દેવાધિદેવની અનંત કરુણાની અમીવર્ષા થવાથી પરમ પુણ્યોદયે કંઠની પરમ સુમધુરતા મળી. જેના અનંત મહાપ્રભાવે આવી અગાધ શક્તિ મળી હોય, અને જેના અનંત અનંત મહાઋણથી સદાના બંધાયેલા હોઈએ, અને અનંતાનંત પરમોપકારક પરમ તારક દેવાધિદેવની અનંત કરુણાથી ભક્તિ કરવાની શક્તિ મળી અને શક્તિથી ભક્તિ કરીને નિકટના ભવિષ્યમાં અનંત અનંત પરમ સુશક્તિ પ્રાપ્ત થાય તેવું પુણ્ય બાંધવાનો મહામાંગલિક પરમ સુઅવસર પ્રાપ્ત થાય, ત્યારે જૈનકુળમાં જન્મેલ પુણ્યવંતને કેટલો સીમાતીત અનંત આનંદ થવો જોઈએ ? તેના સ્થાને પારિશ્રમિક વેતન લેવાની મથામણમાં જ મચ્યો રહે, એની કૃતઘ્નતાની કઈ કોટીમાં ગણના કરવી ? જીવનમાં એક જ વાર કોઈનું

ચપટી અન્ન ખાનાર શ્વાન જેવું પશુ પણ ઉપકારકનો ઉપકાર આજીવન ભૂલતું નથી. તે આજીવન દાસ અને સેવક થઈને અનુકૂળ રહેશે. આટલી કૃતજ્ઞતા તો શ્વાન જેવું પશુ પણ આજીવન રાખી શકે, તો જૈનકુળમાં જન્મેલ જીવે અનંત ઉપકારક પ્રત્યે કઈ કોટીની પરમ કૃતજ્ઞતા રાખવી જોઈએ તેની સ્પષ્ટતા પારિશ્રમિક વેતનના સમર્થકો કરશે ખરા ?

## શું કુલીનતા દૂષિત થઈ છે ?

અનંત મહાતારક શ્રી જિનશાસનમાં તો એવાયે પુણ્યવંતો હતા, કે જેઓએ શ્રી સિદ્ધગિરિરાજ, શ્રી મોતીશાની ટૂંક, હેમાભાઈની ટૂંક, ખરતરવસી, છીપાવસી, આબુ – અચળગઢ – દેલવાડા, રાણકપુરજી, જેસલમેર, લોદ્રવાજી, ભાંડાસરજી (બિકાનેર) જેવાં અનેક મહાતીર્થોનાં નિર્માણ કરાવ્યાં, અને સમગ્ર ભારતવર્ષનો ત્રણ ત્રણ વર્ષનો લાગલાગટ કાળઝાળ દુષ્કાળ અને એનું દારિદ્રય દૂર કરનારા એક એકથી ચઢિયાતા એવા અનેક નરરત્નો હતા. આ હતી આપણા શ્રાવકોની પ્રભુભક્તિ અને ઉદારતા. એના ઉપરથી પારિશ્રમિક વેતન લેનારાં આધુનિક જૈન મંડળો કંઈક ધડો લેશે ખરાં ? જૈનોમાં પારિશ્રમિક વેતન લેવા જેટલી

હીનદીન યાચકવૃત્તિ હોય, તો એ એમની રક્તશુદ્ધિ અને કુલીનતાને કંઈક અંશે દૂષિત થયેલ જણાવે છે, અન્યથા એવું બને જ કેમ ?

## દુણાયેલી દાળ : નહિ કોઠાની, નહિ કોઠારની :

પારિશ્રમિક વેતનનિધિમાંથી મંડળના સ્થાપનાદિનની ઉદ્યાપનિકા (ઉજાણી) કરાય, તીર્થયાત્રાના નામે પર્યટનો યોજાય, ખાનપાનનો પ્રબંધ થાય, બરફ જેવા અભક્ષ્ય પદાર્થોનો નિઃસંકોચ ઉપયોગ થાય, સાડીઓ અને એલ્યુમિનિયમ આદિના ડબ્બા મંડળના સભ્યોને પ્રભાવનારૂપે અપાય. હદ થઈ! અમારા જૈનોની આ મનોદશા ? આ તો જળનો અનળ(અગ્નિ) છે. એને જાગતિક કોઈ જળ બુઝાવી શકે તેમ નથી. આ કોટીનું માનસ એટલે દુણાયેલી દાળ. એ દાળ 'નહિ કોઠાની અને નહિ કોઠારની.'

પ્રાચીનકાળમાં ૭૧, ૭૧ પેઢીથી પરંપરાગત ધન ચાલ્યું આવતું હતું, એટલું જ નહિ; પરંતુ તે ધનમાં દિન–પ્રતિદિન અભિવૃદ્ધિ પણ થતી હતી. ત્યારે આજે સ્વોપાર્જિત ધન પોતાના અંતિમ શ્વાસ સુધી પણ સ્થિર રહેશે કે કેમ તેનોયે વિશ્વાસ નથી. એવું બનવામાં મૂળ કારણ તો આપણા અંતરાય કર્મનો ઉદય. પરંતુ એ

અંતરાય કર્મ શી રીતે બંધાયું ? અને કયું નિમિત્ત પામીને ઉદયમાં આવ્યું ? તે તો હું નથી કહી શકતો; પરંતુ મારું અનુમાન છે કે જાણે-અજાણે પણ આપણા કોઠામાં વેતનાદિ નિમિત્તના ધનનો અંશ જાય, અથવા અન્ય કોઈ પણ રીતે આપણી પાસે ધાર્મિક ધનનો અંશ રહી જાય, તો આપણા પુણ્ય પ્રાસાદને અંતરાય કર્મરૂપ ઉધઈ ચારે બાજુથી વળગી જ સમજો. અરે ! થોડા સમયમાં તો આપણી પુણ્ય-ઇમારત કકડભૂસ કરતી ધરાશાયી થઈ જ સમજો.

## પર્યટનોમાં પોષાતાં મહાપાપ :

મહિલા-મંડળોનાં પ્રવાસ-પર્યટનોમાં રજસ્વલા જેવી માસિક મર્યાદાનું પાલન ન થતું હોય, તો વજ્ર જેવા મહાપાપથી આત્મા કેટલો ભયંકર લેપાતો હશે ? પારિશ્રમિક વેતનાદિથી પર્યટનો યોજનારાઓએ કદી તેનો વિચાર કર્યો છે ખરો ? ધર્મના નામે જાણે-અજાણે વજ્ર જેવાં મહાપાપો પોષાતાં હોય, તો ક્યાં રહી આપણી દર્શનશુદ્ધિ ? એવી પરિસ્થિતિમાં વર્તતા હોઈએ તો પ્રાણવતી પ્રભુભક્તિ અને સફળ યાત્રા થઈ એમ કહેવાય ખરું ?— ન જ કહેવાય.

પ્રસ્તુત સમીક્ષા કોઈના ઉપર વ્યક્તિગત આક્ષેપ કરવા કે તેજોદ્વેષથી કરી નથી; પરંતુ અનંત મહાતારક

શ્રી જિનશાસનના માર્મિક અને તલસ્પર્શી બોધવાળા તત્કાલીન સુજ્ઞ સુશ્રાવકોનું કેવું પરમ ઉચ્ચકોટિની ઉદારતાપૂર્વકનું શ્રી જિનેન્દ્રભક્તિસભર માનસ, અને ક્યાં આજનું આપણું માનસ – તેનું ચિત્રદર્શન કરાવવા તેમ જ જાણે-અજાણે મહા મોહ અને તીવ્ર અજ્ઞાનોદયે પ્રસ્તુત સમીક્ષોક્ત સેવાતા મહાદોષોથી વિરમીને જીવમાત્ર પરમ સુવિહિત માર્ગના પરમ આદર્શ આરાધક બને એવા પરમ શુભ આશયથી પ્રસ્તુત સમીક્ષા કરેલ છે.

## ધર્મક્ષેત્રે ધન વાપરનાર પ્રત્યે અણગમો કેમ ?

સર્વતોમુખી વિનાશ કે મહાવિનિપાતને નિમંત્રે તેવાં મહાભયંકર પાપો અને અધઃપતનનાં વિલાસી સાધનોથી છલોછલ ખદબદતી "થ્રી સ્ટાર, ફોર સ્ટાર, ફાઈવ સ્ટાર, સેવન સ્ટાર અને ઓબેરોય જેવી અદ્યતન હોટલો, ચલચિત્રગૃહો અને હાઈસ્કૂલ, કૉલેજ આદિનું આદ્યન્ત પરિણામ આ ભવમાં માનસિક, વાચિક અને કાયિક ભયંકર અધઃપતન, ધનની ભયંકર ખુવારી, ભવાંતરમાં ભયંકર અધોગતિ અને દેશના સર્વનાશનો પ્રત્યક્ષ અનુભવ છતાં, પાશ્ચાત્ય રંગે રંગાયેલ આધુનિક રાજ્યસત્તા પ્રત્યે સૂગ, અણગમો કે મનોવેદના તો નથી, પરંતુ ઉપરથી રાજ્યસત્તા સર્વ પ્રકારે વિશેષ અનુકૂળ બની સર્વનાશના એ સ્થાન નિર્માણ

માટે અતિવિશાળ ભૂમિપટો સહજમાં આપે છે અને જેના નિર્માણમાં પંદર-વીશથી પચ્ચીશ ક્રોડ રૂપિયા સુધીની અતિવિપુલ ધનસંપત્તિનો મહાભયંકર દુર્વ્યય થવાનો હોવા છતાં, નગરપાલિકાના નિર્માણ માટે સહર્ષ અનુમતિ આપી ગૌરવ અનુભવે છે !

જીવમાત્રનું એકાંતે પરમકલ્યાણ ચિત્તની પરમ પ્રસન્નતા, આત્માનો અભ્યુદય અને પરંપરાએ આત્મકલ્યાણ અને મોક્ષ જેમાં નિર્વિવાદ છે, એવા અનંત મહાતારક જિનમંદિરના નિર્માણ માટે આધુનિક સત્તાધારીઓ પાસેથી બે-સવાબે હજાર મીટર જેટલો નાનોસરખો ભૂમિનો ટુકડો મેળવવામાં શ્રી સંઘને નવનેજા પાણી આવે. અરે ! કેટલીક વેળાએ તો રાજ્યસત્તાના નકારાત્મક વલણથી ભૂમિપટ પ્રાપ્ત ન કરી શકવાના કારણે જિનમંદિર વિના સમસમીને રહેવું પડે છે. મેળવેલ ભૂમિપટ ઉપર જિનમંદિરાદિ નિર્માણની અનુમતિ મેળવવામાં પણ અનેક વિકટ સમસ્યાઓમાંથી પસાર થવું પડે છે. અનુમતિ મેળવતાં મેળવતાં નેવાંનાં પાણી મોભે ચડ્યા જેવું થાય છે.

## ધર્મસત્તા ઉપર રાજ્યસત્તાની તરાપ શા માટે ?

વિશ્વવર્ત્તિ જીવમાત્રનું એકાંતે પરમહિત અને આત્મકલ્યાણ થતું હોય, અને પરંપરાએ અનંત આનંદમય મોક્ષ

નિર્વિવાદપણે જેનાથી પ્રાપ્ત થાય જ એવી પરમ ઉચ્ચતમ મોક્ષકલ્યાણકારી ધર્મસત્તા ઉપર રાજ્યસત્તાનો હસ્તક્ષેપ અને પ્રતિબંધ શા માટે ? ધર્મસત્તા ઉપર રાજ્યસત્તાની તરાપ અને પ્રતિબંધ એટલે વિશ્વનો વિનાશ, વિનાશ ને વિનાશ. વાસ્તવિકતાએ તો રાજ્યસત્તા વિનાશપથગામી ન બને, તે માટે રાજ્યસત્તાનું સંપૂર્ણ આધિપત્ય (પ્રભુત્વ) હતું, તે પુનઃ પ્રસ્થાપિત થવું જોઈએ. એમ બને તો જ વિશ્વ વિનાશમાંથી અવિનાશમાં અને વિલાસમાંથી વિકાસમાં આવી શકે. એ વિના વિકાસ માટે અન્ય કોઈ પણ ઉપાય શક્ય છે જ નહિ.

અનંત મહાતારક શ્રી જિનમંદિરજી આદિના નિર્માણમાં તેમ જ શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા–મહોત્સવાદિના પરમ પુણ્ય સાધર્મિક વાત્સલ્યાદિના નિમિત્તે આયોજન કરાતા ભોજન–પ્રબંધાદિમાં સદ્ભાવનાથી શ્રી સંઘ પચ્ચીશ ત્રીશ લાખ રૂપિયા વાપરે, તો તેને અન્ન અને ધનનો ધુમાડો કહેશે, અને સર્વનાશનાં ઊભાં કરાતાં સાધનો(હોટલાદિના નિર્માણ)માં ધર્મક્ષેત્ર કરતાં બસો–અઢીસોગણી અતિવિપુલ ધનસંપત્તિનો સર્વનાશ થતો હોવા છતાં ત્યાં ધુમાડો લાગતો નથી. ઊલટાના એનાં ગાણાં ગાવા બેસી જાય છે, હરખ-

પહુડા બની એ સ્થાનોનાં શિલાન્યાસ કે ઉદ્દઘાટન આદિ કરીને સ્વજાતને અહોધન્ય માની ગૌરવ અનુભવે છે.

બીજો કુતર્ક એ કરે છે કે દેશ કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે, એવા કપરા અને વિકટ સમયમાં આટલાં વિશાળ મંદિરોની શી જરૂર છે? ભગવાનને તો એક નાનાશા ખંડમાં બેસાડી દઈએ તોય ચાલે!

## પારકે ભાણે મોટો લાડુ :

ઓ જમાનાવાદીઓ! તમે તમારી જાતનું તો જરા અન્વેષણ કરો. નોકરચાકર, મોટર ડ્રાઇવર, માળી, આરક્ષક આદિ તેમજ વિદ્યુત આદિ અનેક પ્રકારની અદ્યતન વૈભવ-વિલાસની વિપુલ સામગ્રીથી ભરપૂર અને જેમાં અઢીસો–ત્રણસો મનુષ્યો અર્થાત્ ૪૦–૫૦ કુટુમ્બો આજીવન સુખે રહી શકે, તેવો રાજભવનતુલ્ય આલીશાન બંગલો તમારા પાંચ-સાત સભ્યના એક કુટુંબને રહેવા રાજ્ય આપે તોયે તમને નાનો પડે. એવા એક બંગલા નિમિત્તો રાજ્યકોષ-નિધિનો વાર્ષિક લાખો રૂપિયાનો નક્કર સત્ય ધુમાડો હોવા છતાં એ તમને ધુમાડો લાગતો નથી અને આલીશાન બંગલો, બંગલો લાગતો નથી. આ કારમી દશા છે સ્વમુખે સ્વજાતને દેશસેવક અને હિતચિંતકરૂપે ઓળખા-

વનારાઓની. દેશની એથી વિશેષ કઈ કારમી અધોગતિ હોઈ શકે ?

અનંત મહાતારક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવાદિના પુણ્ય પ્રસંગે શુભભાવનાથી કોઈક પુણ્યવંત પાંચ-પચ્ચીશ હજાર રૂપિયા જેવી અત્યલ્પ રકમ સહર્ષ વાપરે, તો તેના ઉપર તવાઈ આવે, ગુપ્તચરો દ્વારા ઊંડી તપાસ થાય.

## અન્નનો બગાડ કે બચાવ ?

અનંત મહાતારક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવાદિના ઊજવાતા પ્રસંગો કે સાધર્મિક વાત્સલ્યાદિ નિમિત્તો આયોજન કરાતા ભોજનપ્રબંધોને ધુમાડો કહેવો એ એક અક્ષમ્ય મહાપાપમય ભયંકર દુઃસાહસ છે. એવું દુઃસાહસ કરતી વેળાએ એ દુઃસાહસિકોએ ભાંગ તો પીધી નથી હોતી ને? ઘરે જમે ત્યારે પેટ એક હોય, અને જમણવારમાં જમે ત્યારે શું પેટ બે થઈ જાય છે? કે જેથી એમને એવું કહેવું પડયું કે જમણવાર કરે તે અન્નનો ધુમાડો ! જમણવારમાં જમશે, ત્યારે ઘરનું અન્ન તો બચવાનું જ ને? તો પછી અન્નનો બગાડ શી રીતે થયો ? ઓ દુઃસાહસિકો ! સમજાવશો ખરા ?

મહોત્સવાદિના મહામાંગલિક પુણ્ય પ્રસંગે સાધર્મિક-વાત્સલ્યાદિ નિમિત્તે યોજાતા સામૂહિક ભોજનાદિમાં તો ઊલટાનું અન્ન ઓછું વપરાતું હોવાથી અન્નનો બગાડ નહિ, પણ બચાવ થાય છે.

હજારો સાધર્મિકની ભક્તિ નિમિત્તે ઘરેઘર ભોજન-પ્રબંધ કરવામાં આવે, તો માનવસહજ સ્વભાવ પ્રમાણે પ્રત્યેક ઘરે ૧૦-૧૫ મનુષ્યો જમે તેટલું તો મહદંશે વધે. એ હિસાબે પ્રતિદિન ૫૦૦-૭૦૦ મનુષ્યો જમે તેટલું તો બગડવાનું જ. એ રીતે દશ દિવસમાં તો પાંચ-સાત હજાર મનુષ્યો જમે તેટલું અન્ન બગડવાનું, અને સ્થાનિક સકળ સંઘ સાધર્મિકોની ભક્તિમાં જ રોકાયેલો રહે, તો પ્રભુભક્તિ આદિમાં લાભ પણ ન લઈ શકે. એવા અનેક ગર્ભિત શુભ ઉદ્દેશથી શ્રી સંઘ દ્વારા દશ-બાર દિવસ પર્યન્ત સાધર્મિક વાત્સલ્યરૂપે યોજવામાં આવતા નવકાર-સહિઅં, કે સાધર્મિક વાત્સલ્યોના સામૂહિક જમણવારોમાં લગભગ બે-અઢી લાખ માણસો જમવાનો લાભ આપતા હોય છે ત્યારે એ દશબાર દિવસના બચેલ મિષ્ટાન્ન કે પકવાન્ન આદિમાં માંડ ત્રણસોથી ચારસો માણસો જમી શકે. એ રીતે તો ધર્મના અંગરૂપ શ્રી સાધર્મિક વાત્સલ્યા-દિના જમણવારો વિશ્વ માટે સદૈવ આશીર્વાદરૂપ છે. એવા

સાધર્મિક વાત્સલ્યાદિ પુણ્ય-પ્રસંગો નિત્ય નિત્ય યોજાતા રહો, એવી અનંતાનંત કરુણાનિધાન પરમ ઉપકારક પરમ તારક શ્રી જિનેન્દ્રપરમાત્મા પ્રત્યે પરમ વિનમ્ર હાર્દિક અભ્યર્થના !

**રાજ્યસત્તાનું કર્તવ્ય :**

'હવનમાં હાડકાં નાખવા' જેવું અભદ્ર (હીણું) કાર્ય ન કરતાં, જ્યાં જ્યાં સાધર્મિક વાત્સલ્યાદિ પુણ્ય પ્રસંગો યોજાતા હોય, ત્યાં ત્યાં સર્વત્ર રાજ્યસત્તાએ ક્ષણાર્ધના વિલંબ વિના સાધર્મિક વાત્સલ્યાદિના આયોજકોને સંપૂર્ણ અનુકૂળ થવું એ રાજ્યસત્તાનું પરમ કર્તવ્ય છે.

હાઇસ્કૂલ, કૉલેજ, હૉસ્પિટલ કે સિનેમાદિ મનોરંજન માટે નહિ, પણ મન બહેલાવે ને આત્માની ભયંકર ઘોર ખોદે તેવાં, અધઃપતન અને અધોગતિનાં સ્થાનો ઊભાં કરવામાં રકમ આપનારને રાજ્ય કરમુક્તિ આપે, પણ એકાન્તે પરમ હિતકર, મોક્ષકલ્યાણકારી ધર્મક્ષેત્રમાં ધન વાપરનારને રાજ્ય કરમુક્તિ આપતું નથી. કરમુક્તિ ન આપવામાં રાજ્ય એવો કુતર્ક કરે છે, કે સાર્વજનિક કાર્યોમાં લાભ લેનારને જ રાજ્ય કરમુક્તિ આપી શકે, અન્યથા નહિ; કારણ કે ધર્મમાર્ગે વપરાતું ધન માત્ર એના અનુયાયીઓના (ઉપાસકોના) હિતમાં જ વપરાતું

હોવાથી ધારાપોથી કરમુક્તિનો નિષેધ કરે છે. સત્તાધીશોનું આ સમાધાન વજૂદ વિનાનું અને વાહિયાત છે.

આધુનિક ધારાપોથીના નિયમો ક્યાં સર્વજ્ઞ કથિત છે? એ ધારાપોથીનો જન્મ તો અનંત મહાતારક ધર્મક્ષેત્રને સર્વથા ગૂંગળાવી દેવા માટે અતિગૂઢ મહામાયાવી વિદેશીઓની મેલી મુરાદમાંથી થયો છે. આધુનિક સત્તાધીશોને ક્યાં ખબર છે, કે અમે તો વિદેશીઓનાં કઠપૂતળાં બનીને એમનાં રમાડ્યાં રમી રહ્યાં છીએ! આધુનિક સત્તાધીશો વાસ્તવિકતાના તળ સુધીની ઊંડી કોઠાસૂઝ ધરાવતા હોત તો આવી વજૂદ વિનાની વાત ન જ કરત. અરે! જૈનોનું ધાર્મિક દ્રવ્ય માત્ર જૈનોને ક્યાંય કામ લાગતું નથી. આધુનિક સત્તાધારીઓ એ વાતથી સર્વથા અનભિજ્ઞ છે. કોઠાસૂઝ વિનાના એવા સત્તાધીશોનો પનારો પડ્યો એ પણ અપેક્ષાએ આપણું મોટામાં મોટું દુર્ભાગ્ય છે.

સ્વજાત કે કુટુમ્બ-પરિવારાદિ માટે ધાર્મિક દ્રવ્યની રાતી એક પાઈનોયે ત્રણ કાળમાં કદાપિ ઉપયોગ થાય જ નહિ, એવી ભાવના અને માન્યતા જૈનમાત્રની હોય છે. એ એના પરંપરાગત આનુવંશિક લોહીના સુસંસ્કારોની બલિહારી છે. શ્રી જિનમંદિરજી ઉપાશ્રય પ્રમુખ ધાર્મિક સ્થાનકોમાં કોઈ વસ્તુની આવશ્યકતા હોય, અને એ વસ્તુનો

વ્યાપાર ભક્તિ અને શક્તિસંપન્ન શ્રાવકનો હશે. તો એ શ્રાવક વિના મૂલ્યથી અર્પણ કરીને શ્રી સંઘને સબહુમાન વિનતિ કરશે, કે અવસરે કોઈ પણ વસ્તુની અપેક્ષા કે આવશ્યકતા રહે ત્યારે આ સેવકને નિઃસંકોચ લાભ આપી તારવા કૃપા કરશોજી. શ્રાવક એ કોટિનો શક્તિસંપન્ન નહિ હોય, તો મૂલ્ય કરતાં કંઈક ન્યૂન (ઓછું) લેશે. આર્થિક સ્થિતિએ અશક્ત હશે, તો પડતર મૂલ્યથી વિશેષ તો નહિ જ લે. જૈનો ધાર્મિક દ્રવ્યથી કેટલા દૂર રહે છે, તેનો આ જીવતોજાગતો દાર્શનિક પુરાવો છે.

શ્રી અનંત મહાતારક જિનશાસનના કોઈ પણ કાર્યનો પ્રારંભ કરો એટલે ખાણિયા, સલાટ, સોમપુરા, કડિયા, સઈ, સુથાર, લુહાર, મજૂર, માળી, પૂજારી, રબારી, ગોવાળ, ગવૈયા, ભોજક આદિ અનેક જૈનેતરોને ધાર્મિક દ્રવ્યમાંથી આજીવિકા મળતી રહે છે.

અહો સત્તાધારીઓ ! આ અંગે કંઈક વિચારીને એ વિહિત માર્ગને વિશેષ વેગ મળે તેવું કંઈક કરશો ખરા ?

## પૂજ્ય જૈનમુનિવરો હાઈસ્કૂલ, કૉલેજ, હોસ્પિટલ આદિ નિર્માણનો ઉપદેશ કેમ ન આપે !

પરમ પૂજ્યપાદ શ્રી જૈનમુનિવરોના આચારવિચારના મર્મથી સર્વથા અનભિજ્ઞ એવા આત્માઓનો મહદંશે એવો

પોકાર છે, કે જૈનમુનિવરો હાઈસ્કૂલો, કોલેજો, હોસ્પિટલાદિ નિર્માણનો ઉપદેશ કેમ આપતા નથી ? બાળકો ભણે અને ઉપકાર થાય તેમાં શું જૈનમુનિવરોને પાપ લાગે છે ? કે એમને એ ગમતું નથી ? આ અંગેની સ્પષ્ટતા પરમ પૂજ્યપાદ શ્રી જૈન મુનિવરોને કરવાની રહેતી નથી.

પરમ પૂજ્યપાદ શ્રી જૈનમુનિવરોના આચારનો તલસ્પર્શી માર્મિક બોધ એ પુણ્યવંતોને હોત, તો તે પુણ્યવંતો 'શું જૈનમુનિવરોને પાપ લાગે છે ?' કે 'એમને એ ગમતું નથી ?' એવું સ્વપ્ન કે મૂર્ચ્છિત અવસ્થામાં પણ ન બોલત.

પરમ પૂજ્યપાદ જૈનમુનિવરો દીક્ષા અંગીકાર કરે તે સમયે પ્રતિજ્ઞા કરે છે કે આ ક્ષણથી આજીવન એટલે અન્તિમ શ્વાસોચ્છ્વાસ પર્યન્ત દ્રવ્યથી કે ભાવથી હિંસાદિ પાંચે પ્રકારનાં મહાપાપો હું મન, વચન, કાયાથી નહિ કરું, નહિ કરાવું અને કરનારની અનુમોદના (પ્રશંસા) પણ નહિ કરું. એ પ્રકારની ત્રિવિધ પ્રતિજ્ઞા કરનાર પૂજ્યપાદ જૈન-મુનિવરો જેના મૂળમાં દ્રવ્ય અને ભાવહિંસાદિ મહાપાપોનો ભયંકર અશુભ આશ્રવનો અનુબંધ નિરંતર અવિરત ગતિએ ચાલવાનો હોય, તે હાઈસ્કૂલાદિ નિર્માણનો ઉપદેશ શી રીતે આપે ? — ન જ આપે.

અનન્ત મહાતારક શ્રી જિનશાસનના મર્મજ્ઞ પરમ પૂજ્યપાદ જૈન મુનિવરો અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞા-અંકિત વિહિત માર્ગનો જ સદુપદેશ કરે. તલસ્પર્શજ્ઞાતા મુનિવરો જિનાજ્ઞા નિરપેક્ષ મનોઘડંત યદાતદા ઉપદેશ આપે જ નહિ

## ભારતવર્ષને માથે લોઢાના પાયે બેઠેલી પનોતી :

શ્રી ભારતવર્ષમાં પાશ્ચાત્યોનું પદાર્પણ એ જ ભારતવર્ષની ભાગ્યવિધાતાનું 'ભયંકર વૈધવ્ય', 'મહાદૌર્ભાગ્ય', 'અનિષ્ટ અપશુકન', 'આર્યતાને અંધાપો', 'રાજાઓને રંડાપો', પ્રજાને પીડા, ધર્મનો ધ્વંસ, સદ્‌ગુણોનું શોષણ, પાપનું પોષણ અને અનાર્યતાનો આવિષ્કાર–જે કહેવું હોય તે કહો; પણ તે દિનથી ભારતની ભાગ્યવિધાતાના ઊંધા શ્રીગણેશ મંડાયા. તે દિનથી ભારતને લોહને પાયે મેષના શનિની સાડા-સાતી બેઠી.

પાશ્ચાત્યોએ જોયું કે ભારતવર્ષ કાચું સોનું છે, રત્ન-નિધાન છે. એ રત્નનિધાન ઉપર આપણા પાયા સદાને માટે સ્થિર કરવા હોય તો ધર્મશ્રદ્ધાશીલ અને પવિત્ર સદાચારી ભારતીય પ્રજાને ધર્મહીન અને પરમ પવિત્ર આદર્શ સદા-ચારથી ભ્રષ્ટ કરવી જ જોઇએ. તેમાં પણ પરમ આદર્શ

સદાચારશીલ પવિત્ર નારીધનની પવિત્રતાને તો યેનકેન પ્રકારેણ અભડાવીને નષ્ટભ્રષ્ટ કરવી જ જોઇએ. તે વિના આપણો પાયો સ્થિર બની શકે તેમ નથી.

એ લક્ષ્ય રાખીને પાશ્ચાત્યોએ આડેધડ કપોલકલ્પિત વાહિયાત પ્રચાર કરવા માંડ્યો કે ભારતીયો પ્રતિશત માત્ર આઠ ભણેલા. બાણું તો અભણ, નિરક્ષર ભટ્ટાચાર્ય છે. આ વાત શતપ્રતિશત સત્યથી વેગળી છે. એની વિગતે ચર્ચા અગાઉ થઈ ગઈ છે

## ૫૦–૬૦ ગામ વચ્ચે એકાદ વૈદ્ય :

૪૫–૫૦ વર્ષ પૂર્વ ભારતવર્ષની શી પરિસ્થિતિ હતી ? તેનું તાદૃશ ચિત્ર આજે પણ મારા માનસપટ ઉપર અંકિત છે. તે સમયે ભારતવર્ષની પરિસ્થિતિ અતિનિરાળી હતી. ૫૦–૬૦ ગામો વચ્ચે ક્વચિત્ એકાદ વૈદ્ય જોવા મળતા, તે વૈદ્યરાજ પણ મહદંશે ઘરગથ્થુ ઉપચારો બતાવતા. ક્વચિત્ ઔષધ આપવાં પડે તો અમુક ચાલુ ઔષધો તો વિના મૂલ્યે જ આપતા હતા. એ હતું ૪૫–૫૦ વર્ષ પૂર્વનું ભારતીય આર્યપ્રજાના સ્વાસ્થ્ય–જીવનનું ચિત્ર. એ ચિત્ર જ સ્પષ્ટ કરી આપે છે કે તત્કાલીન ભારતીય આર્ય-પ્રજાનું સદાચારી જીવન કેવું ઉચ્ચ કોટીનું હતું ? આખું

ગામ જ્યાં નાગું (નગ્ન) ફરતું હોય ત્યાં વણકર, કાપડિયો, દરજી અને ધોબી હોય ? ન જ હોય. તેમ સંયમ અને સદાચાર હોય ત્યાં મહદંશે રોગો તો હોય જ ક્યાંથી ? જો રોગ ન હોય તો હોસ્પિટલાદિની અપેક્ષા કે આવશ્યકતા ખરી ? તેની સ્પષ્ટતા કરવા હોસ્પિટલના પક્ષકારોને હું વિનમ્ર નિવેદન કરું છું.

પ્રાથમિક શાળામાંથી જન્મી હાઈસ્કૂલ, હાઈસ્કૂલમાંથી જન્મી કૉલેજ અને કૉલેજમાંથી જન્મી હોસ્પિટલ. એટલે આધુનિક પ્રાથમિક શાળા માતા, તેની કુપુત્રી હાઈસ્કૂલ, હાઈસ્કૂલની દુષ્ટ કુપુત્રી કૉલેજ અને કૉલેજની મહાદુષ્ટ કુપુત્રી હોસ્પિટલ.

ભારતીય પરમ સુજ્ઞ કન્યાઓને અભણ કહીને શિક્ષણના નામે પરસ્પર વિજાતીય(યુવક-યુવતીઓ)નો સહવાસ એટલો બધો સહજ બનાવી દીધો કે રાજમાર્ગ જેવાં જાહેર સ્થળો ઉપર પણ ધોળા દિવસે પાશવી જીવન જેવાં નિર્લજ્જ અને અણછાજતાં અડપલાં કે દૈહિક ચેનચાળા કરતાં યુવકો અંશમાત્ર સંકોચ કે ક્ષોભ અનુભવતા નથી. અનંતાનંત પરમ તારક જ્ઞાની ભગવંતો તો કહે છે કે, "વિજાતીય સહવાસ એટલે કડવા તુંબડાના શાકને સોમલનો વઘાર." આ સહવાસ કાળક્રમે દૈહિક સંબંધમાં પરિણમે છે.

અપરિપક્વ વય–અવસ્થામાં દૈહિક સંબંધના મહાપાપે શારીરિક અને માનસિક શક્તિનો કલ્પનાતીત મહાહ્રાસ, તેના ફળસ્વરૂપે આ માર્ગે જનાર યુવક-યુવતીઓમાં મહદંશે નિર્દયતા, નિષ્ઠુરતા, નિર્વિવેકતા, નિર્વીર્યતા, નિસ્તેજતા, નપુંસકતા, કાયરતા, હીનતા, દીનતા અને અધમતા આદિ અનેક મહાદુર્ગુણો ભયંકર રીતે ફાલીફૂલીને એવો પગદંડો જમાવી દે છે કે, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્યાદિમાં મહદંશે વિવેકનું પ્રત્યક્ષ દેવાળું જોવા મળે છે.

દાવાનળ કે વડવાનળની જેમ ફાટી નીકળેલા જીવલેણ અસાધ્ય રોગોના મૂળમાં વિષયસંભોગનો અતિરેક મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી રહેલ છે. એ અતિરેકે હિમશિલાતુલ્ય શીતળ અને સુમધુર જળ જેવા ભારતદેશને ઊકળતા ચરુ જેવો બનાવ્યો છે. એના કારણે હોસ્પિટલો જન્મી. જીવલેણ અસાધ્ય રોગો નિવારવા માટે અને હ્રાસ થયેલ શારીરિક શક્તિની પૂર્તિ માટે એ જ કાળમીંઢ ધીઢ્ઢ હૈયાંવાળાઓએ પંચેન્દ્રિય પશુઓનો વધ કરી તેમના આંતરિક અવયવોમાંથી અવનવાં ઔષધો બનાવ્યાં. એવા દુષ્ટ હૈયાના માનવીઓને શિક્ષિત કે સુજ્ઞ કહેવાય ખરા ? એવા મહાઅભિશાપકોને શિક્ષિત કે સુજ્ઞ કહેવાનું મહાદુસ્સાહસ કયો સુજ્ઞ આત્મા કરે ?

લાખો—ક્રોડો જનસંખ્યક મહાસમૃદ્ધ દેશોનો ક્ષણભરમાં નાશ, વિનાશ કે સર્વનાશ કરીને, તેને રાખનાં ખંડેરો કે પ્રેતવન(સ્મશાન)માં પરિવર્તિત કરી શકે તેવા ભયંકર અભિશાપરૂપ 'અણુબૉમ્બ', 'હાઈડ્રોજન બૉમ્બ' જેવાં મહાકાતિલ શસ્ત્રોનો અભિશાપ પણ એ જ કુપાત્ર ક્રૂર અવિદ્યાનંદનોનાં ભેજાંની નીપજ છે ને ?

પૂજ્ય માતાજી—સરસ્વતીજી (વિદ્યા) જેવી પવિત્ર વસ્તુ કુપાત્ર મહાઅજ્ઞોના હાથે ચઢી જવાથી એ અવિદ્યા-નંદનોના હાથે પૂજ્ય માતાજીની છડેચોક અસહ્ય ઠેકડી થઈ રહી છે, એની લજ્જા લૂંટાઈ રહી છે, એનાં ચીર ખેંચાઈ રહ્યાં છે. એનું અક્ષમ્ય હડહડતું અપમાન થઈ રહ્યું છે અને એની સાથે અણછાજતાં અડપલાં પણ થઈ રહ્યાં છે !

અવિદ્યાનંદનોના હાથે પૂજ્ય સરસ્વતી માતાજી એવી આકરી શિક્ષાનાં ભોગ બન્યાં છે કે પૂજ્ય માતાજી પોકાર પાડી રહ્યાં છે કે 'ત્રાહિ મામ્, ત્રાહિ મામ્'—'મારું રક્ષણ કરો, મારું રક્ષણ કરો. એ કુપાત્રોએ મારા કેવા ભૂંડા હાલ અને કેવી ભયંકર દુર્દશા કરી તે તો તમે જુઓ ! ખાન. પાન, ઓષધ, વસ્ત્ર, પાત્ર, બૂટ, ચંપલ,

સેન્ડલ, મોજાં, ખાળ, જાજરુ, બાથરૂમ (સ્નાનાગાર); દૈનિક, સાપ્તાહિક, માસિકાદિ સામયિક પત્રો; વિજ્ઞાપનો તેમ જ રાજમાર્ગાદિ ઉપર મને મન ફાવે તેમ કંડારીને ધૂળ ફાકતી કરી છે. આજે અનિચ્છાએ પણ મારે થૂંકમાં તેમ જ વિષ્ટા–મળમૂત્રાદિ જેવી ભયંકર અશુચિમાં આળોટવું પડે છે. બૂટચંપલાદિ જોડાનો માર ખાવો પડે છે, પગ નીચે કચડાઈને ઠોકરો અને ઠેબાં ખાવાં પડે છે. મને આટલી શિક્ષા કરવાથી પણ એમને સંતોષ ન થયો; એટલે જેની છાયાથી પણ ભયંકર અભડાવાય એના સંસર્ગમાં મૂકી મને અભડાવવા જેવી અક્ષમ્ય અને અસહ્ય આકરી શિક્ષા પણ કરી છે.’

“વાહ રે, કુપાત્ર દુઃસાહસકો ! તમારું દુઃસાહસ તો દુઃશાસનના દુઃસાહસને પણ લજવે તેવું છે. દુઃશાસને તો પિત્રાઈ ભાભીનાં ચીર ખેંચ્યાં હતાં, ત્યારે તમે ભડવીરો તો એવા નરબંકા પાકયા કે તમે માતા સમાન મારાં ચીર ખેંચી રહ્યા છો ! તમારા એ દુઃસાહસ મહાહુતાશે શાંતિ અને સંતોષને જીવતાં ને જીવતાં ભરખી લીધાં છે.”

એ મહાહુતાશથી બચવાના નક્કર સત્ય ઉપાયો હોવા છતાં, એ ઉપાયોથી આપણે એટલા બધા દૂર નીકળી

ગયા છીએ, કે એ ઉપાયોની સાથે સુસંગત થવું આપણા માટે દુષ્કરપ્રાયઃ બન્યું છે. જે સ્થાનથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય-પાલનની હિતશિક્ષાની અપેક્ષા સેવાતી હોય, જે સ્થાનમાં અને જે વય – અવસ્થાએ અબ્રહ્મસેવનનો સ્વપ્નમાં પણ વિચાર ન આવે તે અવસ્થાએ અને તે સ્થાનમાં વિજાતીય સહવાસથી દૈહિક સંબંધ બંધાતો હોય, જ્યાં ઉત્થાન ત્યાં જ પતન, જ્યાં વિકાસ ત્યાં જ વિનાશ, જ્યાં ઉન્નતિ ત્યાં જ અવનતિ અને જ્યાં ઊર્ધ્વ ગતિ ત્યાં જ અધોગતિ સર્જાય તે રીતનો નિર્લજ્જ અનાચાર અને દુરાચાર સેવાતો હોય. તેવા સ્થાનને કોઈ પણ સુજ્ઞ આત્મા શિક્ષણ-શાળા કે સંસ્કારકેન્દ્ર કહે ખરા ?– ન જ કહે.

તમારાં સંતાનો દુરાચારી, અનાચારી, વ્યભિચારી, ક્રૂર, હિંસક, નિર્દયી, રોગી, સ્વાર્થી, ઉદ્ધત, નિર્લજ્જાદિ દુર્ગુણોના સાગરસમાં થાય એ તમને ઇષ્ટ છે ? કે સદાચારી, બ્રહ્મચારી, અહિંસક, દયાળુ, નીરોગી, પરોપકારી, ધર્મિષ્ઠ, વિનમ્ર, લજ્જાળુ આદિ સદ્ગુણોના મહાસાગર થાય એ તમને ઇષ્ટ છે ? તમારો એ જ પ્રત્યુત્તર હશે, કે સંતાનો તો સદ્ગુણનાં સાગર અને ગુણનાં નિધાન જ હોવાં જોઈએ. તો પછી જૈન મુનિવરો કેવા પ્રકારનો સદુપદેશ આપે ? પાપસ્થાનકો બંધ કરવાનો કે પાપસ્થાનકોનો પ્રબંધ કરવાનો? એ વાત સુજ્ઞ વાચક વર્ગ મને જણાવે એવી અપેક્ષા. *

## શ્રી જિનચૈત્ય-નિર્માણના સુમંગળ કોડ :

પરમ પૂજ્યપાદ શાસ્ત્રકાર મહર્ષિઓ જણાવે છે કે અનંત મહાતારક શ્રી જિનેન્દ્ર-પ્રાસાદ નિર્માણ કરાવવાના પરમ સુમંગળ કોડ જે પુણ્યવંતને જાગે, તે પુણ્યવંતે સર્વ-પ્રથમ સ્વયં અર્થાત્ પોતે કોઈનું ઋણ કે ઉછીની લીધેલી રકમ તે ધણીને પાછી ન આપી હોય, વ્યાપારાદિમાં અનીતિ આદિ કરીને, મેળવેલી અધિક રકમ, કોઈની પ્રતારણા એટલે છેતરપિંડી આદિ કરીને, કોઈની ઉચાપત કરેલ ધન-સંપત્તિ કે બાપદાદાના વારાથી પૂર્વજોનું ચાલ્યું આવતું ઋણ (દેવું) હોય, તો તે સર્વસ્વ ઋણ જે દિવસે ચૂકવે તે દિવસ સુધીનું વ્યાજનું વ્યાજ ગણીને જે રકમ થાય, તે રકમ દેવાદારે લેણદાર શાહુકારને સહર્ષ અર્પણ કરવી જ જોઈએ.

એ રીતે સંપૂર્ણ ઋણમુક્ત થયા પછી સેવક, ભોજક કે ટહેલિયા દ્વારા ટહેલ પડાવીને શ્રી જૈન સંઘની જાજમ ઉપર પૂજ્ય શ્રી જૈન સંઘને એકત્રિત કરે. પછી શ્રી જૈન સંઘ સમક્ષ ઊભા થઈને, પૂજ્ય શ્રી સંઘને નિવેદન કરવા માટે સંઘની અનુમતિ મેળવીને, બદ્ધાંજલિ નતમસ્તકે પરમ વિનમ્ર ભાવે શ્રી સંઘને નિવેદન કરે કે "અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક શ્રી જિનેન્દ્ર પરમાત્માના અનંત મહાપ્રભાવે હું શ્રી જિનચૈત્ય એટલે શ્રી જિનેન્દ્ર-

પ્રાસાદ નિર્માણ કરાવતાં પહેલાં જે કોઈ પુણ્યવંતનું લેણું મારી પાસે નીકળતું હોય, તે સર્વે પુણ્યવંતોને મેં મારી સમજ પ્રમાણે વ્યાજાનુવ્યાજ સહિત મૂળ રકમ સહર્ષ અર્પણ કરીને હું ઋણમુક્ત થયો છું; તથાપિ કોઈ પણ પુણ્યવંતની લેણી રકમ મારી પાસે રહેતી હોય કે મારા પૂર્વજોનું ઋણ ચૂકવવાનું બાકી રહેતું હોય તો તે પુણ્યવંતને આજદિન પર્યન્તના વ્યાજાનુવ્યાજ સહિત મૂળ રકમ સ્વીકારવા વિનમ્ર વિનંતી કરું છું. તે પુણ્યવંતશ્રી રકમ સ્વીકારીને મને ઋણમુક્ત કરવા કૃપા કરે. પૂજ્ય શ્રી સંઘ તે પુણ્યવંતને રકમ સ્વીકારવા આજ્ઞા કરી મને ઋણમુક્ત કરાવવા કૃપા કરે. અનંત મહાતારક શ્રી જિનચૈત્ય નિર્માણ કરાવતાં પહેલાં એક દિવસનું પણ વ્યાજ ડુબાડ્યા વિના વ્યાજાનુવ્યાજ સહિત સર્વ ઋણની રકમ લેણદારને અર્પણ કરીને ઋણમુક્ત થવું જ જોઇએ; એવી જિનાજ્ઞા હોવાથી પૂજ્ય શ્રીસંઘ મને ઋણમુક્ત કરાવવા કૃપા કરે. હું ભવોભવ પૂજ્ય શ્રીસંઘનો ઋણી અને આભારી રહીશ. આટલો વિવેક કર્યા પછી પણ કોઈક પુણ્યવંતનું ઋણ ચૂકવવું અનંત જ્ઞાનીના જ્ઞાનમાં રહી જતું હોય, તો શ્રીજિનચૈત્ય–નિર્માણમાં જેટલી રકમનો લાભ તે પુણ્યવંતનો હોવાથી તે લાભ તે પુણ્યવંતને મળો.”

ઉપરોક્ત વિધિ કર્યા પછી, બદ્ધાંજલિ નતમસ્તકે પૂજ્ય શ્રીસંઘને પરમ વિનમ્રભાવે વિનતિ કરે કે મને અનંત મહાતારક શ્રીજિનચૈત્ય નિર્માણ કરાવવાના પ્રગટેલ પરમ સુમંગળ કોડ પૂર્ણ થાય, તે માટે પૂજ્ય શ્રીસંઘ મારા ઉપર અનુગ્રહ કરીને મને શ્રીજિનમંદિરજી નિર્માણ માટે અનુમતિ, સહકાર અને અવસરે અવસરે પરમ ઉદારભાવે શ્રી જિનાજ્ઞા અનુસાર માર્ગદર્શન આપી મારા મંગળ કોડ પૂર્ણ કરવા કૃપા કરે.

**જીવવિરાધનાના પાપથી બચાવનાર જયણાધર્મ :**

વ્યવહારનયથી અનંત મહાતારક શ્રીજિનેન્દ્ર શાસનની મુખ્ય આધારશિલારૂપ દેવ અને ગુરુ હોવાથી વિવેકી પુણ્યવંતે યોગ્ય સમયે સપરિકર અર્થાત્ અનેક જિનબિંબોના પરિવારયુક્ત એવાં જિનાલયોની સારસંભાળ પ્રથમ કરવી. તેમાં પણ જીર્ણ થયેલ જિનાલયોના ઉદ્ધારરૂપ સારસંભાળથી પરમ ઉચ્ચતમ ફળ પ્રાપ્ત થતું હોવાથી તેની સારસંભાળ તો અવશ્ય કરવી. એટલા જ માટે આપણા પૂર્વજો યથાવસરે કળીચૂનો આદિથી તેને સંસ્કારિત કરાવતા અર્થાત્ ધોળાવતા હતા, જેથી લીલફુગ કે કુન્થુ આદિ જીવોની ઉત્પત્તિ ન થાય. એટલે જીવ-વિરાધનાના મહાપાપથી બચવારૂપ જયણાધર્મના અને જિનાલયના રક્ષણના મહાલાભના અધિકારી થતા હતા.

'શ્રી શ્રાદ્ધદિનકૃત્યગ્રંથ'ની ૧૦૧ થી ૧૦૪ સુધીની ચાર ગાથામાં જણાવ્યું છે—

તેઓએ સ્વઆત્માનો ઉદ્ધાર કર્યો છે, કે જેઓ દ્વારા નિર્મિત જિનાલયોની અન્ય ભવ્ય જીવો અનુમોદના કરે છે.

તેઓનું નીચ ગોત્ર ક્ષપિત(ક્ષય) થયું છે,અને ઉચ્ચ ગોત્ર બંધાયું છે. દુર્ગતિનો પથ (માર્ગ) નાશ પામ્યો છે અને સુગતિનો પથ અર્જિત (પ્રાપ્ત) થયો છે.

શ્રી જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવનારને આ ભવમાં શ્રેષ્ઠ યશ પ્રાપ્ત થાય છે અને અનંત મહાતારક શ્રીજિનેન્દ્ર પરમાત્માએ ઉપદેશેલ જીર્ણોદ્ધાર આદિનો સુવિહિત માર્ગ અન્ય ભવ્યાત્માઓને બતાવવામાં પ્રેરક બને છે.

## શ્રી જિનાલયના જીર્ણોદ્ધારથી શીઘ્ર કલ્યાણ :

શ્રી જિનાલયના જીર્ણોદ્ધાર કરાવનારમાંથી કેટલાંક તે જ ભવમાં આત્મકલ્યાણ સાધે અર્થાત્ મોક્ષપદને પામે છે. કેટલાક એકાદ ભવ પછી મોક્ષપદને પામે છે; અને કેટલાક ઇન્દ્ર સમાન દિવ્ય સુખ અનુભવીને, મનુષ્યભવ પામી શીઘ્ર કલ્યાણ સાધી મોક્ષપદને પામે છે.

## ધાર્મિક દ્રવ્યની સારસંભાળ ઉપેક્ષા વિના કરવી :

આપણે જેમ અંશમાત્ર ઉપેક્ષા દાખવ્યા વિના કે કાળક્ષેપ વિના સ્વ-દ્રવ્યની ઉઘરાણી કરીએ છીએ, એ જ રીતે અભિજ્ઞ ચિત્તે દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યની ઉઘરાણી કરવી જોઈએ. દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યની ઉઘરાણી કરવામાં પ્રમાદ કે ઉપેક્ષાદિથી કાળક્ષેપ કરે, અને સમય જતાં દુષ્કાળ પડે અથવા પરચક્રના આક્રમણાદિથી દેશ છિન્નભિન્ન થાય; અંતરાય કર્મના તીવ્રોદયે સ્થાવર-જંગમ ધન-સંપત્તિ લૂંટાઈ જાય અથવા વ્યાપારાદિમાં એટલું મોટું નુકસાન થાય કે ઘરની મૂડી-સંપત્તિ જવા ઉપરાંત હજારો-લાખો રૂપિયાનું દેવું થઈ જાય; ઘર-કુટુંબનો નિર્વાહ કરવાનું પણ દુષ્કર બને; એવા કપરા સંયોગોમાં દેવદ્રવ્યાદિ ધાર્મિક ઋણ ચૂકવવું દુષ્કર બને. પરિણામે ધાર્મિક દ્રવ્યના વ્યાજની નિરંતર અભિવૃદ્ધિ થતી જાય. આધુનિક એક ટકાના હિસાબે તો દર છ વર્ષે રૂપિયા ૧૦૦૦ના રૂા. ૨૦૦૦ એટલે બમણા થઈ જાય. એ દેવામાં ને દેવામાં આયુષ્ય પૂર્ણ થઈ જાય, તો હજારો-લાખો ગણું દેવું વધી જાય. પરિણામે, ધાર્મિક દ્રવ્યના ઋણથી બંધાયેલ વજ્ર જેવાં કઠોર તીવ્ર અશુભ કર્મોથી આત્મા એવો લેપાય કે ભવ-ભવાંતરમાં અનેક ભવો સુધી લક્ષ્મી ઉપાર્જન કરવા માટે કોટાકોટિ

ઉપાયો કરવા છતાં એક કોડીય ન મળે. અરે ! માંગી ભીખ પણ ન મળે અને અનેક મહારોગોની તીવ્રવેદના ભોગવતાં પણ છુટકારો થાય નહિ.

## ધાર્મિક પેઢીના તંત્રસંચાલકોનાં લક્ષણ :

ધાર્મિક કાર્યમાં સંમત થનાર અને પ્રોત્સાહન આપનાર સ્વજન પરિવારવાળા, ન્યાયોપાર્જિત દાનથી સમૃદ્ધ, સુકુલીન, પરમ ઉદાર, ધીરજવાન, ચૈત્યાદિ ધાર્મિક ક્ષેત્રના અનુભવી, શ્રી જિનાજ્ઞા-પ્રધાન જીવન-ધર્મના પરમ અનુરાગી અર્થાત્ દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ કરવામાં તત્પર, શાસ્ત્ર-શ્રવણાદિ બુદ્ધિના આઠ ગુણયુક્ત, મહાબુદ્ધિશાળી, માર્ગાનુસારી, સમ્યગ્દૃષ્ટિ તથા દેશવિરતિધરોને દેવદ્રવ્યાદિની વૃદ્ધિ તથા ધાર્મિક પેઢીના વહીવટ કરવા માટે ધર્મશાસ્ત્રોમાં પ્રાયઃ વિશેષ અધિકારી જણાવ્યા છે.

(શ્રી દ્રવ્યસપ્તતિકાગ્રંથ : ૫-૬-૭)

## વિધિમાર્ગ ઉત્તમતા :

હે પુણ્યવંત ! આત્મકલ્યાણ સાધીને મોક્ષ પામવાની અભિલાષા હોય, અથવા વિશ્વમાં સહજભાવે સુવિસ્તૃત કીર્તિ પામવી હોય, તો અનંતાનંત પરમ તારક શ્રી જિનેન્દ્ર પરમાત્મા-નિર્દેશિત વિધિમાર્ગમાં પરમ આદરપૂર્વક પ્રવૃત્તિશીલ બનો.

(શ્રી દ્રવ્યસપ્તતિકાગ્રંથ : ૬૮)

દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર આત્મા ઉપર મેરુ પર્વત જેવા અનંત મહાદોષોનો ખડકલો ખડકાય છે. તેના મહા અશુભ ફળરૂપે ઉત્કૃષ્ટથી અનંતી ચોવીશીઓના કાળ પર્યંત અનંત મહાપીડા સહન કરવી પડે. અરે, એટલી આકરી શિક્ષા ભોગવ્યા છતાંય છુટકારો થાય, તોય પુણ્યશાળી !

શ્રી જિનાગમ અનુસારી અનેક ધર્મગ્રંથોમાં દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય આદિ ધાર્મિક દ્રવ્યના રક્ષણ-ભક્ષણથી થતાં લાભ-હાનિ અને ગુણદોષોનું વર્ણન અતિ વિશદપણે વર્ણવેલ છે. તે માટે 'શ્રી શ્રાદ્ધદિનકૃત્ય', 'શ્રી શ્રાદ્ધવિધિ', 'શ્રી દ્રવ્ય સપ્તતિકા' આદિ ધર્મગ્રંથોનું અવલોકન કરવું પરમ આવશ્યક છે.

શ્રી દ્રવ્યસપ્તતિકા ગ્રંથની નિમ્નલિખિત ગાથાઓના ભાવાનુવાદનું અવલોકન કરવાથી ધર્મના પરમ શ્રદ્ધાશીલ સુજ્ઞજનોને એનું મહત્ત્વ સહજમાં સમજાઈ જશે :

**असढाइण्ण-णवज्जं गीयत्थ अवारयंति मज्झात्था ।**
**आयरणा वि हु आण त्ति वयणओ सुबहुमण्णंति ॥**

શ્રી ચૈત્યવંદનભાષ્ય । ૪૯ ।

અશઠ અર્થાત્ નિર્દંભ પૂજ્ય તારક મહાપુરુષોએ મહાતારક શ્રી જિનાજ્ઞા સાપેક્ષ આચરેલ કોઈ નવીન

આચરણા કે પ્રણાલિકા અનવદ્ય એટલે નિર્દોષ હોય, તો તે આચરણાનો મધ્યસ્થ ગીતાર્થ પૂજ્યપાદ મહાપુરુષો નિષેધ કરતા નથી, તેવી સુવિહિત આચરણા એ પણ જિનાજ્ઞા જ છે; એવું અનંત મહાતારક શ્રી જિનાગમનું વચન હોવાથી તે સુવિહિત આચરણા – પ્રણાલિકાનો મધ્યસ્થ પૂજ્ય તારક મહાપુરુષો પરમ સબહુમાન સ્વીકાર કરે છે.

સૂત્ર (શ્રી જિનાગમ), ચૂર્ણી, નિર્યુક્તિ, ભાષ્ય, વૃત્તિ, પરંપરા અને અનુભવ – એ સાતે શાસ્ત્રોનાં અંગો કહેલ હોવાથી આ સાતથી સત્ય અર્થની પ્રાપ્તિ થાય છે.

(શ્રી ઠાણાંગ૭ સૂત્ર)

ઉપરોક્ત બે શાસ્ત્રીય સાક્ષીપાઠોના આધારે પણ લગભગ ચારસો વર્ષથી પૂજ્યપાદ ગીતાર્થ તારક મહાપુરુષોથી વિહિત અને માન્ય એવી સ્વપ્ન બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે. એ સુવિહિત શુદ્ધ પ્રણાલિકાનો અપલાપ કે તે પ્રણાલિકામાં પરિવર્તન ન જ કરી શકાય.

卐

## ટીપ દ્વારા એકત્રિત કરાયેલ રકમ ધાર્મિક નિધિ ગણાય કે નહિ ?

ધાર્મિક કોઈ પણ પ્રસંગને અનુલક્ષીને જેમકે આયંબિલ, એકાસણા, બિઆસણા, પારણા, સાધર્મિક વાત્સલ્ય, નવકારસી તેમજ પ્રવચન કે પ્રતિક્રમણાદિ પ્રસંગે પ્રભાવના કરવા તેમજ શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા આદિ મહોત્સવ પ્રસંગે ટીપ દ્વારા એકત્રિત કરાતી રકમ (સમ્પત્તિ) ધાર્મિક નિધિ ગણાય કે નહિ ? મારા જેવા પરમ પામર મહા-અજ્ઞાની અત્યલ્પ સમજ પ્રમાણે હું તો એમ સમજું છું કે એ નિધિ (રકમ) ધર્મભાવનાથી અર્પણ કરાયેલ હોવાથી ધાર્મિક સમ્પત્તિ જ છે.

ધર્મ ભાવનાથી મુદ્રિત(અંકિત) એ નિધિની રકમ શ્રાવક–શ્રાવિકાના પેટમાં જાય કે તેમના શરીર ઉપર વપરાય, તો તે દોષનું કારણ બને કે નહિ ? પ્રતિવાદી ઉત્તર આપશે કે આયંબિલ, એકાસણા, નવકારસી, સાધર્મિક વાત્સલ્ય આદિના ઉદ્દેશથી રકમ એકત્રિત કરેલ હોવાથી શ્રાવક–શ્રાવિકાને વાપરવામાં શો વાંધો ? સર્વપ્રથમ તો હું એ પૂછું છું કે ટીપ–ટપોરા કરીને આયંબિલ, એકાસણા, નવકારસી કે પ્રભાવના આદિ કરવાનું કયા શાસ્ત્રનું વિધાન છે ? તેનો પાઠ આપવા વિનમ્ર નિવેદન.

## આયંબિલ આદિ નિમિત્તે ટીપ કરવી ઉચિત ગણાય ?

આયંબિલ મહામાંગલિક તપ છે. એકાસણા આદિ પણ તપ છે. સાધર્મિક વાત્સલ્ય, પ્રભાવના આદિ શ્રાવક-શ્રાવિકાની ભક્તિ છે. મહામાંગલિક તપ અને સાધર્મિક ભક્તિ નિમિત્તે ટીપ કરવી એ ઉચિત ગણાય? ટીપમાં ન લખાવે કે ઓછી રકમ લખાવે, તો દબાણ કરીને અનિચ્છાએ પણ તેમની પાસેથી અધિક રકમ નોંધાવવી એ ઉચિત ગણાય ? મહામાંગલિક તપ આદિ નિમિત્તે ટીપ કરવી એ અનંત મહાતારક શ્રી જિન આજ્ઞાથી વિહિત ખરી ? આધુનિક થતી ટીપોમાં રકમ અર્પણ કરનાર ધર્મ સમજીને અર્પણ કરે છે, તેથી એકત્રિત કરાયેલ એ રકમ ધર્મભાવનાથી અંકિત થયેલ હોવાના કારણે શ્રાવક શ્રાવિકા શી રીતે વાપરી શકે ? એ જ મને સમજાતું નથી.

### પ્રસન્નતાનો પમરાટ :

ઘરે આયંબિલ કરતાં હતાં, ત્યારે તપનો આદર અને ધર્મ-આરાધનામાં જેમ કોઈક જુદા પ્રકારનું હતું. અમુક અતિપરિમિત દ્રવ્યોથી આયંબિલ કરતાં હતાં. ઇચ્છા અને રસાસ્વાદ ઉપર નિરોધનાં-નિગ્રહનાં પ્રત્યક્ષ દર્શન થતાં હતાં, અને ચિત્તમાં પ્રસન્નતાનો પમરાટ પ્રસરતો.

## આધુનિક આયંબિલશાળાઓની અર્વાચીનતા :

આધુનિક ચાલતી આયંબિલશાળાઓનું અસ્તિત્વ લગભગ ૧૦૦ વર્ષના અંદરના ગાળાનું હોવાથી અતિ અર્વાચીન છે. ટીપ–ટપોરા કરીને આયંબિલ–એકાસણા–નવકારસી, સાધર્મિક વાત્સલ્ય કે પ્રભાવના આદિ કરવાનું વિધાન કે ઉલ્લેખ મને એક પણ ગ્રંથમાં જોવા મળેલ નથી તેમ જ કોઈ પણ પરમ પૂજ્યપાદપ્રવર શ્રી ગીતાર્થ ગુરુમહારાજશ્રીજીના મુખેથી શ્રવણ કરવા પણ મળેલ નથી.

આયંબિલ, એકાસણા, નવકારસી, સાધર્મિક વાત્સલ્ય કે પ્રભાવના આદિ નિમિત્તો કરાતી આધુનિક ટીપ આદિની રકમ શ્રાવક–શ્રાવિકાને માટે અકલ્પ્ય હોય, તો પરમ પૂજ્યપાદપ્રવર શ્રી ગીતાર્થ ગુરુમહારાજ સાહેબથી એવી ટીપો કરાવવાનો સદુપદેશ અપાય? એ અંગે મારા ઉપર અસીમ કરુણા કરીને શ્રી જિનશાસનના ધૂરીણ મૂર્ધન્ય તારક પૂજ્યપુરુષો યોગ્ય માર્ગદર્શન આપે એવી મારી પરમ વિનમ્રાતિવિનમ્ર વિજ્ઞપ્તિ

## આરાધનામાં જોઈએ તેવો આનંદ નથી :

આજે મહદંશે નથી આરાધનામાં જોઈએ તેવો આનંદ, નથી ઉત્સવોમાં ઉમંગ, નથી આચારમાં આદર,

નથી ધર્મરક્ષામાં ધગશ, નથી શાસનરક્ષામાં શૌર્ય, નથી શીલરક્ષામાં સાહસ, નથી પંડરક્ષામાં પૌરુષ, નથી જાત-રક્ષામાં જોમ, નથી સમ્યક્ત્વની સુવાસ, નથી શ્રુતનો સત્કાર કે નથી પાપનો પ્રતિકાર. આ બધું જોતાં વિચાર સ્ફૂરે છે કે "ધાર્મિક સંપત્તિ" પેટમાં જવાથી તો એવી કારમી દયનીય દશા થઈ નથી ને ?

પૂર્વકાળમાં નવકારસીઓ, સાધર્મિક વાત્સલ્યો અને પ્રભાવનાઓ બહુમાનપૂર્વક પુણ્યવંતો વ્યક્તિગત કરતા હતા.

મારા પરમ ઉપકારક બહુશ્રુત આગમોદ્ધારક આચાર્ય-પ્રવર શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ(હુલા-મણું નામ પ. પૂ. સાગરજી મ.)ને સૂરતમાં આચાર્યપદથી વિભૂષિત કરવાનો પુણ્ય પ્રસંગ વર્તમાન જૈન-જગતમાં અજોડ, ઐતિહાસિક અને અવિસ્મરણીય છે. તે પુણ્ય પ્રસંગે એકધારો વીશ (૨૦) દિવસ પર્યન્તનો શ્રી જિનેન્દ્ર-ભક્તિ મહોત્સવ ઉજવાયેલ. તેમાં પ્રતિદિન અનેકવિધ ઉત્તમ કોટીનાં અવનવાં મિષ્ટાન્નોથી સમસ્ત સૂરત જૈન સંઘના સાધર્મિક વાત્સલ્યરૂપે નવકારસીઓ થતી હતી. બીશ દિવસ પછી જૈન સંઘે કાર્યકરોને નિવેદન કર્યું કે, એકધારા વીશ દિવસ મિષ્ટાન્ન વાપરતાં કંટાળ્યા છીએ,

હવે નવકારસીઓ બંધ રાખો. એ હતું તત્કાલીન સૂરત અને સૂરતીઓની ઉત્કટ ગુરુભક્તિ અને સાધર્મિક ભક્તિ.

મારવાડ-રાજસ્થાનમાં તો આજે પણ શ્રીઅંજનશલાકા પ્રતિષ્ઠા આદિના પુણ્ય પ્રસંગે ૧૦–૧૨ દિવસના મહોત્સવ પર્યન્ત આખા દિવસની નવકારસીઓ થાય છે. નવકારસીઓ ૧૦–૧૨ પરિમિત, અને નવકારસી કરવાનો લાભ લેનારા પુણ્યવંતો સેંકડોની સંખ્યામાં હોવાથી શ્રી સંઘ પાસે નવકારસીનો આદેશ લેવા માટે ચઢાવા બોલાય છે અને તેમાં પ્રતિષ્ઠા દિવસની નવકારસીનો ચઢાવો તો સાડા-ચારથી પાંચ લાખ રૂપિયા સુધીનો બોલીને આદેશો લેનારા આજે પણ વિદ્યમાન છે. ધન્ય છે એ મારવાડ-રાજસ્થાનના પુણ્યવંતોને.

## ભક્તિના અતિરેકમાં અજ્ઞાનવશ થતી મહાહિંસા :

પર્વાધિરાજરાજેશ્વર શ્રી પર્યુષણા મહાપર્વના આરાધક તપસ્વીઓના પારણાનો આદેશ લેનાર કે વાર્ષિક તપની આરાધકોની ભક્તિ નિમિત્તે બિઆસણાની ટોળી કરનાર પુણ્યવંત તપધર્મનો મર્મ અને મહિમા સમજ્યા નહિ હોય, એમ એમની રીતભાત ઉપરથી જણાય છે. શ્રી સાંવત્સરિક મહાપર્વ જેવા પવિત્ર આરાધનાના દિવસે જ મણબંધ લીંબુ, અને ટનબંધ મોસંબીના કરંડિયા આવે. કચૂંબર માટે

લીલાં મરચાં અને પપૈયાં આવે. કેળાવડાં, કચોરી કે ખર-ખડિયાં માટે ખાસડિયાં કાચાં કેળાંય આવે. અને તે જ દિવસે અને રાત્રે લીંબુ, પપૈયાં અને મરચાં આદિ સમારાય. તેમાં ઈયળ આદિ કપાય તોય ના નહિ. રાત્રે પાથરણાં અને પાટલા પથરાય, થાળી વાડકા ગ્લાસ આદિ ગોઠવાય. તેની નીચે કીડી આદિ ત્રસ જન્તુઓ કચડાય તોય ના નહિ. પારણા કે ટોળીમાં જે જે વાનગીઓ થવાની તેની સૂચિ-પત્રિકા અર્થાત્ નિર્દેશિકા મુદ્રિત કરાવીને પ્રત્યેક થાળી ઉપર મૂકવામાં આવે છે. એ સૂચિ-નિર્દેશિકા આડી-અવળી ફેંકાય, પગ નીચે આવે, મળ-મૂત્રાદિવાળાં અપવિત્ર સ્થાનોમાંય ફેંકાય. અને આ વ્યવસ્થા કરવા આવનાર વર્ગને રાત્રે ચ્હા-પાણી અને નાસ્તો કરાવવો પડે. વળી, રસોઇયો મોટી દેગો જેવાં તપેલાં ચૂલા ઉપર ચઢાવીને તેમાં પાણી ભરી રાખે, અને વહેલી સવારે સાડાત્રણ-ચાર વાગે ભઠ્ઠીઓ સળગાવે. રાત્રે ભરેલ અણગળ પાણી ગરમ થાય, ત્રણ ઉકાળા આવ્યા વિના અમુક પ્રમાણમાં ઉષ્ણ થાય, એટલે ઉતારીને માંજ્યા વિનાની પરાતોમાં ઠારવામાં આવે. પરાત નીચે કીડી આદિ ત્રસ જીવોની વિરાધના અને ઠારેલા ઉષ્ણ જળમાં મચ્છર આદિ સમ્પાતિત જીવો પડવાથી તે જીવોની ઘોર વિરાધના થાય, તો પણ ના નહિ.

કેટલાંક સ્થળે જમણવારની વાડીના અભાવમાં આ બધો જ મહાઆરમ્ભ નિઃસંકોચપણે રાત્રે ઉપાશ્રયમાં થાય છે. આ તપસ્વીઓની ભક્તિ કે ત્રસાદિ હાલતાચાલતા જીવોની ઘોર હિંસા, જ્ઞાનાદિની ઘોર આશાતના અને રાત્રિભોજનાદિ દ્વારા આચાર-વિચારનું ઘોર દેવાળું. ટૂંકમાં કહું, તો લોહની તાતી તપાવેલી કોષથી દેવાતા ડામની જેમ ગાંઠના ગોપીચંદ ખર્ચીને અનન્ત મહાતારક શ્રીજિનઆજ્ઞાની ઘોર વિરાધનાનું અક્ષમ્ય મહાપાપ લમણામાં ઝીંકવા જેવી મહામૂર્ખતા ગણાય. ધર્મના નામે અજ્ઞાનવશ આ મહાપાપ ક્યાં જઈને અટકશે એ જ મને સમજાતું નથી.

**ઉપધાન તપ :**

શ્રી ઉપધાન તપનું રસોડું તો લગભગ ૫૪-૫૫ દિવસ ચાલે. ત્યાં પણ મહદંશે એ જ દશા હોય છે. રસોડાનું એંઠું પાણી કાઢવા માટે માટી ખોદાવીને કરાવેલ ઊંડા ખાડા કે કુંડમાં સવારે પાંચ વાગ્યાથી એંઠું પાણી પડે, તે રાત્રે ૮–૯ વાગ્યા સુધી ચાલે. રાત્રે પાણીનો નિકાલ કરવામાં આવે છે. રાત્રે પાણી નિકાલ કરતાં જીવ-જયણા કેટલી સચવાય ? તે તો જ્ઞાની ભગવન્ત જ જાણે. એ ખાડા અને કુંડમાં ઘીની ચિકાશના થર ચારે બાજુ એટલા

બધા જામેલા હોય છે કે તે ખાડા–કુંડો બાર-બાર મહિના સુકાતા નથી. કીડીઓ ખદબદે. વર્ષાઋતુમાં પાણી ભરાવાથી ખાડા કુંડોમાંથી અસહ્ય દુર્ગન્ધ આવે. કીડા આદિ જીવોની ઉત્પત્તિમાં ઘણો જ વધારો થાય. ત્રસ જીવોની અને અનંતકાયની વિરાધના થતી રહે. એવાં ઉપધાનો શ્રી જિનઆજ્ઞા વિહિત ગણાય ? તે માટે પરમ પૂજ્યપાદ ગીતાર્થ ગુરુવર્યોને સ્પષ્ટતા કરવા પરમ વિનમ્ર વિનતિ કરું છું.

## હિમશિલા(બરફ)નો ઉપયોગ કરી શકાય ?

આજે મહદંશે અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવો કે ઉદ્યાપનાદિના મહોત્સવો વૈશાખ-જ્યેષ્ઠ માસમાં ઊજવાય છે. તે દિવસોમાં ઉષ્ણતાનું પ્રમાણ વિશેષ હોવાથી ઠંડું પાણી કરવા માટે હિમશિલા(બરફ)નો ઉપયોગ નિઃસંકોચપણે ખૂબ જ છૂટથી થાય છે. હિમશિલા અભક્ષ્ય હોવાથી અનંતાનન્ત પરમ ઉપકારક પરમતારક દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્માએ સર્વથા વર્જવા જણાવ્યું છે, ત્યારે આધુનિક મહોત્સવ સંયોજકો નવકારસી આદિના જમણવારમાં નિઃસંકોચપણે બરફનો છૂટથી ઉપયોગ કરવા લાગ્યા છે.

## મોટરબસના યાત્રાપ્રવાસને સંઘ કહેવાય ?

મોટરબસોમાં યાત્રાપ્રવાસ યોજીને, તેને પણ સંઘ કાઢ્યાનું સ્વરૂપ આપે છે. સંઘવી તરીકેની તીર્થમાળ પહેરીને

સંઘ કાઢ્યાનો આત્મસંતોષ અનુભવે છે. તે યાત્રા-પ્રવાસના દિવસોમાં પણ સંઘવી તરીકેની માળ પહેરવાનાં ગલગલિયાં સેવનારામાં નથી રાત્રિભોજનનો ત્યાગ, નથી નવકારસી આદિનું વ્રત પચ્ચક્ખાણ ! તો પછી એકાસણા-આયંબિલની તો વાત જ ક્યાં કરવી ? નથી સામાયિક પ્રતિક્રમણ, નથી અભક્ષ્ય અનંતકાયનો ત્યાગ; નથી આઠમ–ચૌદશ જેવી પર્વતિથિએ પણ લીલા શાકભાજીનો ત્યાગ, નથી ફાગણ ચોમાસી પછી પણ ભાજીપાલો કે મેવાનો ત્યાગ, અને સ્થાને પહોંચતાં પહેલાં મહાઅભક્ષ્ય આઈસ્ક્રીમની પાર્ટી યોજીને યાત્રાપ્રવાસમાં આવેલ યાત્રિકોને અભક્ષ્ય ભક્ષણના પાપનાં સહભાગી બનાવીને મહાદૌર્ભાગ્ય ઉપાર્જન કર્યા છતાં, આત્મસંતોષ અને પ્રસન્નતા અનુભવે. એવાઓનું હૈયું કેવું કાળમીંઢ હશે, અને એમની ચામડી કેવી જાડી હશે એ જ સમજાતું નથી.

**કર્માદાન :**

કર્માદાનમાં બે શબ્દોનો સમાવેશ છે : કર્મ + આદાન = કર્માદાન. આદાન એટલે ગ્રહણ કરવું. ધોધમાર કે ધોડાપૂરે અશુભ કર્મોનું આત્મામાં આગમન થાય, તેવાં અનિષ્ટ સાધનો ઊભાં કરવાં તેનું નામ કર્માદાન. અનંત જ્ઞાનીઓએ એવાં કર્માદાન પંદર (૧૫) જણાવ્યાં છે, તેમાં યંત્રવાદને

પણ ભયંકર કર્માદાનનું કારણ ગણાવ્યું છે. આધુનિક ચલ-ચિત્રોનો સમાવેશ પણ યંત્રવાદ અને કુટ્ટણખાના જેવા અસંયતિ પોષણરૂપ કર્માદાનમાં જ થાય છે.

## સર્વ મહાપાપોની અવંધ્ય જનેતા :

ચલચિત્રોમાં પ્રવેશ અને અભિનેત્રીઓમાં અગ્રિમતા પામવાના દિવાસ્વપ્નમાં રાચતી અનેક મહાઅજ્ઞ કન્યાઓને અભિનેત્રી થતાં પહેલાં, તનની વાસનાના ભૂખ્યા વરુઓને ઇચ્છા કે અનિચ્છાએ પણ એનું તન અર્પણ કરવું પડે છે.

આ ચલચિત્રોના મહાપાપે અનાચારો, વ્યભિચારો, દુરાચારો, અપહરણો, બળાત્કારો, ચોરીલૂંટો, દ્યુત, માંસાહાર, મદ્યપાન, પશુવધ આદિ અનેક મહાપાપો ભાદરવા માસના ભીંડાની જેમ કલ્પનાતીત ફાલ્યાંફૂલ્યાં છે. હજીયે ચલચિત્રોનાં મહાપાપો કેવા ઘોર અનર્થો સર્જશે તેની અટકળ કરવી પણ અતિદુષ્કર છે, અર્થાત્ ચલચિત્રો એ સર્વમહાપાપોની અવંધ્ય-જનેતા છે

જેમને ચલચિત્રોનો કે ચલચિત્રગૃહ( સિનેમા )નો વ્યવસાય હોય, તેઓ તો મહાકર્માદાનના અધિકારી થયા જ ગણાય. એ મહાકર્માદાનથી આવેલ ધનનું અન્ન ખાવાથી પણ આપણું મન અને તન બન્ને બગડે. મન અને તનની

દોડ પાછળ ધનને તો દોડવાનું જ રહ્યું. અર્થાત્ મન બગડે એટલે તન એ અકલ્પ્ય મહાપાપો કરવા પ્રેરાય અને એ અકલ્પ્ય પાપોથી મન તથા તનને તરબોળ કરવા માટે ધનનો લખલૂટ દુર્વ્યય કરવો જ પડે છે.

ચલચિત્રાદિના વ્યાવસાયિકોના ધનથી એમને પોતાને કેટલી શાન્તિ ? એમના કુટુમ્બને કેટલી શાન્તિ ? અને એ ધન જેમની જેમની પાસે જાય, એમને કેટલી શાન્તિ ? એ તો અનન્ત જ્ઞાની જ જાણે. હું તો જાડી સમજવાળો એટલું સમજું છું, કે એમના વ્યવસાયની કે એમની ધનસમ્પત્તિની સ્વપ્નમાં પણ અનુમોદના થઈ જાય, તોય મહાચીકણાં કર્મ બંધાય, અને એ બંધાયેલ કર્મ નિર્જરી ન જાય, તો ભાવિકાળે કર્મરાજાની આકરી શિક્ષા ભોગવવા તત્પર રહેવું પડે. એ અંગે વિશેષ સ્પષ્ટતા તો પરમ પૂજ્યપાદ ગીતાર્થ ગુરુભગવંતો કરે એ જ સત્ય.

## દેવાધિદેવ સમક્ષ શ્રી દશદિક્પાલ આદિનું પૂજન કરવું યુકિતયુકત ગણાય ?

છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે વર્તતા પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજ આદિ પૂજ્ય સાધુસાધ્વીજી મહારાજાઓ પણ અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્મા સમક્ષ વંદન નમસ્કાર કરાવતા

નથી. દેવાધિદેવ સમક્ષ વંદન નમસ્કાર કરાવવામાંય છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવાળા શ્રી જિનેન્દ્ર પરમાત્માની મહા આશાતના અને ઘોર અનાદર માનતા હોય, તો પછી ચતુર્થ ગુણસ્થાનકે વર્તતા શ્રી દશદિક્પાળ-નવગ્રહ–ષોડશ-વિદ્યાદેવી આદિ દેવદેવીઓનું પૂજન દેવાધિદેવ સમક્ષ કરવું શી રીતે સંભવે ? અને એવાં પૂજનો શી રીતે અનંત મહાતારક શ્રી જિનાજ્ઞાથી વિહિત ગણાય, એ જ મને સમજાતું નથી. એટલે દેવદેવીઓનું પૂજન કરવું કોઈ રીતે ઉચિત કે વિહિત નથી.

મારા પરમ ઉપકારક ગુરુદેવેશ પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ-જીની પાવન ઉપસ્થિતિમાં અદ્યાવધિ ૩૧ શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો, ઉપધાન – ઉદ્યાપન આદિ તથા શ્રી અષ્ટાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પ્રસંગે લગભગ એકસો આઠ(૧૦૮)થી અધિક શાન્તિસ્નાત્રાદિ ભણાવાયાં. તે તે પુણ્ય પ્રસંગે શ્રી દશદિક્પાલ, નવગ્રહાદિના પૂજનમાં હું ઉપસ્થિત રહેતો હતો, અને આજે પણ ઉપસ્થિત રહું છું; તથાપિ શ્રી દશદિક્પાલ આદિનાં પૂજનો અંગે હું ચિંતિત હતો અને છું જ.

## હોમ-હવન એ તાંત્રિક અનુષ્ઠાનો છે :

અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક શ્રી જિનેન્દ્ર પરમાત્માએ યજ્ઞયાગાદિ કે હોમહવન – તર્પણનું ક્યાંય વિધાન કર્યું હોય, એવું મારી જાણમાં નથી. જ્યારે હું ચાર–પાંચ વર્ષનો હોઈશ, તે સમયે મારા સાંસારિક પિતાશ્રીજી તથા કાકાશ્રીજી જણાવતા હતા કે, હોમહવન કે યજ્ઞયાગાદિ જિનશાસનમાં છે જ નહિ. હોમહવન એ તો વામમાર્ગી તાન્ત્રિકોનાં અનુષ્ઠાનો છે. શ્રી રાવણ મહારાજે યજ્ઞ-યાગાદિમાં હોમાતાં પશુઓનો વધ બંધ કરાવવા માટે પોતાના રાજ્યમાં યજ્ઞયાગાદિ બંધ કરાવ્યાં હતાં. હોમહવનાદિ શ્રી જિનેન્દ્ર પરમાત્મોક્ત હોત તો શ્રી રાવણ મહારાજા એને કદાપિ બંધ કરાવે જ નહિ.

અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્મા સમક્ષ થતાં દેવદેવીઓનાં આધુનિક પૂજનો અનંત મહાતારક શ્રી જિનાજ્ઞા વિહિત ન હોવા ઉપરાંત દેવાધિદેવશ્રીની મહાઆશાતના અને ઘોર અનાદરરૂપ હોવાથી દેવદેવીઓના પૂજનની અવિહિત પ્રથા ક્ષણાર્ધના વિલંબ વિના સર્વથા બંધ કરીને, જેટલું વિહિત, ઉચિત કે યોગ્ય વિધાન હોય, તેટલું જ આચરણ શા માટે ન કરવું ?

## આહ્વાન કરીને માત્ર સ્થાપના જ કરવી :

ચતુર્થ ગુણસ્થાનકે વર્તતા શ્રી દશદિક્પાલ આદિ દેવદેવીઓ અનંતાનંત પરમ તારક દેવાધિદેવશ્રી જિનેન્દ્ર પરમાત્માનાં પરમ ભક્ત હોવાથી તેમ જ અચિંત્ય મહાશક્તિનાં ધારક હોવાથી, શ્રી જિનેન્દ્ર પરમાત્માની ભક્તિના પુણ્ય પ્રસંગે શ્રી દશદિક્પાલ આદિ દેવદેવીઓને પરમ તારકશ્રીની ભક્તિનો અપૂર્વ લાભ લેવા, અને શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવમાં કોઈ વિઘ્નસંતોષી કે તેજોદ્વેષી આસુરી શક્તિવાળા વિઘ્ન કે ઉપદ્રવ ન કરે, અથવા તો કોઈક તેજોદ્વેષી આસુરી શક્તિએ ઉપદ્રવ આદિ કર્યા હોય, તો તેનું સદંતર નિવારણ કરે, જેથી શ્રી જિનેન્દ્રભક્તિમહોત્સવના પરમ ઉત્કટ મહાપ્રભાવ પ્રત્યે જનસમુદાયનું શ્રદ્ધાબળ અટળ બને અને પ્રભુ–ભક્તિ આદિ ધર્મ આચરણ પ્રબળ બને અને મહોત્સવ પરમ ઉલ્લસિત ભક્તિપૂર્વક નિર્વિઘ્ન પૂર્ણ થાય, તે શુભ આશયથી પૂજન પ્રસંગે બહુમાનપૂર્વક દેવદેવીઓનું આહ્વાન મુદ્રાએ આહ્વાન કરીને, પછી સ્થાપન મુદ્રાએ માત્ર તેમની સ્થાપના જ કરવી. પરમપૂજ્યપાદ પ્રતિષ્ઠાચાર્ય મહારાજ સ્થાપનારૂપે શ્રી દશદિક્પાળ, નવગ્રહાદિ ઉપર વાસક્ષેપ કરે. દેવદેવીઓ માટે એટલું જ કરવું પર્યાપ્ત અને ઉચિત છે. એ અંગે વિશેષ માર્ગદર્શન પરમ પૂજ્યપાદ ગીતાર્થ તારક ગુરુમહારાજાઓ આપે

એવી એમને કરબદ્ધાંજલિ નતમસ્તકે પરમ વિનમ્રાતિ-વિનમ્રભાવે વિજ્ઞપ્તિ કરું છું.

કેસર, ચંદન કે ઓરસિયો શ્રી જિનેન્દ્ર ભક્તિ નિમિત્તનો હોય, તો શ્રાવક-શ્રાવિકા પોતાના ભાલપ્રદેશ (કપાળ)માં તિલક કરવામાં તેનો ઉપયોગ ન કરી શકે.

## જીવનયાત્રાને ઘોર અન્યાય :

પરમ પૂજ્યપાદશ્રીજીના કાળધર્મ પામ્યા પછી તેઓ શ્રીજીની જીવનયાત્રા નામે પ્રકાશિત થયેલ પુસ્તિકા કેટલાક સમય પછી મારા વાંચવામાં આવી. તેમાંનું કેટલુંક લખાણ પરમ પૂજ્યપાદશ્રીજીના જીવન-પ્રસંગોથી સર્વથા વેગળું અને અસંગત છે; ત્યારે કેટલાક વિશિષ્ટ પ્રસંગો સ્પર્શાયા જ નથી. કેટલાક પ્રસંગો નથી સ્પર્શાયા તે તો ક્ષમ્ય ગણી લઈને તે અંગે કંઈ લખવું નથી; પરંતુ અસંગત અને સત્યથી સર્વથા વેગળાં છે **તે** લખાણો દાદ માગી લે તેવાં છે. વાસ્તવિકનું વિકૃતરૂપે અર્થાત અસંગતરૂપે નિવેદન થાય, એ જ જીવનયાત્રાને ઘોર અન્યાય છે. એથી વિશેષ શી સ્પષ્ટતા કરું ?

## ધર્મદેશના કે વ્યાખ્યાન કોણ આપી શકે ?

અનંતાનંત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્મા સાક્ષાત્ વિચરતા હોય, ત્યારે

પ્રથમ પ્રહર અને ચતુર્થ પ્રહરમાં તીર્થંકર પરમાત્મા ધર્મદેશના આપે, અને બીજી પોરિસિ અર્થાત્ બીજા પ્રહરમાં પરમ પૂજ્યપાદ શ્રી ગણધર મહારાજ ધર્મદેશના આપે, એવો ક્રમ હોય છે. અને જ્યારે સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા અને ગણધર મહારાજ ન હોય, ત્યારે પરમ-પૂજ્યપાદ પૂર્વધર આદિ ગીતાર્થ ગુરુમહારાજ સાહેબને જ ધર્મદેશના કે વ્યાખ્યાન વાંચવાનો અધિકાર હોવાથી તેઓ-શ્રીજી ધર્મદેશના આપે. ધર્મદેશના, પ્રવચન કે વ્યાખ્યાન વાંચવા(આપવા)ની પરંપરાગત એ જ વિશુદ્ધ પ્રણાલિકા છે.

અણિશુદ્ધ અખંડ પંચમહાવ્રતપાલક, પંચસમિતિથી સમિત, અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત તેમજ પંચાચારપાલક ૫૦–૬૦ વર્ષ જેટલા દીર્ઘકાલીન સંયમ પર્યાયવાળા ત્યાગી તપસ્વી મુનિરાજ હોવા છતાં ગીતાર્થતા પ્રાપ્ત ન થઈ હોય, તો દીર્ઘકાલીન સંયમ પર્યાયવાળા હોવા છતાં તે પરમ પૂજ્યપાદ મુનિવરને ધર્મદેશના, વ્યાખ્યાન કે અનંત-મહાતારક શ્રી જિનશાસનને સ્પર્શતા કોઈ પણ ગૂઢ રહસ્ય-ભર્યા પ્રસંગ કે પ્રશ્ન અંગે એક અક્ષર જેટલોયે અભિપ્રાય આપવાનો અધિકાર નથી. અધિકાર છે એકમાત્ર જેમને હૈયે નિરંતર અનંત મહાતારક શ્રી જિનશાસનની રક્ષા, આરાધના અને પ્રભાવના સાગરની વેલાની જેમ ઊભરાતી હોય, એવા પરમ પૂજ્યપાદ ગીતાર્થ ગુરુમહારાજને; અર્થાત્ જેના

અચિન્ત્ય મહાપ્રભાવે અણુપરમાણુ જેટલુંય શ્રી જિનશાસન ઘવાય તેવી કોઇક ગૂઢ ચાલ કોઈકે વિઘ્નસંતોષી દ્વારા રમાતી હોય તે પણ તે જ ક્ષણે તેમના લક્ષમાં આવી જાય અને તે અંગે પણ તેમના સુકોમળ મૃદુ હૈયે જાણે તાતી ધારવાળી દંતાળી કરવત ફરતી ન હોય તેવી તીવ્રતમ મનોવ્યથા સહજ થતી હોય, તેવા શ્રી જિનશાસનના પરમ હિતચિંતક પરમ પૂજ્યપાદ ગીતાર્થ ગુરુમહારાજને જ ધર્મદેશના, પ્રવચન, ધર્મોપદેશ, વ્યાખ્યાન કે અભિપ્રાય આપવાનો અધિકાર છે.

એ વિહિત આજ્ઞા ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે, કે દીર્ઘ સંયમપર્યાયવાળા અગીતાર્થ મુનિવરને ધર્મદેશના, વ્યાખ્યાન કે અભિપ્રાય આપવાનો અધિકાર જિનાજ્ઞા નથી આપતી તો પછી પૂજ્ય સાધ્વીજી મહારાજ વ્યાખ્યાન શી રીતે આપી શકે ? વ્યાખ્યાન આદિ ન જ આપી શકે. તો પછી ગૃહસ્થોએ તો વ્યાખ્યાન આપવાની વાત જ કયાં રહી ?

## તારક વાણીની ઘોર ઉપેક્ષા અને અક્ષમ્ય અનાદર :

સર્વજ્ઞ ભગવંતના જ્ઞાનમાં પણ અવિભાજ્ય એવા એક સમય જેટલા સૂક્ષ્માતિસૂક્ષ્મ કાળ પૂરતાયે ગૃહસ્થો અનંતા જીવોની હત્યાના મહાપાપથી વિરમી શકતા નથી, તો પછી કયા મુખે તે ધર્મોપદેશ કે વ્યાખ્યાન આપવાની

મહાબાલિશ અનધિકાર ચેષ્ટા કરતા હશે ? એમાં પણ જેને પૂર્વના પાપાનુબંધિ પુણ્યોદયે બોલવાની કળા ઉપર સારું પ્રભુત્વ પ્રાપ્ત થઈ ચૂક્યું હોય, તે તો એમ જ માને કે પરમ પૂજ્યપાદ ગુરુમહારાજ કરતાં તો મેં ઘણી સારી બોલવા–લખવાની કળા સિદ્ધહસ્ત કરી લીધી છે; અર્થાત્ પ. પૂ. ગુરુમહારાજ કરતાં તો હું બોલવા–લખવામાં ઘણો સારો એક્કો છું, એટલે પ. પૂ. ગુરુમહારાજના વ્યાખ્યાનમાં શું જવું ? તેઓશ્રીના વ્યાખ્યાનમાં મજા આવતી નથી. એટલે પ. પૂ. ગીતાર્થ ગુરુમહારાજ સાહેબજીના શ્રીમુખેથી અનંત મહાતારકશ્રી જિનવાણીના શ્રવણના અપૂર્વ લાભથી વંચિત રહેવા ઉપરાંત એ તારક વાણીની ઘોર ઉપેક્ષા અને અક્ષમ્ય અનાદરના મહાપાપથી લેપાઈને પાપકર્મથી ભારે થવું એ વધારામાં !

## છે કોઈ અનધિકાર ચેષ્ટાની સીમા ?

જે વર્ષે પર્વાધિરાજરાજેશ્વર શ્રી પર્યુષણા મહાપર્વમાં વ્યાખ્યાન વાંચવાનું કોઈ પણ ગામનું આમંત્રણ ન આવે, એટલે ભાઈ સાહેબને ચટપટી ચઢે. આ વર્ષે કેમ કોઈ ગામનું પર્યુષણનું વ્યાખ્યાન વાંચવા માટે આમંત્રણ ન આવ્યું ? આ વર્ષે મારાં પર્યુષણ નિષ્ફળ ગયાં એવું તે ભાઈ સાહેબ માને. પર્યુષણનાં વ્યાખ્યાન વાંચ્યા પછી

ભાદરવા શુદિ ૫ કે ૬ ને દિને વિદાય લેતી વેળાએ કંકુનું તિલક, શ્રીફળ, રોકડ રકમ, વસ્તુ આદિ જે આપે તે જુદું. આ બધું સ્વીકારીને એવો આત્મસંતોષ માને કે મેં પર્યુષણમાં કેવાં રોનકદાર વ્યાખ્યાનો આપીને રંગ રાખ્યો ?

છે કંઈ નફ્ફટાઈ, ધિટ્ટાઈ અને મહાબાલિશતાભરી અનધિકાર ચેષ્ટાની સીમા ?

## શ્રી જિનશાસનના હિતચિન્તક કે ઘોરદ્રોહક :

વ્યક્તિ કે સંસ્થા ગૃહસ્થોને વ્યાખ્યાન વાંચવા મોકલાવવાનો પ્રબંધ કે વ્યવસ્થા કરે, અથવા વ્યક્તિ સ્વયં જાય તો તે સર્વસ્વને અનંત મહાતારક શ્રી જિનશાસનના હિતચિંતક કહેવાય, કે શ્રી જિનશાસનના ઘોર દ્રોહક કહેવાય તેનો નિર્ણય સુજ્ઞ વાચકવર્ગે મનોમન કરી લેવો ઉચિત લેખાશે.

## પરમાત્માનાં પૂજનો સમયે અર્થ-વિવેચન થાય ?

પરમાત્મપૂજનોનાં અનુષ્ઠાનોની ગુરુગમ દ્વારા સમજ કે તલસ્પર્શી બોધ લીધા વિના 'સૂંઠના ગાંગડે ગાંધી' થઈ બેઠેલાની જેમ પોતાની જાતને સ્વયં વિધિકાર માનતા એવા વિધિકારો; પૂજનોનાં અનુષ્ઠાનો કરાવતી વેળાએ ધ્વનિવર્ધક યંત્ર તો હોવું જ જોઈએ એવો હઠાગ્રહ અને કદાગ્રહ રાખનારા વિધિકારોએ ધ્વનિવર્ધક યંત્રમાં મન્ત્રો

કાવ્યો અને ઢાળો બોલીને તેના અર્થો અને વિવેચન કરવાની કુપ્રથા છેલ્લાં ૩૫-૩૬ વર્ષથી ચાલુ કરી છે. તે રીતે અર્થો અને વિવેચનો કરવાથી પૂજકનું પૂજ્ય પ્રત્યેનું પ્રણિધાન જળવાય ખરું ? પરમાત્મા પ્રત્યેનું પ્રણિધાનપણું (એકાગ્રતા) ન જળવાતું હોય, અને તે પ્રણિધાનનો ભંગ થતો હોય, તો જે પરમાત્માનાં પૂજનોથી શ્રી સમ્યગ્-દર્શનની લબ્ધિ, શુદ્ધિ અને વૃદ્ધિ થવાની હોય, તે કોટીના અચિન્ત્ય મહાલાભથી તો વંચિત રહેવા સાથે, પરમાત્મા સાથેનું પ્રણિધાન તૂટવાથી પરમ તારક પરમાત્માનો ઘોર અનાદર અને આશાતના કરી ગણાય કે નહિ ? તે અંગે પરમ પૂજ્યપાદ ગીતાર્થ આચાર્યપ્રવરાદિ તારક ગુરુવર્યો મારા જેવા પરમ પામર મહાઅજ્ઞ ઉપર અસીમ કૃપા કરીને પરમ પથપ્રદર્શક બનવા પરમ કરુણા કરશોજી એવી વિનમ્ર હાર્દિક અભ્યર્થના.

## જેની સ્વપ્નમાં પણ કોઈ કલ્પના ન કરી શકે :

બાલ્યકાળના બે મિત્રોનાં અઢાર વર્ષની વય-અવસ્થાએ પહોંચતાં તેમનાં માતાપિતા દ્વારા સુકુલીન કન્યાઓ સાથે લગ્ન થાય છે. વીશમા વર્ષે એક મિત્રને ત્યાં પુત્રીનો જન્મ થાય છે, અને બીજા મિત્રને ત્યાં પુત્રનો જન્મ થાય છે. પંદરેક વર્ષના ગૃહસંસાર પછી એક સમયે બન્ને મિત્ર-પત્નીઓની એક ત્રીજી સહિયર(બહેનપણી)ની વર્ષગાંઠ

(જન્મ દિવસ)ની ઉજાણી, ગામથી પાંચેક કિલોમિટર દૂર એક અતિ અદ્યતન કલબમાં રાખવામાં આવેલ તે પ્રસંગે બન્ને મિત્રપત્નીઓને ઉપસ્થિત રહેવા માટે એમની ત્રીજી સહિયરનું અત્યાગ્રહપૂર્ણ નિમંત્રણ હોવાથી, બન્ને મિત્ર-પત્નીઓ એક જ મોટરકારમાં બેસીને કલબમાં જવા પ્રયાણ કરે છે. ગાડી પૂરઝડપે દોડતી ત્રણેક કિલોમિટર પહોંચતાં સામેથી પૂરઝડપે માલવાહક ટ્રક આવે છે. ટ્રક-સંચાલક સમતુલા ન જાળવી શકવાથી મોટરગાડીને ટ્રકથી જીવલેણ અકસ્માત થતાં, ગાડી ભાંગીને ભૂક્કો થાય છે. ગાડીનો ડ્રાયવર અને બન્ને મિત્રપત્નીઓ સ્થળ ઉપર જ મૃત્યુ પામે છે. સહિયરનો જન્મ-દિવસ મિત્ર-પત્નીઓ માટે ગોઝારો નીવડ્યો. જેની વર્ષગાંઠની ઉજાણી થઈ રહી હતી તે સહિયરે બન્ને મિત્રપત્નીઓની ઉજાણીની અંતિમ ક્ષણ પર્યન્ત પ્રતીક્ષા કરવા છતાં તે બન્ને સખીઓ ઉપસ્થિત ન રહેવાથી તેમના પ્રત્યે ત્રીજી સહિયરને ખૂબ ખોટું લાગ્યું.

આરક્ષક(પોલીસ) દ્વારા ત્રણેક કલાકે આ જીવલેણ અકસ્માત અંગેની ગતિવિધિ પૂર્ણ થયા પછી બન્ને મિત્ર-પત્નીઓના પતિઓને આ જીવલેણ અકસ્માતના અતિ વસમા દુઃખદ સમાચાર આપવામાં આવ્યા. બન્ને પતિઓ આ સમાચાર સાંભળતાં ક્ષણભર તો પોતાની પત્નીઓના મૃત્યુ અંગે વિશ્વાસ જ ન કરી શકયા. પતિઓ શુદ્ધ-બુદ્ધ

ગુમાવી બેઠા. ભયંકર રોકકળ વચ્ચે વાતાવરણ અતિ ગમગીન બન્યું. કવિઓ અને અનુભવીઓ કહે છે, કે "દુઃખનું ઔષધ દા'ડા" એમ બેએક વર્ષનાં વહાણાં વીતતાં પત્નીઓના મૃત્યુનો આઘાત વિસારે પડે છે. બન્ને મિત્રો આર્થિક રીતે અતિ સમૃદ્ધ હોવા છતાં તેમને પોતાનાં ઘર ખાલી અને સૂનાં સૂનાં લાગે છે. બીજાં લગ્ન કરવાના કોડ જાગે છે. ઘણા પ્રયત્નો કરતાં અને બીજાં બે વર્ષનાં વહાણાં વીતવા છતાં કોઈ કન્યા માથું ધરતી નથી, અને લગ્નનો ક્યાંય મેળ પડતો નથી. આખરે બન્ને મિત્રે થાકીને એક એવો ગોઝારો નિર્ણય લીધો કે જેની સ્વપ્ને કે મૂર્છિત અવસ્થામાં પણ કોઈ કલ્પના ન કરી શકે. એ ગોઝારો નિર્ણય નીચે પ્રમાણે હતો :

એક મિત્રે બીજા મિત્ર આગળ પ્રસ્તાવ મૂક્યો કે મારી પાસે યુવાવસ્થાના ઉંબરે પગ મૂકી ચૂકેલી કન્યા છે. એને હું તમારી સાથે પરણાવું, અને તમારી મા ત્રણેક વર્ષ પહેલાં વિધવા થયાં છે, તેને તમે મારી સાથે પરણાવો; જેથી આપણા બન્નેનાં ઘર મંડાય. પેલા મિત્રને પણ લગ્ન કરવાની ઇચ્છા તો હતી જ, એટલે પહેલા મિત્રે મૂકેલ પ્રસ્તાવને સ્વીકારીને બીજા મિત્રે પોતાની મા પહેલા મિત્રને અને પહેલા મિત્રે પોતાની કન્યા બીજા મિત્રને એક જ લગ્ન મંડપમાં, એક જ લગ્ન-વેદિકા ઉપર, એક જ સમયે પરણી પરણાવીને બન્ને જણા ઘર મંડાયાનો સંતોષ અનુભવવા લાગ્યા.

આ દૃષ્ટાંત અહીં એટલા માટે આપવું જરૂરી બન્યું કે, આજે દેવાધિદેવશ્રીના અનંત મહાતારક જિનશાસનમાં દોઢું, ડબલ કે મૂળ રકમ જેટલું દેવદ્રવ્ય અર્પણ કરીને તેના બદલામાં શ્રી સંઘના સાધારણ ખાતાના ખર્ચની પૂર્તિ માટે સામેવાળા પુણ્યવંતે જિનમંદિર નિર્માણ ખાતે કાઢેલી પોતાની રકમમાંથી અથવા માત્ર સાધારણ ખાતે કાઢેલ રકમમાંથી લેવાની અક્ષમ્ય ગોઝારી કુપ્રથાના પગરણનાં મંડાણ ક્યાંક ક્યાંક દેખાવા માંડ્યાં છે. પુણ્યવંત વ્યક્તિએ અનંત મહાતારક શ્રી જિનમંદિર નિર્માણના સંકલ્પથી જુદી કાઢેલી રકમ ભલે વ્યક્તિગત હોય. પણ શ્રી જિનમંદિર નિર્માણના સંકલ્પથી જુદી કાઢેલ હોવાથી તે દ્રવ્ય દેવદ્રવ્યનું જ ગણાય અને તે દ્રવ્યનો સદ્વ્યય માત્ર શ્રી જિનબિંબ જિનમંદિર નિર્માણ કે જીર્ણોદ્ધારાદિ પ્રભુભક્તિના અનંત મહાતારક માંગલિક પ્રસંગોમાં જ થાય.

શ્રી જિનમંદિર નિર્માણના સંકલ્પથી કઢાયેલું વ્યક્તિગત દ્રવ્ય પૂજ્ય માતૃસ્થાનીય દેવદ્રવ્ય જ ગણાય. એવા સંકલ્પવાળું દ્રવ્ય સાધારણ ખાતે આપીને શ્રી સંઘના જિનમંદિરનું દેવદ્રવ્ય સ્વીકારવું એટલે પૂજ્ય મા અર્પણ કરીને સામેથી મા સ્વીકારવા જેવું કર્યું ગણાય. અને માત્ર સાધારણ ખાતે વાપરવાના સંકલ્પથી કાઢેલું વ્યક્તિગત દ્રવ્ય દીકરી તુલ્ય ગણાય. એ દ્રવ્ય અર્પણ કરીને

સામેથી દેવદ્રવ્ય સ્વીકારવું તે દીકરી આપીને મા સ્વીકારવા જેવું અક્ષમ્ય ગોઝારું ગણાય. દીકરીતુલ્ય સાધારણ દ્રવ્યના બદલે માતાતુલ્ય દેવદ્રવ્યાદિ લેવાના વિકલ્પ વિના શ્રી સંઘને પરમ સબહુમાન અર્પણ કરવામાં તો પોતાનું સાધારણ દ્રવ્ય અર્પણ કરનારને શ્રી સંઘને દેવદ્રવ્યાદિના દોષમુક્ત રાખવામાં અપૂર્વ મહાલાભ છે. સાધારણ દ્રવ્ય અર્પણ કરીને પૂજ્ય માતૃસ્થાનીય દેવદ્રવ્ય સ્વીકારીને તેની પરમ પૂજ્યતા જળવાય તે રીતે શ્રી જિનમંદિર નિર્માણ, જીર્ણોદ્ધાર કે શ્રી જિનેન્દ્ર પરમાત્માનાં આભૂષણાદિમાં ઉપયોગ કરવાથી દેવદ્રવ્યાદિ ભક્ષણનો દોષ સાધારણ દ્રવ્ય અર્પણ કરનારને નથી; પણ શ્રી સંઘ દીકરી તુલ્ય સાધારણ દ્રવ્ય સ્વીકારીને પૂજ્ય માતૃસ્થાનીય દેવદ્રવ્ય અર્પણ કરીને દેવદ્રવ્યના માધ્યમથી પોતાના શ્રી સંઘના સાધારણ ખાતાના ખર્ચની પૂર્તિ કરે છે તે અક્ષમ્ય મહાદોષ છે. અને એ મહાદોષમાં નિમિત્ત બને છે પોતાનું કાઢેલ શુદ્ધ સાધારણ ખાતાનું દ્રવ્ય અર્પણ કરનાર.

જે જિનમંદિરોમાં થોડો ઘણો દેવદ્રવ્યનો વધારો છે તેઓ દેવદ્રવ્ય અર્પણ કરીને વ્યક્તિએ કાઢેલ દ્રવ્ય સાધારણ ખાતે સ્વીકારીને સંતોષ માને છે, પણ શ્રી જિન-મંદિર આદિના નિર્માણથી કઢાયેલ દ્રવ્ય તો દેવદ્રવ્ય જ છે. જો તમારી પાસે દેવદ્રવ્ય ન હોત તો તમે શું કરત? તેનો

પ્રત્યુત્તર તો તમારી પાસે એક જ છે, કે શ્રી સંઘમાંથી, શ્રાવકો પાસેથી જ રકમ એકત્રિત કરવી પડત.

દેવદ્રવ્યના માધ્યમથી શ્રી સંઘની સાધારણ ખર્ચ-ખાતાની જરૂરિયાત પૂરી કરવાનું સ્વીકારનારને અને એ રીતે કરવામાં અનુમતિ આપનારને કેવાં તીવ્ર ચીકણાં કર્મનો બન્ધ થતો હશે? તેની સ્પષ્ટતા તો અનન્ત મહાજ્ઞાની સર્વજ્ઞ ભગવન્ત જ કરી શકે.

આ સમીક્ષા કરવાનો માત્ર એક જ શુભ આશય છે કે એવું અક્ષમ્ય ગોઝારું મહાપાપ જે કોઈ સંઘે કર્યું હોય જે કોઈએ એ ગોઝારા મહાપાપ અંગે જાણે-અજાણે અનુમતિ આપી હોય તેઓ દેવદ્રવ્યાદિની રકમ વ્યાજના વ્યાજ સહિત દેવદ્રવ્ય ખાતે અર્પણ કરી-કરાવી પ્રાયશ્ચિત્ત કરી આત્મશુદ્ધિ કરે એ જ એક હાર્દિક શુભ અભિલાષા.

પ્રસ્તુત પ્રકીર્ણ વિષયક સમીક્ષા કરતાં અનંત મહાતારક શ્રી જિનાજ્ઞાથી વિપરીત વિચારાયું કે આલેખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં દેવાપૂર્વક ક્ષમા યાચું છું.

શ્રી વીર સંવત ૨૫૧૧

આસો વદિ ૬ — કલ્યાણસાગર

શ્રી સીમંધરસ્વામિ જિનમંદિર મહાતીર્થ

મહેસાણા (ઉ. ગૂજ)

મુદ્રણસ્થાન : ભાગ્યમુદ્રા ૧૫૮, જીઆઇડીસી., મહેસાણા-૨